COMPILE YUSUFEZAHRA 1

# યુસુફે ઝહરા ઈમામ મહદી અસ.ની મુલાકાતના પ્રસંગો૧

ભાગ ૧ થી ૧૫ માંથી સંકલન

યુસુફે ઝહરા પબ્લિકેશન

2014

પ્રાપ્તિસ્થાન:બ્લોક ન.૮ ,અલમુન્તઝર એપાર્ટમેન્ટ, સુખડીયા શેરી,મહુવા

# યુસુફે ઝહરા ઈમામ મહદી અસ.ની મુલાકાતના પ્રસંગો

**પ્રસ્તાવના**

**હાલમાં આપણે ગયબતનાં ઝમાનામાં જીંદગી વીતાવી રહ્યા છીએ, પરંતુ એવું પણ નથી કે ઈમામ(અ.સ.) થી સંપર્કના બધા જ રસ્તાઓ બંધ થઇ ગયા છે. પ્રત્યક્ષ મુલાકાત તો ફકત ઈમામ (અ.સ.) ની મહેરબાની અને કરમથી જ શકય છે. કોઇપણ વ્યકિત પોતાની ઇચ્છા પ્રમાણે ઈમામ અ.સ.ની મુલાકાત નથી કરી શકતો. એવા ખુશનસીબ લોકો ગુજર્યા છે કે જેઓએ ઈમામ (અ.સ.) ની ખાસ મહેરબાનીથી મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય, અને તેમના બધાજ પ્રશ્નનો ઉકેલ મળી ગયો હોય. મોઅતબર અને ભરોસાપાત્ર કિતાબોમાં આવા મહાન અને નસીબવંતા માણસોના પ્રસંગો લખેલા છે. આ તો જાહેરી મુલાકાત છે, પરંતુ દિલથી તેમનો સંપર્ક ગમે તે સમયે સાધી શકાય છે, દિલનાં સંપર્ક માટે શબ્દોની પણ જરૂર નથી, પરંતુ દિલની ધડકનો જ અવાજ બનીને તેમને પુકારે છે. તુટેલું દિલ એક પળમાં એક હજાર કિસ્સાઓ બયાન કરી દે છે. દોઆએ નુદબામાં આ પ્રમાણે શબ્દો છે : ''અમારી જાન તેનાં ઉપર કુરબાન થાય, જે જરૂર આંખોથી દૂર છે. પરંતુ દિલ તેની યાદથી ખાલી નથી.અમારી બેઠકથી તે ભૌતિક રીતે દૂર છે, પંરતુ તેનાં ઝીક્રથી અમારી સભાઓ (મજલીસો) અને મહેફીલો કદી ખાલી નથી હોતી.'' (દુઆએ નુદબા)**

**''એ અલ્લાહ અમે તારા નાચીઝ બંદાઓ છીએ, તારા એ વલીનાં દીદારનાં તલબગાર છીએ, કે જે તારી અને તારા નબીની યાદ અપાવે છે.'' (દુઆએ નુદબા)**

**હાલમાં આપણા ઈમામે ઝમાના અ.સ. ગયબતમાં છે, તેનો મતલબ એવો નથી કે ઈમામ અ.સ. આખી દુનિયાથી સાવ અલગ થઇ એકાંતમાં કોઇ અજ્ઞાત સ્થળે જીંદગી વીતાવે છે. ગયબતનો અર્થ એ છે કે લોકોને ઈમામ અ.સ. ના રહેઠાણનું જ્ઞાન નથી. અગર તેઓ ઈમામ અ.સ. ને જુએ તો પણ તેમને ઓળખી શકતા નથી. ઈમામ સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે : '' લોકો તેમને જુએ છે પણ તેમને ઓળખી શકતા નથી'' (મુન્તખબુલ અસર ભાગ-૨, પા. ૩૦૧). આપણે આપણી ગુનેહગાર નજરોથી ઈમામને તો નથી જોઇ શકતા પરંતુ ઈમામ અ.સ. આપણને જરૂર જોઇ રહ્યા છે. અગર કોઇને આ વાતનો અહેસાસ થાય કે દરેક પળે ઈમામ અ.સ.ની નજરોની સમક્ષ છે તો ઘણાબધા ગુનાહોથી બચી જશે. ફકત નેક કાર્યોજ ઈમામ અ.સ.ની નઝદીકીનું કારણ છે.**

**ઈમામે ઝમાના અ.સ. અલ્લાહનો દરવાજો (બાબુલ્લાહ) છે અને અસ્માઉલ્લાહ (અલ્લાહનુંનામ) પણ છે. અગર આપણે આ મહત્વપૂર્ણ વસીલાની મદદથી દુઆ માગીશું તો દુઆઓ કબુલ થશે.**

ઇ. રેઝા અ.સ. ફરમાવે છે કે ઇમામ એક મદદગાર છે, એક દોસ્ત છે, એક વાત્સલ્ય ભર્યા પિતા છે, એક ચાહનારા ભાઇ છે, એક એવી મા છે જે પોતાના નાનકડા બાળકને ભરપુર પ્યાર કરે છે (ઉસુલે કાફી ભાગ - ૧ પે. ૨૦૦)

યકીનન ઇમામ અ.સ. આપણને સગા મા-બાપ કરતા પણ વધુ ચાહે છે. તકલીફમાં આપણે ઇમામ અ.સ. ને તકલીફ જણાવવી જોઇએ. ઇમામ અ.સ. ની શક્તિ અને તાકાત ઉપર એક નજર કરીએ તો ઇમામ અ.સ. આ દુનિયાના પટ ઉપર અલ્લાહની હુજ્જત છે. આપણને એ વાતનો વિશ્વાસ હોવો જોઇએ કે આપણા ઇમામ અ.સ. આપણી મદદ કરશે કારણ કે એક મહેરબાન પિતાને પોતાના પરેશાન પુત્રની હાજતો પુરી કરવામાં આનંદ થશે.

૧.દુઆએ નુદબા પડવાની તાકીદ

સય્યદ રઝા (રિ.અ.) એ દુઆએ નુદબાહનાં બારામાં નીચેનો પ્રસંગ વર્ણવ્યો. ઇસ્ફહાનનાં વેપારીઓ માંથી એક ભરોસાપાત્ર વેપારીએ કહ્યું, કે મેં મારા ઘરમાં એક મોટો રૂમ ઇમામ બારગાહ તરીકે ખાસઅલગ રાખ્યો હતો. આ રૂમમાં મોટા ભાગે મજલીસે અઝા થતી રહેતી. એક રાતના મે સ્વપ્નમાં જોયું કે હું ઘરેથી બહાર નીકળ્યો અને બજાર તરફ રવાના થયો. પરંતુ ઇસ્ફહાનનાં આલીમોમાંથી અમુક આલીમોને મારા ઘર તરફ આવતા જોયા, તેઓ મારા નજદીક પહોંચ્યા અને કહ્યું ભાઇ તું કયા જઇ રહ્યો છે? તમને ખબર નથી કે તમારા ઘરે મજલીસ છે. મેં કહ્યું, મારા ઘરે મજલીસ નથી. તેઓએ કહ્યું કેમ તમારા ઘરે મજલીસ છે. અને અમે પણ ત્યાં જઇ રહ્યા છીએ, અને હઝરત બકીયતુલ્લાહ (અ.સ.) ત્યાં શરીફ લાવ્યા છે. મે તુરંત જ ચાહ્યું કે હું જલ્દીથી ઘરે જાવ. તેઓએ કહ્યું કે અદબની સાથે ઘરમાં જાજો,

હું નમ્રતા સાથે ઘરમાં દાખલ થયો, તો મે જોયું કે તે ખાસ રૂમમાં કેટલાક આલીમો બેઠા છે અને મજલીસમાં હ.બકીયતુલ્લાહ અ.સ. મૌજુદ છે. મે તેમનો ચેહરો જોયો તો મને લાગ્યુ કે મે તેમને અગાઉ જોયા છે.

તેથી મે સવાલ કર્યો કે આકા મે આપને કયાંક જોયા છે. ઇમામ અ.સ.મે ફરમાવ્યું આ વર્ષે મસ્જીદુલ હરામમાં (મક્કામાં ) અડધી રાતનાં સમયે જયારે તું મારી પાસે આવ્યો હતો, અને તારા કપડા તે મારી પાસે રાખ્યા હતા અને મેં તને કહ્યું હતું કે મફાતીહુલ જીનાન (કિતાબ) ને તારા કપડા નીચે રાખી દે.

ઇસ્ફહાનનાં વેપારીએ કહ્યું કે ખરેખર આમજ બન્યું હતું . એક રાત્રે મક્કાએ મોઅઝ્ઝમામાં અડધી રાત્રે મને ઉંઘ આવતી ન હતી. મેં ચાહ્યું કે મસ્જીદુલ હરામની ઝિયારત કરૂં,અને ત્યાંજ રાત પસાર કરૂં. રાત ઇબાદતમાં પસાર કરવા હું મસ્જીદમાં દાખલ થયો. આજુ બાજુ જોયુ કે કોઇ માણસ હોય તો હું મારા કપડા તેની પાસે રાખુ અને વઝુ કરી આવુ, મે જોયુ કે આકા જાન એક ખૂણામાં બેઠા છે. હું તેમની પાસે ગયો અને મારા કપડા તેમની પાસે રાખ્યા અને હું ચાહતો હતો કે મફાતીહુલ

જીનાનને કપડા ઉપર રાખુ, તો તેઓએ કહ્યું કે મફાતીહને કપડા નીચે રાખો. મેં સ્વપ્નમાં મૌલાથી સવાલ કર્યો કે આકા આપ કયારે ઝહુર ફરમાવશો? તેઓએ કહ્યુ નજદીકમાં જ અમારા શીયાઓને કહો કે શુક્રવારે (જુમ્આના) દુઆએ નુદબાહ પડયા કરે.(રેફ.મુલાકાતે ઈમામે ઝમાના, અ.સ.વો.૧ પે. ૬૭ થી ૬૯)

### ૨. રસ્તો ભૂલી જનારને ઈમામ અ.સ.નું માર્ગદર્શન

અલ્લામાં મો.બાકીર મજલીસી (અ.સ.)નાં પિતા અલ્લામાં મોહમ્મદ તકી મજલીસી (અ.ર.) ફરમાવે છે,

કે મારા સમયમાં એક બુર્ઝુગ મુત્તકી અને પરહેઝગાર હતાં. દર વર્ષે તેઓ ચાલીને હજ્જે બયતુલ્લાહ માટે આવતા. તેમના માટે એ મશહુર હતુ કે તેઓ તૈયુલ અર્ઝ નો મોજીઝો ધરાવતા હતા. પ્રસંગો પાત તેઓ ઈસ્ફહાન શહેરમાં આવ્યા. મને ખબર પડતા હું તેમની પાસે ગયો અને તૈયુલ અર્ઝનાં મોજીઝાની હકીકત શું છે, તેનાં બારા માં પૂછયું. આ સાંભળી તે બુઝુર્ગ હસવા લાગ્યા અને કહ્યુ કે તેની અસલીયત આ છે, કે હું એક વખત હજ્જે બયતુલ્લાહમાટે સફર કરી રહ્યોહતો, જયારે મારો કાફલો મકકાથી પાંચ મંઝિલ દૂર હતો ત્યારે હું કાફલાથી છુટો પડી ગયો, અને હું રસ્તો ભુલી ગયો અને ખૂબજ મુશ્કેલી અને મુસીબતમાં ફસાય ગયો. મારી પાસે પાણી ન હતુ. ખૂબજ તરસ લાગી હતી. તરસ એટલી વધી ગઇ કે જીવ ચાલ્યો જશે તેમ લાગતુ હતુ.

ત્યારે માયુસીની હાલતમાં જોર જોરથી બોલવા લાગ્યો .... ''યા અબા સાલેહ ! યા અબા સાલેહ ! ખુદા તઆલા તમારી થકી રહેમત નાઝીલ કરે. મને રસ્તો બતાવો. મને આ મુસીબતમાંથી છુટકારો અપાવો. ''

મે આટલું કહ્યું ત્યાં સામેથી ધૂળના ગોટા ઉડવા લાગ્યા. મે જોયુ કે એક વ્યકિત સવારી પર સવાર થઇ મારી તરફ આવી રહ્યા છે. તેઓ મારી નઝદીક આવતા ગયા. મે જોયુ તો તેઓ નવજુવાન, પાકો પાકીઝા સુરત તેઓ મારી પાસે આવ્યા. તેમના હાથમાં પાણીનો એક કુંજો હતો. મે તેમને જોઇને સલામ કરી તેઓએ સલામનો જવાબ

આપ્યો અને ફરમાવ્યુ કે તમે પ્યાસા છો ? મે કહ્યુ કે મને ખૂબજ તરસ લાગી છે. આ સાંભળીને તેઓએ તે કુંજો મને આપી દીધો મે પાણી પીધુ અને મારી તરસ બુઝાઇ ગઇ. પછી તેઓએ મને પૂછયું કે શું તમે તમારા કાફલાવાળા સાથે મળવા ચાહો છો? મે કહ્યું હા. આ સાંભળીને તેમણે તેઓના ઉંટને બેસાડી દીધું અને મને તેમની પાછળ સવાર કરી દીધો. અને મકકાએ મોઅઝઝમા તરફ આગળ વધ્યા.

હું હમેશા હિર્જેયમની (દુઆ) પડતો, મે આ દુઆ પડવાનું શરૂ કર્યુ, તેઓ મારી આ દુઆને ધ્યાનથી સાંભળતા હતા, અને અમુક જગ્યાએ મને ટોકતા પણ હતા કે તમે આમ નહિ, આમ પડો. અમુક સમય પસાર થયો પછી, પછી ફરમાવ્યુ કે તમે આ જગ્યાને ઓળખો છો ? મે જોયું કે તો તે

મક્કાએ મોઅઝઝમાનો આગળનો હીસ્સો હતો જેને અત્તઝ કહે છે. પછી તેઓએ મને કહ્યું કે સારૂં હવે તમે અહી ઉતરી જાવ. હું ઝડપથી ઉટ પરથીઉતરી ગયો. જોયુ તો ન તો કોઇ સવારી હતી અને ન તો તે નેક સાલેહ નવયુવાન.તેઓના ઝડપથી ગાએબ થઇ જવાના કારણે મને યકીન થઇ ગયુ. કે તેઓ સાહેબે અમ્ર ઇ.મહદી (અ.ત.ફ.શ.) હતાં. તેઓના છુટા પડવાથી મને ખૂબ દુઃખ લાગ્યુ અને હું તેમને ઓળખી ન શકયો. તેનો મને ખુબ પસ્તાવો થયો. મારી પછી મારો કાફલો મક્કામાં દાખલ થયો તેઓ મને જીવતો જોઇ નવાઇ પામ્યા અને મારા તેઓ કરતા જલ્દી પહોંચી જવાના કારણે તેઓએ તૈયુલ અર્ઝથી આ વાતને જોડી દીધી. પરંતુ વાત આ હતી(કે ઇમામ અ.સ.) મને જલ્દી મક્કા સુધી મુકી ગયા.) (ઇરફાને ઇમામત કીસ્સો ૯, પે.૩૨૦ થી ૩૨૩)

### ૩. ઇ.ઝમાના અ. ના વસીલાથી બિમારને શિફા મળી.

સૈ.કાશાની નુરૂલ્લાહ ઝરીહ બયાન કરે છે કે એક શખ્સ તેના દોસ્તો સાથે નજફે અશરફમાં આવ્યો. આ માણસનાં સખત બિમારીનાં કારણે બન્ને પગ સુકાઇ ગયા હતા. તેનામાં ચાલવાની જરા પણ તાકત ન હતી. તેની આ મજબુરીને જોઇને તેના દોસ્તો તેને એક નેક માણસનાં ઘરે તેની દેખરેખમાં મુકીને હજજે બયતુલ્લાહ માટે રવાના થયા. આ નેક માણસ દરરોજ પોતાનાં રિઝક (રોઝી) માટે સવારે ઘરેથી સહરા તરફ નીકળી જતો અને આ બિમાર માણસ એક રૂમમાં એકલો પડયો રહેતો. એક દિવસ આ બિમાર માણસે ક્યું કે, હવે તો હું આ એકલતાની કૈદ જેવી મુસીબતો સહન કરતાં થાકી ગયો છું. હું મારી ઝીંદગીથી કંટાળી ગયો છું. આપ મને બહાર લઇ જાવ. આગળ મારી કિસ્મત. તેઓએ મારૂં કહેવુ માની લીધું અને તે નેક માણસ મને પોતાનાં ખંભા ઉપર ઉઠાવીને બહાર તે જગ્યાએ લઇ ગયા,જે મકામે કાએમ (અ.) નાં મુબારક નામથી મશહુર હતું. તેઓએ મને ત્યાં બેસાડયો અને તેમના કપડા હૌઝમાં ધોઇને ઝાડ પર સુકવીને તેઓ તેના ધંધા માટે ચાલ્યા ગયા. હું એકલો બેઠો બેઠો મારી આ હાલત પર દુઃખી હતો. એટલામાં મે જોયુ કે સુંદર અને ખુશબુદાર નવયુવાન આવ્યા અને તેઓ આ પવિત્ર જગ્યાનાં સહેનમાં દાખલ થયા. મને સલામ કરી અને તેઓ આ મુબારક મકાનની અંદર ચાલ્યા ગયા, જે મકામે ઇમામે કાએમ અ. તરફ મન્સુબ છે, તેઓ મહેરાબમાં ખુશુઅ અને ખુઝુઅ સાથે થોડી રકાત નમાઝ પડયા. મે આજ સુધી આવી ખુશુઅ અને ખુઝુઅ વાળી નમાઝ જોઇ ન હતી. નમાઝ પડીને તેઓ મારી પાસે આવ્યા અને મારા ખબર અંતર પૂછયા. મે કહયુ કે હું એવી મુસીબતમાં છુ, કે કંટાળી ગયો છું, અલ્લાહ તઆલા મને શિફા આપે છે કે સાજો થઇ જાવ, અને ન મને મૌત આપે છે કે હું આ તકલીફ થી છૂટકારો મેળવુ.

આ સાંભળી ને તેઓએ કહયુ''તુ ગભરાતો નહી, અલ્લાહ તઆલા આ બન્ને તને અતા કરશે. તુ સાજો પણ થઇ જઇશ અને થોડા સમય બાદ તને મૌત આવી જશે'' આટલુ કહીને તેઓ ચાલ્યા ગયા. તેઓના જવા પછી મારા દોસ્ત કે જેઓ મારી સંભાળ રાખતા હતા. તેના કપડા વૃક્ષ પર સુકાતા હતા. તેમાંથી એક કપડું વૃક્ષ પરથી નીચે પડી ગયુ. આ જોઇને મારાથી રહેવાયું નહી હું તરત જ ઉભો થયો તે કપડુ લીધુ હૌઝનાં પાણીમાં પાક કરીને સુકવી દીધું. આટલું કર્યા પછી મને ખ્યાલ આવ્યો કે હું તો એક ડગલું પણ ચાલવાની તાકાત ન હોતો રાખતો. અરે મારી હાલત તો એ હતી કે હું પડખુ પણ

ફેરવી શકતો ન હતો, આટલુ કામ કરવાની તાકાત મારામાં કયાથી આવી ? મે મારા શરીર તરફ જોયુ તો બિમારી ચાલી ગઇ હતી, મારા પગ તરફ જોયુ તો તે સાજા થઇ ગયા હતા. મને શિફા (તંદુરસ્તી) મળી ગઇ હતી. મને હવે યકીન થઇ ગયુ કે તે નવયુવાન કાએમે આલે મોહમ્મદ ઇ. મહદી (અ.ત.ફ.શ) હતા. હુ એકદમ ઉભો થયો અને સેહરામાં આજુ બાજુ દોડયો, તલાશ કરી પણ પછી મને ઇમામ અ.સ. મળ્યા નહિં. થોડીવાર પછી મારી સંભાળ લેનાર, દોસ્ત સહરાથી પાછા આવ્યા. તેઓએ જયારે મારી તંદુરસ્ત હાલતને જોઇ તો તેઓ નવાઇ પામ્યા. મે તેઓને આ આખો બનાવ સંભળાવ્યો. પછી હું અને તેઓ બંને નજફે અશરફ પાછા આવ્યા.

તેમના દોસ્તો હજ કરીને પાછા નજફે અશરફ આવ્યા. તે તેમનાં દોસ્તોને મળ્યો. તેમના દોસ્તો પણ તેને તંદુરસ્ત જોઇને ખુશ થયા. ત્યાર પછી તે થોડા દિવસ જીવતો રહ્યો, પછી બિમાર થયો અને મૃત્યુ પામ્યો અને તે સહેને મુકદદસમાં દફન થયો. (ઇરફાને ઇમામત, કિસ્સો - ૧૦, પે. ૩૨૩ થી ૩૨૬)

### ૪. એક સાલેહ શાકભાજીનાં વેપારીની ઇમામ અ.સ.થી મુલાકાત.

જન્નતુલ મઆવાનાં લેખક ફકીહ સૈ. મોહમ્મદ કાઝીમ કે જેઓ શૈખ મુર્તુઝા અન્સારી (અ.ર.)ના ખાસ વિધાર્થી હતા. સૈ.મોહમ્મદ કાઝીમ આ પ્રસંગ લખે છે. હિ.સ. ૧૨૭૫ માં હું ઇલ્મ હાંસીલ કરવાનાં ઇરાદાથી નજફે અશરફમાં રોકાયો હતો, ત્યાં મે આલીમોથી એક એવા માણસ વિશે સાંભળ્યુ કે તેને ઇ.ઝમાના (અ.ત.ફ.શ.) ની મુલાકાત થઇ હતી. અને તે માણસ શાકભાજીનો વેપારી હતો. મે તેને શોધવાનું શરૂ કર્યુ. એટલે સુધી કે મને તેની મુલાકાત થઇ ગઇ, ત્યાર પછી હું તેની દુકાને જતો. તે માણસ નેક હતો. મારી તેનાથી ધીમે ધીમે દોસ્તી થઇ ગઇ. હું એ મૌકાની તલાશમાં હતો કે મારી તેને એકાંતમાં મુલાકાત થાય, તો હું તેને પુછું . એક વખત હું મસ્જીદે સહલા બુધવારની રાત્રે ગયો, તો ત્યા મારી મુલાકાત તે નેક માણસ સાથે થઇ. મસ્જીદે સહલામાં ઇબાદત કરી અમે બન્ને મસ્જીદે કુફા તરફ ગયા, ત્યાં ઇબાદત આમાલ બજાવી લાવ્યા પછી અમે એક જગ્યાએ બેઠા, મેં તેમને કહ્યું કે હઝરતથી મુલાકાતનો પ્રસંગ મને પુરે પુરો બયાન કરો.

તેમ માણસે ઇમામની મુલાકાતનો પ્રસંગ વર્ણવવાનું શરૂ કર્યુ. તે માણસે કહ્યુ. મે સાંભળ્યુ હતુ કે અગર કોઇ ઇમામ અ.સ.ની મુલાકાતની ઉમ્મીદથી ૪૦ શબે બુધ મસ્જીદે સહલામાં ઇબાદત (અમલ) કરે તો તેને ઇમામ અ.સ. ની મુલાકાત નસીબ થાય છે. મે પાબંદીથી આ અમલ શરૂ કર્યો, હું શબે બુધ મસ્જીદે સહલામાં રોકાતો, આ કામમાં મે કયારેય ઠંડી, વરસાદ, ગરમીની પરવાહ નથી કરી. એટલે સુધી કે એક વર્ષ પસાર થઇ ગયુ. એક વખત મંગળવાર અસરના સમયે હું ચાલીને નજફે અશરફ જતો હતો ચોમાસાની ઋતું હતી. વાદળો ઘેરાયા હતા, વરસાદ વરસવા લાગ્યો હું મસ્જીદમાં પહોંચ્યો. મસ્જીદ બીલકુલ ખાલી. હતી મે ત્યા નમાઝે મગરીબ પઢી અચાનક મે તે જગ્યા કે જે મકામે સાહેબુઝઝમાન (અ.સ.) નાં નામથી મશહુર હતી, ત્યાં મે રોશની જોઇ મે કોઇ બીજી વ્યકિતનાં નમાઝની આવાઝ પણ સાંભળી, જેથી મને રાહત થઇ. અને મે મારા આમાલ પુરા કર્યા, પછી મે તે

પવિત્ર જગ્યા તરફ જોયું તો એક નુર પ્રકાશ, રોશની હતી. મે જોયુ તો એક સૈયદ જલીલુલ કદ્ર એહલે ઇલ્મ નમાઝ પડી રહ્યા હતા. મને લાગ્યુ કે તેઓ કોઇ મુસાફર ઝવ્વાર છે, અને તેઓ નજફની બહારના લાગે છે. પછી મે ઝિયારતે ઇમામે અસ્ર (અ.સ.) પડી. પછી નમાઝે ઝિયારત પડી. પછી મને થયું કે હું તે સાહેબને કુફા સાથે આવવાનું કહું પરંતુ તેમની ઇઝઝત અને જલાલતનાં કારણે હું તેમને પુછી શકયો નહિં. બહાર જોરદાર વરસાદ વરસી રહ્યો હતો અને એકદમ અંધારૂ હતું, ત્યાર પછી તેમણે મારા તરફ મહેરબાની અને સ્મિતભર્યા ચહેરે જોયુ અને મને કહ્યુ કે તમે એમ ચાહો છો કે હું તમારી સાથે મસ્જીદે કુફા આવું, મે કહ્યુ હા, મારા સરદાર! મારી આજ ઇચ્છા છે, અને અમે લોકો હંમેશા અહી આમાલ બજાવીને મસ્જીદે કુફા જઇએ છીએ.

અમે રવાના થયા તેમની સાથે મને ખુબ ખુશી થઇ. આખો રસ્તો નુરાની થઇ ગયો અને તમામ વિસ્તાર ખુશનુમાં થઇ ગયા. રસ્તો સુકાઇ ગયેલો હતો. આજુ બાજુ હરીયાળી ફેલાયેલી હતી. એટલે સુધી કે અમે મસ્જીદના બહારનાં દરવાજા સુધી પહોચ્યાં. મે દરવાજો ખખડાવ્યો. ખાદીમે પુછયુ કોણ ? અત્યારે આવા વરસાદ, ઠંડી અને અંધારામાં કયાંથી આવો છો? મે જવાબ આપ્યો મસ્જીદે સહલાથી. તેણે દરવાજો ખોલ્યો.

હવે મે જોયુ તો તે સૈય્યદ ન દેખાયા. તેઓ મારી નજરોથી ગાએબ થઇ ગયા. હું પુકારતો રહ્યો. મે તલાશ કરી પણ મને તેઓ ન દેખાયા. ઠંડી અને વરસાદની મને ખુબ અસર થઇ. હું મસ્જીદમાં દાખલ થઇ ગયો અને અફસોસ કરતો રહ્યો, કે મે મારા ઝમાનાનાં ઇમામ અ.સ.ને ઓળખ્યા નહી. તેઓએ મને કેટલી નિશાનીઓ બતાવી. ચિરાગ વગર મસ્જીદનું રોશન થવું, વરસાદનું અટકી જવું, ખુશ્હાલ માહોલનું થવુ. ખુદાની આ નેઅમતનો હું હંમેશા શુક્ર કરૂ છું, કે અલ્લાહે મને મારા વકતનાં ઇમામની ઝિયારત કરાવી.(ઇરફાને ઇમામત, કિ.૧૪, પે.૩૩૦)

### ૫. અલ્લામાં મજલીસી (અ.ર.) નાં વાલીદને ઇમામ અ.સ. થી મુલાકાત

અલ્લામાં મો.બાકીર મજલીસી (અ.ર.)નાં વાલીદે બુઝુર્ગવાર અલ્લામાં મોહંમદ તકી મજલીસી (અ.ર.) પોતાની લખેલી કીતાબ મન લા યહઝરુલ ફકીહ માં લખે છે, કે એક વખત અમે મશહદથી પાછા આવતા હતા. ત્યારે અમે લોકો રસ્તો ભૂલી ગયા. આખરે એક જગ્યાએ અમે ઉતર્યા. મે હ.હુજજત (ઇ.મહદી) અ.સ.ની બારગાહમાં ફરિયાદ કરી, કે અમને રસ્તો બતાવો. એક મર્દ અરબ આવ્યા અને અમને સાચો રસ્તો બતાવીને નજરોથી ગાએબ થઇ ગયા, મે ખૂબ ગિર્યા વ ઝારી કરી પણ કોઇ ફાયદો ન થયો (રસ્તો બતાવનાર ઇ.મહદી અ.સ. સિવાય બીજુ કોઇ ન હતું.) (ઇરફાને ઇમામત, કિસ્સો ૨૧ મો, પે. ૩૪૭)

### ૬. ઇ.મહદી અ.સ.ના ફઝલથી રાહેરાસ્ત મળી.

આલીમે દીન શૈખ રૂશદી લખે છે, કે એક વખત હું ઇ.હુસૈન અ.સ.ની ઝિયારત કરીને ફૂરાતનાં રસ્તે નજફ જતો હતો. હું એક હોડીમાં સવાર થયો. તેમા બધાજ માણસો હલ્લાહ ગામના હતા. બધા

લોકો લહવો લહબમાં (આનંદ-પ્રમોદમાં) હતા, સિવાય એક માણસ જે આ લોકોની જેમ હસી મજાક માં શરીક ન હતો. અમે નદી ના કિનારે ચાલવા લાગ્યા. હું પણ તે શખ્સની સાથે નદી કિનારે ચાલવા લાગ્યો. મે તેને પુછ્યુ ભાઇ, તુ આ બધા લોકોથી અલગ કેમ છો ? અને આ લોકો કોણ છે?

તેણે કહ્યું આ લોકો મારા રિશ્તેદાર છે, અને હલ્લાહનાં છે પરંતુ તેઓ ગૈર મઝહબનાં છે, અને હું શીયા છું. મારા પિતા પણ તેઓના મઝહબનાં હતા. પરંતુ મારી માં શીયા છે. અને હું સાહેબુઝઝમાન (અ.સ.)ની બરકતથી શીયા થઇ ગયો. મે તેને વિગતવાર આ બનાવની દાસ્તાન કહેવા કહ્યું. તેણે કહેવાનું શરૂં કર્યુ કે મારૂં નામ યાકુત છે અને હું ઘી વેચવાનો ધંધો કરૂં છુ. એક વખત હું માલ ખરીદવા માટે હિલ્લાથી બહાર ગામડાઓમાં ગયો, હું અને મારા સાથીઓ હિલ્લાથી પાછા આવતા હતા, ત્યારે રસ્તામાં અમે ઉતર્યા અને સૂઇ ગયા. જયારે હું જાગ્યો તો મે જોયુ કે મારા બધા સાથીઓ ચાલ્યા ગયાછે. જલ્દીથી મે મારો સામાન સવારી ઉપર નાખ્યો અને મારા સાથીઓને શોધવા ઝડપથી ચાલવા લાગ્યો, પરંતુ હું રસ્તો ભુલી ગયો ખુબજ તરસ લાગી હતી. જંગલી જાનવરોનો ભય લાગતો હતો . મે રડી રડી ને દુઆ કરવાનું શરૂ કર્યુ. મે મદદ માટે મારા મઝહબ પ્રમાણે ૧,૨,૩ ને પોકાર્યા પરંતુ કઇ ફાયદો ન થયો. તે વખતે મારી માં ની વાત યાદ આવી. મારી માતા મને કહેતી કે આપણા ઇમામ જીવતા છે. અને તેમની કુન્નીયત અબુ સાલેહ છે. તે માર્ગ ભુલેલાને રસ્તો બતાવે છે. લાચાર અને બેબસ લોકોની મદદ કરે છે.પછી મે ખુદાથી વાયદો કર્યો હું તેમને ઇસ્તેગાસા (ફરીયાદ) કરૂં છું. અગર તેઓ મને આ મુસીબતમાંથી છુટકારો અપાવશે તો હું મારી માં નાં મઝહબ ઉપર આવી જઇશ. મે ઇમામને પોકાર્યા (યા અબા સાલેહ અદરીકની) એકાએક મે જોયુ કે એક સાહબ મારી સાથે ચાલી રહ્યા છે. તેઓએ લીલો અમામો પહેર્યો છે. તેઓએ મને રસ્તો બતાવ્યો, અને મારી માતાનો મઝહબ (શીયા મઝહબ) ઇખ્તેયાર કરવાનો હુકમ આપ્યો, અને ફરમાવ્યુ કે નજીકમાં જ એક વસ્તી આવશે, જેના રહેવાસી શીયા લોકો છે. મે વિનંતી કરી કે યા મૌલા! તમે મારી સાથે તે વસ્તી સુધી નહી આવો ? તેમણે કહ્યું નહી, કારણ કે ઘણા બધા શહેરોમાંથી હજારો લોકો મને મદદ માટે બોલાવે છે. મારે તેમની મદદે પણ પહોંચવાનું છે. આટલુ કહીને તેઓ મારી નજરથી ગાએબ થઇ ગયા. (ઇરફાને ઇમામત કિસ્સો, ૨૦ મો,પે.૩૪૪ થી ૩૪૬)

### ૭. બિમારને શિફા મળી.

નજમુસ્સાકીબમાં મ.શૈખ અલ્લામાં મોહમ્મદ બાકીર નજફી (અ.ર.) બયાન કરે છે, કે મે ખુદ હ. હુજ્જત (અ.સ.) નો આ મોજીઝો જોયો છે. મારો એકનો એક દિકરો અલી મોહમ્મદ એક વખત બિમાર થઇ ગયો. બિમારી એટલી બધી વધતી જતી હતી કે તેની જીંદગીની કોઇ ઉમ્મીદ ન હતી. બિમારી વધતી જતી હતી દુઆ અને દવા બંને થકી તેનો ઇલાજ કરાવ્યો. બિમારીની હાલતમાં અગીયારમી રાત આવી ગઇ. તે રાત્રે મારા દિકરાની તબિયત ખૂબજ ખરાબ થઇ ગઇ. બધા માયુસ

થઇ ગયા. ઈલાજનો કોઇ રસ્તો બાકી ન રહ્યો. સિવાય કે હ.હુજ્જત અ.સ. ની બારગાહમાં શિફા માટે ઈસ્તેગાસા. હું ઘરની અગાસીમાં ગયો અને રડી રડીને ઇમામ અ.સ. ની બારગાહમાં ફરીયાદ કરી યા સાહેબબુઝઝમાન અગિસની, યા સાહેબુઝઝમાન અદ્‌રીકની. પછી હું અગાસી પરથી ઉતરી મારા દીકરા પાસે ગયો, અને જોયુ તો તે તંદુરસ્ત થઇ ગયો છે. શ્વાસ પણ બરાબર ચાલી રહ્યો છે. હોશમાં હતો. શરીર પર પસીનો હતો. ત્યાર પછી હું આ નેઅમત પર શુક્રે ઇલાહી કરતો રહેતો, અને ખુદાવંદે આલમ હઝરત હુજજત (અ.સ.)ની બરકતથી મારા દિકરાને તંદુરસ્તી આપી. મારો દિકરો બિલકુલ તંદુરસ્ત થઇ ગયો. (ઇરફાને ઇમામત, કિસ્સો ર૬ મો, પે.૩૫૪, ૩૫૫)

## ૮. ઇમામ અ.સ. એ ડુબતી ઔરતને બચાવી નદી પાર કરાવી.

બુર્ઝુગ મૌલાના સૈ.મોહમ્મદ ઇબ્ને હાજી સૈયદ અબ્દુર રહીમ ઇરાકી આ વાકેઓ પોતે બયાન કરે છે.

એક વખત હું કાફલા સાથે ઝિયારત માટે નિકળ્યો કાફેલો બગદાદથી એક મંઝિલ દૂર હતો ત્યારે કાફલાવાળા આએ નકકી કર્યુ કે આપણે અલીઆબાદનાં રસ્તે સામર્‌રા જઇએ, અને ત્યાંથી પછી કાઝમૈન જઇએ. જેથી અમે લોકો તે રસ્તે રવાના થયા. રસ્તામાં વચ્ચે એક નદી આવતી હતી. તે ઘણી પહોળી અને ઉંડી હતી. ઝવ્વારોએ તેમની સવારી સાથે આ નદીમાંથી પસાર થવાનું શરૂ કર્યુ. આ સમયે એક ઔરત નદીનાં પાણીમાં ફસાઇ ગઇ અને ડુબવા લાગી. નજદીક હતુ કે તે અને તેની સવારી બંને ડુબી જાય. તે બીચારી ઔરત મોટા આવાજ ઇસ્તેગાસા (ફરીયાદ) કરવા લાગી. ''યા સાહેબુઝઝમાન યા સાહેબુઝઝમાન'' પાણી વધતુ જતુ હતુ. કાફલાનાં દરેક લોકો પોતે ચિંતામાં હતા, કે કોઇ રીતે જલ્દીથી આ નદી પાર કરવી, તેથી કોઇએ તે ઝાએરાની આવાઝ તરફ ઘ્યાન ન આપ્યુ, પરંતુ હું તેની હાલત જોઇને તેના તરફ મદદ કરવા આગળ વઘ્યો, ત્યાં અચાનક જોયુ કે એક સાહબ પાણી ઉપર એવી રીતે ચાલી રહ્યા છે, જેવી રીતે જમીન પર ચાલતા હોય. પાણી તેમને કોઇ અસર કરતુ ન હતુ. આ બુઝુર્ગવાર તે ઔરત તરફ આવ્યા અને તેને અને તેની સવારીને બહાર કાઢી, ઝડપથી નદી પાર કરાવી દીધી. ત્યાર પછી તેઓ મને દેખાયા નહી. તેમનો ચહેરો અને તેમની કદ્રો કિંમત પરથી મને યકીન થઇ ગયુ કે આ ઔરતની મદદે પહોંચનાર બીજુ કોઇ ન હતુ, પરંતુ ઝમાનાનાં ઇમામ હ.મહદી (અ.ત.ફ.શ.) હતા. (ઇરફાને ઇમામત કિસ્સો ર૭ મો, પે. ૩૫૫, ૩૫૬)

## ૯. ઇમામ અ.સ.એ તેના ચાહવા વાળાને જમાડયો.

નજફે અશરફમાં સય્યદ બાકીર ઇસ્ફહાની નામનાં નેક પરહેઝગાર શખ્સ હતાં. તેઓ તેની આદત મુજબ બુધવાર ની રાત મસ્જીદે સહલામાં પસાર કરી, અને બુધવારે અસ્ર પછી મસ્જીદે કુફા ચાલ્યા જવાનો ઇરાદો હતો ત્યાંથી મારે નજફ જવાનો ઇરાદો હતો. સૈ.બાકીર કહે છે કે હું મસ્જીદે

સહલામાં હતો. મારો ખાવા પીવાનો સામાન પુરો થઇ ગયો. તે ઝમાનાંમાં મસ્જીદે સહલા કયાંય આબાદ ન હતી. આજુબાજુમાં કયાંથી ખાવાનું વેચાતું પણ મળે તેમ ન હતું.

ભુખથી હું ખુબ પરેશાન થઇ ગયો, છતાં નમાઝ પડવામાં મશ્ગુલ થઇ ગયો. આ સમયગાળામાં એક સાહબ આવ્યા, અને મારી નજદીકમાંજ દસ્તરખાન બિછાવીને બેસી ગયા. તે સમયે મારા દિલે મને કહ્યું કે કાશ આ સાહબ મને કિંમત લઇ ને પણ જમવામાં શરીક કરે. એકાએક તેઓ એમારી તરફ જોયુ અને મને જમવા બોલાવ્યો. શર્મના કારણે મે ના પડી. તેઓએ મનેજમવાનો આગ્રહ કર્યો હું જમવા બેસી ગયો અને પેટ ભરીને જમી લીધુ.

ત્યાર પછી તેઓ જમીને એક ઓરડામાં ચાલ્યા ગયા. હું ત્યા જોઇ રહ્યો ઘણો સમય થયો પરંતુ તેઓ બહાર ન નિકળયા. મસ્જીદમાંથી બહાર નિકળવાનો બીજો કોઇ દરવાજો પણ ન હતો. મે તે ઓરડામાં જઇ જોયુ તો કોઇ ન હતુ. હવે મને સમજાણુ કે તેઓ બીજુ કોઇ નહી પણ ઇમામે હુજજત, હ. મહદી (અ.સ.) હતા. જેમણે મને જમાડયો. (ઇરફાને ઇમામત કિસ્સો ૩૨ મો પે.૨૭૫)

દુઆ : યા મોહમ્મદો, યા અલીય્યો, યા ફાતેમતો, યા સાહેબઝઝમાન. અદરીકની, વલા તોહલીકની.

૧૦. ઇમામ અ.સ.એ મહેમાન નવાઝીનો ખર્ચ આપ્યો.

જલીલુલ કદ્ર આલીમ મિર્ઝા મોહમ્મદ તકી અલમાસી થી એક વાકેઓ નુરૂલ ઉય્યુમ નામની કિતાબ માં સૈ.બાકીર ઇસ્ફહાની લખે છે.

એક વખત બહરૈનમાં અમુક મિત્રોએ એવું નકકી કર્યુ કે વારા ફરતી તેઓ મોઅમીનોને જમાડે. તેઓમાંથી દર અઠવાડીયે એક શખ્સ દાવત કરતો. એટલે કે એક શખ્સનો જમાડવાનો વારો આવ્યો. તેની પાસે પૈસા ન હતા. ગરીબ અને પૈસા ન હોવાથી ખૂબ પરેશાન થઇ ગયો. ખુદ્દાર શખ્સ હતો. તે બીજા પાસે પૈસા માંગીને પોતાની ગરીબીની જાહેર કરવા ઇચ્છતો ન હતો.

ચિંતા અને મુસીબતમાં એક રાત્રે જંગલમાંથી પસાર થઇ રહ્યો હતો. એક સાહબ સામેથી આવ્યા અને તે યુવાનને કહ્યુ કે તુ ફલાણા વેપારી પાસે જજે, અને તેને કહજે કે મને મીમ હે મીલ દાલ ઇબ્ને હસને કહ્યુ છે, કે તમે જે બાર દિનાર નજરની મન્નત માની છે તે મને આપી દો. તુ આ બાર દીનાર ને મહેમાન નવાઝીમાં ખર્ચ કરજે. તે યુવાન તે વેપારી પાસે જાય છે. અને કહે છે કે મને મીમહેમીમદાલ ઇબ્ને હસને  કહ્યુ છે કે તમે નઝરની મન્નતનાં બાર દીનાર મને આપો. આ સાંભળીને વેપારીએ કહ્યુ કે શું તેઓ ખુદે આ વાત તને કહી છે? તે યુવાને કહ્યુ હા. તે વેપારી એ પુછયુ કે શુ તું તેઓને ઓળખે છે ? તે બેહરૈની યુવાને કહ્યુ નહી. તે વેપારીએ કહ્યું કે તેઓ ઇ.સાહેબુઝઝમાન અ.સ. હતા, અને તેમની નજર (મન્નતનાં) બાર દિનાર મારી પાસે છે. (મે મન્નત માની હતી કે મારૂ વહાણ સલામત દરીયા કીનારે પહોંચી જશે, તો હું બાર દિનાર ઇમામ અ.સ.ની બારગાહમાં નઝર કરીશે આ વાત મારા દિલમાં હતી. તેને હું મારો ખુદા અને ઇમામ અ.સ. સિવાય કોઇ જાણતુ ન હતુ.)

તે વેપારીએ તે યુવાનને ખુબ માન આપ્યુ તેને બેસાડયો, અને બાર દીનાર નજર માટે અલગ રાખ્યા હતા. તે આપ્યા, અને કહ્યું કે ઇમામની બારગાહમાં મારી નઝર કબુલ થઇ છે એટલે હું ચાહું છુ કે તુ મને આ દિનાર આપી દે. તેના બદલામાં હું તને બીજી રકમ આપુ છું હું આ દીનારને તબર્રૂક તરીકે મારી પાસે રાખવા ઇચ્છુ છું. તે યુવાન આ દિનાર પાછા આપ્યા તેના બદલામાં વેપારીએ મોટી રકમ આપી. જે લઇ તે ખુશી ખુશી ઘરે આવ્યોં અને મોઅમીનની મહેમાન નવાઝી કરી. (ઇરફાને ઇમામત)

૧૧. ઇમામ અ.સ. એ કિતાબ લખી આપી

અલ્લામાં હિલ્લી (રિ.અ.)ના ઝમાનામાં  એહલે સુન્નતમાંથી એક વિરોધી એ મઝહબે શીયા વિરૂધ્ધ એક પુસ્તક લખ્યુ હતું. તે શીયાઓનાં સમૂહમાં જઇને આ કિતાબના આધારે લોકોને મઝહબે ઇમામીયા થી ગેર સમજ ફેલાવતો. શીયાઓને ગુમરાહ કરતો હતો, તે તેનું આ પુસ્તક કોઇને આપતો ન હતો. જેથી શિયા આલીમના હાથમાં પુસ્તક આવી જાય તો તેના જવાબ તેઓ આપી દેય, જવાબમાં પુસ્તક લખવામાં આલીમને મોકો મળે.

અલ્લામાં હીલ્લી (અ.ર.) આ પુસ્તક તેની પાસેથી મેળવવા શાર્ગીદ તરીકે તેના વર્ગમાં જોડાણા પોતે મુજતહેદ હતા. છતાં પોતાની જાતને છુપાવીને તેના વિદ્યાર્થી બન્યા, શિક્ષક વિદ્યાર્થીના સંબધો વધુ ગાઢ બન્યા તે મારફતે પુસ્તક મેળવવાની કોશીષ કરી, એક વખત એવું બન્યુ કે ઉસ્તાદ માટે ઇન્કાર કરવો અશકય બની ગયુ, તેથી તેને કહ્યું કે મે નજર માની છે કે આ પુસ્તક એક રાતથી વધારે સમય માટે કોઇને નહી આપુ. અલ્લામાં એ મજબુર થઇને એક રાત માટે પણ પુસ્તક તેની પાસેથી લઇ લીધુ.

અલ્લામાં હીલ્લી અ.ર. તે રાત્રે ખુબ આનંદમાં હતા, અને એક રાતને પણ ગનીમત માનીને પુસ્તક લખવા બેતાબ હતા. એક રાતમાં આખુ પુસ્તક લખવાનું હતુ.

અલ્લામાંએ પુસ્તક લખવાનું શરૂ કર્યુ, અડધી રાત પસાર થઇ ગઇ. અલ્લામાં ને ઉંઘ આવા લાગી અને તેજ સમયે એક જલીલુલ કદ્ર શખ્સીયત મહેમાન રૂમમાં દાખલ થાય અને અલ્લામાં સાથે વાતચીત કરતા રહ્યા. વાતચીત પછી કહ્યુ ''અલ્લામાં ! આપ સુઇ જાવ અને લખવાનું કામ મારે હવાલે કરી દો.

અલ્લામાં ચું કે ચા કર્યા વગર તેમના ફરમાન મુજબ ગાઢ નિંદ્રામાં સુઇ ગયા. અલ્લામાં જયારે જાગૃત થયા ત્યારે જોયુ તોં ત જલીલુલ કદ્ર મહેમાન (ઇમામે ઝમાના અ.સ.) મૌજુદ ન હતા. પુસ્તક ઉઠાવીને જોયુ તો આખી કિતાબ લખેલી છે અને અંતમાં લખાણમાં દસ્તખત રૂપે જોવે છે. ''હુજજતે ખુદા તેનો નિગેહબાન''  (મજાલીસુલ મોઅમેનીન ભાગ-૧, પે.૫૭૩ કાજી નુરૂલ્લાહ શુસ્તરી)

## ૧૨. મસ્જીદના ગરીબ અને નેક ખાદીમને ઇમામ અ.સ. થી મુલાકાત.

નજમુસ્સાકીબના લેખક મોહદદ્દીસે નુરી અ.ર. તેમની કિતાબમાં શૈખ મોહમ્મદ તાહીર નજફી ના બારામાં આ કિસ્સો લખે છે.

શૈખ મોહમ્મદ તાહીર ઘણા વર્ષો પહેલા મસ્જીદે કુફામાં ખાદીમ તરીકે રહેતા હતા. અને તેમનું કુટુંબ પણ ત્યા રહેતુ હતુ. તેઓ ખુબજ પરહેઝગાર અને મોઅમીન શખ્સ હતા. જીવનનાં અંતિમ સમયમાં તેઓ અંધ થઇ ગયા હતા. તેઓના બારામાં પરહેઝગાર આલીમો એ આ પ્રસંગ લખ્યો છે.

શૈખ મો.તાહીર કહે છે નજફમાં બે જુથ હતા, જેનાથી રીઝકનો મારો સંબધ હતો. આ બંન્ને ગ્રુપ વચ્ચેનાં જગડાને કારણે નજફમાં એહલે ઇલ્મ અને ઝવ્વારોનું આવવું ઓછુ થઇ ગયુ. જેના કારણે હું પરેશાન થઇ ગયો. મારૂ કુટુંબ મોટુ અને મારા ઉપર અમુક યતીમની પરવરીશની પણ જવાબદારી હતી. રીઝકની કમીના કારણે પરેશાના થઇ ગયો. એક રાત્રે તો એવો સમય આવ્યો, કે ખાવા માટે કશુ ન હતુ બાળકો ભુખના કારણે રડી રહ્યા હતા.

ઉદાસ દીલે, પરેશાન હાલતમાં અલ્લાહની બારગાહમાં દુઆ કરી એ અલ્લાહ હું તારી પાસેથી કાંઇ નથી ચાહતો, સિવાય કે મારા મૌલા અને આકા (ઇમામ ઝમાના અ.સ.) ની ઝીયારત કરૂં, તેમના મુબારક ચહેરાના દીદાર કરૂં.

આજ સમય ગાળામાં એક જલીલુલ કદ્ર નુરાની શખ્સીયતને જોઇ. તેઓએ સુંદર કપડા પહેર્યા છે. મને લાગ્યુ કે તેઓ કોઇ બાદશાહ છે, પરંતુ તેમના માથા પર અમામો હતો. તેમણે નમાઝ પઢવાનું શરૂ કર્યુ. તેમના ચહેરાથી નુર એવી રીતે નિકળી રહ્યું હતુ કે તેમની સામે જોવું પણ શકય ન હતું. ત્યારે મને સમજાણુ કે તેઓ બાદશાહ નથી.

તેઓએ મારા તરફ નજર કરી અને મને કહ્યુ તાહીર, તમે મારા બારામાં કયાં બાદશાહનો ખ્યાલ કરો છો ? મે જવાબ આપ્યો મારા મૌલા ! તમે બાદશાહોના બાદશાહ અને તમામ દુનિયાના સરદાર છો તેમણે કહ્યું. તાહીર તમે તમારા મકસદમાં કામીયાબ થઇ ગયા (તમારી હાજત પુરી થઇ ગઇ). હવે શું ચાહો છો? શું અમે તમારા લોકોની દરરોજ દેખભાળ નથી કરતા, અને તમારા આમાલ અમારી સામે રજુ નથી થતા? ઇમામ અ.સ.ના આ વાકયામાં તેમની હૈબત અને અઝમત દેખાતી હતી, જેની અસર એ થઇ કે હું એમને જવાબ આપી ન શકયો ત્યાર પછી રીઝકના દરવાજા મારા માટે ખુલ્લી ગયા, અને આજ સુધી મે કયારેય રીઝકની તંગી અનુભવી નથી.) (ઇરફાને ઇમામત કિસ્સો - ૩૩, પે.૩૬૬-૬૭)

## ૧૩. ઇમામ અ.સ. મે પાણી પીવડાવીને હાજી સાહેબની જાન બચાવી

સૈયદ મોહમ્મદ હુસૈની એ નિચેની રિવાયતને મુજતહીદ હસન ઇબ્ને હમઝા અલાવી થી લખી છે.

અલ્લામાં હસન ઇબ્ને હમઝા રીવાયત કરે છે અમારા અસહાબે ઇમામીયા માંથી એક નેક ઇન્સાન બયાન કરે છે, કે હું એક વખત હજમાં ગયો. સખત ગરમીનું વર્ષ હતું હું કાફલાથી જુદો પડી ગયો. તરસથી જીવ જતો હતો. ખુબજ તરસ લાગી હતી. જમીન ઉપર ધોડાના કદમોના આવાજ આવવા લાગ્યા. મે આંખ ખોલી તો જોયુ તો એક નવ યુવાન શખ્સ ધોડા ઉપર સવાર મારી પાસે આવીને ઉભા છે તેઓએ મને એવું પાણી પીવરાવ્યુ કે જે બરફથી વધારે ઠંડુ અને મધ થી વધારે મીઠુ હતું.

તે વખતે હું મરતા મરતા બચી ગયો, અને મે પુછયુ આપ કોણ છો? આપે મારા ઉપર રહેમ કરી તેઓએ જવાબ આપ્યો હું બન્દા ઉપર અલ્લાહની હુજ્જત છું અને આ ઝમીન ઉપર બકીયતુલ્લાહ છું અને હું તે છું કે જમીનને અદલો ઇન્સાફથી ભરી દઇશ, જયારે કે તે ઝુલ્મ ઝોરથી ભરેલી હશે. હું હસન ઇબ્ને અલી ઇબ્ને મોહમ્મદ ઇબ્ને અલી ઇબ્ને મુસા ઇબ્ને જાફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને અલી ઇબ્ને હુસેન ઇબ્ને અલી ઇબ્ને અલી તાલીબ અ.સ.નો ફરઝંદ છું ત્યાર પછી તેમણે કહ્યુ, આંખ બંધ કરો મે આંખ બંધ કરી લીધી ફરમાવ્યુ આંખ ખોલો. મે આંખ ખોલી તો જોયુ હઝરત નઝરોથી ગાયેબ થઇ ગયા છે. (ઇરફાને ઇમામત કિસ્સો- ૩૫, પે.૩૬૯)

## ૧૪. ઇમામ અ.સ.એ મુસીબતમાં મદદ કરી.

અરબસ્તાનમાં એક માણસ રહેતો હતો. તેનું નામ સૈયદ મોહમ્મદે આમેલી હતું. તેને ફારસી વાત બીલકુલ નહોતી આવડતી પણ ફકત અરબી તે કહે છે કે એક વખત હું મારા કાફલા સાથે હઝરતે ઇમામે રઝા અ.ની ઝિયારત માટે ગયો. અને અમુક વખત સુધી ત્યાંજ રહ્યો પછી એક સવારે મારો કાફલો ઇરાક જવા ઉપડી ગયો. પણ હું મારી પોતાની ધણીજ ખરાબ હાલતનાં કારણે કાફલાની સાથે જઇ શકયો નહિ. જયારે બપોરે થઇ ત્યારે હું ઇમામના રોઝામાં ગયો અને નમાઝ પડી. પછી મે વિચાર્યુ કે જો હું આજ કાફલા સુધી નહી પહોંચુ તો બીજો કાફલો મળશે નહી. અને અહી રહેવામાં ધણુ નુકશાન છે. વળી ઠંડીના દિવસો પણ આવે છે. અને હું તકલીફમાં ફસાઇ પડીશ તેથી હું ઇમામ અ.સ.ની ઝરીહમાં ગયો અને ધણીજ આજીજી કરી અને મદદ માંગી.

પછી હું મનમાં નકકી કરી એકદમ ચાલવા લાગ્યો કે જેથી હું કાફલા સુધી પહોંચી જાઉ. હું ભુખ્યો પણ હતો. અને સાંજ સુધી કોઇ નિર્ભય સ્થાને પણ પહોંચી ન શકયો. અને હું એ ગાંઢ જંગલમાં એકલો ફસાઇ પડયો. વળી રસ્તો પણ ભુલી ગયો અને મુસીબતમાં ધેરાઇ ગયો. ખાવાનું પણ મને કંઇ ન મળ્યુ કારણ કે તે જંગલમાં ફકત હમઝલ હતાં (હમઝલ એકજાતું ગોળ નાનું કડવું ફળ

છે) પછી મે ૫૦૦ હમઝલ તેડયા પણ તેમાંથી કોઇ મીઠું મળ્યુ નહિ. હું ઘણોજ ભુખ્યો અને તરસ્યો થયો. મે જીવવાની આશા મુકી દીધી અને મોતના માટે તૈયાર થયો.

એવામાં મારી નજર એક નાની ટેકરી ઉપર પડી, તેથી હું ત્યા ગયોને જોયુ તો તેમાથી એક પાણીનો ઝરો વહેતો હતો. મે ખુદાનો શુક્ર અદા કર્યો અને વઝુ કરી નમાઝે ઇશા પડયો, પણ મને કોઇ જવાનો રસ્તો ન દેખાણો. રાત અંધારી બનતી ગઇ. પવન સખત ફુકાવા લાગ્યો અને એક જાતનું તોફાન શરૂ થયુ. વિકરાળ પ્રાણી જેવા કે વાઘ, વરૂ, સિંહ વગેરેના બીહામણા અને ડરામણા આવજો આવવા લાગ્યા હવા જોરથી ફુકાવા લાગી અને હું ડરવા લાગ્યો છેવટે કંટાળી અને ખુદાની મસલેહતમાં રાજી રહી સુઇ ગયો પરંતુ થોડા વખત પછી હું પાછો જાગ્યો અને જોયુ તો ચંદ્ર પ્રકાશી રહ્યો હતો બધુ શાંત થઇ ગયુ હતુ ઠંડી ધીમે ધીમે આવતી હતી. હું ઘણોજ થાકી ગયો હતો. એટલે બેસી રહ્યો.

પણ એટલામાં મે દુરથી એક ઘોડેસવારને આવતા જોયા મે વિચાર્યુ કે તે ચોર હશે અને તે મને મારી નાખશે પણ જયારે તે ઘોડે સવાર મારી નજીક આવ્યા અને મને નરમાશથી સલામ કરી ત્યારે જ મને દીલમાં શાંતી થઇ પછી તે સવારે મને કહ્યું કે ‘આ તારા પગ પાસે ત્રણ ખરબુજા (તરબુચ) છે તે શા માટે નથી ખાતો. પહેલા તો મે તે વાત ખોટી માની અને સમજયો કે તે મારી મશ્કરી કરે છે, પણ પછી જયારે મે જોયુ તો મારા પગ પાસે ત્રણ તરબુચ હતા. પછી પેલા સવારે મને કહ્યુ કે આજ રાતે તું આ ખા, અને કાલે બીજુ અરધું ખાજે અને બાકીનાં દોઢ તરબુચ તારી સાથે લઇ જાજે. અને આ રસ્તે થઇને તું જા અને કાલે બપોરનાં બીજુ અડધુ ખાજે અને છેલ્લુ એક તું નહી ખાતો. તે તને કામ આવશે, અને સાંજે તું કાલા તંબુ પહોંચી જાશે. તેના લોકો તને તારા કાફલા સુધી પહોંચાડી આપશે. એટલું કહી પેલા ઘોડેસવાર ગાએબ (અદ્રષ્ય) થઇ ગયા. (તે ઘોડે સવાર ઇ.ઝમાના અ.સ. હતા.)

પછી હું ઉઠીને ચાલવા લાગ્યો અને જેમ પેલા સવારે કીધું હતું તેમ તરબુચ ખાધા. પણ ખરેખર તે તરબુચ એટલા તો ઠંડાઅને મીઠા હતા, કે તેવા તરબુચો મે મારી જીંદગીમાં પણ નહોંતા ચાખ્યા. બીજે દિવસે સાંજે હું કાલા તંબુ પહોંચી ગયો. ત્યાનાં લોકો આવ્યા અને મને તંબુમાં લઇ ગયા. તેઓ સમજયા કે કદાચ હું જાસુસ હોઇશ. તેઓ બધા ફારસીમાં વાત કરતા હતા. જયારે હું અરબીમાં બોલતો હતો. તેઓ મને પુછવા લાગ્યા કે તું અહી કેવી રીતે આવ્યો, પણ માદરી જબાનોને બોલી જુદી હોવાથી અમારામાંથી કોઇ કંઇ સમજી ન શકયુ. છેવટે તે લોકોનો એક મોટો ઉપરી મારી પાસે આવ્યો અને મને પુછ્યુ કે તું અહી કેવી રીતે આવ્યો. સાચુ બોલ નહિ તો અમે તને મારી નાખશું. પણ મારી વાત તેઓએ સાચી ન માની મે તેઓને કહ્યુ કે હું આ રસ્તેથી આવ્યો છું તેઓએ કીધુ કે જે રસ્તેથી તું અહી આવ્યો છે તે કંઇ રસ્તથો નથી. એ તો જંગલ છે, ને કોઇપણ તે રસ્તેથી જાય છે તેને સિંહો ને વાઘો ફાડી ખાય છે માટે તું ખોટું બોલે છે મશહદ થી અહી સુધીનો રસ્તોૉ બીજો રસ્તો છે ને તેમા ત્રણ મંજીલો આવે છે છેવટે તેઓ મને મારવાને તૈયાર થયા પણ અચાનક પેલું તરબુચ મારા કપડામાંથી સરી પડયુ અને તેમણે મારૂં કલીગર જોયુ તો તેઓ ધણાજ ખુશી થયા અને આવા અદ્દ્ભુત તરબુચ

તરફ તેમને નવાઇ ઉપજી ને મારી વાત તેઓએ સાચી માની. અને મને કોઇ મહાપુરૂષ સમજવા લાગ્યા પછી તો તેઓ મારો હાથ ચુમવા લાગ્યા અને મારી તાબેદારી કરવા મંડયા મને નવા કપડા પહેરાવી પોતાને ત્યા મને બે દિવસ મહેમાન રાખ્યો અને ત્રીજે દિવસે ત્રણ માણસો મારી સાથે આવ્યા અને મારા કાફલા સુધી મુકી ગયા.

### ૧૫. સાબુની મહોબ્બત

મોહબ્બતની પરિક્ષા ઇમામનાં ખરા ચાહવાવાળા કોણ છે. તેની ખબર પડે છે ઘણાંઓ દાવો કરે છે કે તેઓ ઇમામે ગાએબનાં પર ઇમાન રાખે છે અને તેમની મહોબ્બત તેમના દિલમાં છે, પણ ઘણા લોકોનાં દિલમાં કઇ હોય છે અને બોલે કંઇ છે આ બાબતનાં ઘણાં બનાવો બન્યા છે તેમાનો આ એક છે.

બસરામાં એક મુસલમાન દુકાનદાર રહેતો હતો. તેની પરચુરણ દવા એ બીજી ચીજોની દુકાન હતી. તે ઘણોજ ઇમાનદાર હતો અને બારમાં ઇમામ (અ.)થી ઘણી મહોબ્બત હતી. વળી હ.મહદી અ.ની મુલાકાત કરવાની તેની ઘણીજ ઇચ્છા હતી. એક દિવસ તેની દુકાને બે માણસ સીદુર અને કપુર લેવા આવ્યા. ત્યારે દુકાનદારે પુછ્યુ તમો કયા રહો છો ? તેના જવાબમાં પેલા માણસોએ એટલું જ કીધુ કે તેઓ હ. મહદી અ.સ.નાં નોકરો છે. તેથી દુકાનદાર ઘણોજ ખુશ થયો અને કહેવા લાગ્યો કે મને ઇમામની પાસે લઇ જાવ. તેઓએ ઘણી ના પાડી પણ દુકાનદારની હઠના લીધે તેઓ કબુલ થયા અને ચાલવા લાગ્યા. તેઓ એક દરિયાની નજીક આવ્યા અને પેલા બે માણસો પાણીની અંદર ચાલવા મંડયા, પણ પેલો દુકાનદાર અટકી ગયો, પણ પેલાઓએ કીધુ કે ડર નહિ. તેથી તે પણ પાણીમાં ચાલવા લાગ્યો જયારે તેઓ વચમાં પહોચ્યા ત્યારે વરસાદ શરૂ થયો. હવે બનવા કાળ એવુ થયું, કે તેજ દિવસે તુ દુકાનદારે સાબુ બનાવ્યો હતો અને છાપરા પર સુકાવવા મુકયો હતો. તેથી તેણે વિચાર્યુ કે સાબુ પાણીમાં પીગળી જશે જેવો આ ખ્યાલ તેના મનમાં આવ્યો કે તરતજ તે ડુબવા લાગ્યો પેલા માણસોએ કહ્યુ કે તુ આ ખ્યાલ કાઢી નાખ તેથી તેણે ખ્યાલ પડતો મુકયો અને તેઓની મદદથી બચી ગયો. પાછા તેઓ આગળ ચાલવા લાગ્યા તેઓ એક કિનારા પર પહોંચ્યા ત્યા એક મોટુ જંગલ હતુ તેઓતે જંગલમાં ગયા. ત્યા ઘણા તંબુઓ હતા પહેલા બે માણસો માનો એક માણસ એક તંબુની અંદર ગયો કે જેથી તે પેલા દુકાનદારને અંદર લઇ જવાની રજા મળે. પણ ઇમામ અ.સ. મે કહ્યુ કે તે માણસ ને પાછો લઇ જાવ કારણ કે તે સાબુની મહોબ્બત રાખે છે તેનું દીલ બરાબર પાક નથી. પછી પેલા માણસો તેને તેની દુકાન સુધી મુકી ગયા. (ઇ.ગાએબ અ.સ.પે.૧૩૨)

### ૧૬. મુત્તકી (પરહેઝગાર) વેપારીને ઇમામ અ.સ.ની મુલાકાત

એક તાલીબે ઇલ્મ (વિદ્યાર્થીએ) ઇ.ઝમાના અ.સ.ની મુલાકાત નાં માટે ૪૦ શબે ઇ.હુસૈન અ.સ.નાં રોઝા મુબારકમાં આખી  રાત ઇબાદતમાં પસાર કરવાનું નકકી કર્યુ તેણે આ અમલ શરૂ

કર્યો દર શબે જુમ્આ તે ઇ.હુસૈન અ.સ.નાં હરમમાં આખી રાત ઇબાદતમાં પસાર કરે, એટલે સુધી કે ૪૦ મી શબે જુમ્આ પણ પસાર થઇ ગઇ. તે ૪૦ મી શબે જુમ્આ આખી રાત રોઝામાં પસાર કરી જુમ્આનાં દિવસે સવારે હરમમાંથી નિરાશ અને માયુસ ચહેરે બહાર નિકળ્યો ત્યાં બજારમાં તેણે એક વેપારીની દુકાને એક નવયુવાન, ખુબસુરત, નુરાની શખ્સને જોયા. તેમનાં વ્યકિતત્વથી તે સ્ટુડન્ટ આકર્ષાયો, અને તેમની પાસે ગયો અને સલામ કરી તે બુઝુર્ગવારે સલામનો જવાબ આપ્યો અને ખબર અંતર પુછ્યા અને પુછ્યુ કે તુ શા માટે આટલો ઉદાસ અને માયુસ છે? શું મુશ્કેલી છે? તે તાલીબે ઇલ્મે ઇમામ અ.સ.ની મુલાકાત માટે કરેલા આમાલના બારામાં વાત કરી. તે નુરાની શખ્સીયતે કહ્યુ '' તે મારી મુલાકાત માટે ૪૦ શબ હરમમાં શા માટે પસાર કરી ? તું આ વેપારીને પૂછ, હું તેને દર જુમ્આનાં સવારે મળવા આવું છું આટલું કહી તે શખ્સીયત ત્યાંથી ગાએબ થઇ ગઇ તે તાલિબે ઇલ્મે નવાઇ સાથે વેપારી તરફ જોયુ તે વેપારીએ કહ્યુ, તેઓએ સાચુ કહ્યુ છે તેઓ દર શુક્રવારે સવારે મને મળવા આવે છે તે તાલિબે ઇલ્મે પુછ્યુ તમે શુ નેકી કરો છો કે તમને આ દરજ્જો મળ્યો કે ઇમામ અ.સ. તમને મુલાકાત આપે છે. તે વેપારીએ જવાબ આપ્યો. હું ફકત મારા વાજીબાતને અદા કરૂ છું, અને તમામ હરામ કાર્યો થી દુર રહુ છુ. અને હું હલાલ રીઝક કમાવવાની કાળજી  રાખુ છું. આ જવાબ તમામ ઇમાન લાવનારા મોઅમીનનાં માટે છે, જેઓ પોતાના વાજીબાતની અદાયગી કરે છે. તમામ પ્રકારનાં ગુનાહોથી દૂર રહે છે. તેઓને ઇ.ઝમાના અ.સ. ખુદ મુલાકાત આપે છે.

આપણે ગુનાહોમાં ડુબેલા છીએ અને ફરીયાદ કરીએ છીએ કે ઇમામ અ.સ. થી મુલાકાત થતી નથી. (ધ ટવેલ્થ ઇમામ પે.૪૫)

### ૧૭. કરબલાની ઝિયારતની હાજત પુરી થઇ.

આકા મીરઝા ઇબ્રાહીમ શીરાઝી બયાન કરે છે કે હું સીરાઝમાં હતો તે સમયમાં મારી અમુક ઘણી જરૂરી હાજતો હતી, તેથી સદા ચીંતામાં હતો તે હાજતોમાં કરબલાની ઝિયારત માટે મારી મુખ્ય હાજત હતી. તેથી ઇમામે ઝમાના અ.ની મદદ ચાહવા માટે એક અરીઝો લખી, તેમાં મારી હાજતો દર્શાવી પાક માટીમાં લપેટી, મગરીબના વખતે શહેરથી બહાર ગયો અને એક ઉંડા કુવામાં જેમાં ઘણું પાણી હતુ અરીઝો તેમાં નાખી શહેરમાં પાછો ફર્યો. ખુદા સિવાય કોઇને તેની ખબર ન હતી.

બીજે દિવસે હું મારા ઉસ્તાદ પાસે દર્સ લેવા ગયો જયાં બીજા ઘણાં તલબા હતા. મારા ઉસ્તાદે મારૂં નામ લઇને ફરમાવ્યું મીરઝા ઇબ્રાહીમ તમારો અરીઝો ઇમામની ખીદમતમાં પહોંચાડવામાં આવ્યો છે. મને ઘણી ખુશી ઉપજી છતા તે વાતની મારા ઉસ્તાદને કેમ ખબર પડી, તે વિષે પુછતા તેમણે ફરમાવ્યુ ગઇ રાતનાં મેં સ્વપ્નમાં જોયુ હ. સલમાન ફારસી (અ.ર.) ને જોયા તેમની પાસે ઘણા માણસો હતા. અને તેમની સામે ઢગલાબંધ કાગળો હતા, જે જોઇ રહ્યા હતા. મને જોઇને ફરમાવ્યુ કે મીરઝા ઇબ્રાહીમને અને બીજા કેટલાક માણસોના નામો બયાન કરીને ફરમાવ્યુ, તેઓને કહો કે તમારા અરીઝા ઇમામ અ.સ.ની ખિદમતમાં પહોંચાડવામાં આવ્યા છે. પછી મે જોયુ કે જેને

કાગળો હ. સુલેમાન (અ.ર.) નાં હાથમાં હતા. તેના ઉપર ઇમામની મહોર (સીલ, સહી) હતી. જેથી હું સમજયોકે જે લોકોની અરજી કબુલ કરવા લાયક હોય તેના ઉપર ઇમામ અ. પોતે મોહર (સહિ) કરે છે. અને જેઓનાં અરીઝા કબુલ કરવા લાયક ન હોય તેના ઉપર મહોર મારતાં નથી.

તે પછી ત્યાં હાજર રહેલા તુલબાએ સય્યદ ઉસ્તાદનાં સ્વપ્નની હકીકત વિષે પુછ્યું મે તેઓને ગઇ કાલનાં મારા અરીઝાની હકીકત કહી, તેથી તેઓને તે સ્વપ્નની સચ્ચાઇની ખાત્રી થઇ. તે પછી ટુંક સમયમાં મારી તમામ  હાજતો પૂરી થઇ, અને કરબલાની ઝિયારત મને નસીબ થઇ. (ઇ.ઝમાનાં મહદી અ.સ.,પે.૨૫૭)

### ૧૮. શું તમારા ઇમામ તમારી હાજતથી વાકેફ નથી ?

સય્યદ મોહમ્મદ સય્યદ અબ્બાસ (કરબલાનાં મહાન મુજતહેદ આગા સય્યદ ઇસમાઇલ સદરનાં સમયમાં) જે જબલે આમીલનાં રહેવાસી હતા, તે બયાન કરે છે કે હું નજફમાં રહેતો હતો અને હ. અમીરૂલ મુઅમેનીન અ.નાં હરમે મુતહહરનાં સહનની ચારે તરફનાં ઓરડાઓમાંથી ઉપરનાં ભાગનાં એક ઓરડામાં રહેતો હતો. મારી હાલત ઘણી તંગી હતી. ઘણે ભાગે મુઠીભર ખજુર અને પાણી થકી જીંદગી પસાર કરતો હતો, રોજી માટે ઘણી દુઆ કરતો હતો, છતાં કોઇ પાસે માંગતો ન હતો. છેવટે ઇમામે ઝમાના અ.ને અરીઝા લખવાનું શરૂ કર્યુ દરરોજ સવારનાં પહોરમાં નજફનો દરવાજો ખુલવા ટાણે બાહેર જઇ અરીઝો નદીમાં નાખતો હતો. એવી રીતે ૩૯ દિવસો પસાર થયા. તે દિવસે અરીઝો દરીયામાં નાખી પાછા ફરતા, મને જણાયુ કે  કોઇ માણસ પાછળ આવે છેતેની તરફ નજર કરી જોયુતે એક અરબ જબલ અમીલના રહેવાસી જેવા હતા. તેમણે સલામ કરી મારી સાથે ચાલ્યા. સલામનો જવાબ આપી હું ચુપ ચાપ આગળ વધ્યો. તેમણે કહ્યુ સય્યદ મુહમ્મદ તમે ૩૯ દિવસ થી દરરોજ સવારનાં પહોરમાં દરવાજો ખુલવા સમયે બહાર નિકળી દરિયામાં અરીઝા નાખતા રહ્યા. શું હાજત છે ? શું તમે એમ ધારો છો કે તમારા ઇમામ તમારી હાજતથી વાકેફ નથી ? હું વિચારમાં પડયો કે કોઇને ખબર નથી છતાં આએ અજાણ માણસને ખબર પડી, કોણ હશે ? તુરંત મને ખ્યાલ આવ્યો કે મારા ઇમામ હશે. મે કિતાબોમાં જોયુ હતુ કે ઇમામ ઝમાના અ.ની પવિત્ર હથેળી બહુજ સુવાળી નરમ હોય છે.તેથી ખાત્રી કરવા માટે મુસાફેહો કરવા મારા હાથો લંબાવ્યા. તેમણે મારા હાથો પોતાનાં હાથમાં ભેળવી મુસાફેહો કર્યો. તેમની હથેળી બેહદ નરમ અને સુવાળી મને જણાઇ. તેથી ખાત્રી ઉપજતાં હું ઝટ હાથોનો બોસો લેવાને જુકયો. એટલી વારમાં મારા ઇમામ અદ્રશ્ય થયા, અને હું એકલો રહી ગયો. મારા અરીઝા પહોંચ્યા અને ઇમામ અ.ની ઝિયારત નસીબ થઇ, તેથી મને બેહદ ખુશી થઇ. તે પછી ટુંક સમયમાં મારી હાલત સુધરી ગઇ.        (ઇ.ઝમાના ઇ.મહદી અ.સ.,પે.૨૫૯)

૧૯. એહલે સુન્નત બિરાદરની કિતાબમાં ઇ.મહદી અ.ની મુલાકાતનાં પ્રસંગો.

કિતાબ યનાબીઉલ મવદદહ જે તુર્કી ઇસતંબુલનાં શેખુલ ઇસ્લામ શેખ સુલેમાન કુન્દુઝીની લખેલી છે. તેમા ઉમદા ખુલાસો લખવામાં આવેલ છે. મજકુર કીતાબના ભાગ ૮૩ માં ફકત ઇમામે ઝમાનાં હ.મહદી અ.ની મુલાકાત કરનારા લોકોનું વર્ણત કહ્યુ છે તેનો ટુંક સાર લખીએ છીએ.

(૧) અલી અબ્દલા બીન સાલેહ કહે છે કે મકકામાં હજરે અસવદ આગળ ઇમામ હ.મહદી અ.ને જોયા, તે વખતે લોકો એક બીજા ઉપર ટુટી પડતા હતા અને આગળ વધતા હતા, ત્યારે ફરમાવ્યુ આવી વર્તુણુક માટે ખુદાનો હુકમ નથી.

(૨) મહમદ ઇબ્ને શાઝાન કાબુલી હઝરત મહદી અ.ની ઝીયારત કરી હઝરતે તેને તેનાં અસલ નામથી જે માત્ર તેનાં કુટુંબીઓ વાકેફ હતા તે નામથી તેને પુકાર્યા અને તેણે જે સવાલ પુછયા તેના જવાબ આપયા.

(૩) મહમદ બીન ઉસ્માન ઉમરીએ ખાનએ કાબામાં હઝરત મહદી અ.ને જોયા, હાથ ઉંચા કરી દુઆ કરતા હતા, હે ખુદા! મારા બારામાં જે તારો વાયદો છે તે પુરો કરી આપ.

(૪) ઝરીફ અબુનસર કહે કે એક વખત ઇમામે ઝમાનાની ઝીયારત નસીબ થઇ હઝરતે ફરમાવ્યું હું ખતમે અવસીયા (પયગમ્બર અ.સ.ના છેલ્લી વસી) છું અને મારા થકી જમીનનાં લોકો (ઇન્સાનો ) ઉપરથી બલા દુર થશે.

૫ રશીદ હમદાની કહે છે કે એક વેળા હજ કરી પાછા ફરતા રસ્તો ભુલી ગયો તેથી હું એકલો જંગલમાં રહ્યો. થોડુક ચાલ્યો તો એક લીલાછમ મેદાનમાં પહોંચ્યો ત્યાની જમીન ઘણી ખુશ્બુદાર હતી. મેં ત્યા એક સુશોભીત ખયમો જોયો તેની બહાર બે નોકરો ઉભા હતા. મને જોઇ તેઓમાનો એક ખયમાની અંદર ગયો. થોડી વારમાં બહાર આવ્યો અને મને ખયમામાં જવાનું કહ્યું હું અંદર દાખલ થયો મે જોયુ કે એક નુરાની ચેહરાના રોબદાર જવાન ખુરશી પર બેઠા છે, અને તેમના માથા તરફ એક લાંબી તલવાર અદ્ધર લટકતી હતી. મે સલામ કરી તેમણે જવાબ આપી ફરમાવ્યુ હું એજ કાએમ અ.સ. છું જે આખર ઝમાનામાં આએ તલવાર સાથે જાહેર થઇશ, અને જમીન ઉપર જુકી પડયા ફરમાવ્યુ ખુદા સિવય કોઇ મખલુકનો સિજદો નહી થઇ શકે, માથુઉંચુ કરો. તમારૂ નામ રાશીદ અને હમદાનનાં રહેવાસી છો. તમે શું ચાહો છો ? વતને પહોંચવું છે? મેં અરજ કરી હાં મારા મવલા હું મારા વતને પહોંચવા માટે આતુર છુ હઝરતે એક થેલી મને આપી અને પોતાના નોકરને ફરમાવ્યુ આ માણસને વતને પહોંચાડો અને બન્ને બહાર નિકળી થોડુ ચાલ્યા થોડીવારમાં મને કહ્યુ જુઓ આ તમારો મુલક અસદ આબાદ દેખાય છે હવે તમે ચાલ્યા જાવ રશીદ કહે છે એટલી વારમાં મે જોયુ તો મારો સાથી અદ્રશ્ય થયો. અને હું મારા ઘરે પહોંચ્યો. હઝરતે આપેલી થેલીમાં પચાસ સોનાનાં સીકકા હતા. જયા સુધી તે સિકકા હતા અમે સદા ખુશહાલ રહ્યા. ઉપલી સઘળી હકીકતો ફકત એકજ

કિતાબ યનાબીઉલ મવદદહમાં લેખકે લખી છે તે સિવાય ઘણી બીજી હકીકતો છે જે લંબાણની બીકથી લખી શકયા નથી એ સિવાય એહલે સુન્નત જમાઅતની બીજી ઘણી કિતાબોમાં ઇમામની ખીદમતમાં પહોંચી ઝીયારત કરનારનાં નામો અને હકીકત લખવામાં આવી છે. જયારે શીઆ મઝહબની કિતાબોમાં એવા અસંખ્ય બનાવોનું વર્ણન કરવામાં આવ્યુ છે. (ઇ.ઝમાના ઇ.મહદી અ.,પે.૨૬૬ થી ૨૬૯)

૨૦. ઇમામે ઝમાના હ. મહદી અ.સ.નું હજરે અસવદને તેની જગ્યાએ રાખવું.

અબુલ કાસીમ જઅફર ઇબ્ને મોહમ્મદ કવલીયહ (શીયાના મહાન આલીમ) પોતાની કિતાબમાં લખ્યુ છે કે સન ૩૦૭ હિજરીમાં જયારે કરામતાની ફોજે ખાનએ કાબા ઉપર હુમલો લાવી, હજરે અસવદ લઇ ગયા હતા. તે પછી પાછા લાવ્યા. તે વખતે હજ માટે હું રવાના થયો અને બગદાદ પહોંચ્યો, મારો ઇરાદો હતો કે હજરે અસ્વદ જે તેનાં ઠેકાણે રાખશે તે ચોકકસ ઇમામે ઝમાના છે. તેથી તેમની ઝિયારત કરવાનાં ઇરાદાથી હજ માટે જવાનું નકકી કર્યુ હતું, પરંતુ બગદાદમાં હું સખત બીમાર પડયો. તેથી એક માણસ ઇબ્ને હાશમને હજ માટે જવાનો ખર્ચ અને કાગળ આપી રવાના કર્યો. મે સખત ભલામણ કરી ગમે તે ભોગે ખર્ચ કરી હજરે અસ્વદ તેના ઠેકાણે રાખનારનું જોવુ અને મારો કાગળ તેમને પહોચાડવું

ઇબ્ની હાશમ કહે છે કે હું મકકા શરીફ પહોંચ્યો. ખાદીમોને સારી રકમ આપી, જેથી મને હજરે અસ્વદની જગ્યા આગળ ઉભા રહેવાની સગવડ કરી આપી. હરમમાં મોટી મેદની હતી. મે જોયુ ઘણા સરદારો આલીમો આવ્યા હજરે અસવદ તેની જગ્યાએ રાખતા હતા. પણ તે ગોઠવી ન શકયા. એટલી વારમાં મેદની ચીરતા એક નુરાની પ્રકાશીત ચેહરાના રોબદાર જવાન આવ્યા. અને પોતાના પવિત્ર હાથે તે પથ્થર તેની જગ્યાએ રાખ્યો. જે પથ્થર બરાબર સ્થિર ગોઠવાઇ જતા મેદનીના સઘળા લોકોએ ખુશહાલીનાં અને તકબીરનાં આવાજને શોર મચાવ્યો તે જવાન પથ્થર ગોઠવી મેદની ચીરતા પાછા ફર્યા. હું તેમની પાછળ ચાલ્યો દીવાનાં માફક લોકોને ધકા મારતો હટાવતો તેમની પાછળ દોડ મુકી રવાના થયો. તે જુવાન આસ્તે ચાલતા હતા. છતા હું તેમની પાસે પહોંચ્યો નહી. તેથી દોડતો તેમની પાછળ ચાલ્યો શહેરથી બહાર જંગલ તરફ પહોંચ્યો જયાં એકાંત હતી. તે બુઝુર્ગવાર થોભ્યા. મને કહ્યું. કાગળ આપો તમે કાગળ લખનારને કહો કે આએ બીમારીથી શફા પામશે અને બીજા ત્રીશ વર્ષ જીંદગી વિતાવશે. આ સાંભળી મને ખુશહાલીનું રડવુંઆવ્યુ. એટલી વારમાં બુર્ઝુગવાર મારી નજરથી ગાએબ થયા.

ઇબ્ને હશામ પાછા ફરી, જનાબ ઇબ્ને કવલિયહને ઇમામનો જવાબ કહી સંભળાવ્યો અને ઇમામનાં ફરમાવ્યા મુજબ ત્રીસ વર્ષ સુધી તે આલીમ જીવતા રહ્યા. (ઇ.ઝમાન ઇ.મહદી અ.,પે.૨૭૦)

## ૨૧. મસ્જીદે કુફામાં નજફનાં વિદ્યાર્થીઓને હ.મહદી અ. ની ઝિયારતની પ્રાપ્તિ

નજફમાં આલીમ શેખ અબ્દુલ હાદી બયાન કરે છે કે, નજફમાં એક મોઅમીન હાજી અલી કાવ હમેશા બુધવારનીરાતનાં મસ્જીદે સહલાની ઝીયારત માટે જતા હતા. એક વખત મે પુછ્યુ કે તમને કોઇ વખતે ઇમામે ઝમાન અ.ની મુલાકાત નસીબ થઇ તેમણે કહ્યુ કેટલાક વર્ષો અગાવ મારી જવાનીમાં જયારે હું તાલીબે ઇલ્મ હતો, તે સમયમાં કેટલાક મુઅમીન તુલબા સાથે, અમે દર બુધવારે રાત્રીનાં મસ્જીદે સહલામાં અને તે પછી મસ્જીદે કુફામાં રાત પસાર કરતા હતા અમે બધા અગીયાર (૧૧) માણસો હતા. અને દર બુધવાર રાતનાં અમારામાંથી એક ખાધાખોરાકી અને ચા, તંબાકુનો સામાન લાવતો હતો. એક વખત અમારી એક સાથી જે દુકાનદાર હતો તેનો વારો હતો તેણે સધળી જરૂરીયાત ખાધા ખોરાકીનું સામાન તૈયાર કરી પોતાની દુકાને રાખ્યો હતો. જે સાંજના મસ્જીદ તરફ રવાના થતી વેળા સાથે લાવતા ભુલી ગયો અમે બધા મસ્જીદે સહલા થઇ મગરીબ પછી મસ્જીદે કુફા આવ્યા. ઝિયારત અને આઅમાલથી પરવારી મસ્જીદનાં એક ઓરડામાં રહેવા ગયા. અને ખોરાકી હાજર કરવા કહ્યુ, બધા ચુપ રહ્યા જેનો વારો હતો તે પણ શરમથી માથુ જુકાવી ચુપ રહ્યો. તેને પુછવામાં આવતા જણાવ્યુ કે બધી વસ્તુઓ તૈયાર કરી દુકાનમાં લાવીને રાખ્યુ, જે સાથે સધળા ચુપ રહ્યા અને આખીરાત ઠંડીમાં કડકડતાં, ભુખ્યા રહેવાની તૈયારી કરી શાંત બેઠા એટલી વારમાં કોઇએ અમારા ઓરડાનાં દરવાજાની સાંકળ ખખડાવાનો આવાજ થયો. આમારામાંથી એક માણસે જેનો વધુ ભુખ લાગવાથી કરડો થયો હતો તેણે કહ્યુ આવી કકડતી ઠંડીમાં મધરાતનાં સમયે કોણ આવ્યો હશે ? તેથી પોતે દરવાજો ખોલવા ગયો. દરવાજો ખોલતા એક પ્રકાશીત ચહેરાના રોબદાર બુઝુર્ગવાર ને જોયા. તેમણે સલામ કરી સલામનો આવાજ સાંભળી તેને ઘણી શાંતી વળી. સલામનો જવાબ આપીને શું હુકમ છે તેમણે કહ્યુ આજે રાતનાં માટે તમને મહેમાન જોવે છે ? તેણે કહ્યુ ખુશીથી પધારો. તે બુર્ઝુવાર અંદર આવી અમારી વચ્ચે બેઠા તેમની હાજરીથી અમારા દિલમાં ઘણી ખુશી ઉપજી. તેમણે મિઠાશ અને નરમાશથી અમારી સાથે ગુફ્તગુ કરી અને હદીસો બયાન કરતા હતા. ફરમાવતા હતા મારા દાદા હ.રસુલે ખુદા સ.મે ફરમાવ્યુ વી. થોડીવાર પછી તેમણે કહ્યુ કે તમોએ ચા પીધી નથી, માટે મારી સાથેની આ થેલીમાથી ચાના માટે દરેક જરૂરી વસ્તુ કાઢી ચા બનાવી પીઓ, અમો સધળા ખુશ થયા કે આવી ઠંડીમાં ખોરાકી નહી મળીશકે તો ગરમ ચા પીવાથી રાહત મલશે. એક માણસ ઉઠી થેલીમાંથી ચા ખાંડ અને ચા પકાવવા માટે કોલસા કાઢી ચા તૈયાર કરી. તે દરમ્યાન અમારા મહેમાન ઘણી ઉમદા હદીસો સંભાળાવતા રહ્યા ચા થી પરવારી તેનો સામાન થેલીમાં મુકી, ફરી ગુફ્તગુમાં રહ્યા થોડીવાર પછી ફરમાવ્યુ તમોને ભુખ લાગી હશે, અને આજ રાતનાં તમો હજી સુધી જમ્યા નહી હશો માટે ઉઠો અને થેલીમાંથી ખોરાકી કાઢી જમી લ્યો. અમે સધળા બેહદ ખુશ થઇ ખુદાનો શુક્ર કરવા  લાગ્યા. એક માણસ થેલી આગળ આવી તેમાથી ખોરાકીથી ભરપુર અકે ઠામ કાઢયુ. જેનાં ઉપર ઢાંકણું હતુ. ખોલતા તેમા ઉમદા પકાવેલા ચાવલ અને તેના ઉપર ગોશ્ત રાખેલુ જોયુ, જેમાંથી ધુમાડો નીકળતો હતો જાણે કે હમણાજ પકાવેલ હોય, અમો બધા પેટ ભરીને જમ્યા. તેમાંથી વધ્યુ હતું. તેથી તે બુઝુર્ગવારે ફરમાવ્યુ મસ્જીદનાં ખાદીમને આપી આવો.

મોડી રાત પસાર થવાથી તે બુઝુર્ગવારે ફરમાવ્યુ, તમે બધા આરામ કરી સુઇ જાઓ, અમે સુઇ ગયા. સવારના પહોરમાં નમાઝ માટે ઉઠયા. નમાઝ પડી નજફ તરફ પાછા ફરવાનાં વિચારમાં હતા એટલી વારમાં અમોને અમારા રાતનાં મેઝબાન યાદ આવ્યા મસ્જીદમાં અને દરેક ઠેકાણે તેમની શોધ કરી, પણ જોવામાં આવ્યા નહિ. મસ્જીદનાં ખાદીમને તેમના વિશે પુછયુ તેણે કહ્યુ ગઇ રાતનાં કોઇને મે જોયા નથી. તેમજ મસ્જીદનો દરવાજો બંધ છે જેથી કોઇ બહાર ગયો નથી. અમે સઘળા અચરજ પામ્યા. અમારી શુધ્દિ ઠેકાણે આવી અને એકજ નાની થેલીમાં પ્રથમ ચાનો સામાન નિકળ્યો. જે વખતે ખોરાકીની નિશાની ન હતી, પછી બીજી વેળા ખોરાકીથી ભરપુર વાસણ તે ઉપર ઢાકણ સાથે એજ થેલીમાં નીકળી. જે વખતે તેમા ચાનો સામાન ન હતો, વળી એવી કડકડતી ઠંડીમાં તે બુઝુર્ગવારનાં પધાર્યા પછી મુદત પસાર થયા છતા તે ખોરાકી તરતજમાં જ ચુલામાંથી કાઢી લીધેલ હોય તેવી રીતે ગરમાં ગરમ હતી. વળી તે એક થેલીમાંની થોડીખોરાકી થકી અમે સઘળા અગીયાર માણસો પેટ ભરીને જમ્પા. છતાં તેમાં વધારો રહયો એ સઘળી બાબતો અચરજ પમાડનાર બલ્કે મોઅજીઝા હતા. તદ્ઉપરાંત તે બુઝુર્ગવાર વારંવાર હદીસ બયાન કરતી વેળા ફરમાવતા હતા કે મારા દાદા એ ફરમાવ્યુ છે અને હવે આપણી નજરથી અદ્રષ્ય થાય. જેથી અમો સઘળોને ખાત્રી થઇ ગઇ રાતનાં અમારા ઇમામે ઝમાન હ. હુજજત અ. અમારી સાથે હતા અને તે વખતે અમે ગફલતનાં કારણે તેમને ઓળખી નહિ શકયા.

### ૨૨. હિલ્લામાં મકામે ઇમામે ઝમાન અ.સ. ની હિકાયત

આકા હુજજતુલ ઇસ્લામ સૈયદ અલી અકબર ખુઇ મશહદનાં આલીમ બયાન કરે છે કે જયારે હું ઇરાકની ઝીયારત માટે ગયો. નજફ થઇ હિલ્લા પહોંચ્યો ત્યાં મને એક મકાન ઉપર કુબ્બો જોવામાં આવ્યો તેનાં દરવાજા ઉપર ''મકામે સાહેબુઝઝમાન'' લખેલું હતું અને તેની ઝીયારત માટે ઘણા માણસો જતાં હતા. મેં ત્યાનાં લોકોને તે મકાનની હકીકત પુછી તેઓએ કહ્યુ કે આ મકાન એક આલીમ આકા શેખ અલી હિલ્લીવીનું હતું. જે ઘણા પરહેઝગાર હતાં અને હંમેશા ઇમામે ઝમાના અ.ને યાદ કરતા હતા. અને કહેતા હતા શા માટે ઝાહેર થતા નથી. દુન્યામાં ઘણા મોઅમીનો છે તેમજ હિલ્લામાં એક હજારથી વધુ ઓલમાં પરહેઝગારો છે હદીસમાં ૩૧૩ ની સંખ્યા છે. એવી રીતે હર વખતે બોલતા હતા. એક વેળા હીલ્લાથી બહાર બગીચા તરફ એજ ખ્યાલમાં એકલા બબડતાં જતા હતા. એટલી વારમાં તેમણે જોયુ કે એક અરબ તેમની નજદીક આવી, સલામ કરીને ફરમાવ્યું, જનાબે શેખ તમે ગુસ્સામાં એકલા એકલા શું બોલતા હતા. મે કહ્યુ હું એજ વિચારમાં છુ કે હવે દુનિયામાં ગુનાહ ઝુલ્મ બેદીની ઘણી વધી ગઇ, છતાં ઇમામ શા માટે ઝાહેર થતાં નથી. ઇમામ ને ખાસ ૩૧૩ ખરા અસહાબોની જરૂર છે. ફકતહિલ્લામાં એવા એક હજારથી વધુ આલીમો પરહેઝગારો છે. તેમણે ફરમાવ્યુ અય શૈખ હું તમારો ઇમામ છું તમે ધારો છો તે મુજબ નથી. હિલ્લામાં ફકત તમે અને એક કસાઇનો ધંધો કરનાર મારા ખરા અસહાબ માટે લાયક છે. બીજો કોઇ નથી તમોને હું તેની ખાત્રી કરાવી આપીશ. તમે હિલ્લાનાં મુખ્ય પરહેઝગાર ઓલમામાંથી ચાલીસ ની ચુંટણી કરો, અને તેઓને

કહો કે જુમેરાતનાં ઇમામ મારા ઘરમાં પધારશે તમો સઘળા નમાઝે ઇશા પછી હાજર થાઓ, અને તમે બે બકરાં લાવી ઘરનાં કોઠા ઉપર છુપાવીને રાખો અને તે કસાઇને કહો કે પોતાની સાથે બકરા ઝબહ કરવાની છરી લાવે. તે માણસોને તમારા ઘરનાં સહનામાં બેસાડશો. હું તે વખતે આવીશ. શેખ અલી કહે છે હું સાંભળી બેહદ ખુશ થયો નજર ઉપાડી જોયુ તો કોઇ જોવામાં નહિ આવ્યા.

પ્રથમ હું કસાઇને મળ્યો, તેને વાત કરી અને બે બકરાં ઘરનાં કોઠા ઉપર લાવી રાખ્યા હિલ્લાનાં નેક પરહેઝગાર ચાલીસ ઓલમાંની ચુંટણી કરી, તેઓને ખબર કરી મારા ઘરે જુમેરાતનાં હાજર થવાનું કહ્યુ તેઓ સઘળા બેહદ ખુશ. થયા જુમેરાતનાં ઇશા પછી મારા ઘરનાં સહનમાં એકઠા થયા. તસ્બીહ સલવાતનાં ઝીક્રમાં રહ્યા થોડીવારમાં અજબ પ્રકારની ખુશ્બુ ફેલાઇ ગઇ અને એક પ્રકાશીત નુર દરવાજામાંથી ઘરમાં દાખલ થયુ. ધીરે ધીરે વધી સહનમાં હાજર થયેલા વચ્ચે પસાર થઇ કોઠા ઉપર જવાની સીડી ઉપરથી તે નુર ઉપર ગયુ સઘળાઓની તકબીર, સલવાતના બુલંદ અવાજથી મારૂ મકાન ગાજી ઉઠયુ, છતા અમોએ ફકત નુર જોયુ હતુ. કોઇ માણસનો આકાર જોવામાં નહિ આવ્યો. થોડીવાર પછી ઉપર થી આવાજ આવ્યો શેખ અલી કસાઇ ને ઉપર મોકલો કસાઇ ઉપર ગયો ઇમામ અ.મે તેને એક બકરૂં કાપવાનું કહ્યુ. ઇમામનાં મોઅઝીઝાથી બકરાએ અવાજ ન કર્યો. તે કપાએલા બકરાનું લોહી કોઠાનાં નેવા માંથી સહનમાં પસાર થયુ. હાજર રહેલા સઘળા લોહી જોઇને ડરી ગયા. તેઓને ખાત્રી થઇ કે ઇમામ અ.સ.મે કસાઇ ને ઝબહ કરી નાખ્યો. તે પછી અવાજ આવ્યો, શેખ અલી હવે તમે ઉપર આવો. શેખ અલી ઉપર ગયા ઇમામ અ.મે કસાઇ ને બીજો બકરો ઝબહ કરવાનું કહ્યુ . તેનું લોહી સહનમાં વેહતું હતુ કે બધા ધ્રુજવા લાગ્યા. તેઓને ખાત્રી થઇ કે આપણા શેખ અલી ઝબહ થઇ ગયા. હવે અમારો વારો આવશે અમે બધા કપાઇ મરીશું તેથી તેઓ પોતાની જાન બચાવવા માટે બધા નાસી ગયા. એકેય બાકી નહી રહયો.

ઇમામ અ. મે શેખ અલી ને ફરમાવ્યુ હવે નીચે જાઓ અને ઓલમાને ઉપર મારી પાસે હાજર કરો, પણ જાણુ છુ કે કોઇ નહિ હશે. બધા બીકના કારણે ભાગી ગયા. શેખ અલી નીચે આવ્યા તો કોઇ બાકી ન હતું સહન ખાલી હતું. પાછા ઉપર ગયા ઇમામ અ.મે ફરમાવ્યુ કે હવે તમોને ખાત્રી થઇ કે તેઓ પોતાનાં ઇમામ પ્રત્યે કેટલું યકીન રાખતા હતા. પોતાની જાન બચાવવા માટે નાસી ગયા. મારી મુલાકાત માટે નહી થોભી શકયા, હવે પછી તમે મારા બારામાં બોલવાનું મૂકી આપો.

આ તમારા હિલ્લા ગામમાં તમારા કહેવા મુજબ એક હજાર મારા ખરા મુખલીસીન હતા. તેમાંથી (તમોએ ચાલીસ ચુંટીને લાવ્યા) તમારા બે સિવાય બધા ભાગી ગયા, એવીજ રીતે બીજા મુલકો માટે તમે સમજી લ્યો એટલું ફરમાવી અમારી નજરોથી ગાયબ થયા. (ઇ.ઝમાના ઇ.મહદી અ.,પે.૨૮૪ થી ૨૮૮)

## ૨૩. ગયબતનાં સમયમાં આપણી જવાબદારીઓ

ગયબતે ઇ.ઝમાના અ.સ.નાં આ દૌરમાં આપણી (શીયાઓની) ખાસ જવાબદારીઓ છે.

(૧) ઇમામે ઝમાના અ.સ.ની ખાસીયતો, ખુબીઓ જાણવી, ઝુહુરની ''ચોક્કસ'' નિશાનીઓ જાણવી. (૨) ઇમામે ઝમાના અ.સ.ને શ્રેષ્ઠ લકબથી બોલાવવા. (૩) હ.મહદી અ.સ. ને ચાહવા, તેમની સાથે મહોબ્બત કરવી. (૪) લોકોના દિલમાં ઇમામે ઝમાનાની મહોબ્બત ઉભી કરવી. (૫) ઝુહુર માટે ઇન્તેઝાર કરવો. (૬) ઇ.મહદી અ.ની મુલાકાતની ઊંડી ઇચ્છા રાખવી. (૭) ઇ.મહદી અ.સ.નાં ફઝાએલ અને મનાકેબનું વર્ણન કરવું એવી મજલીસમાં શરીક થવુ. (૮) ઇમામ અ.સ.ની જુદાઇમાં મોઅમીને ગમીગીન રહેવું. (૯) ઇમામ અ.સ.ના ફઝાએલ બયાન થતા હોય એવી મજલીસનું આયોજન કરવું. (૧૦) ઇમામ અ.ની પ્રશંસામાં અશઆર રચવા અને પડવા. (૧૧) ઇમામ અ.નું નામ અથવા લકબ બોલાય ત્યારે માન પૂર્વક ઉભા થવુ. (૧૨) ઇમામ અ.સ.ની જુદાઇ મા રડવું બીજાને રડાવવા, અને રડવા જેવો ચહેરો બનાવવો. (૧૩) અલ્લાહ ઇમામ અ.ની સાચી માઅરેફત આપે તેવી દુઆ કરીએ. (૧૪) ઇમામે ઝમાના અ.સ. માટે દુઆ કરીએ (૧૫) ઇમાનની સલામતી માટે દુઆએ ગરીક પડીએ. (૧૬) ઇમામે ઝમાના (અ.સ.) વતી સદકો આપીએ. (૧૭) ઇમામ મહદી અ.સ. ની સલામતી માટે સદકો આપીએ. (૧૮) ઇમામ અ.સ. વતી હજ કરવી. અથવા તેમની નીયાબતમાં કોઇને હજ કરવા મોકલવા. (૧૯) ઇમામ અ.સ.વતી અઇમ્મા અ.સ.ની ઝીયારત કરવા જવું. નિયાબતમાં બીજાને મોકલવા. (૨૦) ઇમામ અ.સ.ની ખિદમત કરવા માટે કોશીષ કરવી, ઇમામ અ.સ.ને મદદ કરવી. (૨૧) દુઆએ અહદ થકી બયઅતને તાજી કરવી. (૨૨) મોઅમીનને ખુશ કરવા. (૨૩) ઇ.ઝમાના અ.સ.નાં શુભેચ્છક હોવું. (૨૪) ઇમામ અ.સ.ની ઝિયારત પડવી. (૨૫) નેક મોઅમીનોને મળવું, તેની સાથે સલામ દુઆ કરવી. (૨૬) ઇમામ અ.સ.ઉપર સલવાત અને સલામો પડવી. (૨૭) ઇમામ અ.સ.ને નમાઝનાં સવાબનો તોહફો આપવો. (૨૮) ઇ.ઝમાના અ. માટે ખાસ નમાજનો તોહફો આપવો. (૨૯) કુર્આનની તીલાવત કરી, ઇમામ અ.સ. ને હદીયો કરવો (૩૦) ઇમામે ઝમાના થકી તવસ્સુલ અને શફાઅતની આજીજી કરવી. (૩૧) ઇમામ અ.સ.પાસે માંગણી કરવી, અને દુઆઓમાં આપને સંબોધન કરવું. (૩૨) ઇમામ અ.સ. તરફ લોકોને આમંત્રણ આપવું.(૩૩) ઇમામ અ.સ. પ્રત્યેનાં હકકો અને ફરજોની કાળજી લેવી. (૩૪) નમ્ર અને કોમળ હૃદયે ઇમામ અ.સ.ને યાદ કરવા (૩૫) આલીમે પોતાનાં ઇલ્મને પુરેપુરી રીતે જાહેર કરવું. (૩૬) બુરૂ કરનારથી તકય્યા કરવા અને બીજા મઝહબનાં લોકોથી રહસ્ય જાળવી રાખવું. (૩૭) ઇમામ અ.સ. ની ખાતર તકલીફો ઉઠાવવી, સબ્ર કરવો. (૩૮) ઇમામ અ.સ.ની જુદાઇ ઉપર સબ્ર માટે દુઆ કરવી. (૩૯) ગયબત દરમ્યાન એક બીજાને સબ્રની તાકીદ કરવી. (૪૦) એવી બેઠકોમાં હાજરી ન આપવી જયાં ઇમામ અ.સ. ની બેઅદબી થતી હોય. (૪૧) શોહરત (નામના) થી દુર રહેવું (૪૨) પોતાનાં (આપણા) અખલાકને સુધારીએ, પરહેઝગાર અને નેક અખલાક બનાવીએ (૪૩) ગુનાહોની તૌબા હૃદય પૂર્વક કરવી અને હકકો અદા કરવા. (૪૪) ઇમામ અ.સ. ને યાદ કરવા અને તેમની નસીહતો ઉપર અમલ કરવો. (૪૫) ઇમામ ઝમાના અ.ની યાદ દિલમાંથી

નીકળી ન જાય તે માટે અલ્લાહથી દુઆ કરવી. (૪૬) ઇ.ઝમાના અ.સ.ની ઇચ્છાઓ ઉપર અગ્રતા (પસંદગી) આપવી. (૪૭) ઝુહુરના સમયને નક્કી ન કરવો. (૪૮) સલામતી અને ઇમાન સાથે ઇમામ અ.સ.નાં દિદારની દુઆ કરવી. (૪૯) અખ્લાક અને અમલમાં ઇમામ અ.સ.ને અનુસરવું. (૫૦) અલ્લાહની યાદ સિવાય આપણી જીભને કાબુમાં રાખવી. (૫૧) ઇમામ હુસયન અ.સ. ઉપર રૂદન કરવુ. (૫૨) ઇમામ હુસયન અ.સ.નાં કબ્રની ઝીયારત કરવી. (૫૩) બની ઉમય્યા ઉપર બેશુમાર લાઅનતો કરવી (તકય્યાનાં પ્રસંગે ખાનગીમાં બેશુમાર લાઅનતો કરવી) (૫૪) બિરાદરે મોઅમીનનાં હક્કો અદા કરવા. (૫૫) ઇમામ અ.સ.નાં ઝુહુરનો ઇન્તેઝાર કરવો અને તેનાં માટે તૈયારી કરવી. (મિકયાલુલ મકારીમ સારાંશ)

વધુ વિગત માટે મિકયાલુલ મકારીમ નો સારાંશ- મિર્ઝા મો. તકી મસ્વી ઇસ્ફહાની (અ.ર.) કિતાબ વાંચવા ગુજારીશ.

## ૨૪ નાફેલા (નમાઝે શબ), ઝિયારતે આશુરા, ઝિયારતે જામેઆ પડવાની તાકીદ

સાલેહ તકી સૈ. હાશીમ મુસવી તાઝીર સાકીન રશતથી રિવાયત કરેલ આ પ્રસંગને નજમુસ્સાકીબ નામની કિતાબમાં લખવામાં આવ્યો છે. તેઓ વરઅ અને તકવામાં બહુ મશહુર હતા. ઇબાદતગુઝાર ઇતાઅતગુઝાર અને ઝીયારત અને હક્કોની અદાયગીમાં પાબંદ હતા. તેઓ બયાન કરે છે કે હિ. ૧૨૮૦ માં હું હજજે બૈતુલ્લાહનાં ઇરાદાથી લબરેઝ આવ્યો હતો. અને હું હાજી સફરઅલી તાજીર તબરેજીના ઘરે મહેમાન તરીકે રહ્યો. આ દિવસોમાં હજ માટે કોઇ કાફલો જવાનો ન હોવાથી હું થોડા દિવસ ત્યા મહેમાન તરીકે રહ્યો. ત્યા સુધી કે હાજી હબ્બાર જુલૂદાર થોડો સામાન લઇને મકામે તરબુઝ જતા હતા. હું પણ તેમની સાથે સવારી ભાડે કરીને ચાલવા લાગ્યો.

ખ્યાલ એ હતો કે કોઇ કાફલો આગળ જઇ રહ્યો છે અને ભયંકર (ડરામણો) રસ્તો આવવાનો છે. તેથી અમે જલદી રવાના થવાનું નક્કી કર્યુ અને સુબ્હથી ત્રણ કલાક પહેલા રાત્રે રવાના થયા. હજી થોડું અંતર કાપ્યુ હતું ત્યા તો આસમાનમાંથી સખ્ત બરફનો વરસાદ શરૂ થઇ ગયો. મારા સાથીઓએ ચેહરા ઢાંકી દીધા અને ઝડપથી અગળ વધવા લાગ્યા. મે કોશીષ કરી. પરંતુ હું સાથે રહી શક્યો નહીં, અને પાછળ રહી ગયો. એટલે સુધીકે હું ઘોડા ઉપરથી ઉતરીને એક જગ્યાએ બેસી ગયો. તે સમયે હું એકલો અને ડરેલો હતો. મારી પાસે ૬૦૦ તુમાન હતા. ઘણુ વિચાર્યા પછી નક્કી કર્યુ કે સવાર સુધી અહીં રહીશ. પછી મારા સ્થળે પાછો ફરી જઈશ. અને કેટલાક સાથીઓને હીફાઝત માટે સાથે લઇશ. આ સોચ વિચારમાં મેં મારી સામે એક બાગ (બગીચો) જોયો, અને જોયુ કે તેમાં એક સાહેબ વૃક્ષ પરથી બરફ સાફ કરી રહ્યા છે. મને જોઇને તેઓ મારી પાસે આવ્યા અને થોડા દુર ઉભા રહીને મને પુછ્યુ. ''તમે કોણ છો ?'' મે કહ્યુ ''મારા સાથીઓ આગળ ચાલ્યા ગયા છે, અને હું એકલો પડી ગયો છું, અને રસ્તો મને મળતો નથી.'' તેમણે ફારસી ભાષામાં, મને કહ્યુ, ''નાફેલા (નમાઝે શબ) પઢો, રસ્તો મળી

જશે.'' તેમનું ફરમાન સાંભળીને હું નાફેલા (નમાઝે શબ) પઢવા લાગ્યો. મે નમાઝે તહજજુદ (નમાઝે શબ) પુરી કરી, ત્યા તે સાહેબ ફરી મારી પાસે આવ્યા, અને ફરમાવ્યુ કે ''તમે હજી નથી ગયા ?'' મે કહ્યુ, ''રસ્તો નથી જાણતો, કયાં જાઉ ?'' ફરમાવ્યુ કે ''જામેઆ (ઝીયારતે જામેઆ) પઢો.'' પરંતુ મને ઝીયારતે જામેઆ યાદ ન હતી. પરંતુ હું ઘણી વખત આ ઝીયારત પઢતો હતો. તેથી મે ઝીયારત પઢવાનું શરૂ કર્યુ અને પુરી ઝીયારત પઢી લીધી. ત્યારે ફરી વખત તે સાહેબ આવ્યા અને કહ્યુ, ''તમે અહીજ છો, ગયા નથી.'' તે સમયે હું બે ઇખ્તેયાર રડવા લાગ્યો અને કહ્યુ કે ''હું શું કરૂ, હું રસ્તોજ નથી જાણતો'' તેમણે ફરમાવ્યુ ''ઝીયારતે આશુરા પઢો.'' પરંતુ ઝીયારતે આશુરા પણ મને ઝબાની યાદ ન હતી. પરંતુ મે પડવાનું શરૂ કર્યુ તો મે પુરી ઝીયારત લાઅનત, સલામ, અને દુઆ સાથે પઢી લીધી. તો ફરી વખત તે બુર્ઝુગવાર મારી પાસે આવ્યા અને કહ્યુ, ''તમે ગયા નથી, હજી અહી જ મૌજુદ છો ?'' મે મારી મજબુરીનો ઇઝહાર કર્યો. ત્યારે તેઓએ ફરમાવ્યુ, ''સારૂ, હું તમને તમારા કાફલા સુધી પહોંચાડી દઉ છું.'' તેઓ સવારી પર સવાર થયા અને મને કહ્યુ કે પાછળ બેસી જાઓ. હું બેસી ગયો, અને મારા ઘોડાની લગામ ખેંચી, પરંતુ તે જગ્યાથી હરકત ન કરી. તેમણે કહ્યુ કે ''લગામ મને દયો'' મે લગામ તેમના હાથમા દીધી, ઘોડો તેમની જાતે ચાલવા ગયો અને અમે રસ્તા ઉપર આવી ગયા.

ચાલતા જ તેઓએ મારા ઝાનુ (ગોઠણ) ઉપર હાથ રાખીને હીદાયત કરી, કે તમે નાફેલા (નમાઝે શબ) શા માટે નથી પઢતા ? નાફેલા, નાફેલા, નાફેલા, ત્રણ વખત ફરમાવ્યુ. પછી તેજ રીતે હુકમ આપ્યો કે ઝીયારતે આશુરા શા માટે નથી પઢતા. (ઝીયારતે) આશુરા, આશુરા,આશુરા પછી હીદાયત કરી કે (ઝીયારતે) જામેઆ શા માટે નથી પઢતા. જામેઆ, જામેઆ, જામેઆ. તે વખતે રસ્તો ઝડપથી પસાર થઇ રહ્યો હતો, એકાએક ફરમાવ્યુ કે સામે તમારા સાથીદારો છે. જેઓ નદી કીનારે નમાઝે સુબ્હ માટે વુઝુ કરી રહ્યા છે. આટલુ કહીને તેઓએ મને સવારી ઉપરથી ઉતારી દીધો. ત્યાર પછી હું મારા ઘોડા ઉપર સવાર થવા ઇચ્છતો હતો, પરંતુ સવાર ન થઇ શકયો. તેઓ ખુદ ઉતર્યા અને મને સવાર કરીને ઘોડાના ચહેરાને એ તરફ કરી દીધો જે તરફ મારા સાથીઓ હતા. તે સમયે મને ખ્યાલ આવ્યો કે આ સાહેબ (બુર્ઝુગવાર) કોણ છે, જેણે મારી સાથે ફારસી માં વાત કરી. જો કે આ વિસ્તારમાં આ ભાષા બોલાતી નથી. અને કેટલી મહેરબાનીથી તેઓએ મને મારા દોસ્તો (સાથીઓ) થી મુલાકાત કરાવી દીધી. હવે હું જોઉ છુ તો તે સાહબ (ઇ. ઝમાના હ. મહદી અ.સ.) ગાએબ થઇ ગયા અને કોઇ નિશાન પણ દેખાતુ ન હતુ. ત્યાર પછી હું મારા સાથીઓ પાસે પહોંચી ગયો (ઇરફાને ઇમામત, કિસ્સો - ૪૬)

## ૨૫. ૧૦ વર્ષના બાળકને શિફા મળી

વસ્સાએલુશ્શીઆ અને બીજી કેટલીક ઇલ્મી કિતાબોના લેખક મહાન આલિમે દીન મ. શેખ હુર્રે આમેલી અ.ર. કિતાબ અસ્બાતુલ હોદા માં લખે છે કે "હું લગભગ ૧૦ વર્ષનો હતો, ત્યારે એવો બિમાર પડી ગયો કે હકીમો અને ડોકટરો મારા ઇલાજ કરવાથી થાકી ગયા. મારા દોસ્તો અને સગા સંબંધીઓ મારી પથારીની આજુબાજુ ભેગા થઇ ગયા હતા,અને મારા મૌતના ઇંતેઝારમાં હતા. તેઓને યકીન થઇ ગયુ હતુ કે હું મરી જઇશ. તેઓ રડવામાં મશગુલ હતા.

આ રાત્રે મે સ્વપ્નમાં હ. રસુલે ખુદા સ.અ.વ. તથા બાર ઇમામોની ઝીયારત કરી. મે જોયુ કે તેઓ મારી આજુબાજુમાં ઉભા છે. મે તેઓની ખીદમતમાં સલામ કરી અને દરેકની સાથે મુસાફેહો કર્યો. હ. ઇ. જાફરે સાદિક અ.સ. અને મારી વચ્ચે વાતચીત થઇ, જે મને અત્યારે યાદ નથી. પરંતુ મને એટલુ યાદ છે કે આપ હઝરત અ.સ. એ મારા હકકમાં દુઆ કરી અને જયારે મેં હ. ઇમામે વલીએ અસ્ર અરવાહુલ આલમીન લહુલ ફીદા (ઇમામ મહદી અ.સ.) ની સાથે મુસાફેહો કર્યો, ત્યારે મે રડતા રડતા અર્ઝ કરી કે મને ડર લાગે છે કે કદાચ હું આ બિમારીમાં મરી જઇશ, અને ઇલ્મ હાંસીલ કરવાનો મારો ઇરાદો પુરો નહીં થાય.

આપ (ઇમામ મહદી અ.સ.) એ ફરમાવ્યુ, "ડરો નહીં તમને આ બિમારીથી મૌત નહીં આવે, અલ્લાહ (ત.ત.) તમને શીફા આપશે તમારી લાંબી ઝીંદગી થશે." ઇમામ અ.સ. ના હાથમા પાણીનું એક વાસણ હતું. તેઓએ મને દીધુ અને પાણી પીવા કહ્યુ મે તરતજ તે પાણી પીધુ. તો તરતજ મને શિફા (તંદુરસ્તી) મળી ગઇ અને મારી બિમારી પુરે પુરી ખત્મ થઇ ગઇ. મારા સગાસંબંધીઓ જેઓ ત્યા બેઠા હતા, તેમને ખુબ નવાઇ લાગી, અને તેઓ અચંબામાં પડી ગયા ત્યા સુધી કે મે અમુક દિવસો પછી પ્રસંગ બયાન કર્યો. (મુલાકાતે ઇ. ઝમાના અ.સ. ભા.-૧ કિસ્સો પર પે. ૨૫૦)

## ૨૬ બહરૂલ ઓલુમ અ.ર. ને ઇમામ અ.સ. ની મુલાકાત

મશહુર કિતાબ મુન્તહુલ અઅમાલમાં મોહદ્દીસે કુમ્મી, અલ્લામા જલીલુલ કદ્ર આલિમ ઝયનુલ આબેદીન સલમાસી અલ્લામા બહરૂલ ઉલુમ (રહ.) ના પ્રબંધ કર્તા થી મનકુલ છે કે : જે સમયે અલ્લામા બહરૂલ-ઉલુમ (ર.) મકકાએ મોઅઝઝમાં માં રહેતા હતા, અને હનફી, શાફેઇ, હમ્બલી, અને માલેકી, આલીમોને દર્સ આપી રહ્યા હતા. તે વખતે આપની બક્ષીસ અને અતાઓના કારણે આપનો ખર્ચ બહુજ વધી ગયો હતો. ખર્ચ બહુજ વધી જવાના લીધે મારી પાસે એક પૈસો પણ ન હતો મે સૈયદને અર્ઝ કરી કે ખર્ચ એટલો બધો છે પરંતુ મારી પાસે એક પાઇ પણ નથી. આપે કાંઇ જવાબ ન આપ્યો. આપનો નિત્યક્રમ એ હતો કે આપ સવારે ખાનએ કાબામાં તવાફ માટે તશરીફ લઇ જતા પછી ઘરે પાછા ફરીને પોતાના ખાસ ઓરડામાં જતા, ત્યાં જઇ હુકકો પીતા. ત્યાર પછી ત્યાથી બહાર આવીને બીજા ઓરડામાં જતા જયાં વિવિધ

પંથના વિદ્યાર્થીઓ ભેગા થતા અને તે દરેકને તેમનાજ પંથ મુજબ તેઓને દર્સ આપતા. હું આગલા દિવસે તેઓને તંગદસ્તીની ફરીયાદ કરી ચુક્યો હતો, તે પછી તવાફ કરીને આવ્યા પછી હજુ તો મે તેઓની ખીદમતમાં હુકકો રજુ જ કર્યો હતો ત્યા અચાનક કોઈકે બારણે ટકોરો માર્યો મે જોયુ કે ટકોરાનો અવાજ સાંભળીને સૈયદ એકદમ બેચેન થઇ ગયા અને ફરમાવયું : કે અહીથી હુકકો બહાર લઇ જાવ, અને પોતે ઝડપથી ઉભા થઇને બારણુ ખોલી નાખ્યું. મે જોયુ કે અરબનો પોશાક પરિધાન કરેલા એક જલીલુલકદ્ર શખ્સ પધાર્યા, ઓરડામાં આવીને સૈયદના ઓરડામાં બેસી ગયા. સૈયદ ખુબજ આજેઝી અને નમ્રતા સાથે અદબ પુર્વક દરવાજા પાસે ગયા. તેઓએ મને હુકકો પાસે ન લાવવાનો ઇશારો કર્યો. સૈયદ અમુક સમય સુધી તેઓ સાથે વાતચીતમાં મશગુલ બેસી રહ્યા. ત્યાર પછી તે શખ્સ ઉભા થયા. સૈયદે તુરંતજ ઉભા થઇ દરવાજો ખોલ્યો, તે શખ્સના હાથને ચુમ્યા અને દરવાજા પાસે ઉભા રહેલ ઉંટ ઉપર તેઓને સવાર કર્યા. તે શખ્સ ચાલ્યા ગયા. સૈયદ પાછા ફર્યા ત્યારે તેઓના ચહેરાનો રંગ બદલાઇ ગયો હતો. તેઓએ મારા હાથમાં એક ચીઠ્ઠી આપીને ફરમાવ્યુ કે આ હવાલો છે તેને સફા અને મરવાની પહાડીઓની વચ્ચે રહેતા શરાફને આપ, અને તેના બદલામાં તે જે કાંઇ આપે તેને લઇ આવો. મે તે ચીઠ્ઠી લઇ જઇ ને શરાફના હાથમાં આપી. તે શરાફે તે ચીઠ્ઠી હાથમાં લઇને ચુંબન કર્યુ અને કહ્યુ : કે જાવ થોડા મજુર લઇ આવો હું મજુર ને લઇ આવ્યો. મજુરોએ શકય તેટલા ફ્રાંસીસી રીયાલ (ફ્રાંસના સીકકા) ઉઠાવી લીધા. હું મજુરોને લઇ પાછો ફર્યો હું એક દિવસ તે શરીફને મળવા માટે સફાના પહાડ ઉપર ગયો ત્યા મકાન કે કોઇ શરાફની દુકાન ન હતી. મે ત્યા આજુબાજુ રહેતા લોકોને પુછયુ તો જાણવા મળ્યુ કે : તેવા કોઇ શરાફને જોયો નથી કે ન તો તેઓ શરાફ વિશે કાંઇ જાણે છે.હું સમજી ગયો કે ખુદાના રહસ્યો પૈકીનું આ એક રહસ્ય છે. (ઇરફાને ઇમામત, કિસ્સો - ૩૧)

## ૨૭. મુલાકાતનો દાવો ન કરવો જોઇએ

અલ્લામા બહરૂલ ઓલુમનો બીજો એક મહત્વનો પ્રસંગ છે. અલ્લામા મજલીસી (ર.) નોંધે છે કે : આકાએ ઝૈયનુલ આબેદીન સલમાસીનું બયાન છે કે : હું અલ્લામા બહરૂલ ઓલુમ (ર.) ની બેઠકમાં હાજર હતો, ત્યારે એક માણસે તેઓને પ્રશ્ન કર્યો કે ગયબતે કુબરાના ઝમાનામાં અ.ત.ફ.શ. ના દીદાર થવા શકય છે ? તે વખતે બહારૂલ ઓલુમ (ર.) ના હાથમાં હુકકાની નળી હતી. તેઓએ મસ્તક ઝુકાવી દીધુ અને આ પ્રમાણે ધીમેથી બોલ્યા, જે મે સાંભળ્યુ :

આ માણસને હું શું જવાબ આપુ ? હકીકતમાં તો ઇ. ઝમાના અ.સ. મને આલીંગન આપી (છાતી સરસા ભેટી) ચુકયા છે. બીજી બાજુ હદીસમાં વારીદ થયુ છે કે : જે માણસ ગયબતના ઝમાનામાં (તેઓ અ.સ.) ને જોવાનો દાવો કરે તેને જુઠલાવી દો. ત્યાર પછી ઓલમાએ આ વાત ઘણી વખત ઉચ્ચારી. ત્યાર પછી પૂછનારને જવાબ આપતા ફરમાવ્યુ : માઅસુમીન અ.સ.ની હદીસોમાં વારીદ થયુ છે કે હ. હુજજત (અ.ત.ફ.શ.) ને જોવાનો દાવો કરનારને જુઠલાવી દો. અલ્લામાએ તે માણસના જવાબમાં ઉપરના વાકય સિવાય બીજુ કાંઇ ન કહયુ,

અને તેના જવાબમાં આ વાક્ય પુરતુ સમજયુ. આ બનાવથી એ વાત જાણવા મળે છે કે : હ. ઇમામે ઝમાના (અજ.) ના દીદાર થવા શક્ય છે, પરંતુ (તેઓ અ. ને જોવાનો) દાવો હરગીઝ ન કરવો જોઇએ. તેનાથી કોઇ ખોટી દાનતવાળાને પોતાની દુકાન જમાવવાની તક પ્રાપ્ત થાય છે. (અલ મુન્તઝર ,હી.સ. ૧૪૧૫ પે. નં. ૧૮)

## ૨૮ મા-બાપ ને ખુશ રાખો

બેહારના ૫૩ માં પુસ્તકના પાના નંબર ૨૪૫ માં અલ્લામા મજલીસી નોંધે છે કે : શેખ બાકર કાઝમીનું બયાન છે કે : એક સાદિક અને સાલેહ શખ્સ હતો જે બહુજ નેક માણસ હતો. તેના પિતા વૃધ્ધ હતા. તેણે પોતાના વૃધ્ધ પિતાની સેવા કરવામાં કદી ગફલત કરી ન હતી. તે તેના વૃધ્ધ પિતાની એટલી બધી સેવા કરતો કે તેના પિતા કુદરતી હાજત માટે જતા ત્યારે તે લોટાની જગ્યાએ લોટો મુકી દેતો. અને જયા સુધી તેના પિતા અંદર રહેતા ત્યા સુધી બહાર ઇન્તેઝાર કરતો. તે કયારેય પણ તેના પિતાથી દુર ન રહેતો અને હંમેશા પોતાના પિતાની ખીદમત કરવા માટે તત્પર રહેતો હતો. તે માણસ ફકત મંગળવારે સાંજે (એટલે બુધવારની શબ) મસ્જીદે સહેલામાં જતો અને તુરંતજ પાછો ફરી જતો મેં તેને મસ્જીદ જલ્દી છોડવાનું કારણ પુછ્યુ ત્યારે તેણે કહ્યુ : હું ચાલીસ મંગળવાર (બુધવારની શબ સુધી) મસ્જીદે સહેલા ગયો. જયારે ૪૦ માં મંગળવારે જવા માંગતો હતો, ત્યારે મગરીબના સમયે ત્યા જવાનું શક્ય ન બન્યુ. ત્યા જવા માટે એકલો રવાના થયો. ચાંદની રાત હતી, હું થોડોક જ આગળ વધ્યો હતો અને ત્રીજા ભાગનો રસ્તો હજુ બાકી હતો, તેવામાં એક અઅરાબીને જોયા. તેઓ ઘોડા ઉપર સવાર હતા. અને મારી તરફ આવી રહ્યા હતા. મે મારી જાતને કહ્યુ કે : આ માણસ મને (લુટીને) નિર્વસ્ત્ર કરી નાખશે. તે મારી પાસે પહોંચ્યો. તેણે મારી સામે ગામઠી ભાષામાં વાતચીત કરી અને હું કંઇ જગ્યાએ જાવ છું તે પુછ્યુ. મેં કહ્યુ કે મસ્જીદે સહેલામાં જઇ રહ્યો છું. તેણે પુછ્યુ : તારી પાસે ખાવા પીવાનું કંઇ છે ? મેં કહ્યુ ના. તેણે કહ્યુ કે : તારા ખીસ્સામાં હાથ તો નાખ. (આ વાક્ય તેણે ગામઠી ભાષામાં કહ્યુ) મે કહ્યુ : મારા ખીસ્સામાં કાંઇજ નથી. તેણે ફરીવાર તેજ વાત કરી. મે મારા ખીસ્સામા હાથ નાખ્યો. જેમા થોડા કીસમીસના દાણા હતા. જે મે મારા બાળકો માટે ખરીદયા હતા. અને તેને ખીસ્સામાં નાખીને ભુલી ગયો હતો, જે હજી સુધી ખીસ્સામાં પડ્યા હતા.

તે પછી અઅરાબીએ મારી તરફ મુખ ફેરવીને ત્રણ વખત આ પ્રમાણે કહ્યુ : ઉસીક બીલ અવદ (અરબ બદ્દુની ગામઠી ભાષામાં વૃધ્ધ પિતાને અવદ કહેવાય છે) એટલે કે હું તારા વૃધ્ધ પિતા વિશે વસીયત કરૂ છું. આટલુ કહીને મારી નજરોથી ગાએબ થઇ ગયા. ત્યારે મને સમજણ પડી કે તેઓ હ. હુજજત અ.સ. છે અને હું મારા વૃધ્ધ પિતાથી જુદો થાવ તે વાતથી તેઓ રાજી નથી. એટલે સુધી કે હું મંગળવારની રાત્રે (બુધવારની શબે) પણ મારા પિતાથી જુદો થાવ તે વાત તેઓને પસંદ નથી. (ઇરફાને ઇમામત, કિસ્સો - ૧૫)

### ૨૯ એક આલિમે દીનને ઇમામ અ.સ. ની મુલાકાત

કિતાબે મસાબીહમાં હાજી આકા રઝા હમદાની બયાન કરે છે કે : હ. હુજજત અ.ત.ફ.શ. કયારેક પોતાના ખાસ શિઆઓ સમક્ષ પોતાને જાહેર કરે છે. દા.ત. ૫૦ વર્ષ પહેલા એક અત્યંત પાકીઝા સીરત વાળા આલીમ અ.રહીમ દમાવંદી સાથે મુલાકાત કરી હતી. તેઓનું બયાન કરે છે કે હું મારા ઘરમાં રાત્રે બેઠો હતો. તે આટલી બધી અંધારી રાત હતી કે હાથ પણ સુજતા ન હતા. તે રાતે મે હઝરત અ.સ. ની ઝીયારત કરી. હઝરત કીબલા તરફ ઉભા હતા. આપના તેજસ્વી ચહેરા પરથી નુર ફેલાતુ હતી. તે નુર એટલુ બધુ પ્રકાશીત હતુ કે જમીન ઉપર બીછાવેલ પાથરણા પર કરવામાં આવેલી આકૃતિ પણ જોઇ શકાતી હતી.

(અલ મુન્તઝર હી. ૧૪૧૫, પેજ નં. ૧૯)

### ૩૦ હઝરતની ઇનાયતથી પત્નીને શિફા મળી.

હુજજતુલ ઇસ્લામ વલ મુસ્લેમીન આકાએ હાજ શેખ મોહમ્મદ મુત્તકી હમદાની, જેઓના તકવા અને પરહેઝગારી જાણીતી હતી, તેઓએ નોંધ્યુ છે કે : તેઓની પત્ની અર્ધબેહોશીની હાલતમાં હતી ઇલાજ કરનારાઓ તેણીની સારવાર કરીને નીરાશ થઇ ચુકયા હતા. એટલે સુધી કે ૨૨ સફર ૧૩૯૭ ના રોજ આકાએ મુત્તકીએ અડધી રાતે બારગાહે હઝરતમાં ફરીયાદ કરી. અને તેથી હઝરત અ.સ.ની ઇનાયતોથી તેમની પત્નીએ પુનઃ તંદુરસ્તી પ્રાપ્ત કરી. આ પ્રસંગનું આકાએ મુત્તકીએ પોતે વિગતવાર વર્ણન કર્યુ છે.(અલ મુન્તઝર હી. ૧૪૧૫, પેજ નં. ૧૯)

### ૩૧ દાડમનો પ્રસંગ

અત્રે એક બનાવ પ્રસ્તુત કરીએ છીએ છીએ. જેનાથી ઇમામે (અ.) બેહરૈનના શિયાઓની મદદ કેવી રીતે કરી હતી તે સમજાય છે. બેહરૈન શહેર અંગ્રેજો ના કબ્જામાં હતુ. અંગ્રેજો એ ત્યાંના હાકિમ તરીકે એક મુસ્લીમની નિયુકતી કરી હતી. બેહરૈનનો હાકિમ નાસબી હઝરત અલી અ.નો વિરોધી હતો. તેના દરબારમાં જે વઝીર હતો, તે તેની કરતા પણ પક્ષપાતી વલણ ધરાવતો હતો. બહરૈનના રહેવાસીઓની વસ્તીનો મોટોભાગ એહલેબૈત (અ.મુ.સ.)ના ચાહવાવાળા શિયાઓનો હતો. વઝીર તે લોકોનો સખ્ત દુશ્મન હતો. અને એવું ઇચ્છતો હતો કે ગમે તેમ કરીને શિયાઓની વસ્તી ખત્મ થઇ જાય. આ માટે હંમેશા કંઇકને કંઇક બહાના શોધ્યા કરતો હતો. એક વખત વઝીર એક દાડમ લઇને દરબારમાં ગયો. અને હાકીમ સમક્ષ દાડમ રજુ કર્યું. દાડમની છાલ પર લખેલુ હતુ : ‘ લાએલાહ ઇલ્લલાહ મોહમ્મદુર રસુલુલ્લાહ અબુબકર, વ ઉમર વ ઉસ્માન વ અલી ખોલફાઓ રસુલીલ્લાહ’ હાકીમે તે દાડમને ધ્યાનથી જોયુ. તેને આ અક્ષરો કુદરતી રીતે જ લખાયા હોવાનું લાગ્યુ અને આ અક્ષરો કૃત્રિમ રીતે લખાયા હોવાનો અણસાર સુધ્ધા ન આવ્યો. આ જોઇને હાકીમે વજીરને કહ્યુ કે આ બહુજ સ્પષ્ટ દલીલ છે કે

રાફઝીઓનો મઝહબ બાતિલ છે. આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ? વઝીરે તુરંતજ જવાબ આપ્યો કે : આ શિયાઓ (મઝહબી બાબતોમાં) પક્ષપાતી સમુહ છે. અને સ્પષ્ટ દલીલોનો પણ ઇન્કાર કરે છે. આપ હુકમ કરો તો બધા શિયાઓને અહીં ભેગા કરીને આ દાડમ દેખાડીએ. આ જોઇને તેઓ આપણો (ગૈર - શિયા) મઝહબ સ્વીકારી લેશે. તો આપણને બધો જ સવાબ મળશે. અને જો તેઓ આપણો મઝહબ સ્વીકારવાનો ઇન્કાર કરે તો તેમની સામે ત્રણ શરતો રજુ કરવી. અને હુકમ આપવો કે આ ત્રણમાંથી કોઇ એક શરત કબુલ કરો.

પહેલી શર્ત :- યહુદીઓ અને ઇસાઇઓની જેમ ટેક્ષ (મોટી રકમ કરવેરા રૂપે) આપે.

બીજી શર્ત :- આ સ્પષ્ટ દલીલોનો જવાબ લાવે, જે તેમના ગજા બહારની વાત છે.

ત્રીજી શર્ત :- તેઓમાંના પુરૂષોને કત્લ કરી નાખવામાં આવે, તેમની સ્ત્રીઓ અને બાળકોને કૈદી બનાવવામાં આવે અને તેમની મિલ્કત જપ્ત કરવામાં આવે. હાકીમે વઝીરની આ વાતને સ્વીકારી લીધી અને તુરતજ શિયા આલીમો અને બુઝુર્ગોને દરબારમાં બોલાવવામાં આવ્યા. તેઓને લખાણવાળુ દાડમ દેખાડવામાં આવ્યું એનો સંતોષકારક જવાબ આપવાનું કહેવામાં આવ્યુઅને તેઓ જવાબ ન આપી શકે તો ત્રણ શરતો રજુ કરવામાં આવી. તે દાડમ જોઇને શીયા આલીમો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. અને તેનો જવાબ આપી ન શક્યા, તેઓના ચહેરાનો રંગ ઉડી ગયો. તેમના શરીર ધ્રુજવા લાગ્યા અને તેમના પગ નીચેથી ધરતી સરકવા લાગી. શિયા બુર્ઝુગોએ હાકીમ પાસેથી ત્રણ દિવસની મુદત માંગી અને કહ્યુ કે જો તેઓ ત્રણ દિવસમાં કોઇ જવાબ લાવી ન શકે તો હાકીમને યોગ્ય લાગે તે કરવાનો અધિકાર છે. મુદત મળી ગઇ. તમામ શિયાઓની મીટીંગ મળી. જેમાં તેઓમાંથી દસ મુત્તકી, પરહેઝગાર આલીમોને પસંદ કરી તેમાથી ત્રણ આલીમોને પસંદ કરવામાં આવ્યા અને કહેવામાં આવ્યુ કે ક્રમાનુસાર ત્રણેય આલીમે જંગલમાં જઇને ઇમામે ઝમાના (અ.સ.) ના વસીલાથી ખુદા પાસે મદદ માંગવી. તેઓમાંના એકે જંગલમાં જઇને સવાર સુધી ઇબાદત મુનાજાત અને દુઆઓમાં રાત ગુઝારી. તેમણે સવારે પાછા આવીને શિયા બુઝુર્ગોને ખબર આપી કે કોઇ ઉકેલ ન મળ્યો. બીજી રાતે, બીજા આલીમે જઇને તેઓજ અમલ કર્યો. તેમનેય ઉકેલ ન મળ્યો. ત્રીજી રાતે મોહંમદ બીન ઇસા નામના ત્રીજા આલીમનો વારો આવ્યો. મોહમ્મદ બીન ઇસા ઉઘાડા પગે અંધારી રાતમાં જંગલ તરફ ચાલ્યા. આખી રાત ખુદાની મદદ માંગતા રહ્યા અને શિયાઓ આ અસાધારણ મોટી બલા ટળી જાય તે માટે દુઆઓમાં મશ્ગુલ રહ્યા. તેમણે ઇમામે ઝમાના (અ.) ને ફરીયાદો કરી અને મદદ માંગવી શરૂ કરી. રાત્રીના છેલ્લા પહોરમાં તેમની નજર એકાએક એક શખ્સ પર પડી. જેઓએ તેમને સંબોધીને કહ્યુ : ''અય મોહમ્મદ બીન ઇસા શું થયુ ? હું તમોને કેવી હાલતમાં જોઇ રહ્યો છું. આવા વેરાન જંગલમાં શા માટે આવ્યા છો ? તેમણે જવાબ આપ્યો. અય ભાઇ, તુ મને મારી હાલત પર છોડી દે, હું મોટી મુશ્કેલીમાં ફસાયો છું. હું મારી આ મુશ્કેલીને મારા ઇમામ (અ.) સિવાય કોઇને પણ નહીં કહું. તે શખ્સે કહ્યુ. અય મોહમ્મદ બીન ઇસા હું જ 'સાહેબુલ અમ્ર' છું, તમારા દિલની વાત મને કહો તેણે કહ્યુ 'અય મારા આકા, જો

આપ સાહેબુલ અમ્ર છો તો આપ જાણો છો કે હું કેટલી મોટી પરેશાનીમાં ઘેરાએલ છું. આપ અમારા ઇમામ છો અને અમને મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવનારા છો. ઇમામ અ. મે ફરમાવ્યુ, અય મોહંમદ બીન ઇસા વઝીરના ઘરમાં એક દાડમનું વૃક્ષ છે. વઝીરે દાડમના આકારનું માટીનું એક બીબુ (બ્લોક) બનાવેલ છે. જેના બે ભાગ છે. બન્ને ભાગોમાં તેણે એ અક્ષરો ઢાળેલા છે, જે બીબાને દાડમ સાથે લગાડી દીધા હતા. દાડમનું ફળ જરા મોટુ થયુ ત્યારે તે અક્ષર તેની ઉપર કોતરાઇ ગયા. કાલે તમે હાકીમ પાસે જાવ ત્યારે કહેજો કે અમે જવાબ લાવ્યા છીએ. જે અમે વઝીરના ઘરે જઇને આપીશું. તમે વઝીરના ઘરે જાવ ત્યારે ઘરના જમણા ભાગમાં ઉપર એક ઓરડો છે. જયારે તે ઓરડામાં પહોંચો ત્યારે હાકીમને કહેજો કે તમારો જવાબ આ ઓરડામાં છે. વઝીર એવા પ્રયત્નો કરશે કે હાકીમ તે જુએ નહી પણ તમે એ દેખાડવા માટે આગ્રહ કરજો. વઝીર ઉપર જાય ત્યારે તમે પણ સાથે જજો અને તેઓને એકલા મુકતા નહીં. તમે જેવા તે ઓરડામાં દાખલ થશો કે તુરતજ તમને દીવાલમાં એક બાકોરૂ દેખાશે. તેમા એક સફેદ થેલી હશે. તેમાંજ દાડમના અક્ષર કોતરવા માટેના બીબા છે. જે કાઢીને હાકીમની સામે રાખી દેજો. ત્યાર પછી દાડમને હાકીમ સામે રાખીને કહેજો કે અમે આપને એક બીજો મોઅજીઝો પણ દેખાડીએ છીએ. આ દાડમની અંદર માટી અને કીડાઓ સિવાય બીજુ કંઇ નથી. જો આપ આ હકીકત જાણવા માંગતા હો તો વઝીરને આ દાડમ ખોલવાનું કહો. વઝીર આ દાડમને તોડશે કે તરતજ તેનો ચહેરો માટી અને કીડાઓથી છવાઇ જશે.''

મોહમ્મદ બીન ઇસાએ ઇમામ અ.સ.ના પવિત્ર મુખેથી આ વાત સાંભળીને ખુબજ રાજી થતા થતા ઘરે પાછા ફર્યા. સવારે લોકોની સાથે હાકીમના દરબારમાં જઇ પહોંચ્યા અને ઇમામ અ.સ.ના સમજાવ્યા મુજબની બધી બાબત પર અમલ કર્યો. હાકીમ આ બધુ જોઇ, સાંભળી ને આશ્ચર્યમાં ડુબી ગયો. અને તેણે મોહમ્મદ બીન ઇસા ને પુછ્યુ કે આ બધી માહિતી તમને કોણે આપી ? તેણે જવાબ આપ્યો કે, અમારા ઝમાનાના ઇમામે, જેઓ ખુદાની હુજજત છે. હાકીમે પુછ્યુ : તમારા ઇમામ કોણ છે ? ત્યારે તેણે એક એક કરીને બધા નામોનો પરિચય કરાવ્યો. આ પછી હાકીમે મોહમ્મદ બીન ઇસાને કહ્યુ કે તમારો હાથ લાવો, જેથી હું ગવાહી આપુ કે ખુદા સિવાય કોઇ અલ્લાહ નથી અને મોહમ્મદ સ.અ.વ. તેના બંદા અને પયગમ્બર છે. તેના પછી હ. અલી અ.સ. બિલા ફસ્લ ખલીફા છે. અને હું તમારા અઇમ્મા (અ.મુ.સ.) પર ઇમાન લાવુ છું. તે પછી હાકીમે વઝીરને કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો. પછી તેણે બેહરૈનનાં લોકો (શિયાઓ) ની માફી માંગી અને તેમની સાથે સદવ્યવહાર કરવા માંડયો.

આ બનાવનું વર્ણન કરનારા કહે છે કે આ બનાવ બેહરૈનનાં નિવાસીઓ માં મશહુર છે. અને મોહમ્મદ બીન ઇસાની કબ્ર પણ ત્યા મૌજુદ છે. અને લોકો ત્યાં ઝીયારત માટે પણ જાય છે. (નજમુસ્સાકીબ ૩૧૪ બેહાર ૧૭૮/૫૨)

## ૩૨. ઇમામે વકત મોઅમીનોની પનાહગાહ છે.

જનાબ શૈખ અબુ અબ્દેલ્લાહીલ હુસૈન બીન અલહસન બીલ બાબવયા (ર.અ.) એ પોતાના મોહતરમ કાકા જનાબ જઅફર મોહમ્મદ બીન અલી બીન બાબવયા (ર.અ.) થી નકલ કરે છે કે પવિત્ર શહેર કુમના મારા બુર્ઝુગ ઉસ્તાદો માંથી એક ઉસ્તાદે આ પ્રસંગને નકલ કર્યો છે કે :

મારા ઉપર એક એવી મુસીબત આવી પડી કે જેમા મને ખુબ દુ:ખ પહોચ્યુ. અને હું પરેશાની (મુસીબત) થી કંટાળી ગયો મને તે યોગ્ય ન લાગ્યુ કે હું મારા કુટુંબી કે દોસ્તોને આ મુસીબતની વાત કરૂ.

એક વખત હું ગમગીન અને દુ:ખમાં સુઇ ગયો. મે સ્વપ્નમાં જોયુ તો નુરાની બુર્ઝુગવાર કે જેઓ ખુબસુરત દેખાતા હતા અને ખુબસુરત પોશાક પહેર્યો હતો. તેમના શરીરમાંથી સરસ ખુશ્બુ આવતી હતી. તેઓ મારી સામે ઉભા હતા. મે તેમને ઓળખી લીધા. તેઓ મારા ઉસ્તાદો માથી એક ઉસ્તાદ હતા, જેની પાસે મે કુમમાં શિક્ષણ લીધુ હતુ. મે મારા દિલને કહ્યુ, કયા સુધી મારી મુસીબતને છુપાવીને રાખુ. જનાબ તો મારા ઉસ્તાદ છે. હું મારી મુસીબત કહી દઉ, કદાચ રસ્તો મળી જાય. હું હજી તેમને વાત કરૂ તે પહેલાજ તેમણે વાત કરવાનું શરૂ કર્યુ અને ફરમાવ્યુ : જાઓ અને તમારા ઝમાનાના ઇમામ પાસે મદદ માંગો અને હીદાયત માંગો. તેમની પાસે રક્ષણ માંગો, કારણ કે તેઓ ઉત્તમ મદદગાર છે. અને મોઅમીનોની પનાહગાહ છે. તે પછી તેમણે પવિત્ર જમણો હાથ હથેળી પર ફેરવીને કહ્યુ " જાઓ અને તેમની ઝીયારત પઢો" તેની પર સલામ મોકલો, હું પણ ઇમામ અ.સ.ને ભલામણ કરીશ. કે તેઓ તમારા હુકમ દુનિયાઓના પાલનહાર પાસે શફાઅત અને ભલામણ કરે.

મે કહ્યુ, આપ મને બતાવો કે હું કેવી ઝીયારત અને સલામ પઢુ ? અને કેવી રીતે દુઆ માંગો ? કારણ કે આ મુસીબત માં હું બધીજ ઝીયારત અને દુઆ ભુલીગયો છુ આ સાંભળીને તેમણે એક લાંબો શ્વાસ લીધો અને કહ્યુ 'લાહવ્લ વલા કુવ્વત ઇલ્લા બીલ્લાહ' અને મારી છાતી ઉપર હાથ રાખી દીધો, કહેવા લાગ્યા કે અલ્લાહ તમારા માટે પુરતો છે. હવે તમારા ઉપર કોઇ મુસીબત નહી આવે. જાવ, ગુસ્લ કરો અને બે રકાત નમાઝ પઢો. આસમાનની નીચે અને કીબ્લા તરફ મોઢુ રાખીને ઝીયારત સલામુલ્લાહીલ કામેલુત્તામ પઢો. જયારે દુઆ અને ઝીયારત પુરી થઇ જાય પછી જે ચાહો તે માંગો.

આ સાંભળતાજ મારી આંખ ખુલ્લી ગઇ કે મારી મુશ્કેલીનો અંત હાથ વેતમાં છે. હવે મને રાત ઘણી લાંબી લાગવા લાગી. જે કાંઇ મને સ્વપ્નની હાલતમાં શિખવવામાં આવ્યુ હતું. તે હું ભુલી જાવ તે પહેલા મેં લખી લીધુ. ત્યાર પછી ગુસ્લ કર્યુ. આસ્માનની નીચે બે રકાત નમાઝ

પઢયો. પહેલી રકાતમાં સુરે હમ્દ પછી સુરે ફત્હ પઢયો, જેવીરીતે કે તે આખો સુરો મારી નજર સામે છે. બીજી રકાતના હમ્દના સુરા પછી એઝાજાઅ નસ્રુલ્લાહ પડયો. નમાઝ પુરી કરીને પછી કીબ્લા રૂખ થઇને આ ઝીયારત પડયો. અને અંતમાં મારી હાજતો માંગી, અને મારા મૌલા અને આકા (ઇમામ સાહેબુઝ ઝમાન અ.ત.ફ.શ.) પાસે પનાહ ચાહી. પછી શુક્રનો સજદો બજાવી લાવ્યો અને એજ હાલતમાં મારી દુઆઓને એ સમય સુધી લંબાવી કે મને એ ડર લાગ્યો કે નમાઝે શબ કઝા થઇ જશે. નમાઝે શબ અને તેની તઅકીબાતો પુરી કર્યા પછી નમાઝે સુબ્હ પડયો. પછી મહેરાબમાં બેસીને દુઆ માંગતો હતો. ખુદાની કસમ ! હજુ સુરજ નિકળ્યો પણ ન હતો કે મારી મુસીબત દુર થઇ ગઇ. અને પુરી જીંદગીમાં કયારેય આ પ્રકારની મુસીબતોમાં હું ફરી ફસાયો નથી. અને મેં આજ સુધી કોઇને આ મુસીબતના બારામાં જણાવયુ નથી. તમામ રહેમતો અને હમ્દો સનાઅ મહાન પરવરદિગાર માટે છે.

નોંધ : ગુસ્લ કરવું, આસમાનની નીચે ઉભા રહેવું, બે રકાત નમાઝ પઢવી, આ બધુ અફઝલ છે, પરંતુ કોઇ વ્યક્તિ કોઇ કારણને લીધે આ રીતે ન કરી શકે તો પણ ઝીયારતને છોડી દેવી જોઇએ નહી. જો તે માત્ર ઝીયારત પડે તો પણ સવાબનો હકદાર થશે. ઝીયારતે ઇસ્તેગાસા મફાતીહુલ જીનાન તથા દુઆએ નુદબાહની કિતાબનાં પાછળનો પેજ ઉપર છે. (બેહાર, મફાતીહુલ જીનાન)

### ૩૩. મુકદ્દસે અર્દબેલી (અ.ર.) ને ઇમામની મુલાકાત

આ પ્રસંગ અલ્લામા અમીર અલ્લામ વર્ણવે છે. તેઓ જલીલુલકદ્ર આલીમ, મુજતહીદ જ. મુકદ્દસે અર્દબેલી (અ.ર.) નાં વિદ્યાર્થી હતા. તેઓ બયાન કરે છે કે એક વખત રાત્રે હું મારૂં કામ પુર્ણ કરી અમીરૂલ મોઅમેનીન અ.સ. નાં રોઝાનાં સહેનમાં બહાર નિકળ્યો. રાત અડધી પસાર થઇ ગઇ હતી. મેં જોયુ કે એક આલીમ, અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. ના રોઝા તરફ જઇ રહ્યા છે. હું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. મે તેમને ઓળખી લીધા. તેઓ મારા ઉસ્તાદ મુકદ્દસે અર્દબેલી (અ.ર.) હતા. મે મારી જાતને તેમનાથી છુપાવી રાખી. તેઓ રોઝાના દરવાજા પાસે પહોંચ્યા. દરવાજા પર તાળુ મારેલુ હતુ. તેમના પહોંચતાજ તાળુ ચાવી વગર ખુલી ગયુ. અને નીચે પડી ગયુ. અને રોઝાના દરવાજા ખુલ્લી ગયા. મારા ઉસ્તાદ રોઝામાં દાખલ થયા. પછી મે વાતચીત થતી હોય તેવો આવાઝ સાંભળ્યો જાણે કે તેઓ કોઇની સાથે વાતચીત કરી રહ્યા છે. થોડીવાર પછી તેઓ બહાર નીકળ્યા. રોઝાનો દરવાજો આપમેળે બંધ થઇ ગયો. તેઓ નજફથી મસ્જીદે કુફા તરફના રસ્તે ચાલવા લાગ્યા. હું પણ તેમની પાછળ પાછળ ગયો. તેઓ મસ્જીદે કુફામાં દાખલ થયા. અને મહેરાબમાં કે જયાં મૌલાએ કાએનાતને ઝરબત લાગી હતી અને આપની શહાદત થઇ હતી. તે જગ્યાએ પહોંચ્યા. ત્યા તેઓ ઘણો સમય સુધી રોકાયા. પછી આપ નજફ તરફ પાછા વળ્યા. હું તેમની પાછળ હતો. તેઓ જયારે મસ્જીદે જીન્નાત પાસે પહોંચ્યા, ત્યારે અચાનક મને ઉધરસ આવી, જેને હું રોકી ન શકયો. મારા ઉસ્તાદ મને ઓળખી ગયા અને કહ્યુ કે અમીર અલ્લામ તમે અહીં શું કરો છો ? મે કહ્યુ કે હું

તમારી સાથે રોઝાથી છું. હું આપને અમીરૂલ મોઅમેનીન અ.સ. નાં હકકની કસમ આપુ છુ કે જે કાંઇ બનાવ બન્યો તે મને બતાવો. તેઓએ કહ્યુ કે હું તને આ બધી વાત કરૂ પણ મારી એક શર્ત છે, કે જ્યા સુધી હું હયાત રહું ત્યા સુધી તુ કોઇને આ વાતની જાણ નહિંકરે. મે આ શર્ત સ્વીકારી તેઓએ ફરમાવ્યુ, કે મારે કેટલાક મસાએલ હતા, જેના બારામાં મને ચિંતા હતી. તેના જવાબો મને મળતા ન હતા. મે ચાહ્યુ કે હું રોઝએ મુકદ્દસમાં જાવ અને જવાબ મેળવું. તેથી હું આ રોઝામાં ગયો. જેમ તે જોયુ તેમ રોઝાના તમામ દરવાજાનાં તાળા ચાવી વગર ખુલ્લી ગયા અને દરવાજા પોતાની મેળે ખુલ્લી ગયા. હું મૌલાએ કાએનાતના રોઝામાં દાખલ થયો. અને મસાએલના જવાબ માટે દુઆ કરી. હું દુઆમાં મશગુલ હતો ત્યારે કબ્રે અલી અ.સ. થી અવાઝ આવી. ''મૌલાના અહેમદ મસ્જીદે કુફા ચાલ્યા જાવ, અને તમારા મસઅલાના જવાબ કાએમે આલે મોહમ્મદ (ઇ. મહદી અ.) થી પુછો. અને તેઓ તમને આ મસઅલાના જવાબ આપશે, કારણ કે તેઓ આ ઝમાનાના ઇમામ છે. તમામા કાર્યોની મસ્લેહત અને મુનાસેબત તેમનાથી સંબધીત છે.'' આ સાંભળીને હું મસ્જીદે કુફા પહોંચી ગયો. ત્યા મે ઇ. આખેરૂઝઝમાન ની ખિદમતથી મારા સવાલોના જવાબ મેળવ્યા, અને હવે હું ઘર તરફ રવાના થાઉ છું. (ઇરફાને ઇમામત કિસ્સો - ૮)

### ૩૪. શૈખ મુર્તઝા અન્સારી (અ.ર.) ને ઇમામ અ.સ. ની મુલાકાત

આયતુલ્લાહ ઉઝમા હાજી શૈખ મોહમ્મદ હસન સાહેબ જવાહર (ર.અ.) ની વફાત પછી લોકોએ શેખ મુર્તઝા અન્સારી અ.ર. ને મરજએ તકલીદ નકકી કર્યા અને તેમના અમલીયાનો રીસાલો, તવઝીહુલ મસાએલ માંગી. શૈખ અનસારીએ ફરમાવ્યુ : સૈયદુલ ઓલમાં માઝન્દરાનીની હાજરી માં મારી પાસે તવઝીહુલ મસાએલ નથી. તે મારાથી ''આઅલમ'' (વધુ જ્ઞાની) છે અને બાબીલમાં રહે છે. હું મરજીઅત સ્વીકારીશ નહી.

શૈખ અનસારીએ સૈયદુલ ઓલમાને બાબીલ એક પત્ર લખ્યો તેમા વિનંતી કરી કે આપ નજફે અશરફ તશરીફ લાવો અને શીયાઓના હવઝે ઇલ્મીયાની આગેવાની સ્વીકારો. સૈયદુલ ઓલમાએ શૈખ અનસારીના પત્રનો જવાબ આપ્યો કે એ સાચુ છે કે જયારે હું નજફે અશરફમાં હતો ત્યારે આપની સાથે મુબાહેસા (ચર્ચા) કરતો હતો, ફીકહમાં આપથી વધુ જ્ઞાન ધરાવતો હતો, પરંતુ હવે લાંબા સમયથી બાબીલમાં રહું છું. દર્સ અને દર્સ આપવાનો સીલસીલો નથી રહ્યો. ચર્ચાઓની બેઠકો છોડી ચુકયો છું. આ કારણ થી હવે હું ખુદ આપને આઅલમ ગણુ છું. તેથી મરજેઅત આપ ખુદ કબુલ ફરમાવો. શૈખ અનસારીએ તેમ છતા કહ્યુ કે હું ખુદ પોતાને આ સ્થાન અને મન્સબને લાયક નથી ગણતો. જો મારા મૌલા અને આકા હ. વલીએ અસ્ર (અજ.) મને ઇજતેહાદની પરવાનગી ઇનાયત ફરમાવે અને મારી આ સ્થાન અને મનસબ માટે નિમણુંક કરે તો હું સ્વીકાર કરીશ.

એક દિવસ શૈખ અનસારી શિક્ષણ આપવા બેઠા હતા. અને તેમના વિદ્યાર્થીઓ પણ તેમની આજુબાજુ બેઠા હતા. એક વ્યક્તિ દાખલ થયા. તેમની મહાનતા અને દિવ્યતાની અસરો જોવા મળી શૈખ અન્સારીએ તેમને આદર પૂર્વક આવકાર આપ્યો. તે શખ્સે વિદ્યાર્થીઓની હાજરીમાં શૈખ અન્સારી તરફ જોઇને પુછ્યુ :

એક સ્ત્રી કે જેનો પતિ મસ્ખ (મનુષ્ય સ્વરૂપ બદલાવુ) થઇ ગયો હોય તેના બારામાં આપનો શું મત છે ? (આ મસઅલો કોઇ કિતાબમાં પણ દર્શાવવામાં આવ્યો નથી. કારણ કે આ ઉમ્મતમાં મસ્ખનું અસ્તિત્વ નથી.)

આ વાત ઉપર શૈખ અન્સારીએ કહ્યુ ફીકહની કિતાબોમાં આ મસઅલો લખવામાંજ નથી આવ્યો. તેથી હું જવાબ દેવા માટે સમર્થ નથી. તે શખ્સે પુછ્યુ : હવે આપ ધારી લ્યો કે આ ઉમ્મતમાં એક એવો પ્રસંગ પ્રકાશમાં આવ્યો છે કે એક સ્ત્રીનો પતિ મસ્ખ થઇ ગયો છે તો તે સ્ત્રી શું કરે ? શેખ અન્સારીએ કહ્યુ મારા મત (ફતવા) મુજબ જો પુરૂષ પ્રાણીના સ્વરૂપમાં બદલાયો છે, તો સ્ત્રી માટે જરૂરી છે કે તે તલાકનો ઇદ્દો પાળે અને એ મુદ્દત પછી નિકાહ કરી શકે છે કેમકે  તે પુરૂષ જીવીત છે અને તેને રૂહ પણ છે. પરંતુ જો તે પુરૂષ વનસ્પતિના સ્વરૂપમાં બદલાયો છે તો તેની પત્ની મૃત્યુનો ઇદદો પસાર કરે કારણ કે તેના પતિએ મુર્દાનું સ્વરૂપ ઇખ્તેયાર કર્યુ છે. એટલે એ મુદ્દત પછી નિકાહ કરી શકે છે.

તે શખ્સે ત્રણ વખત કહ્યુ : અન્તલ મુજતહેદો, અન્તલ મુજતહેદો, અન્તલ મુજતહેદો એટલે કે ''તમે મુજતહેદ છો.''

ત્યાર પછી તે શખ્સ શિક્ષણની બેઠકમાંથી  બહાર ચાલ્યા ગયા. શૈખ અન્સારી જાણતા હતા કે તે હ. ઇમામે વલીએ અસ્ર (અજ.) હતા. અને તેમણે ઇજતેહાદની પરવાનગી આપી છે. તેથી તુરંતજ પોતાના વિદ્યાર્થીઓને કહ્યુ કે તે શખ્સની તપાસ કરો. વિદ્યાર્થીઓ તરતજ ઉભા થયા. અહીં તહીં દોડતા રહ્યા પરંતુ કોઇએ પણ તેમને ન જોયા. તે પછી શૈખ અન્સારી એ વાત ઉપર તૈયાર થયા કે લોકોને તવઝીહુલ મસાએલ રજુ કરે, જેથી લોકો તેમની તકલીદ કરે.

(''ગન્જીનીએ દાનીશમન્દાન'' ભાગ - ૮)

### ૩૫. ઝવ્વારે ઇમામ અ.સ. ને પરેશાન કરનાર ખાદીમનો અંજામ

જન્નતુલ મઆવા કિતાબના લેખક કહે છે કે મને ભરોસાપાત્ર અને અમીન આગા મોહમ્મદ કાઝમૈનીએ આ પ્રસંગ બયાન કર્યો છે.

આગા મૌહમ્મદ કાઝમૈની બયાન કરે છે કે એક શખ્સ જેનું નામ મુસ્તફા જમુદ હતુ અને તે રોઝા મુબારકનો ખાદીમ હતો. તેની આદત એ હતી કે તે ઝવ્વારો ને લુટતો અને ઝવ્વારોને ખુબ ઇજા પહોંચાડતો અને ઘણી વખત સરદાબે મુકદ્દસ ની અંદર ઝવ્વારોને ખુબ પરેશાન કરતો

હતો. તે માણસ આમાલે ઝીયારતમાં રુકાવટ કરતો અને એવી હરકતો કરતો કે ઝવ્વારોની તવજ્જોહમાં ખલીલ પહોંચતી. ઝવ્વારોની દુઆઓનું પઢવું તેને ન ગમતું અને તે તેઓની આવાઝ ન સાંભળતો.

એક રાત્રે આ ખાદીમે ઇમામે હુજ્જત (ઇમામે ઝમાના) અ.સ. ને સ્વપ્નમાં જોયા. ઇમામે ઝમાના અ.સ. કહી રહ્યા હતા કે કયાં સુધી તું મારા ઝવ્વારોને પરેશાન કરતો રહીશ ? તું તેઓને ઝીયારત પઢવા નથી દેતો. તને શું મતલબ છે જે કાંઇ તેઓ કહે છે, પઢે છે, તુ તેઓને કરવા દે. ત્યાર પછી જયારે તે માણસ સ્વપનમાંથી જાગ્યો ત્યારે તેની સાંભળવાની શક્તિ ચાલી ગઇ હતી. તેના કાન ફાટી ગયા હતા. તે કાંઇ પણ સાંભળી નહોતો શકતો. જેનાથી ઝવ્વારોને રાહત મળી ગઇ, અને આમાલે ઝીયારતની અદાએગી, દુઆ, ફરીયાદ અને ઇસ્તેગાસામાં આ શખ્સની રૂકાવટ ન રહી એટલે સુધી કે ખુદાવંદે આલમે તેને ઠેકાણે લગાડી દીધો. (ઇરફાને ઇમામત, કિસ્સો - ૫૨)

### ૩૯. આંખથી થતા ગુનાહથી બચવાને કારણે ઇમામ અ.સ. થી મુલાકાત

એક મઝદુર માણસ એક આલીમ પાસે ગયો અને કહ્યુ કે હું આટલા દિવસ પછી આ દિવસે અને આ સમયે મૃત્યુ પામીશ. તમે મને ગુસ્લ, કફન આપજો. અને મારી નમાઝે મય્યત પઢાવજો તે આલીમે સંમતી આપી. પછી જે દિવસનું તે માણસે કહ્યુ હતુ તે દિવસે તે આલિમે દીન તેના ઘરે જવા માટે નીકળ્યા રસ્તામાં આલીમે દીનને વિચાર આવ્યો કે આ માણસ ને ખબર કેમ પડી કે આ દિવસે અને આ સમયે તેને મૌત આવશે ? આલીમે દીન તે મજદુર માણસના ઘરે પહોંચ્યા હજુ દરવાજા સુધી પહોંચ્યા ત્યારે તેઓ એક નુર ને જોયુ. આ નુર તે મજદુર માણસના ઘરમાં દાખલ થયુ તે આલિમે દીન આ નુરના પ્રભાવથી ત્યાજ ઉભા રહી ગયા. અને ઘરમાં દાખલ ન થયા. થોડીવાર પછી તે નુર ઘરની બહાર નિકળી જાય છે. પછી તે આલીમે દીન ઘરમાં દાખલ થયા. અને પહેલો સવાલ તે મઝદુર ને એ કર્યો કે તમને ખબર કેમ પડી કે આ દિવસે અને આ સમયે તમારૂ મૌત છે ? અને તમારા ઘરમાં જે નુર દાખલ થયુ તેની હકીકત શું છે ?

તે મઝદુર માણસ કહે છે કે આની પાછળ એક લાંબી દાસ્તાન છે. હું એક સામાન્ય ગુનેહગાર માણસ હતો. મે મજલીસમાં સાંભળ્યુ હતુ કે આપણા વકતના ઇમામ મૌજુદ છે જીવંત છે. તો પછી મે વિચાર્યુ કે ઇમામ અ.સ. ની મુલાકાત શા માટે નથી થતી. ? ત્યારે મે વિચાર્યુ આમા વાંક મારો છે. મારા એ ગુનાહ છે જે મારી અને ઇમામ અ.સ.ની વચ્ચે પરદો બની ગયા છે. મારી આ આંખ જે ગુનાહો કરતી હોય તે નજીસ આંખથી માઅસુમ ઇમામ અ.સ.ની ઝીયારત કેવી રીતે થાય. ત્યારથી મેં આંખથી થતા ગુનાહ છોડી દેવાનો મકકમ નિર્ણય કર્યો અને આ વાત ઉપર અમલ શરૂ કર્યો. મે આંખથી થતા ગુનાહો છોડી દીધા. ઇમામે ઝમાના અ.સ.ને આ કાર્ય એટલુ પસંદ આવ્યુ કે તેઓ મને મસ્લેહતન ઘણીવાર મુલાકાત આપતા. છેલ્લે

મને ઇમામ અ.સ.એ મારા મૃત્યુના બારામાં ખબર આપી હતી.અને તમારી ભલામણ કરી કે તમે મને ગુસ્લો -કફન આપો. અને હમણાં તમે જે નુર જોયું હતુ. તે ઇમામે ઝમાના અ.સ. નું નુર હતુ અને તેઓ મને મળવા આવ્યા હતા. અને તમને સલામ આપ્યા છે. (જન્નતુલ મઆવા)

## ૩૭ ઇમામ અ.સ.ની સલામતી માટે સદકો કાઢયો.

ઇમામે ઝમાના અ.સ. આપણા સદકાના મોહતાજ નથી પરંતુ ઇમામે ઝમાના અ.સ. માટે સદકો કાઢવો તે આપણી ઇમામ તરફની મોહબ્બત નો ઇઝહાર છે. સદકો પણ તે ઇમામની તવજ્જોહ અને નઝદીકીનું કારણ બને છે.

એક તાલીબે ઇલ્મ કહે છે કે એક રાત્રે મશહદે મુકદ્દસમાં ઇમામ રેઝા અ.સ. ના મુબારક રોઝાની અંદર મે ઇમામે ઝમાના અ.સ. માટે ખુબ દુઆ કરી મોડી રાતે હું મારી હોસ્ટેલ તરફ જવા લાગ્યો રસ્તામાં એક ફકીર મળ્યો જેણે મને સવાલ કર્યો. મે મામુલી રકમનો સદકો ઇમામે ઝમાના અ.સ.ની મોહબ્બતમાં સલામતી માટે આપ્યો. બીજે દિવસે હું તેજ બજારમાં નીકળ્યો. એક દુકાનદારે ઉંચા અવાજે મને બોલાવ્યો અને પુછ્યુ કે ગઇ કાલે તે શું નેક કામ કર્યું હતુ ? મે પુછ્યુ વાત શુ છે ? તમે મને આવુ શા માટે પુછો છો ? દુકાન દારે કહ્યુ, ગઇ કાલે હ. બકીય્યતુલ્લાહ અરવાહુના લહુલ ફીદા ને મે સ્વપ્નમાં જોયા. તેઓ સફેદ રંગના ઘોડા પર આ જગ્યાએ આ બજારમાં તશરીફ લાવ્યા અને તારૂ નામ લઇ ને કહ્યુ કે હું તે તાલિબે ઇલ્મના અહેસાનનો બદલો ચુકવવા આવ્યો છું. તે શું અહેસાન કર્યો હતો ? તાલીબે ઇલ્મ ઝારોકતાર રડવા લાગે છે. અને કહે છે કે મે તો ઇમામ અ.સ. ની મોહબ્બતમાં મામુલી રકમનો સદકો આપ્યો હતો. (ઇમામે ઝમાન અ.સ. અને સૈયદ ઇબ્ને તાઉસ અ.ર. પેજ-૧૦૭,૧૦૮)

## ૩૮. અબુ મોહમ્મદ અંધ થઇ ગયો

નજમુસ્સાકીબના લેખક આ રીવાયતને કુતુબે રાવંદી અ.ર. ની કિતાબ ખ્વારીઝમાંથી લખે છે કે અબુ મોહમ્મદ અલઝી ના બે દીકરા હતા એક અબુલ હસન જે પરહેઝગાર અને નેક દીકરો હતો, તે મય્યતને ગુસ્લ આપવાના કાર્યમાં પણ મદદરૂપ થતો. જયારે બીજો દીકરો ગુનાહખોરીમાં મશગુલ રહેતો.

એક વખત એક મર્દે મોઅમીને અબુ મોહમ્મદને ઇમામે ઝમાના અ.સ. ની નિયાબતમાં હજ કરવા માટે અમુક રકમ આપી. અબુ મોહમ્મદે આ રકમમાંથી અમુક રકમ તેના ગુનેહગાર દીકરાને આપી અને હજ અદા કરવા માટે પોતાની સાથે લઇ ગયા. અબુ મોહમ્મદ પોતે આ વાત કહે છે કે મે મેદાને અરાફાતમાં એક ખુબસુરત નવજુવાનને જોયા, જેઓ દુઆ પઢવામાં મશ્ગુલ હતા. જયારે હું તેમની નજદીક પહોંચ્યો તો તેઓ મારા તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યુ કે એ શેખ તને શર્મ નથી આવતી ? મેં પુછ્યુ કઇ વાત થી ? ઇમામે ઝમાના અ.સ. મે ફરમાવ્યુ હજ કરવાનું તને સોપવામાં આવ્યુ હતુ અને તે એક ગુનેહગાર અને શરાબખોરને હવાલે (હજ

કરવાનું) સોંપી દીધુ. નજદીકમાંજ તુ આ આંખથી આંધળો થઇ જઇશ. ત્યાર પછી પાછા આવ્યા પછી ૪૦ દિવસ પણ પસાર ન થયા હતા કે એ આંખ કે જેની તરફ ઇમામ અ.સ. મે ઇશારો કર્યો હતો, તે આંખમાં એવુ ઝખ્મ થયુ કે તેની આંખ ચાલી ગઇ. અને તે એક આંખથી અંધ થઇ ગયો. (ઇરફાને ઇમામત કિસ્સો - ૫૦)

### ૩૯. ઇબ્રાહીમ ઇબ્ને મહઝીયાર ને ઇમામ અ.સ. ની મુલાકાત

હ. મહદી અ.સ. નાં એક આશીકનો પ્રસંગ છે. જેનું નામ ઇબ્રાહીમ ઇબ્ને મહઝીયાર હતુ. જે મહદી એ ઝહેરાની દીદારની ઉત્સુકતામાં દુનિયાની બધીવાતોને ભુલીગયો હતો. એ પ્રસંગ અત્રે તે આશીકે ઇમામ અ.સ. ના પોતાના શબ્દોમાંજ પ્રસ્તુત છે.

''એક વરસ મે હ. ઇમામ હસન અસકરી અ.સ. ની અવલાદ ઇમામે ઝમાના અ.સ. વિષે ખાતરી કરવા મદીનાનો પ્રવાસ ખેડયો. પરંતુ મને કહી જાણવા ન મળ્યુ ત્યાથી મકકા ગયો ત્યા પણ મારા ઇમામ વિષે કંઇ જાણવા ન મળ્યુ. એક દિવસ હું ખાનએ કાબાનો તવાફ કરી રહ્યો હતો ત્યારે એક ખુબસુરત યુવાનનું મારી તરફ ધ્યાન ખેચાયુ જે મને ખુબજ ટીકીટીકીને જોઇ રહ્યો હતો. તે યુવાન મને કંઇક મદદરૂપ થશે તેમ માનીને હું તેમની તરફ ગયો. તેને સલામ કરી તેણે મારી સલામ નો જવાબ ખુબજ સારી રીતે આપ્યો પછી તેણે મને પુછ્યુ તમે કયાના રહેવાસી છો ? મે કહ્યુ અહઝવાઝનો. આ રીતે વાતચીત શરૂ થઇ ત્યાર પછી તે યુવાને કહ્યુ કે ''હું તમારા માટે એક ખબર પણ લાવ્યો છું જો તમે તમારા ઇમામ અ.સ. ની ઝીયારત સાથે એ ઇચ્છતા હો કે તમારી આંખો એ હઝરતના નુરાની પ્રકાશનો ઝગમગાટ જુએ તો મારી સાથે તાએફ સુધી ચાલો પરંતુ મારી સાથે આવવાની તમારી સફરને તમારા મિત્રોથી ખાનગી રાખજો'' હું તેમની સાથે તાએફ તરફ જવા રવાના થયો. જયારે અમે એક મોટા રણમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે દુરથી એક તંબુ નજરે પડયો. જેના નુરથી આખુ રણ ઝળહળી રહ્યુ હતુ.

તે યુવાન તંબુમાં મને અંદર જવા માટેની પરવાનગી મેળવવા ગયો. એટલામાં મે જોયુ કે તે તંબુમાંથી અજોડ પ્રભાવશાળી અને નુરાની બુઝુર્ગવાર બહાર પધાર્યા. તેમની ખુબસુરતી અવર્ણનીય હતી. હું ખુબજ આવેશ અને અર્ધ પાગલપણાની હાલતમાં તેમની તરફ દોડયો અને તેમના હાથપગ ચુમવા લાગ્યો. તે બુઝુર્ગે ફરમાવ્યુ ''તારુ આગમન મુબારક થાય આ સમય પહેલા તારી મુલાકાતનું વચન આપવામાં આવ્યુ હતુ. તારી અને મારી વચ્ચે રૂહાની સંબધ સ્થાપીત છે. આપણા બન્નેની વચ્ચે રસ્તાનું લાંબુ અંતર અને આપણી મુલાકાતમાં વિલંબ છતા મે હંમેશા જ તને મારી નજરો સમક્ષ રાખેલ છે'' ત્યાર પછી આપે એક લાંબી વાતચીત કરતા કહ્યુ, મારા પિતાજીએ મને કહ્યુ હતુ એ ફરઝંદ જે લોકો ખુદાની ઇબાદત કરે છે અને તેની પૈરવી અને તાબેદારી કરવા સતત પ્રયત્નશીલ રહે છે. અલ્લાહ ત.ત. તેને બંદાઓ માટે નમુનારૂપ બની રહે એ માટે માર્ગદર્શક વગરનો રાખતો નથી''

ઇબ્રાહીમ બીન મહેઝીયાર નું કહેવું છે કે એક સમયગાળા સુધી હું ઇમામ મહદી અ.સ.ની ખીદમતમાં રહ્યો. તેજસ્વી સત્યો, નુરાની હુકમો અને કેટલીય ઇલ્મ અને હીકમતની વાતો શિખ્યો જે બાબતો ખુદાએ તઆલાએ આપની છાતીમાં ઉંડાણથી ભરી હતી. તેનો ખુબજ ફાયદો મેળવતો રહ્યો.... અને આહ .... ! પછી જવા માટે પરવાનગી માંગી. છેવટે જ્યારે છુટા પડવાની તૈયારી કરી ત્યારે હઝરત અ.સ. ની ખીદમતમાં પહોંચ્યો. આપની સાથે વફાદારીના વચનને દોહરાવીને જવાની તૈયારીમાં હતો ત્યારે આપે ફરમાવ્યુ ''ખુદાવંદે અઝ્ઝવજલ્લે જે વસ્તુને તારા માટે આસાન અને બરકત પુર્ણ કરી. તને સાલેહ લોકોના શ્રેષ્ટ સવાબ અને પોતાના ખાસ બંદાઓની જઝા આપી. બધી વસ્તુઓ તેનાથી જ છે અને જે કાંઇ જોઇતુ હોય તે તેજ આપી શકે તેમ છે. ખુદાવંદે આલમ તને તેની અપાર નેઅમતો સલામતી અને ખુશહાલી સાથે તારા મિત્રો સુધી પહોંચાડે, તને રસ્તામાં કોઇ તકલીફ ન પડે... હું તને ખુદાને હવાલે કરૂ છું ઇ.અ. ખુદાવંદાની કૃપાળુ છાયામાં તને કોઇ આફત નહીં આવે''.

ઇબ્રાહીમ બીન મહેઝીયાર કહે છે કે હું હ. મહદી અ.ત.ફ.શ. પાસેથી વિદાય થયો. હું ખુદાવંદે ત.ત. નો બેહદ શુક્રગુઝાર છું. કે તેણે મારા સાચા હેતુ સુધી પહોંચવામાં મારી મદદ કરી અને સાથો સાથ એ વાતથી પણ વાકેફ થઇ ગયો કે ખુદાવંદે આલમ પોતાની ઝમીનને કોઇપણ સમયે માઅસુમ ઇમામ અ.સ. વગર ખાલી નથી રાખતો. મે આ પ્રસગં યકીન અને ઇમાન ધરાવતા લોકોની જાણકારીમાં વિશેષ વધારો થાય તે હેતુસર રજુ કરેલ છે.(ઇરફાને ઇમામત કીસ્સો - ૧)

## ૪૦. પતિ-પત્નીના મતભેદનું સમાધાન

આ તવકીઅની વાત કરીએ તે પહેલા તેના અમલીકરણના પાસાઓ ઉપરની ચર્ચા બહેતર છે. પયગમ્બર અકરમ (સ.) અને અઇમ્મએ હોદા (અલયહેમુસ્સલામ) ઉમ્મતના વાલીઓ છે. આ બાબત વિષે આ લેખમાં ઉપર લખાઇ ચુક્યું છે કે ખુદા વંદે આલમે તેઓની ભવ્યતા અને મહાનતા ખાતર તેઓને ઘણી શક્તિઓ અર્પણ કરી છે. આ હઝરતો રોજી આપવાની શક્તિ ધરાવે છે. એટલે કે તેઓ જે વસ્તુની ખુદા પાસે માંગણી કરે છે તે નકારતો નથી. આ તવકીઅમાં આ વાત ઉપર ઇશારો કરવામાં આવ્યો છે.

અબુ ગાલીબ અહમદ બીન મોહમ્મદ ઝોરારી કહે છે : મારી અને મારી પત્નિ વચ્ચે મોટા મતભેદો અને દુશ્મની થઇ ગઇ. અમારી વચ્ચે સમાધાનની બધી શક્યતાઓ પૂરી થઇ ગઇ. આ મતભેદ લાંબો ચાલ્યો. તેના કારણે હું ઘણી માનસિક તાણ અનુભવતો હતો. તેથી મે એક પત્ર જનાબ મોહમ્મદ બીન ઉસ્માન (ર.અ.) (બીજા નાએબ) ને આપ્યો કે તે તેને ઇમામે ઝમાના (અ.) ની સેવામાં પહોંચાડી આપે. આ પત્રમાં મેં દોઆ માટે દરખાસ્ત કરી હતી. પત્રના જવાબમાં ઘણુ મોડુ થયુ. એક વખત અબુ જઅફર (મોહમ્મદ બીન ઉસ્માન (અ.ર.)) સાથે મુલાકાત થઇ ત્યારે આપે કહ્યુ : તમારા પત્રનો જવાબ આવી ચુક્યો છે. પછી તેમના ઘરે ગયો.

એક ચોપડો કાઢયો અને તેના પાનાઓ ત્યા સુધી ફેરવ્યા કે એક પત્ર મળ્યો અને મને દેખાડ્યો. જેમા લખેલુ હતું : પતિ અને પત્નિ અંગેનો જે પ્રશ્ન પૂછ્યો હતો તો ખુદાવંદે આલમે તેઓની વચ્ચે સુલેહ અને શાંતિ સ્થાપિત કરી દીધી છે.

અબુ ગાલીબ ઝોરારી કહે છે કે મારી પત્નિ હંમેશા કડકાઇથી વર્તન કરતી હતી. પરંતુ આ પ્રસંગ પછી ભૂતકાળના મતભેદોની જેમ કોઇ પ્રસંગ બન્યો નહીં. બલ્કે હું કયારેક જાણીબુજીને એવું કામ કરતો કે તેને ગુસ્સે કરૂં, તો પણ તેની તરફથી કોઇ પ્રતિભાવ જણાતો ન હતો. (પઝે વહશીએ પીરામુને ઝીન્દગાનીએ નુવ્વાબે ખાસે ઇમામે ઝમાના (અ.) (ઇમામે ઝમાના (અ.) ના ખાસ નવ્વાબોના જીવન પાના ૧૭૬)

૪૧. શેખ મુફીદ અ.ર. ને ઇમામ અ.નો પત્ર

મર્હુમ તન્કાબની ફરમાવે છે : એક દિવસ બગદાદના કસ્બામાંથી એક માણસ શેખ મુફીદ અ.ર. ની પાસે શરીઅતનો મસઅલો પૂછવા માટે આવ્યો. તેણે કહ્યુ ''સાહેબ એક ગર્ભવતી સ્ત્રી મૃત્યુ પામી છે, પરંતુ પેટમાં તેનુ બાળક જીવતુ અને સલામત છે. આપ શું ફરમાવો છો ? ઓપરેશનથી બાળકને કાઢી લેવામાં આવે કે સ્ત્રીને તેના બાળક સાથે દફન કરી દેવામાં આવે? શૈખ મુફીદ અ.ર. મે ફરમાવ્યુ : માને તેના પેટમાં મૌજુદ બાળકની સાથે દફન કરી દેવામાં આવે

તે માણસ પોતાના ગામ જવાના રસ્તે પાછો ફરી રહ્યો હતો, તેવામાં તેની સામે એક ઘોડે સવાર આવ્યા તેમણે કહ્યુ ઉભા રહો. તે પછી કહ્યુ શૈખ મુફીદ અ.ર. એ કહ્યુ છે કે માના પેટમાંથી બાળક ઓપરેશન કરીને બહાર કાઢી લેવું. પછી માંના પેટને સીવીને એકલી સ્ત્રીને દફન કરવામાં આવે.

તે માણસે આ વાત ને સ્વીકારી બીજા ફતવા ઉપર અમલ કર્યો.

થોડા સમય પછી તે માણસ બગદાદ શહેરમાંથી પસાર થયો ત્યારે તેણે શૈખ મુફીદ અ.ર. ને આ વાત કહી. શૈખ મુફીદ અ.ર. એ ફરમાવ્યુ ''મે તો આ ફતવાની સાથે કોઇની મોકલ્યો ન હતો. એમ લાગે છે કે તે ઘોડે સવાર ઇમામે અસ્ર અ.સ. હતા.'' (જેમણે આ તબકકે મદદ કરી) તે પછી શૈખ મુફીદ અ.ર. ફરમાવે છે કે આ બનાવથી એમ જણાય છે કે હું ફતવા આપવા અને મરજઇઅત જેવી જવાબદારીને પાત્ર નથી. તે દિવસ પછી પોતાના ઘરનો દરવાજો બંધ કરી દીધો. અને લોકોને કહ્યુ હવે મને મસઅલાઓ પૂછવામાં ન આવે.

હજુ સમય પસાર થયો ન હતો કે ઇમામ અસ્ર અ.સ. તરફથી પત્ર મુબારક આવી પહોંચ્યો, જેમાં ઇમામ અ.સ. એ ફરમાવ્યુ ''આપ ફતવા આપો. અમે આપને ભુલચુકથી રક્ષણ આપીશું અપને એકલા નહી છોડીએ કે શરત ચુક થઇ જાય''.

ત્યાર પછી શૈખ મુફીદ અ.ર. એ ઇમામે ઝમાના ના હુકમથી બીજી વખત મરજઇઅતનો બોજ ઉઠાવ્યો અને લોકોને મસઅલાનો જવાબ આપવાનું શરૂ કર્યુ. (કસસુલ ઓલમાં પાના નં. ૪૪)

## ૪૨. ઇમામ અ.સ.ને દરેક વસ્તુની માહિતી છે.

જનાબ મુફઝઝલે હઝરત ઇમામ જાફરે સાદિક અ.સ. અર્ઝ કરી : હું આપ ઉપર કુર્બાન, શું એ શકય છે કે ખુદાવંદે આલમ કોઇ બંદાની ઇતાઅત તમામ લોકો ઉપર વાજીબ કરી દેય. અને આસ્માનની માહિતી તેનાથી છુપાએલી હોય ?

ઇમામ અ.સ. એ ફરમાવ્યુ નહીં. ખુદાવંદે આલમ પોતાના બંદાઓ ઉપર તેનાથી વધુ મહેરબાન ચાહનાર અને દયાવાન છે, કે પોતાના કોઇ બંદાની ઇતાઅત વાજીબ કરી દેય અને આસમાનની ખબરો સવાર સાંજ તેનાથી છુપાએલી હોય (ઉસુલે કાફી ભાગ - ૧ પાના નં. ૨૫૧ હદીસ - ૩)

આ હદીસોથી સ્પષ્ટ થાય છે કે આસમાન અને જમીનની બધી ખબરો દરરોજ સવાર સાંજ ઇમામ અ.સ.ની પાસે રજુ કરવામાં આવે છે. અને ઇમામ અ.સ. આપણી એક એક વાતથી માહીતગાર છે.

અઇમમ્મએ માઅસુમીન અ.મુ.સ. ન માત્ર આપણી પરિસ્થિતીથી જાણકાર છે. બલકે તેમને આપણા દુઃખ દર્દોની પણ અસર થાય છે. નીચેના પ્રસંગ પરથી તેનો અંદાજ આવી શકશે.

રમીલાનુ બયાન છે, હું હ. અલી અ.સ.ના ઝમાનામાં જબરજસ્ત બીમાર પડી ગયો જુમ્આના દિવસે જરા રાહત થઇ. મે વિચાર્યુ કે કેટલુ સારે થતે, જો હું આજે ગુસ્લ કરીને હ. અલી અ.સ. ની પાછળ નમાઝ અદા કરૂ મે એમજ કર્યુ મસ્જીદે ગયો ત્યારે હઝરત ખુત્બો આપી રહ્યા હતા. મારી હાલત ફરી ખરાબ થઇ નમાઝ પછી જયારે હઝરત કસ્ર નામની જગ્યા ઉપર ગયા. તો હું પણ તેમની સાથે હતો. તેમણે મને કહ્યુ એ રમીલા તમે કેમ તડપી રહ્યા હતા ? મે મારી બિમારીની વાત કરી અને મારી હાલત જણાવી તે પછી હઝરતે ફરમાવ્યુ ''એ રમીલા જયારે કોઇ મોઅમીન બિમાર હોય છે, ત્યારે અમે તેની બિમારીમાં બિમાર હોઇએ છીએ જો કોઇ દુઃખી કે ગમગીન હોય છે તો અમે પણ તેની સાથે દુઃખી કે ગમગીન હોઇએ છીએ. જો કોઇ દુઆ કરે છે તો અમે તેની દુઆ પર આમીન કહીએ છીએ. અને જો કોઇ ચુપ રહે છે તો અમે તેના માટે દુઆ કરીએ છીએ.

રમીલાએ અર્ઝ કરી આપની આ વાતચીત માત્ર એ લોકોની માટે છે, કે જેઓ આ કસ્ર નામની જગ્યામાં રહે છે. જે લોકો દુનિયાના બીજા ભાગમાં રહે છે. તેઓના માટે શું ? ઇમામે

અ.સ.મે ફરમાવ્યુ એ રમીલા ! દુનિયામાં પૂર્વથી પશ્ચિમમાં કોઇપણ મોઅમીન અમારી નજરથી ગાએબ નથી. (ખસાએફલ દરજાત પ્ર. ૧૭ હ. ૧)

આ પ્રસંગથી જરૂર સમજી શકાશે કે અઇમ્મએ માઅસુમીન અ.મુ.સ. પોતાના દોસ્તોને કેટલા ચાહે છે. એક બાપ પણ પોતાના દિકરાને આટલો નથી ચાહતો, જ્યારે અઇમ્મા અ.મુ.સ. આપણી સાથે આટલી મહોબ્બત રાખે છે. તેથી આ મહોબ્બતના ઓછામાં ઓછા બદલારૂપે આપણે એવા કાર્યો કરીએ, જેથી આ મહાન હસ્તીઓ આપણાથી ખુશ થાય અને તે બાબતોથી દુર રહીએ જેનાથી તેઓ નારાઝ થાય.

### ૪૩. પગના ઝખ્મમાંથી શિફા મળી.

મીર્ઝા મોહમ્મદ સઇદના પગમાં દર્દ શરૂ થયું. ધીરેધીરે બન્ને પગ ઉપર સોજા ચડી ગયા. એ દર્દ એટલે બધુ વધી ગયુ હતુ કે તેઓ સીધા ચાલી શકતા ન હતા. તેથી લંગડાઇને ચાલતા હતા. તેઓએ ડોકટરો પાસે ઇલાજ કરાવ્યો પણ થોડા સમય પુરતુ ફાયદો થયો. થોડા દિવસ પછી પાછો દુ:ખાવો શરૂ થઇ ગયો. એટલુજ નહી બન્ને પગમાં રસી થઇ ગયા. તેમજ તેની અસર આખા શરીરમાં થઇ ગઇ. શરીરમાં જગ્યા જગ્યાએથી રસી નિકળતી હતી. તેને કોઇપણ દવાથી કોઇ ફાયદો થતો ન હતો. તેના દર્દમાં દિવસે દિવસે વધારો થતો હતો છેવટે તેની હાલત એવી થઇ ગઇ કે તે જમીન પર પગ માંડી શકતો ન હતો. તેના શરીરમાંથી એટલુ બધુ લોહી વહી ચુકયુ હતુ. કે શરીર ઉપર માત્ર ચામડી અને હાડકા બાકી રહ્યા હતા. તેને સતત દર્દ થતુ હોવાને કારણે તેનો સ્વભાવ ચીડયો થઇ ગયો હતો. તેની આ બીમારીને લીધે કુટુંબના બધાજ સભ્યો પરેશાન થઇ ગયા હતા. તેનું આખુ શરીર એટલુ બધુ સડી ચુકયુ હતુ કે કોઇ તેના શરીરના એક ભાગ ઉપર હાથ મુકતુ તો તે શરીરના બીજા ભાગમાંથી રસી બહાર આવી જતી હતી. યોગાનુયોગ એવો થયો કે એ દિવસોમાં નાઇન શહરમાં વબા (પ્લેગ) ની બીમારી ફાટી નિકળી હતી. તેથી પ્લેગના ડરથી તે લોકો બીજા ગામ ચાલ્યા ગયા. ત્યા આકા યુસુફ નામના એક નિષ્ણાંત તબીબ હતા. તેમને મીર્ઝા મોહમ્મદની તબીયત દેખાડવામાં આવી. લાંબાસમય સુધી જોયા પછી તેણે દર્દીના માસા અબ્દુલ વહાબને ખુણામાં લઇ જઇને કાંઇ કહ્યુ. જેનાથી એમ જણાઇ આવતુ હતુ કે આ નિષ્ણાંત તબીબ પણ તેના ઉપચાર કરવા માટે લાચાર છે. તે પછી તો તેના ઘરના સભ્યોની નિરાશામાં વૃધ્ધી થઇ ગઇ. તેઓ હતાશ થઇ ગયા. એવામાં એવી જાણકારી મળી કે.

એક ગામમાં મીર્ઝા અબુતાલીબ નામનો એક માણસ જે ખુબજ મુત્તકી અને પરહેઝગાર છે. તેની પાસે ઇમામે અસ્ર અ.સ. ની ખીદમતમાં પ્રસ્તુત કરવા માટે એક અરીઝા અને એક ઇસ્તેગાસા છે. જે અરીઝા ખુબજ અસરકારક અને અકસીર છે. બીમાર માણસની માતા મીર્ઝા અબુતાલીબની પાસે પહોંચી. તેણે પોતાના બિમાર ફરઝંદની શફા માટે અરીઝા લખવાની વિનંતી કરી. જુમ્આના દિવસે તેઓએ એક અરીઝા લખી આપી. બિમાર માણસની માતા તે

અરીઝા લઇને એક કુવા પાસે અરીઝા નાખવા માટે ગઇ. જયારે તેણીએ તે અરીઝા નાખી દીધી તો તે અરીઝા અધવચ્ચેજ રહી ગઇ આ જોઇને તે સ્ત્રી ખુબજ રડવા લાગી. બીમારના ભાઇએ રાતના એક સ્વપ્ન જોયુ કે ઇમામ અસ્ર અ.સ. તશરીફ લાવ્યા છે. તેઓના હાથ મુબારકમાં એક નેઝો છે. જે નેઝાની તેઓ (અજ.) એ મારા ભાઇના પડખા પર રાખ્યો અને ફરમાવ્યુ, ઉઠો તમારા માસાનું સ્વાગત કરો (તેના માસા ઘણા સમયથી પ્રવાસમાં ગયા હતા. તેના વિષે કોઇ સમાચાર ન હતા. તેથી તેમના વિષે પણ કુટુંબીજનો ચીંતીત હતા) મારો ભાઇ ઉઠયો અને ઉભો થઇને દરવાજા સુધી માસાના સ્વાગત માટે ગયો. આ સ્વપ્ન જોયા પછી બિમારના ભાઇની આંખો ખુલ્લી ગઇ સવારનો સમય છે. ઘરના બધા લોકો સુતા છે. તે તુરંતજ પોતાના બિમાર ભાઇની પાસે આવ્યો તેને જગાડયો અને કહ્યુ, ભાઇ ઉઠો તમને ઇમામે અસ્ર અ.સ. મે શફા આપી છે.આમ કહેતા તેનો હાથ પકડીને તેને ઉઠાડયો. જે બિમાર ભાઇ રાત સુધી જમીન ઉપર પગ પણ મુકી શકતો ન હતો તે ખુબજ સારી રીતે ઘરમા ચાલી રહ્યો હતો. તેના આખા શરીરમાં રોગનું કોઇ નામો નિશાન ન હતુ. તે અરીઝા અને ઇસ્તેગાસા નીચે મુજબ છે.

ઉપર મુજબની અરીઝા લખીને વહેતા પાણીમાં અથવા કુવામાં નાખી દેવી અને તે વખતે નીચે મુજબ કહેવુ યા ઉસ્માન બીન સઇદ, વ યા મોહંમદ બીન ઉસ્માન, અવસેલા કિસ્સત એલા સાહેબીઝઝમાન સલવાતુલ્લાહે અલયહ.(ઇરફાન ઇમામત કિસ્સો-૧૦૯)

### ૪૪ હાજી અલી બગદાદીને ઇમામ (અ.સ.) ની મુલાકાત

અલ્લામા હાજી મીરઝા હુસેન નુરી પોતાની કિતાબ ''નજમુસ્સાકીબમાં'' લખે છે વળી તેજ બનાવને હાજી શેખ અબ્બાસ ઉમ્મી કીતાબે ''મફાતીહુલ જીનાન માં નીચે પ્રમાણે લખે છે કે :

હાજી અલી બગદાદી કહે છે કે મારી પાસે હકકે ઇમામના ૮૦ તુમાન (સીકકા પૈસાના) હતા. હું નજફ ગયો ને તેમાના ૨૦ હાજી શેખ મુરતુજા અન્સારી મુજતહેદને આપ્યા અને બીજા ૨૦ હાજી શૈખ મોહમ્મદે હુસૈને મુજતહેદે કાઝેમૈનને આપ્યા બીજા ૨૦ શેખ મોહમ્મદે હસને સુરકી મુજતહેદને આપ્યા પછી હું બગદાદથી કાઝમૈન ઝિયારત માટે ગયો. અને ત્યા શેખ મૌહમ્મદ હસન કાઝેમૈની (જે યાસીનની ઓલાદમાંથી હતા.) તેની મુલાકાત કરી અને બાકીના ૨૦ માથી થોડા તેમને આપ્યા. પછી ઝિયારત કરી હું જવા માંગતો હતો પણ શૈખ મોહમ્મદ હસને કાઝમૈનીએ મને રોકાવાનું કીધુ. પણ મે કીધુ કે આજ રાતે મારે મારા કારખાનાના મજુરોને મજુરી દેવાની છે .એટલે મેં બગદાદ તરફ ચાલવા માંડ્યું.

આગળ જતાં મે એક તેજસ્વી પુરૂષને જોયા. તેણે આવી મને સલામ કરી, મુસાફો લીધો. અને બગલગીરી કરી, તેમણે લીલો ફેટો માથા પર બાંધ્યો હતો. તેમના જમણા ગાલ પર તલનો ડાઘ હતો. તેમણે મને પૂછ્યુ કે તું ક્યાં જાય છે? મે કીધુ કે કામ હોવાથી ઝિયારત કરી હું પાછો

બગદાદ જાઉ છું. તેમણે કહ્યુ કે તું પાછો ફર અને આજ જુમ્આની રાત છે માટે ઝિયારત કર. અને હું કયામતમાં સાક્ષી આપીશ કે તું મારા દાદા હઝરતે અલી અ. નો શીયા,દોસ્ત છે. અને તે શેખ પણ તારા માટે સાક્ષી પણ આપશે. (આ વખતે હાજી અલી મનમાં વિચારતો હતો કે હું તે શેખ મોહમ્મદ હસન પાસેથી ચીઠ્ઠી લખાવીશ અને મારા કફનમાં રાખીશ. તેથીજ પેલા નવા આવનાર માણસે કહ્યુ કે તે શેખ પણ તારા માટે સાક્ષી આપશે) ત્યારે હાજી અલીએ કહ્યુ કે મે પુછ્યુ તે માણસ ને આપે કેવીરીતે જાણ્યુને,મને કેવીરીતે ઓળખ્યો ? ત્યારે તેમણે કહ્યુ કે શું તે માણસ કે જેનો હક બીજો માણસ આપે તેને તે ન ઓળખી શકે ? ત્યારે મે પુછ્યુ કે કયો હક ? તો તેઓએ કહ્યુ કે તે હક કે જે તેં અમારા વકીલોને આપ્યા છે. મેં પુછ્યુ કે કયા વકીલો ? તેઓએ કહ્યુ શેખ મોહમ્મદ હસન અને વગેરે. મેં મનમા કહ્યુ કે આ માણસ મને ઓળખે છે. અને હું તેને ભુલી ગયો લાગુ છું. મારા મનમાં થયુ કે આ માણસને ઇમામના હકની જરૂર છે. તેથી મે તેને કહ્યુ કે એ સરદાર હું શૈખ મોહમ્મદ હસનની રજાથી તને ઇમામનો હક આપીશ તો તેણે હસીને કહ્યુ કે તે મારો હકક આપીદીધો છે. ત્યારે મે પૂછ્યુ કે શું તે કબુલ થયો છે. તેમણે કહ્યુ હા. ફરી મે પુછ્યુ કે શું આલીમો તમારા વકીલો છે? તેમણે જવાબ આપ્યો ''હા''.

પછી તેમના કહેવાથી હું પાછો ફર્યો અને અમે કાઝમૈન તરફ જવા લાગ્યા મે જોયુ કે જે રસ્તો પેલા સુકો હતો. તે અત્યારે ફુલ ફળાદી અને વૃક્ષોથી લીલો છમ થઇ ગયો છે. અને વૃક્ષોને લીધો રસ્તા પર છાયો પડતો હતો. એક બાજુથી સફેદ પાણીનો ઝરો વહેતો હતો. મે અજાયબીથી તેને પુછ્યુ કે આ બધુ શું છે ? તેમણે કીધુ કે જે લોકો અમારા દાદાની ઝીયારત કરે છે તે લોકોને આ બધા ફાયદા મળે છે. તેથી હું ઘણોજ ખુશ થયો. તેમજ જરા વિચારવા પણ લાગ્યો કે આ માણસ કોણ છે? તેથી ખાતરી ખાતર મેં તેમને અમુક સવાલો પૂછ્યા,તે આ પ્રમાણે છે.

(૧) મે તેમને પુછ્યું કે મેં શૈખ અબ્દુર રઝઝાક મર્હુમથી સાંભળ્યુ છે કે જે માણસ દિવસે રોઝો રાખે,રાત ભર ઇબાદત કરે,ચાલીસ હજ કરે અને સફા અને મરવાની વચ્ચે મરણ પામે અને તે હ. અલી અ.સ. નો દોસ્ત ન હોય તો તે બધુ નકામુ છે. તો મે તેમને પુછ્યુ કે શું આ સાચુ છે. ? તો તેમણે જવાબ આપ્યો કે 'હા'

(૨) મે પુછ્યું કે શું એક માણસ કે જે મારો સગો છે તે હ. અલી અ.સ. ના દોસ્ત માંથી છે કે નહીં. ? તેમણે જવાબ આપ્યો 'હા'.

(૩) આલીમો કહે છે કે એક વખત સુલેમાને અઅમશ કોઇની પાસે ગયો અને ઇમામ હુસૈન અ.સ. ની ઝીયારતના બારામાં પુછ્યુ તો તેણે જવાબ આપ્યો કે તે બીદઅત છે ત્યાર પછી સુલેમાને સ્વપ્નમાં એક પાલખી જમીન અને આસમાનની વચ્ચે જોઇ તેમા જનાબે ફાતેમા સ.અ. અને જનાબે ખદીજા સ.અ. હતા અને તેઓ જુમ્આની રાત હોવાથી હ. ઇમામ હુસૈન અ.સ.ની ઝીયારત માટે જતા હતા. પાલખીમાંથી નાના નાના કાગળના ટુકડા ફેકાતા હતા. અને

તેમા લખેલુ હતું કે જેઓ ઇ. હુસૈન અ.સ.ના ઝવ્વારો છે, તેઓ કયામતના દિવસે દોઝખની આગથી બચી જશે. શું તે વાત સાચી છે ? તેમણે જવાબ આપ્યો ‘હા.’

(૪) શું હ. ઇમામ હુસૈન અ.સ. ની ઝીયારત લોકોના માટે એક અમાન છે, તેમણે જવાબ આપ્યો કે ‘હા’, અને તેમની આંખ માંથી આંસુ સરી પડયા.

(૫) મે તેમને સવાલ કર્યો કે દરોદ ગામમાં મને એક તુર્કી અરબ મળ્યો તે ઇમામે રઝા અ.સ. ની ઝિયારત કરી પાછો ઘરે જતો હતો. મે તેને આમંત્રણ આપ્યું અને પૂછ્યુ કે ઇમામે રઝા અ.સ. નું શહેર કેવું છે? તો તેણે કીધુ કે તે જન્નત છે. અને તેણે ત્યાં ૧૫ દિવસ મૌલાનું અનાજ ખાધુ હતું. એટલે તેને કબરમાં મુન્કીર અને નકીર ફરીશતા સતાવશે નહી. કારણ કે તેનુ ગોશ્ત અને લોહી ઇમામના ખોરાકથી સાફ બન્યા છે. અને ઇમામે રઝા અ.સ. કબરમાં આવી બચાવશે. શું આ વાત સાચી છે ? તેમણે જવાબ આપ્યો ‘હા’.

ફરી પાછા મે તેમને સવાલો પૂછવા શરૂ કર્યુ. મે તેમને પુછ્યુ કે મે પણ ઇમામે રઝા અ.સ.ની ઝીયારત કરી છે,શું તે કબુલ થઇ છે? તેમણે કીધુ ‘હા’,શું મારા દોસ્ત હાજી મોહમ્મદ બઝ્ઝાજ બાશી જે મારી સાથે મુસાફરીમાં હતા. તેની પણ ઝિયારત કબુલ થઇ છે ? તેમણે કહ્યુ ‘હા’. વળી બીજો એક માણસ બગદાદી કે જે મારી સાથે હતો તેની પણ ઝિયારત કબુલ થઇ છે? ત્યારે તેમણે જવાબ આપ્યો નહીં,એટલે હું તરતજ સમજી ગયો કેમકે તે માણસ સારો ન હતો. વળી તેણે પોતાની માતા ને મારી નાખી હતી.

તે પછી અમો ચાલવા લાગ્યા અને એક રસ્તા પર આવ્યા કે જે યતીમોનો રસ્તો કહેવાતો હતો. જો કે તે રસ્તેથી જવા માટે હું તો નારાઝ હતો પણ જયારે તેમણે કહ્યુ કે આ માર્ગ મારા દાદા અમીર અ.સ. નો છે. અને હ. અલી અ.સ. ના દોસ્તો માટે તે રસ્તા પર ચાલવું જાએઝ છે. ત્યારે અમે ત્યાંથી ચાલ્યા,તે રસ્તા પર એક બાગ હતો. તેના માલિક હાજી મીર્ઝા હાદી હતો. વળી તે અજમનો પૈસાદાર હતો ત્યારે મે તેમને પુછ્યુ કે આ બાગ ઇમામે રઝા અ.સ. નો છે. અને તેમનાથી છીનવાઇ લેવાયો છે ? તેમણે કીધુ કે ચુપ રહો. ત્યાંથી આગળ ચાલતા નાની નદી આવી ત્યા આગળ બે રસ્તા હતા. એક રાહે સુલતાની હતો. અને બીજો રાહે સાદાતી હતો. અમો રાહે સાદાતીથી ગયા. થોડા પગલા પછી મે જોયુ કે અમો ઇમામે મુસા અ.સ.ના રોઝાના સહેનમાં હતા. પછી બાબુલ મુરાદના દરવાજામાંથી હરમમાં દાખલ થયા. ત્યા તેમણે મને ઝિયારત પડવાનું કીધુ. અને મારા માટે તેમણે ઝિયારત પડવી શરૂ કરી. ઝિયારતમાં તેમણે અગીયાર ઇમામોના નામ લીધા. અને અગીયારમાં ઇમામના નામ વખતે કીધુ કે અસ્સલામો અલયકુમ યા અબા હસન અસ્કરી પછી તેમણે મને કીધુ કે શું તું તારા ઝમાનાના ઇમામને ઓળખે છે?

મે જવાબ આપ્યો ‘હા’, તેમણે કહ્યું કે તો પછી તું તારા ઝમાનાના ઇમામ પર સલામ કર. તેથી મે કીધુ અસ્સલામો અલયકુમ યા હુજ્જતલ્લાહે સાહેબુઝઝમાન યા અબલ હસન. તેઓ હસ્યા

અને જવાબ આપ્યો કે અલયકસ્સલામ.પછી રોઝાને ચુમ્યા પછી મે કહ્યુ કે હવે બીજી ઝિયારત પડો.તેથી તેમણે ઝિયારતે અમીનુલ્લાહ પડવાની શરૂ કરી. એટલામાંતો બત્તીઓમાંની એક બત્તી સુરજ જેવી પ્રકાશીત બની.તે પછી ઇમામ હુસૈન અ.સ.ની ઝિયારત કરી.તેવામાં મગરીબની નમાઝની અઝાન થઇ ગઇ. તેથી અમો બાજુની મસ્જીદમાં ગયા. તેમણે મને કહ્યુ કે તું નમાઝે જમાઅતમાં શરીક થઇ જા.તેથી હું નમાઝમાં શામીલ થઇ ગયો અને પોતે ઇમામની બાજુમાં નમાઝ પડવા લાગ્યા.જયારે નમાઝ પુરી થઇ તો મને પાછા તેઓ ન જ દેખાણા પછી મે ઘણીજ શોધ કરી. પરંતુ તેઓ મને ન મળ્યા. પછી હું વિચાર કરવા લાગ્યો કે તેઓ કોણ હશે? કે જેમણે મને આટલા સવાલના જવાબ આપ્યા. મોઅજીઝા બતાવ્યા.ઝિયારત પડતા મે સલામ કરી તો તેણે જવાબ આપ્યો. નાછુટકે મે આખી રાત ઘણીજ બેચેનીમાં પસાર કરી. સવારે હું તે શૈખ મૌહમ્મદ હસન પાસે ગયો અને બધી વાત તેને કહી સંભળાવી. તેણે મને કીધુ કે ચુપ રહો અને કાંઇ ન બોલો. તે પછી એક મહિને તેજ હરમમાં મે એક સૈયદને જોયા.તેમણે મને પુછ્યુ કે એક માસ પહેલા તારી સાથે શું બનાવ થયેલો. તું મને કહે પણ હું ચુપ રહ્યો, એટલા માં તો પાછા તે સૈયદ ગાએબ થઇ ગયા.(ઇરફાન ઇમામત,કિસ્સો : ૭૮)

### ૪૫. મારા ઝરીએ મારી એહલ અને શીઆ પરથી મુસીબતો દૂર થશે.

ઇબ્રાહીમ બીન મોહમ્મદ અલવીથી રિવાયત છે કે મને તરીફ અબુ નસ્રે બયાન ફરમાવ્યું કે હું ઇ.ઝમાના (અ.સ.) ની ખિદમતમાં હાઝીર થયો. આપે મને લાલ ચંદન આપ્યું, અને ફરમાવ્યું કે શું તમે મને ઓળખો છો? મે કહયું,'હા' આપે ફરમાવ્યું ''હું કોણ છું ?'' મે જવાબ આપ્યો,

''આપ મારા સરદાર અને સરદારનાં ફરઝંદ છો''

આપે કહયું ''આ મારા પ્રશ્નનો જવાબ નથી'' મે કહયું '' હુ આપના પર કુરબાન, આપ જ બતાવો'' આપે ફરમાવ્યું ''હું ખાતેમુલ અવસીયા છું, મારા ઝરીએ મારી એહલ અને મારા શીઆ પરથી મુસીબતો દૂર થશે.'' (કમાલુદ્દીન વ તમામુન નેઅમા પેજ.૪૨૬)

### ૪૬. વેપારમાં ઇન્સાફના કારણે ઇ.મહદી (અ.સ.)ની મુલાકાત

એક માણસને હ.ઇ ઝમાના અ.સ.ની મુલાકાત અને ઝિયારતની મોટી તમન્ના હતી. દરેક સમયે તેના મનમાં ફકત આ એક જ તમન્ના રહેતી હતી. મુલાકાતથી વંચિત રહેવાનાં કારણે તે ખૂબ જ ગમગીન રહેતો.

તે ઇન્સાને મુલાકાત માટે ખૂબ જ દુઆ કરી, ખૂબ જ ઇબાદત કરી, જે અમલ થઇ શકતો હતો. તે અંજામ આપ્યો,નજફે અશરફનાં આલીમોમાં આ વાત મશહુર છે, કે અગર કોઇ શખ્સ હઝરત ઇમામે ઝમાના અ.સ.ની મુલાકાત કરવા ચાહતો હોય તો તેને જોઇએ કે તે ૪૦ શબે બુધ

મગરીબ ઇશાની નમાઝ મસ્જીદે સહલામાં અદા કરે. ઇન્શાઅલ્લાહ ઇમામ અલયહિસ્સલામની ઝિયારત નસીબ થશે.

આ વ્યકિતએ પણ તેના ઉપર અમલ કર્યો કે જેથી તેની તમન્ના પુરી થાય.ત્યાર પછી તેણે બીજા ઇલ્મો, ઇલ્મે અઅદાદ વગેરેનો સહારો લીધો. તેમાં કાબેલીયત મેળવી દરેક પ્રકારની કોશીષ કરી. પરંતુ તમન્ના પૂરી ન થઇ.તેણે ચાલીસ ચાલીસ દિવસનાં કેટલાય અમલ કર્યા, તો પણ તેની ઝિયારતે ઇમામ અ.ની હાજત પુરી ન થઇ.તેમાં એવા અમલ પણ કર્યા જેમાં આખી રાત જાગવુ પડતું. આ અમલો (કાર્યો ઇબાદત) એ તેની રૂહને પાક કરી દીધી, અને તેને ખાસ નુરાનીય્યત પ્રાપ્ત થઇ.

એક વખત કોઇએ તેને કહયું, અગર તમે ઇમામે ઝમાના અલયહિસ્સલામની ઝિયારતની ખુશનસીબી હાંસિલ કરવા ઇચ્છતા હો અને તેમની મુલાકાત કરવા ચાહતા હો તો ફલાણા શહેરમાં ચાલ્યા જાવ. તે શહેર જો કે ઘણુ દૂર હતું, અને મુસાફરી પણ સરળ ન હતી. પરંતુ ઇમામથી મુલાકાતની તમન્ના તેને ત્યાં લઇ આવી.

તે શહેરમાં આવીને તેને ૩૭ અથવા ૩૮ દિવસ થઇ ગયા હતા, પરંતુ તેની હાજત પુરી થઇ ન હતી. એક વખત તેને એક સંદેશો મળ્યો.અગર તમે ઇમામે ઝમાના અલયહીસ્સલામથી મુલાકાત કરવા ચાહતા હો, તો આ સમયે ઇમામે ઝમાના અ.સ. બઝારમાં વૃધ્ધ તાળા વેચનારની દુકાને તશરીફ લાવ્યા છે. હમણા જ તુરંતજ જાવ, તમારી હાજત પુરી થશે અને વર્ષોની તમન્ના પુરી થશે.

આ માણસ તુરંતજ ઉભો થયો, અને બતાવેલા રસ્તા પર ચાલવા લાગ્યો. વૃધ્ધ તાળા વેચનારની દુકાને પહોંચ્યો. જોયું કે ઇમામે ઝમાના અલયહીસ્સલામ ત્યાં મૌજુદ છે, અને વૃધ્ધ શખ્સ સાથે ખૂબ જ મોહબ્બતથી વાતો કરી રહયા છે .તેણે ઇમામે અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં સલામ કરી. ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો અને ચૂપ રહેવા ઇશારો કર્યો.

તે સમયે દુકાને એક વૃધ્ધ ઔરત આવી હતી. જે ખૂબજ કમઝોર હતી, તેની કમર ઝુકી ગઇ હતી. હાથમાં લાકડી હતી. હાથ ધ્રુજી રહયા હતાં પગ કાંપતા હતા. આ હાલતમાં તેણે એક તાળુ વૃધ્ધ દુકાનદારને આપ્યું અને કહયું, ''શું તમે આ તાળાને ત્રણ રૂપિયામાં ખરીદશો, કારણકે આ સમયે મને ત્રણ રૂપિયાની ખુબજ જરૂરત છે.''તે વૃધ્ધ દુકાનદારે તાળુ હાથમાં લીધું જોયું તો તાળામાં કોઇ ખરાબી ન હતી. તાળુ બિલ્કુલ સારૂ હતું. તેણે કહયું ''અય બહેન! આ તાળાની કિંમત દસ રૂપિયા છે અગર તમે તેની ચાવીનાં બે રૂપિયા આપશો,તો તાળાની કિંમત દસ રૂપિયા આવશે.''તે વૃધ્ધ સ્ત્રીએ કહયું ''મને આ તાળાની જરૂરત નથી મને તો આ સમયે ફકત ત્રણ રૂપિયાની જરૂરત છે. તમે ત્રણ રૂપીયા આપી દયો અને તાળુ લઇ લો''.

તે વૃધ્ધ દુકાનદારે કહયું, ''બહેન! હું પણ મુસલમાન છું અને તમે પણ મુસલમાન છો. હું એક મુસલમાનનો માલ સસ્તામાં શા માટે ખરીદું? અને કોઇના હકને શા માટે બરબાદ કરૂ? અત્યારે આ તાળાની કિંમત ૮ રૂપિયા છે. અગર નફો મેળવવા ચાહું તો હું આ તાળાને ૭ રૂપિયામાં ખરીદીશ, કારણકે આનાથી વધારે નફો મેળવવો ઇન્સાફની વિરૂધ્ધ છે. અગર તમે આ તાળુ વેચવા ચાહો તો હું ૭ રૂપિયામાં ખરીદીશ, અને એક રૂપિયો નફો લઇ ૮ રૂપિયામાં વેચીશ.હું ફરીવાર કહું છું,આ તાળાની કિંમત ૮ રૂપિયા છે અને ૭ રૂપિયામાં ખરીદીશ અને ૧ રૂપિયો નફો મેળવીને ૮ રૂપિયામાં વેચીશ.''આ વૃધ્ધ સ્ત્રીને દુકાનદારની વાત પર યકીન આવતું ન હતું. તે નાખુશ થઇને બોલી ''હું કેટલી વારથી આ બઝારમાં ફરૂ છું. એક એક દુકાનદારને વિનંતી કરી,પરંતુ એક પણ વેપારી ત્રણ રૂપિયામાં તાળુ ખરીદવા તૈયાર ન હતો. મારે અત્યારે ત્રણ રૂપિયાની જરૂરત છે, અને બજારમાં ત્રણ રૂપિયામાં તાળુ ખરીદવા કોઇ તૈયાર નથી.''તે વૃધ્ધ દુકાનદારે ૭ રૂપિયા તે વૃધ્ધ સ્ત્રીને આપ્યા અને તાળુ ખરીદી લીધું.

આ સમયે ઇમામ અ.સ. તે ઇન્સાન ને કહે છે.''અય મારા દોસ્ત, તે આ પ્રસંગને જોયો. અગર તમે લોકો આ રીતે રહો, આ રીતે ઇન્સાફ થી વર્તો તો હું ખુદ તમારી પાસે આવીશ,તમારે આટલી મુશ્કેલી અને મહેનત કરવાની જરૂર નથી.

''તમે અમલ (નેક કાર્યો) કરો.મુસલમાન બનો કે જેથી અમે તમારી મદદ કરીએ, મે આ શહેરમાં આ વૃધ્ધ શખ્સને પસંદ કરી લીધો છે. કારણકે આ માણસ મઝહબી (દીનદાર) છે. ખુદાને ઓળખે છે તે તેમનું ઇમ્તેહાન જોયું, આ વૃધ્ધ સ્ત્રી બધી દુકાને ગઇ તેને જરૂરતમંદ જોઇને દરેક તેના માલને ઓછી કિંમતમાં ખરીદવા ચાહતા હતા. કોઇ તેના (તાળાના) ૩ રૂપિયા દેવા પણ તૈયાર ન હતું, પરંતુ આ વૃધ્ધ દુકાનદારે તે તાળાને ૭ રૂપિયામાં ખરીદયું.આજ કારણ છે કે હું તેની મુલાકાતે તેના ખબર અંતર પૂછવા દર અઠવાડીયે આવુ છું.''

(ડીમીયા એ મોહબ્બત, પેજ-૪૧ થી ૪૩)

તારણોઃ આ વાકેઆમાંથી આપણને સબક મળે છે કે

(૧) અગર આપણી ઝીંદગીમાં, આપણા ધંધામાં, આપણા વેપારમાં ઇમાનદારીથી કામ લઇએ,તો ઇમામે ઝમાના અલયહિસ્સલામની

ઇનાય તો આપણી સાથે હશે.

(૨) અને દરેક કામ ખુદાની ખુશ્નુદી માટે કરીએ.

(૩) કોઇની મજબુરીનો ખોટો ફાયદો ન ઉપાડીએ.

(૪) વસ્તુને તેની યોગ્ય કિંમતમાં ખરીદીએ.

(૫) એક મુનાસીબ માપથી વધારે નફો હાંસિલ ન કરીએ.

## ૪૭. ઇમામે ઝમાના અલયહિસ્સલામ માટે દુઆ કરવાના ફાયદા.

હઝરત આયતુલ્લાહ સૈયદ મોહમ્મદતકી મુસવી ઇસ્ફહાની અલયહીર રહેમા એ પોતાની કિતાબ ''મીકયાલુલ મકારીમ''માં ઇ.ઝમાના અ.સ. માટે દુઆ કરવાના ૯૦ ફાયદા લખ્યા છે. ૧૪ મઅસુમીનની મુબારક સંખ્યા ૧૪ પ્રમાણે ૧૪ ફાયદા અહીં લખીએ છીએ.

ઇમામે ઝમાના અલયહિસ્સલામ માટે દુઆ કરવાથી

૧. નેઅમતોમાં વધારો થાય છે.

૨. આખરી ઝમાનાનાં ફિત્નાથી નજાત મળે છે.

૩. ઇમામે ઝમાના અલયહિસ્સલામ તેના માટે દુઆ કરે છે.

૪. કયામતમાં પૈગમ્બરે અકરમ (સ.અ.વ) અને અહેલેબૈત(અ.મુ.સ) ની શફાઆત નસીબ થશે.

૫. આપણી દુઆઓ કબુલ થાય છે.

૬. અજ્રે રીસાલત અદા થાય છે. ૭. આયુષ્યમાં વધારો થાય છે.

૮. કબ્ર અને કયામતની મુશ્કેલીઓથી નજાત મળે છે.

૯. ફરીશતાઓ તેના હકમાં દુઆ કરે છે.

૧૦.ફરીશતાઓ તેના માટે ઇસ્તીગ્ફાર કરે છે.

૧૧.કયામતમાં જ.ઝહરા સ.અ. ની શફાઅત નસીબ થશે.

૧૨.કયામતનાં દિવસે તેની ખિદમતમાં બેહતરીન તોહફાઓ પેશ કરવામાં આવશે.

૧૩.શહીદનો સવાબ મળશે.

૧૪.તેની બુરાઇઓને નેકીઓમાં ફેરવી દેવામાં આવશે.

(મીકયાલુલ મકારીમ ભાગ-૧)

યા અલ્લાહ! તને પંજેતને પાકનો વાસ્તો યુસુફે ઝહેરા ઇ.ઝમાના ઇ.મહદીઅ.નાં ઝુહુરમાં જલ્દી કર....અને તેમના ગુલામોના ગુલામોમાં અમારો શુમાર કર (ઇ.આમીન)

## ૪૮. ખુમ્સની અહેમીય્યત

હસન મુશતરીક કહે છે કે એક દિવસ અબ્દુલ્લા બિન અહેમદ નાસીરૂદ્દોલાની બેઠકમાં બેઠો હતો. આ બેઠકમાં ઇ.ઝમાના અ.ની ગયબતનો ઝિક્ર થઇ રહયો હતો. મે આ અકીદાની મઝાક ઉડાવી.આ સમયે મારા કાકા હુસૈન આ બેઠકમાં દાખલ થયા, અને તેમણે મને સંબોધીને કહયું,''અય બેટા! મારો અકીદો પણ તારા અકીદા જેવો જ હતો પણ...

એક વખતની વાત છે, કે મને કુમની હુકુમત મળી, કારણકે કુમવાસીયો બગાવત પર ઉતરી પડયા હતા અને જે પણ હાકીમ ત્યાં જતો તો કુમના લોકો તેને કત્લ કરી દેતા, અને સુલતાનનાં હુકમથી મારે ત્યાં જવાનું થયું. હું એક લશ્કર લઇને કુમ તરફ રવાના થયો અને અમારો પડાવ ઝરફ નામની જગ્યાએ હતો. ત્યારે હુ શિકાર કરવા નીકળ્યો, અને એક પ્રાણી પાછળ હુ શિકાર માટે પડયો અને હું જંગલમાં ઘણો જ દૂર નીકળી ગયો, અને એક નહેર પાસે પહોંચી ગયો, અને હું તેના કિનારે કિનારે ચાલતો રહયો અને જેમ આગળ જતો તેમ નહેરની પહોળાઇ વધતી જતી હતી.

આજ અરસામાં મેં એક ઘોડેસવારને જોયા જેઓ લાલ કલરનાં ઘોડા ઉપર સવાર હતા, અને માથા લીલો અમામો પહેર્યો હતો. ફકત તેમની આંખો જ દેખાતી હતી. તેમણે પગમાં લાલ કલરનાં મોજા પહેર્યા હતા.તે ઘોડેસવારે કહયું, ''અય હુસૈન (તેણે મને અમીર ન કહયો, કે ન મને કુન્નીય્યતથી બોલાવ્યો પરંતુ નામ લઇને બોલાવ્યો. શા માટે તમે ભૂલ કરો છો? અને મારી ઇમામતને હલકી સમજો છો? અને તમારા માલમાંથી ખુમ્સ કાઢીને મારા અસહાબ અને નાએબ સુધી શા માટે નથી પહોંચાડતા? હુસૈન આગળ કહે છે, કે હું એક બાવકાર બહાદુર ઇન્સાન હતો અને કોઇના થી પણ ડરતો નહિ, પરંતુ તે ઘોડેસવારનાં શબ્દોથી ધ્રુજવા લાગ્યો અને ભયભીત થઇ ગયો અને મે કહયું ''અય મારા સૈયદો સરદાર! તમે જે ફરમાવ્યું, તે મૂજબ અમલ કરીશ.''

પછી તે ઘોડેસવારે (કે જેઓ ઇ.ઝમાના અ.સ. હતા) કહયું,તું જે જગ્યાએ (કુમ) જવાનો ઇરાદો રાખે છે,ત્યાં જઇને તુ આસાનીથી સંઘર્ષ વગર, કત્લે આમ વગર તું તે શહેર (કુમ)માં દાખલ થઇશ અને તું જે કમાણી કર તેમાંથી ખુમ્મ કાઢજે અને તેના હકદાર સુધી પહોંચાડજે. મેં કહયું ''હા'' હું તે પ્રમાણે જ કરીશ. પછી તેમણે કહયું જાવ અને પોતે ઘોડાની લગામ ખેંચીને ચાલ્યા ગયા. મારી નજરોથી ગાએબ થઇ ગયા.મને ખબર ન પડી કે તેઓ કઇ તરફ ગયા મે ડાબી જમણી બાજુ જોયું અને પાછો ચાલ્યો આવ્યો.અને પછી હું આ આખો બનાવ ભૂલી ગયો.

કુમ પહોંચવાની તૈયારી હતી, ત્યારે મારો ખ્યાલ હતો કે કુમ વાસીઓ સાથે યુધ્ધ કરવું પડશે પરંતુ મને નવાઇ લાગી કે જયારે મે જોયું કે કુમ વાસીઓ સામેથી અમને કુમની બહાર મળવા આવ્યાં,અને કહયું જે કોઇ હાકીમ અમારા મઝહબના અકીદાથી વિરૂધ્ધ મઝહબનો હાકીમ આવતો તો અમે તેને કત્લ કરી દેતા, પરંતુ તમે તો અમારામાંથી જ છો, અને અમારી તરફ

આવ્યાં છો. તેથી તમારી અને અમારી વચ્ચે કોઇ પણ જાતનો વિરોધ નથી. માટે તમે ખુશીથી શહેરમાં દાખલ થાવ અને જે રીતે ચાહો તે રીતે શહેરની વ્યવસ્થા સંભાળો.

હું શહેરમાં દાખલ થયો અને શાસન વ્યવસ્થા સંભાળી લીધી. પછી હું એક લાંબો સમય કુમનાં અમીર તરીકે રહયો અને પુષ્કળ માલો દૌલતની કમાણી કરી. આ બાજુ બાદશાહનાં માણસોએ મારા વિરૂધ્ધ બાદશાહની કાનભંભેરણી કરી અને બાદશાહે મને કુમનાં હાકીમનાં પદ પરથી દૂર કરી દીધો.હું પાછો બગદાદ ચાલ્યો આવ્યો અને સીધો બાદશાહને મળીને મારા ઘરે પાછો ફર્યો.

મારા ઘરમાં લોકો મને મળવા માટે આવવા લાગ્યા, અને મારો રૂમ મુલાકાતીઓથી ભરેલો હતો. એ જ અરસામાં જ.મોહમ્મદ બીન ઉસ્માન (અ.ર.) (જેઓ ગયબતે સુગરામા ઇ.ઝમાના અ.નાં બીજા નાએબ હતા.) આવ્યાં. બધા લોકોને દૂર કરીને મારી પાસે આવ્યા અને મારી જગ્યાની બાજુમાં મારી પીઠ ને ટેકો દઇને બેસી ગયા . જયારે બધા ચાલ્યા ગયા અને હું અને જ.મોહમ્મદ બીન ઉસ્માન બંને રૂમમાં એકલા રહયાં ત્યારે તેઓએ મારી તરફ જોઇને કહયું મારી અને તમારી વચ્ચે એક રાઝ છે. સાંભળી લ્યો. મે કહયું ''બયાન કરો''મોહમ્મદ બીન ઉસ્માને કહયું ''લાલ કલરનાં ઘોડાના સવારે કહેડાવ્યું છે કે અમે અમારો વાયદો પૂરો કર્યો છે. આ સાંભળતા, મને આખો બનાવ યાદ આવી ગયો, અને મારા શરીરમાંથી ધ્રુજારી પસાર થઇ ગઇ.

મે કહયું મે સાંભળી લીધુ,હું તમારી ઇતાઅત કરીશ અને હું તમારો દિલો જાનથી અહેસાનમંદ છું.પછીહું ઉભો થયો અને તેઓનો હાથ પકડયો અને અંદરનાં રૂમમાં લઇ ગયો. જયાં મે મારો ખજાનો (જે માલ કમાએલો હતો) રાખ્યો હતો, ત્યાં લઇ ગયો અને તેઓને મે પૂરા માલનું ખુમ્સ અદા કરી દીધુ આમાંથી અમૂક માલ હું ભૂલી ગયો હતો, તો જ.મોહમ્મદબીન ઉસ્માને મને તે પણ યાદ દેવડાવ્યું અને તેનું પણ ખુમ્સ અદા કરાવ્યું અને આ બનાવ પછી મે કયારેય પણ સાહેબુલ અમ્ર (ઇ.ઝમાના અ.) નાં બારામાં શક નથી કર્યો.

હસન મુશતરીક કહે છે કે જયાર થી મે આ બનાવ મારા કાકાના મોં થી સાંભળ્યો ત્યારથી મારોં ઇ.ઝમાના અ.નાં બારામાં અકીદો સહીહ થઇ ગયો અને મે દિલથી આપ અ.સ. ને કબુલ કરી લીધા. (હકકુલ યકીન,ભાગ-૨ પેજઃ-૩૪૫,૩૪૬)

## ૪૯. અલ્લાહના દોસ્ત,દોસ્તે ઇમામ અ.સ.'હાલુ'

હું નમાઝ પઢવા માટે મસ્જીદ તરફ જઇ રહયો હતો. મસ્જીદ થોડા અંતરે જ હતી ત્યાં મે એક જનાઝાને જોયો. આ જનાઝામાં સમાજનાં થોડી સંખ્યામાં ગરીબ લોકો શામીલ હતાં. તે જોતા એમ લાગતુ હતું કે આ જનાઝો કોઇ ગરીબ માણસનો છે. પરંતુ મને ત્યારે નવાઇ લાગી કે જયારે

મે જોયું કે જનાઝામાં શામીલ લોકોની વચમાં બજારનાં મશહુર, બાવકાર વેપારી જનાઝાની બિલકુલ નજદીક ચાલી રહયા હતા. આ વેપારી નુરાની ચહેરાવાળા અને પાકીઝા સિફતો ધરાવતા હતા, અને દરેક લોકો તેમને પસંદ કરતા હતા. આ મોઅમીન વેપારી એટલા ગમગીન હતા, કે જાણે તેમના કોઇ સગાનું મૃત્યુ થયું હોય. તેમની આંખમાંથી આંસુ વહી રહયા હતા.

મને ખુબ જ નવાઇ લાગી કે આખરે વાત શું છે ? જો આ મય્યત કોઇ નજદીકનાં વેપારીના સંબંધીનું હોય, તો એલાન શા માટે નહી કર્યું હોય ? અને મય્યત કોઇ ગરીબ માણસનું હોય તો તેમના જનાઝામાં આ વેપારીમાં ગમમાં શા માટે રડી રહયાં છે? હું આ વિચારી રહ્યો હતો.તે અરસામાં તેમની નજર મારા ઉપર પડી, અને મને નજદીક બોલાવ્યો, અને કહયું કે શું તમે એક અલ્લાહનાં દોસ્તનાં જનાઝામાં શરીક નહી થાવ? તેમણે એવા દર્દનાક અંદાજમાં કહયું કે હું એકદમ જનાઝામાં શરીક થઇ ગયો. જનાઝામાં આખા રસ્તામાં તે વેપારી રડતા રહયાં,ત્યાં સુધી કે મય્યત ગુસ્લખાના સુધી પહોચ્યું.

હું ખૂબ થાકી ગયો, અને એક જગ્યાએ બેસી ગયો તે અરસામાં તે વેપારી મારી પાસે આવ્યાં અને બોલ્યાં, ''તમોએ ન પૂછયું કે આ મય્યત કોનું છે? '' મે તુરંત જ પૂછ્યું કે આ મય્યત કોનું છે? અને તમે મરહુમને કેટલા સમયથી ઓળખો છો? તે વેપારીએ જવાબ આપ્યો કે આ એક અજીબ નવાઇ ભરી ઘટના છે. અજીબ ખૂબજ અજીબ મારી અને તેમની ઓળખાણ આ ઘટના સાથે સંબંધિત છે .હું જયારે આ બનાવને યાદ કરૂ છું તો મારી રૂહમાં તાજગી પૈદા થઇ જાય છે. અને મારૂ યકીન મજબૂત થઇ જાય છે.

વેપારી કહે છે, હું આ વર્ષે હજ અદા કરવા ગયો હતો. મારી અને આ બુઝુર્ગ શખ્સની ઓળખાણ પણ તે સફરમાં જ થઇ. મકકા સુધી તો હું તેમને એક મામુલી ચોકીદાર, હેસીયત વગરનો સામાન્ય ગરીબ માણસ સમજતો હતો.બન્યું એમ કે અમારો કાફલો ઇસ્ફેહાનથી હજની નિય્યતથી મકકા તરફ રવાના થયો. અહી સુધી કે અમે ઇરાક પહોંચ્યા ત્યાંથી કરબલા તરફ ઇ.હુસૈન અ.સ. ની ઝિયારત કરવાનાં ઇરાદાથી આગળ વધ્યાં અમે કરબલાથી દૂર હતા. એક જગ્યાએ અમે અમારો પડાવ નાખ્યો.

બન્યુ એવુ કે આ જગ્યાએથી મારો તમામ માલ સામાન અને પૈસાની ચોરી થઇ ગઇ.મારી પાસે મારી જરૂરત પૂરી કરવા માટે કાંઇ ન રહયું.એટલે સુધી કે મારા શરીર પર કપડા સિવાય કશું ન રહયું.ચારે બાજુ તપાસ કરી પણ કાંઇ પરિણામ ન આવ્યું. જેમતેમ મુશ્કેલીથી હું કરબલા પહોંચ્યો, અને કરબલામાં તો કોઇ મારૂ સંબંધી કે ઓળખીતુ પણ ન હતુ કે જેથી હું તેમની પાસેથી કર્ઝ લઇ શકું.

હું બિલકુલ નિરાશ થઇ ગયો કે હવે હું હજ કરવા નહીં જઇ શકુ, અને હજ મારા નસીબમાં નથી.અને આ જ હાલતમાં હું નજફ તરફ રવાના થયો.ત્યાંથી સીધો કુફાના રસ્તે ચાલવા

લાગ્યો. હું થાકીને હારીને, નિરાશ ઉદાસીન સ્થિતિમાં એક જગ્યાએ બેસી ગયો. ચારે તરફ અંધારૂ હતું ન કોઇ દોસ્ત હતો ન મદદગાર.

મેં આજુ બાજુ જોયું ત્યાં અચાનક મારી સામે પ્રકાશ (નુર) દેખાયુ જાણે કે નુરનો વરસાદ વરસી રહયો હતો. એક અરબ કે જેમની પેશાની પહોળી હતી, અને ચહેરો એટલો બધો નુરાની હતો કે પૂનમનો ચાંદ પણ શરમાય જાય. તેઓ મારી સામે ઉભા હતા. (તેઓ ઈ.ઝમાના ઇ.મહદી અ.સ. હતા).

તેઓ મારા નઝદીક આવ્યાં અને કહયું,''અય વેપારી તુ શા માટે પરેશાન છો શું થયું?''મેં કહયું, હુ મુસાફર છું અને ખુબ જ થાકી ગયો છું તેઓ ફરી પૂછયું ''તારી પરેશાનીનું બીજુ કારણ હોય તો બતાવ.'' મેં મારા પર જે વિત્યું તે બયાન કર્યું અને મારો માલ સામાન ચોરાઇ ગયો છે, તેની ફરિયાદ પણ કરી.આપ (અ.સ.) અવાજ કર્યો : હાલુ.

આ સાંભળીને હું ચોંકી ગયો એ માટે કે હાલુ નામના એક ગરીબ માણસની અવર જવર તો મારા ઘરની સામેજ રહેતી અને હું તો હાલુ ને ઓળખતો પણ હતો.

એજ સમયમાં મારી સામે હાલુ આવીને ઉભો રહયો અને હું તાઅજજુબથી તેને જોઇ રહયો હતો, કે ''આ માણસ ને તો હું સારી રીતે ઓળખુ છું. આપ (અ.સ.) એ કહયુ: હાલુ આ માણસની માલ-મત્તા ચોરી થઇ ગઇ છે. તે મેળવીને આને આપી દો''એટલુ કહીને આપ (અ.સ.) ગાયબ થઇ ગયા. હજી હું નવાઇમાંથી બહાર નીકળું ત્યાં તો હાલુ મારો માલ સામાન અને પેટી લઇને હાજર થઇ ગયા અને મને કહયુ: આ તમારો સામાન પેટી ખોલીને જોય લો તમારો સામાન તથા રકમ સલામત છે કે નહીં? મે પેટી ખોલીને જોયુ તો મારો બધો સામાન તથા રકમ સલામત હતી.હાલુ એ મને આગળ કહયુ કે તમે આ સામાન તથા પેટી કોઇને આપી દો અને હું જે જગ્યા બતાવુ ત્યા આવીને મને મળો એટલુ કહીને મને એક ખાસ જગ્યા બતાવી જયા અમારે મળવાનું હતું.મે હાલુના કહેવા પ્રમાણે અમલ કર્યો અને નકકી કરેલી જગ્યાએ હુ પહોંચી ગયો જયા હાલુ મારી રાહ જોઇ રહયા હતા.

મને જોઇને હાલુ એ કહયુ: મારી પાછળ પાછળ આવો અને આજુ બાજુ જોતા નહીં . હું તે પ્રમાણે ચાલવા લાગ્યો હજુ તો અમે થોડા ડગલા ભર્યા હતા ત્યાં તો અમો મકકાના પાદર સુધી પહોંચી ગયા.હાલુ એ મને કહયુ: જયારે તમો તમારા સાથીદારોને મળો તો આ વાત કોઇને નહીં બલ્કે એમ કહેજો કે એક માણસે મને નજદીકના રસ્તેથી અહી સુધી પહોંચવામાં મદદ કરી.અને પછી હાલુ એ મને એક જગ્યા દેખાડેલી અને મને કહયુ કે તમો હજના અરકાન પૂરા કરી અહી આ સમયે અને આ દિવસે મળજો.

આટલુ કહી હાલુ ખુદા હાફીઝ કહી રવાના થઇ ગયા.પછી મને મારા સાથીઓ મળ્યા. અમો એ હજ અદા કરી. પછી હું હાલુ એ દેખાડેલી જગ્યા એ અને કહેલા સમયે તે

જગ્યાએ હાજર થઇ ગયો. થોડીવારમાં હાલુ પણ ત્યાં આવી ગયા. અને જયાંથી નીકળ્યા હતા. ત્યાં મને પાછો પહોંચાડી દીધો. રસ્તામાં મે કોશીશ કરી કે હું હાલુની આ બલંદી અને મકામ વિષે કંઇ પુછું પણ તેની અઝમત અને બુઝુર્ગી આગળ મારી જીભ ઉપડતી ન હતી.પરંતુ છુટા પડતી વખતે હાલુ એ મને એક સવાલ કર્યો કે શું મારી દોસ્તી અને મોહબ્બતનો તમારા પર કોઇ હકક છે?મે કહયુ: હા હા બેશક તમારો મારીપર ભુલી ન શકાય તેવો હકક છે.હાલુ એ કહયુ : વખત આવે આ હકકને અદા કરવાનો હું તમોને મોકો આપીશ.પછી હું ત્યાંથી કરબલા અને બીજા મુકદ્દસ ઝિયારતગાહોની ઝિયારત કરી,ઇસ્ફહાન પરત ચાલ્યો આવ્યો.

બીજા દીવસે મારા સંબધીઓ અને મિત્રો મને મળવા આવી રહયા હતાં. તે સમયે હાલુ પણ ચોકીદારના વેષમાં મને મળવા આવ્યા. હું હાલુને જોઇને મારી જગ્યાએથી તેઓના અહેતરામ માટે ઉભો થવા જતો હતો. ત્યાં હાલુ એ મને ઇશારાથી તેમ કરવાની ના પાડી અને ઇશારાથી તે પણ સમજાવી દીધુ કે આખી વાતને રાઝ જ રાખવાની છે. તેને જાહેર કરવાની નથી.પછી ઉભા થઇ ને ચાલવા લાગ્યા.જતી વખતે તે મારી પાસે આવ્યા અને મને કહયુ બે દીવસ પછી મારૂ મુત્યુ થઇ જશે. મારા ઘરના ઓરડામાં એક પેટી છે. જેમા મારૂ કફન છે. તે મને પહેરાવજો અને દીરહમ મારી તદફીન તથા તકફીન પાછળ ખર્ચ કરજો.

તેના કહેવા પ્રમાણે બે દીવસ પછી તેઓ મૃત્યુ પામ્યા. હુ હાલુના ઘરે ગયો તથા બે ચાર મજદુરો તથા ચોકીદારો ભેગા થયેલા હતા. મે હાલુના કહેવા પ્રમાણે તેના ઘરની અંદર રાખેલી પેટી ખોલી તો તેમાં કફન અને આઠ દીરહમ મૌજુદ હતા. આ મય્યત આજ બુઝુર્ગ વાર (હાલુ)ની છે. આ અલ્લાહના દોસ્તની મય્યત ગુસ્લ ખાનામાં રાખેલી છે. હવે તમો જ બતાવો કે શા માટે હુ આવા અલ્લાહના દોસ્તના ગમમાં ન રડું અને શા માટે મને તેના ઇન્તેકાલથી સદમો ન પહોંચે. (ઇમામે વકતકી ચોખટપે પેજ-૫થી૧૧)

(નોંધઃ- હાલુનો મતલબ સીધો, સાદો, શાંત અને સારા અકીદાવાળો થાય છે. તેથી સીધા, સાદા, શાંત લોકો ને હાલુ કહે છે.)

## ૫૦. ઇ.મહદી (અ.સ.) ની બારગાહમાં અરીઝા

મરહુમ મોહદ્દીસે નુરી કહે છે : ફાઝીલ અને દાનીશવર મીરઝા ઇબ્રાહીમ શીરાઝી હાઇરીએ અરીઝાને લગતો એક કીસ્સો વર્ણવ્યો છે.તેઓ કહે છે, હું શીરાઝમાં રહેતો હતો અને મારી એક ખુબ જરૂરી હાજત હતી,અને આ હાજત પૂરી થવા માટે કોઇ રસ્તો નજર ન હોતો આવતો અને મારી એક હાજત હ.ઇ.હુસૈન (અ.સ.)ની ઝિયારતનો શરફ મેળવવાની પણ હતી.આ માટે હું સખ્ત પરેશાન હતો, અને આ હાજત પૂરી થવા માટે મને એકજ રસ્તો નઝર આવતો હતો, અને તે રસ્તો હતો, મહેરબાની અને ઇનાયતના સાગર હ.ઇ.ઝમાના અ.સ.ની બારગાહમાં ઇસ્તેગાસાહ કરૂ અને અને અરીઝા લખું અને અરીઝામાં હાજત લખી નાખુ,અને મે એવુજ કર્યુ અને મગરીબના વખતે છુપાઇને શહેર ની બહાર નીકળયો, અને એક હૌઝના કીનારે આવ્યો

(અને જેવી રીતે રીવાયતો માં બયાન કરવામાં આવ્યુ છે. તેવી રીતે મે નવ્વાબે અરબા (ચાર નાએબો માંથી) અબુલ કાસીમ જ.હુસૈન બીન રવ્હને અવાઝ આપી અને સલામ કરી અને કહયુઃ આ અરીઝાને મારા તથા તમામ ઇન્સાનોના સૈયદો સરદારની ખીદમતમાં પહોંચાડી દેજો, અને પછી મે અરીઝાને પાણીમાં નાખી દીધો,અને શહેરમાં પાછો ચાલ્યો આવ્યો.

સુરજ ડુબી ચુકયો હતો,અને હુ બીજા દરવાજે થી શહેરમાં દાખલ થયો અને ઘરે પાછો ચાલ્યો અને આ વાત મે કોઇને પણ કહી ન હતી.બીજા દીવસે સવારના પહોરમાં થોડા આદમીઓ સાથે મારા ઉસ્તાદની પાસે ગયો, જેની પાસે હું ઇલ્મ હાંસીલ કરતો હતો. હું અને બધા આદમીઓ ઉસ્તાદ પાસે બેઠી ગયા.

એટલામાંજ એક શરીફ અને પાક સૈયદ ઇ.હુસૈનના ખાદીમોના કપડામાં દાખલ થયા અને ઉસ્તાદની એકદમ નજદીક બેસી ગયા. આ સૈયદને અમો એ કયારેય પણ નહોતા જોયા અને ઓળખતા પણ ન હતા તેઓએ મારી સામે દયાન આપ્યું, અને મારા નામથી અવાઝ આપી અને કહયુઃ તમારી અરીઝા હ.ઇમામ અસ્ર અરવાહોના ફીદાની ખીદમતમાં પહોંચાડી દીધો. હું તેઓના શબ્દોથી હેબતાઇ ગયો અને બેઠેલા લોકો પણ તેઓની વાત ન સમજી શકયા, કે તેઓ શું કહી રહયા છે. અને લોકો પૂછવા લાગ્યા વાત શું છે?

તેઓ કે કહયુંઃ કાલે રાત્રે મે સ્વપ્નમાં જોયું કે અમુક લોકો સલમાને મોહમ્મદીની આજુબાજુમાં ઉભા છે. અને તેઓ પાસે ઘણી બધી અરીઝાઓ હતી, અને તેઓ તેને જોઇ રહયા હતા. જયારે તેઓએ મને જોયો તો મને બોલાવ્યો અને કહયુ કે ફલાણા (ઇબ્રાહીમ શીરાઝી) ની પાસે જાઓ અને કહો તમારી અરીઝા (અને પછી મને તેનો હાથ ઉંચો કરી અને દેખાડયુ કે અરીઝા પર મહોર લાગેલી હતી) હ.ઇ.હુસૈન (અ.સ.) ની ખીદમતમાં પહોંચી ગઇ છે.અમે સમજી ગયા કે જેની હાજત પૂરી થઇ જાય છે, તેની અરીઝા પર મહોર લગાડી દેવામાં આવે છે. અને જેની હાજત પૂરી નથી થતી તેની અરીઝા પાછી ફરી જાય છે.

હાજર રહેલા લોકોએ સ્વપ્નની સચ્ચાઇ વિષે પૂછયું, તો મે મારો (અરીઝા) વિષેનો આખો બનાવ વર્ણાવ્યો અને કસમ ખાઇને કહયું કે મે મારી અરીઝાની વાત મે કોઇને કહી નથી.લોકોએ મને મુબાકબાદી આપી કે તમારી હાજત પૂરી થઇ ગઇ.અને થયુ એવુજ કે અમુક સમય પસાર થયા પછી હું ઇ.હુસૈન (અ.સ.) ના રોઝા તરફ જવામાં સફળ થયો અને ઇ.હુસૈનના હરમમાં રહેવા લાગ્યો અને અરીઝામાં લખેલી બીજી હાજતો પણ પુરી થઇ ગઇ. હું અલ્લાહના શુક્ર ગુઝાર છું અને અલ્લાહના અવલીયા પર દુરૂદ મોકલુ છું. (સહીફએ મહદી પેજઃ-૩૭૦)

## ૫૧. ‘‘નમાઝ’’

શૈખ તુસી અને શૈખ તબરસીએ ઝોહરીથી રીવાયત કરી છે. કે ઝોહરી કહે છે કે મે સાહેબુલ અમ્ર (અ.સ.)ને ખુબ શોદયા અને આ શોધખોળ પાછળ ખુબ માલ ખર્ચ કર્યો પણ હું ઇમામ

(અ.સ.) ની મુલાકાતથી મહેરૂમ રહયો. પછી હું મોહમ્મદ બીન ઉસ્માન અમ્રવી જે ઇ.ઝમાના (અ.સ.)ના નાએબ હતા. તેઓની ખીદમતમાં પહોંચી અને તેઓની મે એક મુદત સુધી ખીદમત કરી (અને ત્યાં રહેવા લાગ્યો) એક દિવસ મે હીંમત કરીને મે જ. મોહમ્મદ બીન ઉસ્માનને વિનંતી કરી કે તેઓ મને ઇ.ઝમાના (અ.સ.)ની ખિદમતમાં પહોચાડે તો તેમણે સ્પષ્ટ ના પાડી દીધી. મે ખુબજ આજીજી કરી,પછી તેઓએ કહયું તમે કાલે સવારે આવજો.

હુ બીજા દીવસે સવારે તેઓ પાસે ગયો, તો જોયું કે તેઓ ખુદ મારી પાસે આવી રહયા હતા, અને તેઓની સાથે એક યુવાન જે ખુબસુરત અને મોઅત્તર જ.મોહમ્મદ બીન ઉસ્માનની સાથે આવી રહ્યા હતા, અને તેના હાથમાં અમુક વસ્તુ રાખેલી હતી.મોહમ્મદબીન ઉસ્માને મને ઇશારો કરીને સમજાવ્યુકે આ એ જવાન છે, જેને તું મળવા માટે ઉત્સુક હતો.હું ઇ.ઝમાના અ.સ.ની ખીદમતમાં ગયો, અને મારે જે કંઇ પુછવું હતુ તે પૂછી લીધુ. ઇમામ (અ.સ.)મે મને બધા સવાલોના જવાબ આપ્યા. અમો ચાલતા ચાલતા એક મકાનના દરવાજા પાસે પહોંચ્યા ઇમામ (અ.સ.)મકાનમાં દાખલ થવા લાગ્યા ત્યારે જ.મોહમ્મદે મને કહયું, અગર તમારે કોઇ સવાલ હોય તો હઝરત (અ.સ)થી પુછી લો કારણ કે તમો હવે પછી કયારે પણ ઇમામ (અ.સ.)ને મળી શકશો નહીં.

મે સવાલ કરવા ચાહયું પણ ઇ.ઝમાના (અ.સ.)એ મારી તરફ ધ્યાન આપ્યુ નહીં, અને મકાનમાં દાખલ થઇ ગયા, પણ મકાનમાં દાખલ થતા થતા તેમણે આ પ્રમાણે ફરમાવ્યું, ‘‘મલઉન છે મલઉન છે તે કે જે નમાઝે મગરીબમાં એટલુ મોડુ કરે કે આસમાના સીતારા દેખાવા લાગે અને મલઉન છે મલઉન છે તે કે જે નમાઝે સુબ્હમાં એટલુ મોડુ કરે કે સીતારા આથમી જાય. (હકકુલ યકીન ભાગ :- ૨, પેજ-૩૪૪)

## પર. લકવાની બિમારીમાં શિફા

આ બનાવ હીજરી સન ૭૫૯ નો છે. અબ્દુલ રહેમાન બીન ઇબ્રાહીમ કબાઅકી કહે છે. કે હું હીલ્લા શહેરમાં આ વાત સાંભળતો રહેતો હતો કે કારી નજમુદીન જઅફર બીન ઝોહરીને લકવા થઇ ગયો છે. અને તેના પિતાનું મૃત્યુ થઇ ચુકયુ છે. અને કારી નજમુદીનના દાદી તેના ઇલાજ માટે ઘણી બધી કોશીષો કરે છે, પણ તેઓને શિફા મળતી નથી.

લોકો એ તેના દાદીને કહયુ કે તેઓ નજમુદીનના ઇલાજ માટે બગદાદના તબીબોને દેખાડે. તેણીએ બગદાદના તબીબોને બોલાવ્યા અને આ તબીબોએ એક લાંબા સમય સુધી નજમુદીનની સારવાર કરી પણ પરીણામ કંઇ ન આવ્યું અને નજમુદીનને તદુરસ્તી ન મળી. પછી અમુક લોકોએ સલાહ આપી કે તમે નજમુદીનને હીલ્લામાં જે મકામે સાહેબુઝમાન (અ.સ.)માં જે કુબ્બો છે. ત્યાં નજમુદીનને શા માટે લઇ નથી જતા? શકય છે કે અલ્લાહ તઆલા તેમને ત્યાં શીફા આપી દે.

તેઓએ એવુ જ કર્યુ. એક રાત્રીના તેઓ નજમુદીનને ત્યાં મુકી આવ્યા તો ઇમામે ઝમાના (અ.સ.)એ નજમુદીનને તેના પગ પર ઉભો કરી દીધો અને તેની બીમારી દુર થઇ ગઇ. આ બનાવ તો મે બીજાથી સાંભળેલો હતો પરંતુ એક દીવસ મારી મુલાકાત નજમુદીનથી થઇ ગઇ, તો તેઓએ મને કહયુ, કે એક રાત્રીના મારા દાદી મને કુબ્બાની અંદર લઇ જઇને મને એકલો છોડી દીધો ત્યાં હ.ઇ.સાહેબુઝઝમાન (અ.સ.)તશરીફ લાવ્યા અને તેઓએ મને કહયું, ખુદાના હુકમથી ઉભો થઇ જા.આટલુ કદી આપ (અ.સ.)એ મને ટેકો આપી ને ઉભો કરી દીધો, અને મારી લકવાની બીમારી જતી રહી.

જયારે લોકોને આ વાતની ખબર પડી તો મારી માટે જાન બચાવવી મુશ્કેલ થઇ ગઇ, મારા શરીર પરના કપડાના લીરે લીરા કરી નાખી અને તેના કટકાઓને લોકો તબરરૂકના તોર પર સાથે લઇ ગયા. મારા શરીર પર એક પણ કપડુ સલામત રહયુ નહીં. પછી અમુક લોકોએ મને કપડા આપ્યા, અને તે પહેરીને હું ઘરે ગયો અને પછી તેઓના કપડા પરત કરી દીધા.(બેહારૂલ અન્વાર ભાગ-૧૧ ઉર્દુ પેજ : પ૮પ).

## પ૩. ઇમામે વકત દિલની વાતોને જાણે છે.

એહમદબીન અલી રવહ કહે છે, કે અહેલે દીલનુરમાંથી એક ઔરતે મને બોલાવ્યો. હું તેના ઘરે પહોંચ્યો તો તે ઔરતે મને કહયુ કે : અય ઇબ્ને અલી રવહ તમારી અમારા શહેરના દીનદાર,ઝાહીદ અને મુત્તકી આદમી ઓમાં ગણત્રી થાય છે. તેથી હું એક અમાનત તમોને આપવા ચાહું છું, અને મને ઉમ્મીદ છે કે તમે તમારા વચન પર બાકી રહેશો.(ખરેખર આ ઔરત જેનું નામ આતેકા છે. તે એક થેલી ઇ.ઝમાના(અ.સ.)ના ''સફીર''ને પહોંચડવા માગે છે. અને સાચા ઇન્સાન સુધી પહોંચાડવાની કોશીષ કરે છે.)

મે કહયુ: ઇન્શાઅલ્લાહ હું તેમજ કરીશ. તે ઔરતે કહયુ: ''આ થેલી છે તેમાં અમુક દીરહમની રકમ છે. આને ખોલીને જોતા નહીં ત્યાં સુધી કે એ શખ્સ સુધી પહોંચી જાવ કે જે તમને બતાવી દે કે આ થેલીમાં શું છે? અને આ થેલીમાં મારાં એક ગોશવારા (કાન ની બુટી)પણ છે. જે દસ દીનાર ની બરોબર છે. અને ઝવેરાતના ત્રણ દાગીના (મોતીઓ) છે. તે પણ દસ દીનારની બરોબર છે. અને બીજુ એક મારે ઇ.સાહેબુઝઝમાન (અ.સ.) એક વાત જાણવી છે પણ હું ચાહુ છું કે હુ સવાલ કરૂ તે પહેલા તેઓ (અ.સ) જવાબ આપી દે.''મે કહયુ: તમે તેઓ (અ.સ.)ને શું પૂછવા માંગો છો? તે ઔરતે કહયુ: મારી શાદી માટે મારી મા એ કોઇ પાસે થી દસ દીનારનું કર્ઝ લીધુ હતું. અને મને ખબર નથી કે તેણે કોની પાસેથી કર્ઝ લીધુ હતું. જેથી હું તે કર્ઝ ચુકવી શકુ. જે કોઇ તમને આ વાત બતાવી દે તેને આ થેલી આપી દેજો.

પછી મે બધો માલ લીધો અને પછી આ થેલી લઇને હું બગદાદ પહોંચ્યો ત્યાં હું હાજીજ વશાઇના ઘરે પહોંચ્યો અને સલામ કરીને બેસી ગયો.તેઓએ પૂછયું :- શું તમારે કઇ કામ છે.? મે કહયું :- જીહા. આ માલ મારે પહોંચાડવાનો છે. પણ એ શર્ત છે ,કે જયાં સુધી તમોએ ન બતાવી આપો કે આમાં કેટલો માલ છે. અને કોણે દીધો છે? ત્યાં સુધી હું આ માલને તમારે હવાલે નહીં કરૂ. જો તમે અત્યારે બતાવી દો તો હું આ માલ તમને અત્યારે જ આપી દઉ હાજીઝે કહયું : અય અહમદ બીન રવહ આ કામ માટે તમે સામરરા જાવ.મે કહયુઃ- લા એલાહ ઈલ્લલાહ આતો આનાથી પણ બહેતર છે. જે હું વિચારી રહયો છું.પછી હું ત્યાંથી સામરરા ગયો અને હું વિચારતો હતો કે પહેલા જઅફર પાસે જાઉ પછી વીચાર્યુ કે નહીં પહેલા ઇ.હસન અસ્કરી (અ.સ.)ના ઘર વાળા પાસે જાઉ. અને ત્યાંથી મારો મકસદ પૂરો થઇ જાય.નહીતર પછી જઅફર પાસે જાઉ.આ ઇરાદાથી હું હ.ઇ.અબુ મોહમ્મદ હસન અસ્કરી (અ.સ.)ના ઘરે ગયો.

હું ઘરે પહોંચ્યો તો ઘરમાંથી એક ખાદીમ બહાર નીકળ્યો અને કહયુઃ શું તમો અહમદબીન રવહ છો? મે કહયુઃ હા ખાદીમે કહયુઃ ઠીક છે. આ પત્ર લો અને વાંચી લો. મે પત્ર વાંચ્યો તો એમાં આ પ્રમાણે લખેલુ હતું.

‘‘બીસ્મીલ્લાહ હીર રહમાનીર રહીમ. અય અહમદ બીન રવહ! આતેકા બીન્તે દીઇરાની એ તમોને એક થેલી સોપીં છે. તમારા ખ્યાલ પ્રમાણે થેલીમાં એક હજાર દીરહમ છે. પરંતુ તમારો ખ્યાલ ખોટો છે. એવુ નથી તમને એક અમાનત આપવામાં આવી હતી.જેને તમે ખોલીને જોઇ નથી. તેથી તમને શું ખબર પડે કે તેમા કેટલી રકમ છે. આ સીવાય તમારી પાસે એક ગોશવારા (કાનનીબુટી ) છે. તે ઔરતનો ખ્યાલ છે કે આ દસ દીનારની કીંમતના છે. આ સાચુ છે. આ ગોશવારામાં જે નંગ જોડેલુ છે. તેની સાથે તે આટલી કીમતનું છે, અને મોતીઓની કીંમત દસ દીનાર થી પણ વધુ છે. તમે તે ગોશવારા મારી ફલાણી ખાદેમાને આપી દેજો. મે તેને તે અતા કરી દીધા છે.

પછી અહીં થી સીધા બગદાદ પાછા જાવ અને આ રકમ હાજીઝના હવાલે કરી દેજો અને તે તમને તમારી મુસાફરીના ખર્ચ પેટે જે આપે તે લઇ લેજો અને તે દસ દીનાર જેના બારામાં તે ઔરતનું ગુમાન છે. કે તેનીમાં એ તેની શાદી માટે કર્ઝ લીધું છે, અને તે ઔરતને ખબર નથી કે તે કોની પાસેથી લીધુ હતું પણ આવુ નથી. તે ઔરતને ખબર છે,કે કોની પાસેથી દસ દીનાર કર્ઝ લેવામાં આવ્યા હતા. તેનું નામ કુલસુમબીન્તે અહમદ છે.જે નાસેબા છે. એટલે કે દુશ્મનાને અહલે બૈત (અ.મુ.સ.) છે. અને આતેકા ચાહે છે કે તે તેણીને આ (રકમ)ન આપે પરંતુ તેની (આતેકાની) નાદાર બહેનોમાં તકસીમ કરી નાખે,અને અય ઇબ્ને અલી રવહ! હવે તમે જઅફરની પાસે તેની અજમાઇશ કરવા નહિ જાવ પરંતુ સીધા તમારા ઘરે પાછા ચાલ્યા જાવ, કેમકે તમારા કાકાનો ઇન્તેકાલ થઇ ચુકયો છે અને વારસામાં અલ્લાહે તેનો માલ તમારા નસીબમાં લખ્યો છે.

આ પત્ર વાંચીને હું સીધો બગદાદ પાછો ફર્યો. તે થેલી હાજીઝ ને સોંપી દીધી. તેણે થેલીની રકમ ગણી તો એક હજાર દીરહમ અને પચાસ દીનાર હતા. પછી હાજીઝે મને ત્રીસ દીનાર આપ્યા અને કહયું મને હુકમ મળ્યો છે કે આટલી રકમ હું તમારા ખર્ચ માટે તમોને આપુ.પછી હું ત્યાંથી મારા ઉતારે પાછો ફર્યો ત્યાં એક માણસ આવ્યો અને મને ખબર આપી કે તમારા કાકા નો ઇન્તેકાલ થઇ ચુકયો છે, અને તમારા ઘર વાળા ચાહે છે કે તમો ઘરે પાછા ફરો.હું મારા ઘરે પાછો ફર્યો તો જોયુ કે મારા કાકાનો ઇન્તેકાલ થઇ ચુકયો હતો અને તેના તરફથી મને ત્રણ હજાર દીનાર અને એક લાખ દીરહમ વારસામાં મળ્યા છે.(બેહારૂલ અન્વાર ભા.૧૧ ઉર્દુ પેજ:૪૦૦થી ૪૦૪).

## ૫૪. ઇ.ઝમાના અ.સ.ની દુઆથી પતિ પત્ની વચ્ચે સમાધાન થયું.

અબુ ગાલીબ ઝરારી કહે છે કે હું એક વખત કુફાથી બહાર જવા નીકળ્યો અને મારી સાથે મારો એક બીરાદરે ઇમાની પણ સાથે હતો (તે ઝમાનો જ. શૈખ અબુ કાસીમ હુસૈન બીન રવ્હનો હતો. તે ઇ.ઝમાના અ.સ.ના નાએબે ખાસમાંના ત્રીજા નાએબ હતા, અને તેઓએ પોતાના સફીર તરીકે અબુ જાઅફર શલમગાનીની બિયુકત કર્યા હતા. તેઓ લોકોની હાજત અને મસાએલ હુસૈનબીન રવ્હ સુધી પહોંચાડતા હતા.

મારા દોસ્તે મને કહયુ: શું તમો અબુ જઅફર શલમગાની પાસે મારી સાથે આવશો. આજ કાલ તેઓજ વસીલા તરીકે છે.અને મારો ઇરાદો છે કે હું તેઓને વિનંતી કરૂ કે તેઓ બારગાહે ઇ.ઝમાના અ.સ.માં મારી હાજત પહોંચાડે. મે કહયું હા ચાલો.પછી અમો તેના પાસે ગયા અને તેઓની બેઠકમાં જોયુ તો અમારા ઘણા બધા દોસ્તો બેઠેલા હતા. અમે બંનેએ બેઠકમાં જઇ અને સલામ કરીને બેઠા.

અબુ જઅફર શલમાગાની એ મારી સામે જોયુ અને મારા બારામાં પૂછયુ: આ જવાન કોણ છે? મારા દોસ્તે જવાબ આપ્યો આ આલે ઝરારાહા (કબીલા)નો એક માણસ છે.પછી તેઓએ મને પૂછયું ઝરારાહ કુટુંબમાંથી તમે કોના ફરઝંદ છો? મે કહયું જનાબ હું ઝરારાહના ભાઇ બકીર બીન અઇનનો પુત્રછું. તેઓએ કહયું, હા તેઓનું કુટુંબ મઝહબી મામલામાં જલીલુલ કદ્ર છે. ત્યાર બાદ મારા સાથીએ તેઓને અર્ઝ કરી: જનાબ હું ઇચ્છું છુ કે તમો મારા એક કામ માટે અરીઝામાં મારા માટે દુઆ કરવાની વિનંતી કરો. તેઓએ કહયુ ઠીક છે.

મે જયારે આ સાંભળ્યું તો મારા દીલમાં પણ ઇચ્છા થઇ કે હું પણ અરીઝા લખુ અને મારા દીલમાં આ બાબત લખવાની ઇચ્છા હતી કે મારી પત્ની જે મારાથી ખુબ નારાઝ હતી (અને તે તેના પિયર ચાલી ગઇ હતી) અને તેણી માટે મારા દીલમાં મોહબ્બત હતી. તેના માટે દુઆની વિનંતી કરૂ અને આ વાત મે કોઇને પણ બતાવી ન હતી. તેથીમે નકકી કર્યુ કે આ વાત હું અરીઝા માં પણ જણાવું નહીં.પછી મે કહયુ:- અલ્લાહ તઆલા હંમેશા આપને જીવંત અને સલામત રાખે. મારી પણ એક હાજત છે.તેઓએ પુછયું શું હાજત છે?

મે કહયું મારી હાજત મારા દીલમાં છે. અને તેના માટે દુઆની વિનંતી છે.તેઓએ તેમની સામે રાખેલ એક કાગળ ઉપાડયો.તેમાં લોકોની હાજતો લખેલી હતી. તેના પર તેમણે લખયું કે તેના દીલમાં જે હાજત છે,તેના માટે દુઆ ચાહે છે.એ પછી તેઓએ કાગળ વાળીને મુકી દીધો અને અમો ત્યાંથી ચાલ્યા ગયા.

થોડા દીવસો પછી મારા સાથીએ મને કહયુ, શું અબુ જાઅફર પાસે નથી જવું? જેથી આપણે જાણીતો શકીએ કે આપણી હાજતોના બારામાં શું જવાબ આવ્યો છે.? પછી અમે બન્ને અબુ જાઅફર પાસે ગયા અને સલામ કરીને બેસી ગયા. તેઓએ અમને જોઇને કાગળ કાઢયો જેમાં બધા મસાએલના જવાબ લખેલા હતા. પહેલા તેઓએ મારા સાથીદારના સવાલનો જવાબ વાંચી સંભળાવ્યો. પછી મારા તરફ ફરીને આ જવાબ વાંચ્યો,અને રહયો ઝોરારીનો પ્રશ્ન તે તો પતિ પત્નિનો કીસ્સો છે,અને અલ્લાહ તઆલાએ તે બન્નેની વચ્ચે સમાધાન કરાવી દીધુ છે.

આ જવાબ સાંભળીને મારા દીલ પર મોટી અસર પડી. પછી અમે લોકો ત્યાંથી પાછા ફર્યા અને પછી રસ્તામાં મારા સાથીએ મને કીધુ. હવે તને યકીન આવ્યુ? મે કહયુઃ યકીન જ નહી પણ ખુબજ નવાઇ પણ લાગી. તેણે કહયુઃ એમ કેમ? મે કીધુ આ એક રહસ્ય હતુ. જેને મારા અને અલ્લાહ સિવાય કોઇ નહોતુ જાણતુ પણ તેઓએ તેને દેખાડયુ અને તેનો ઉકેલ પણ આપી દીધો.

તેણે કહયુઃ શું તને ઇ.ઝમાના અ.સ.ના બારામાં શક હતો? ઠીક હવે બતાવ વાત શું છે? મે તેને મારી વાત કરી તો તેને પણ નવાઇ લાગી. પછી હું જયારે કુફા પાછો ગયો અને જયારે મારા આવવાની ખબર ઉમ્મે અલી અબ્બાસ (મારી પત્ની)ને પડી કે જે મારાથી નારાઝ થઇને તેના પિયર જતી રહી હતી. તે ખુદ મારી પાસે આવી અને મને મનાવવાની કોશીષ કરવા લાગી અને મારી માફી માંગી અને હું પણ તેનાથી રાજી થઇ ગયો. અને અમારા બન્નેનું સમાધાન થઇ ગયું.પછી તેણીએ મરતે દમ સુધી કયારે પણ મારી નાફરમાની, વિરોધ નથી કર્યો.

(બેહારૂલ અનવાર (ઉર્દુ) ભાગઃ-૧૧)

## ૫૫. એક તાલીબે ઇલ્મની ઇમામ (અ.સ.)થી મુલાકાત

આગા મીર્ઝા હાદી બજસ્તાની પોતાના એક ભરોસા પાત્ર તાલીબે ઇલ્મથી આ બનાવને લખે છે. કહે છે કે હું મારી માતાની સાથે કસેશીરી અને ખાનકીનનાં માર્ગે થઇ હરમે મુબારકની ઝિયારત માટે કાફેલા સાથે ગયો. ખાનકીનનાં રસ્તા ઉપર કાફલાથી અલગ પડી ગયો અને રસ્તો ભુલી ગયો. હું આમ તેમ દોડતો હતો અને મુંઝવણમાં હતો કે આ રસ્તો કઇ રીતે પસાર કરૂ. હું થાકી ગયો અને લાચાર થઇ ગયો. મારા પગોમાં તાકાત ન રહી. માટે હુ એક જગ્યા ઉપર જઇ બેસી ગયો ત્યાં મે એક એવા વ્યકિતને જોયો કે જેનાં હાથમાં ખંજર હતુ. એ શખ્સથી એટલો ડરી ગયો કે કરીબ હતુ કે મારી રૂહ મારા શરીરમાંથી નીકળી જાય.

આવી હાલતમાં મે ત્રણ વાર કહયુ ''યા અબા સાલેહ અદરીકની'' અને ચોથી વાર કહયું ''આ અબલ ગલ્સ અગીસ્ની''. અચાનક મે મારી જાતને તેનાથી દુર બીજા રસ્તા પર જોઇ. હુ ખુબજ ભુખ્યો થયો હતો. મે અલ્લાહથી દુઆ કરી ''અય પરવરદીગાર તેજ કહયુ છે, કે મારો બંદો જયાં પણ હશે. હું તેને રોઝી અતા કરીશ''. અચાનક મે જોયુકે સામેથી એક અરબી શખ્સ આવી રહયા હતા. જેનું દામન રોટીઓથી ભરેલુ હતુ. મે તેમને કહયુ તમે આ રોટીઓને એક અનામ(ઇરાકી નાણુ)માં મને વેચો. મે તેમને પૈસા આપ્યા અને તેમણે મને રોટીઓ આપી દીધી. ત્યાર પછી હું ત્યાં આવેલા મશહુર અને લીલાછમ કીલ્લામાં ગયો. ત્યાં મે એક બીજા અરબી શખ્સને જોયા તેમણે મને કહયુ કે તુ હજી સુધી પાછળ કેમ રહી ગયો છે?

મે કહયુ કે હુ મજબુર છું, મારી પાસે કાફલા સુધી પહોંચવાનો કોઇ રસ્તો નથી. તેમણે કહયુ જલ્દી કર. હજુ તેમનાં આ શબ્દોની પુરા નહોતા થયા કે મે જોયુ કે તેમનાં શબ્દોની બરકતથી હું ખાનકીનમાં પહોચી ગયો હતો. હુ કાફલામાં ભળી ગયો. મારી માતા સાથે મુલાકાત કરી ખુબ ખુશ થયો. મે મારી માતાને પુછયુ કે તમે કયા સમયે ખુબજ પરેશાન થયા હતા? તેમણે કહયુ કે હુ તારી જુદાઇમાં ફલાણા સમયે ખુબ ચીંતીત થઇ અને એવી હાલતમાં અલ્લાહથી ગીર્યાઓ જારી કરી કે એક નુર ફેલાણુ અને થોડી વારમાં તુ અહી પહોચી ગયો.હુ સમજી ગઇ કે અલ્લાહ ત.વ.ત. એ આ નુરની બરકતથી તને મારા સુધી પહોચાડી દીધો.

(બરકાતે ઇમામ (અ.સ.) પેજ.૨૦૯.)

## ૫૭. ઇમામ હુસૈન (અ.સ.)ના રોઝાનાં ખાદીમને મુલાકાત

શેખ હુસૈન કે જે નેક મુત્તકી પરહેઝગાર અને ભરોસાપાત્ર વ્યકિત હતા. તેઓ ઇ.હુસૈન (અ.સ.)નાં રોઝાના મુજાવર હતા અને દેખરેખ રાખતા હતા અને ઇ.હુસૈન (અ.સ.)નાં ખાદીમોમાં સૌથી જુના હતા. તેઓ બયાન કરે છે કે

હુ અને મહુર્મ સૈ.હાશીમ કે જે નાએબે મુતવલ્લી હતા, જેમનાથી જવાબદારી રોઝએ મુબારકનાં દરવાજા ખોલવાની અને બંધ કરવાની હતી. અમે બન્ને સેહને મુકદ્દસમાં રહેતા. અમારો નિત્યક્રમ એ હતો કે અમે બન્ને રાતનાં પ્રથમ હિસ્સામાં હરમે મુકદ્દસનાં તમામ રૂમની ચારે બાજુ તપાસ કરી લેતા કે કોઇ અંદર બાકી નથી રહી ગયુ ને. ત્યાર બાદ અમે હરમના દરવાજાઓને બંધ કરી દેતા.

એક રાત્રે રોજનાં ક્રમ મુજબ અમે તમામ સહેનમાં તપાસ કરી જયારે કોઇ ઝવ્વારને અંદર ન જોયા પછી અમે દરવાજાઓને બંધ કરી દીધા. એ રાત્રે હુ વહેલો ઉઠી ગયો અને મે સૈ હાશીમને ઉઠાડયા અને કહયુ કે ઝવ્વારો માટે દરવાજા ખોલવાને અડધી કલાકની વાર છે. માટે આપણે નમાઝ પઢી લઇએ અને ઝવ્વારોને આવવાનો સમય થાય એટલે દરવાજા ખોલી નાખશું.

અમે સહેનમાંથી હરમ તરફ ગયા અને હરમનો જે દરવાજો ઝરીહે મુકદદસની સામે પડતો હતો એ દરવાજો ખોલ્યો, અને અંદર દાખલ થયા. રોઝાની નજદીક ગયા ત્યારે જોયુ કે એક નુરાની શખ્સ ઉભા છે. જે નમાઝમાં કુનુતની હાલતમાં મશ્ગુલ છે. સૈયદ હાશીમે મને કહયુ કે શુ રાત્રીનાં દરવાજાઓ બંધ કરતી વખતે તમે તપાસ નહોતી કરી. મે કહયું કે મે સંપૂર્ણ રીતે તપાસ કરી હતી પરંતુ હરમની અંદરતો કોઇ ન હતુ. સૈયદ હાશીમે કહયુ તમે ચીરાગ લઇ આવો હુ આ વ્યકિતના ચેહરાને જોવ જેથી તેને ઓળખી શકાય. હું ચીરાગ લાવ્યો. તેમણે નજર કરી પરંતુ ઓળખી ન શકયા અને કહયુ હું આ વ્યકિતને નથી ઓળખતો અને મે એમને કયારેય જોયા નથી.

અમે બન્ને તેમની નમાઝ પુરી થવાની રાહ જોઇ ઉભા રહયા. ઘણીવાર થઇ અમે ઉભા ઉભા થાકી ગયા, પરંતુ તેઓ હજુ સુધી એમજ કુનુતની હાલતમાં ઉભા હતા. સૈ. હાશીમે કહયુ આપણે હરમની અંદર તપાસ કરી લઇએ કે બીજુ પણ કોઇ અંદર નથીને.અમે અંદર જઇ ઝરીહની પાછળના ભાગમાં તપાસ કરી જયારે એ વ્યકિત તરફ પાછા ફર્યા તો જોયુ કે તેઓ ગાયબ છે. ત્યાં હાજર નથી. અમે તેમને ગોતવા લાગ્યા પરંતુ તેમનુ કયાય નામો નીશાન ન હતુ.

સૈ. હાશીમે કહયુ તમામ દરવાજાઓ બંધ છે. તો પછી આ વ્યકિત કયાંથી નીકળી ગયા? પછી સૈ.હાશીમે પોતાના અમામાને માથા પરથી ઉતારી ફેંકી દીધો અને સર પીટવા લાગ્યા. મે કહયુ સૈ.હાશીમ તમને શું થઇ ગયું? તેમણે કહયુ મને યકીન થઇ ગયુ કે આ સય્યદ આપણા મૌલા હ.હુજજત (અ.ત.ફ.શ.)હતા. પરંતુ આપણે તેમને ઓળખી ન શકયા. પછી અમે ખુબ રડયા અને થોડી વારમાં ઝવ્વારોનો આવવાનો સમય થઇ ગયો. માટે અમે દરવાજાઓ ખોલી નાખ્યા.(બરકાતે ઇમામ (અ.સ.) પેજ.૨૩૦).

### ૫૭. ઇ.ઝમાના અ. ઇ.હુસૈન અ.સ.ના અઝાદાર.

તમામ ઓલમા, મરાજેએ તકલીદ (મુજતહીદો) ખુદ અઝાદારી કરતા અને ઇ.ઝમાના અ.સ.ની બારગાહમાં પહોંચવા માટે અઝાદારીને વસીલો બનાવતા.

નજફમાં હું કેટલાક આલીમે દીનની સાથે ઇ.હુસૈન અ.સ.ની ઝિયારત માટે પગપાળા જતો હતો. રસ્તા પર અમે એક જગ્યા (તવરૈઝ) પહોંચ્યા, જયાંથી કરબલાનું અંતર ચાર ફરસખથી વધુ નથી.

એક આલીમે દીને મને ફરમાવ્યું કે આશુરાનાં દિવસે એક જુલુસ અહીંથી સીનાઝની (માતમ) કરતું કરતું કરબલા જાય છે. કેટલાક ઓલમાએ કીરામ અને મુજતહીદ આ જુલુસમાં સાથે જોડાતા અને માતમ કરતા. પછીતે બુઝુર્ગ આલીમે ફરમાવ્યું કે એક વખત આશુરાના દિવસે હું તવરૈઝથી એક માતમી જુલુસમાં જોડાયો અને કરબલા તરફ જઇ રહયો હતો. તે ઝમાનાનાં મુત્તકી, અને પરહેઝગાર આલીમ આંખમાં આંસુ સાથે માતમ કરી રહયા હતા.

તે આલીમે દીને ફરમાવ્યું કે એક વખત આશુરાના દિવસે સૈયદ બહરૂલઓલુમ (અ.ર.) કેટલાક તાલીબે ઇલ્મની સાથે માતમી જુલુસના ઇસ્તીકબાલ માટે તવરૈઝ જતા હતા.

સૈ.બહરૂલ ઓલૂમ(અ.ર.) જે પવિત્ર અને બાઅઝમત અને આઅલમે દીનનાં બલંદ દરજજા પર હોવા છતા અઝાદારોની વચ્ચે માતમમાં શામીલ થતા.

એક વખત આવા જ મૌકા ઉપર સૈ.બહરૂલ ઓલુમ (અ.ર.) એક માતમી જુલુસમાં બે ઇખ્તીયાર અઝાદારોની વચ્ચે જઇને સખત માતમ કરવા લાગ્યા અને જારોકતાર રડતા હતા. તાલીબે ઇલ્મ (સ્ટુડન્ટ) તેમની આસપાસ ગોઠવાઇ ગયા અને ડર લાગતો હતો કે બેહરૂલ ઓલુમ અ.ર. પડી ન જાય.

જયારે માતમી જુલુસ પુરૂ થયું તો સૈ.બહરૂલઓલુમ અ.ર. એ ફરમાવ્યું કે જયારે હું માતમી જુલુસની નજદીક પહોચ્યો, તો મે જોયું કે હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.) માતમી જુલુસમાં ખૂલ્લા પગે, ઉઘાડા માથે માથુ પિટી રહયા છે. ઝારો -કતાર રડતા રડતા માતમ કરી રહયા છે. મે આ જોયું તો હુ બેઇખ્તીયાર ઇ.ઝમાના અ.ની ખિદમતમાં આ જુલુસમાં જોડાઇ ગયો અને માતમ કરવા લાગ્યા. (મુલાકાત બા ઇમામે ઝમાના અ.સ. ભાગ-ર પે.ર૬૮-ર૬૯).

ઇ.ઝમાના અ.સ. ખુદ ફરમાવે છે કે ‘‘અય જદ્દે મઝલુમ હું આપના ગમમાં સવાર સાંજ રડતો રહીશ, અને ગીર્યા વ ઝારી કરતાં કરતા આંસુઓના બદલે ખુનના આંસુ વહાવીશ (ઝિયારતે નાહીયા).

આવો આપણે પણ શોહદાએ કરબલાના ગમમાં આંસુ વહાવીએ......

ઇ.હુસૈન અ.ના મસાએબ વકતના ઇમામની ઝબાનમાં આભળીએ. ઝિયારતે નાહીયામાં ઇ.ઝમાનાઅ. ફરમાવે છે. ખુનથી નહાયેલા મઝલુમ ઉપર સલામ. અઝાદારો તસવ્વુર કરો,ઇમામ અ.નાં જુમ્લા ઉપર કે ઇ.હુસૈન કેટલા ઝખ્મી હતા. આપનું પુરૂ શરીર લોહી લુહાણ હતુ.... જયારે ઇ.હુસૈન અ.સ. રૂખ્સતી માટે ઇ.સજજાદ અ. પાસે આવે છે.. તો ઇ.સજજાદ અ.સ. પિતાને ઓળખી નથી શકતા. કેવી રીતે ઓળખી શકે ? પુરૂ બદન ખૂન આલુદા હતું, લોહી લુહાણ હતુ.

ઇ.ઝમાના અ. ફરમાવે છે કે મુર્જાએલા અને સુકાયેલા હોઠોને સલામ. કેટલા પ્યાસા હતા,ઇ.હુસૈન અ.સ..રિવાયતમાં મળે છે, કે અલીઅકબર અ.સ. જંગ કરતા કરતા પ્યાસની તડપને કારણે પાછા આવે છે અને કહે છે કે બાબા! પ્યાસ. ઇમામ અ. પોતાની ઝબાન દિકરાનાં મો માં આપે છે. અલીઅકબર અ. એ તરત જ પોતાના મોં ને હટાવી લીધુ. બાબા તમારી ઝબાન તો મારા કરતા વધારે સુકી છે.

અઝાદારો, મઝલુમ ઇમામ અ. ૭૧ અન્સારો કુટુંબીઓના લાશાને ઉપાડયા પછી,સબ્રનો જામ પીઇને,પોતાના બાળકોને ભુખ્યા પ્યાસા છોડીને જંગના મેદાનમાં આવી જાય છે... શેરે ખુદાના લાલે

દુશ્મનોને અલી અ.ની બહાદુરીની યાદ દેવડાવી દીધી...... આખરે આવાજે કુદરત આવી... બસ,અય નફસે મુતમઇન્ના! તારા રબ તરફ પલટી આવ... ઇ.હુસૈન અ.સ.તલવાર મ્યાન કરી, ભાગેલુ લશ્કર નઝદીક આવ્યું. ચારે તરફથી હુમલાઓ થઇ રહ્યા હતા. કોઇ પથ્થર તો કોઇ તલવાર તો કોઇ નેઝા વડે તો કોઇ તીર વડે હુમલો કરી રહ્યું હતું... ઇ.હુસૈન નાં શરીર ઉપર એટલા તીર હતા કે જયારે આપ ઘોડા પરથી નીચે આવ્યા તો આપનું શરીર તીરો ઉપર હતું......ઇ.હુસૈન અ.સ. શહીદ થઇ ગયા. એક આંધી ઉઠી... જમીનને ઝલઝલો આવ્યો. અવાજ ગુંજી અલા કોતેલલ હુસૈનો બે કરબલા અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા.

સલવાતુલ્લાહે અલલ હુસૈન અ.સ. વ લઅનતુલ્લાહે અલા અઅદાએહીમ અજમઇન.

## ૫૮. અબુલ ફઝલીલ અબ્બાસ (અ.સ.)ના મસાએબમાં

ઇ.ઝમાના અ.સ.

અમારા કાફલામાં એક બંને પગથી અપંગ ઔરત ઉમરા હજ માટે આવી હતી. તેણે સફા અને મરવા વચ્ચે સઅી કરવામાં ખુરશીનો સહારો લઇને ખુબજ મહેનતથી આ અઅમાલ બજાવ્યા. બાકીના અઅમાલ બજાવવા પણ તેને બીજાનો સહારો લેવો પડતો.

૯ મી ઝિલ્હજ (અરફાના દિવસે) અમે ઝોહરની નમાઝ પછી અરફાની દુઆ પઢી. પછી અમે કાફલાવાળાઓએ મજલીસે અઝા પઢવાનું શરૂ કર્યુ અને મસાએબે અબુલ ફઝલીલ અબ્બાસ (અ.) પઢી રહયા હતા.

તમામ કાફલાવાળાએ જોયું કે એક નુરાની ચહેરાવાળા એક બુર્ઝુગવાર એહરામનાં લિબાસમાં અમારી વચ્ચે આવીને બેસી ગયા અને હઝરત અબ્બાસ અ.સ.ના મસાએબ ઉપર ગીર્યા-વ ઝારી કરવા લાગ્યા, લોકોનું ધ્યાન ધીમે ધીમે તેમના તરફ ગયુ ત્યારે આલીમે દીને પોતાનું સ્વપન બયાન કર્યું કે હઝરત બકીયતુલ્લાહ અ.સ.કે જેમના કદમોની માટી ઉપર અમારી જાન ફીદા થાય. તેઓએ મને ફરમાવ્યું કે તમે અરફાના દિવસે હઝરત અબુલ ફઝલીલ અબ્બાસ અલમદાર અ.ની શહાદતનાં મસાએબ પઢજો, હું પણ આ મજલીસમાં આવીશ.

ઇમામ અ.ઉભા થઇને લોકોથી દુર જતા હતા. જયારે તે અપંગ ઔરતે ફરિયાદ કરી કે આકા પાછા ફરો, અને પોતાના પગ તરફ ઇશારો કર્યો (કે મને શિફા આપો.)

હઝરત વલીયે અસ્ર અ.એ ઇશારામાં કહયું કે ઇન્શાઅલ્લાહ સારૂ થઇ જશે. અને પછી ખૈમાની બહાર ચાલ્યા ગયા.

અમારો દોસ્ત બયાન કરે છે કે તે જ સમયે તે ઔરત સાજી થઇ ગઇ અને તેની તમામ તકલીફ દૂર થઇ ગઇ એટલે સુધી કે તેણે તમામ હજના આઅમાલ કોઇની પણ મદદ વગર જાતે બજાવ્યા.

અલ્હમ્દોલિલ્લાહ ત્યાર પછી તેની કોઇ અપંગતા બાકી ન રહી.(મુલાકાત બા ઇમામે ઝમાના અ.સ. ભાગ-૨ પે.૨૭૫-૨૭૭).

આવો આપણે પણ મજલીસે અઝા બિછાવીએ અને મૌલા અબુલ ફઝલીલ અબ્બાસ અલમદાર અ.સ.ની શહાદતનાં મસાએબ પઢીએ અને ઇમામે ઝમાના અ.સ.ની બારગાહમાં પુરસો આપીએ અને ખાતુને જન્નત જ.ઝહરા સ.અ.ની ખિદમતમાં પુરસો આપીએ (અહીં મસાએબે અબુલ ફઝલીલ અબ્બાસ પઢવા ગુજારીશ છે. જુઓ અહવાલે કરબલા).

## ૫૯. અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.) થી તવસ્સુલ.

અબુલ વફા શીરાઝી કહે છે કે મને અબુ અલી ઇલ્યાસનાં કૈદખાનામાં સખ્તીથી કૈદ કરી લેવામાં આવ્યો હતો. અને મને એ વાતની જાણ થઇ કે તે મને કત્લ કરવાનો ઇરાદો રાખે છે. માટે મે અલી ઇબ્નીલ હુસૈન ઝયનુલ આબેદીન (અ.સ.)નો વસીલો આપી અલ્લાહની બારગાહમાં દુઆ કરી. પછી જયારે હુ સુઇ ગયો તો સ્વપ્નમાં રસુલુલ્લાહ (સ.)ને જોયા.

આપ (સ.) ફરમાવ્યુ કે મને મારી દીકરી ફાતેમા (સ.)ને અને મારા બન્ને ફરઝંદો ઇ.હુસન, ઇ.હુસૈન (અ.સ.)ને અલ્લાહની બારગાહમાં કોઇ ભૌતીક (દુન્યવી) ચીજ માટે વસીલો ન બનાવો.બલ્કે અમને આખેરતના માટે વસીલો બનાવો અને જે કોઇ અલ્લાહના ફઝલનો ઉમેદવાર હોય તેને જોઇએ કે તે અમને વસીલો બનાવે અને અબુલ હસન અલી ઇબ્ને અબી તાલીબ (અ.સ.) મારા ભાઇ છે. જે લોકોએ તારા ઉપર ઝુલ્મ કર્યા તેનો બદલો તેઓ (અ.સ.) લેશે. મે અર્ઝ કરી યા રસુલુલ્લાહ (સ.) જેઓએ જ.ઝેહરા (સ.) પર ઝુલ્મ કર્યો તેના ઉપર અલી (અ) એ સબ્ર કર્યુ. જેઓએ અલી (અ) ની મીરાસ ગસ્બ કરી, તેના ઉપર પણ આપ (અ) એ સબ્ર કર્યુ. તો પછી તેઓ મારા ઉપર થયેલા ઝુલ્મોનો બદલો કઇ રીતે લેશે?.

રસુલુલ્લાહ (સ.) એ મારા તરફ આશ્ચર્યથી નજર કરી અને કહયુ એ બધી બાબત મારા ઝીમ્મે હતી. અને તેના ઉપર સબ્ર કરવાનો મારો હુકમ હતો, જેનો મે એમને હુકમ કર્યો હતો, જેનો મે એમનાથી વાયદો લીધો હતો,અને અલી (અ.) એ હકકને અદા કર્યો છે, પરંતુ આ કામ માટે એ વાયદા ઉપર અમલ કરવો જરૂરી નથી અને વાય થાય એ શખ્સ ઉપર જે અમારા દોસ્તો અને શીઆઓથી દુરી ઇખ્તીયાર કરે કારણકે અલી (અ.સ.) તેઓથી એમના શીઆઓનો બદલો લેશે.

અને અલી ઇબ્નુલ હુસૈન ઝયનુલ આબેદીન (અ.)ને બાદશાહો અને શેતાનનાં શરથી નજાત મેળવવા માટે વસીલો બનાવો, અને મોહમ્મદ બીન અલી (અ.) અને જઅફરબીન મોહમ્મદ (અ.)ને આખેરત માટે વસીલો બનાવો (એક રીવાયત મુજબ જે કોઇ અલ્લાહની ઇબાદત અને તેની મહેરબાની અને રઝા ઇચ્છે).

મુસા ઇબ્ને જાફર (અ.)ને તમારી સલામતી માટે વસીલો બનાવોઅને અલી ઇબ્ને મુસા અ.સ.ને તમારી નજાત માટે વસીલો બનાવો (રીવાયતમાં છે કે રીઝકનાં નાઝીલ થવા બાબતે) અને અલી ઇબ્ને મોહમ્મદ (અ.સ.)ને મુસ્તહબાત અને મોમીન ભાઇ સાથે નેકીને અદા કરવા માટે વસીલો બનાવો અને જે કોઇ અલ્લાહની ઇતાઅત ઇચ્છતો હોય તો તે હસન ઇબ્ને અલી (અ.)ને આખેરત માટે વસીલો બનાવે.

પરંતુ જયારે તારી ગરદન ઉપર તલવાર હોય,કત્લ થવા સુધી પહોંચીજા ત્યારે હ.હુજજત (અ.સ.)ને યાદ કરીને તુ તારી ગરદન તરફ તારા હાથથી ઇશારો કર અને હ.હુજજત (અ.)થી ઇસ્તગાસા કર (મદદ માંગ). તે તારી પનાહગાહ છે. જે એમનાથી ઇસ્તેગાસા કરે અને કહે ''યા મલ્લાય યા સાહેબ ઝમાન અના મોગીસુન બેક''.

અબુલ વફા કહે છે કે ''મે ખ્વાબની હાલતમાં હ.હુજજત (અ.)ને ફરીયાદ કરી અને કહયુ ''યા સાહેબઝઝમાન અનાં મોગીસુન બેક'' ત્યારે મે જોયુ કે એ નુરાની વ્યકિત આસમાન તરફથી ઉતરી રહયા હતા. તેઓ ઘોડા ઉપર સવાર હતા. અને તેમના હાથમાં એક એવુ ખંજર હતુ જેમાંથી નુર ફેલાઇ રહ્યુ હતુ. મે અર્ઝ કરી મૌલા મને આ ઝાલીમ લોકોનાં શરથી સુરક્ષીત રાખો.

મારા શરને દુર કરી દયો. મૌલાએ ફરમાવ્યુ તારૂ કામ મે અન્જામ આપી દીધુ છે. અબુવફા શીરાઝી કહે છે ''મારૂ ખ્વાબ પુરૂ થઇ ગયુ અને સવાર પડી તો ઇલ્યાસે મને બોલાવ્યો અને કહ્યું કે '' રાત્રે તે કોનાથી મદદ માંગી હતી. મે કહ્યુ: એ શખ્સીયતથી મદદ માંગી હતી. કે જે દરેકની ફરીયાદે પહોચે છે. અને તેઓ દરેક મુસીબતનો ઇલાજ છે. (બરકાતે હઝરત વલીયે અસ્ર અ.સ. પેજ નં.૨૭૯)

## ૬૦. ખાતુને જન્નત (સ.અ.)ની ખિદમતમાં હાજત તલબ કરી.

કિતાબ મસ્જીદે જમકરાનમાં મસ્જીદના ખાદીમ સૈ.અબ્દુલ રહીમથી આ પ્રસંગ લખવામાં આવ્યો છે.

હિ.સં.૧૩૨૩ માં એક ભયંકર રોગચાળો ફેલાયો હતો. એક દિવસ હું મસ્જીદે જમકરાનમાં ગયો તો મે જોયું કે એક અજાણ્યો માણસ મસ્જીદમાં બેઠો છે. મે પૂછયું તમે કોણ છો? અને શું કરો છો?

તે માણસે બતાવ્યું કે હું તેહરાનનો રહેવાસી છું. મારૂ નામ અલી અકબર છે. હું એક વેપારી છું અને લોકોને ઉધાર માલ આપતો હતો. રોગચાળામાં આ માણસો મરી ગયા અને મારો બધો માલ ઉધારમાં ચાલ્યો ગયો, એટલે સુધી કે મુડી પણ ખત્મ થઇ ગઇ. મજબુર થઇને અહીં આવ્યો છું. કદાચ હઝરત હુજજત ઇબ્નીલ હસન (અ.સ.)ની મારા પર નઝરે કરમ થઇ જાય.

આ માણસ ત્રણ મહીના સુધી મસ્જીદે જમકરાનમાં રહયો. ભુખ સહન કરી લેતો અને ઇબાદતમાં પોતાનો સમય પસાર કરતો. ત્રણ મહીના પછી તેણે મને કહયુ કે હવે મારૂ થોડું કામ થઇ ગયું છે. હવે હું

કરબલા એ મોઅલ્લા જાવ છું. પછી તે ચાલીને કરબલા ગયો અને ત્રણ મહીના પછી પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે મને હુકમ થયો છે કે મસ્જીદે જમકરાનમાં મારૂ કામ થઇ જશે. પછી તે અહીં રોકાયો અને ઇબાદત અને દુઆમાં મસ્રૂફ રહેતો અને એહલેબૈત (અ.મુ.સ.)ની બારગાહમાં દુઆ કરતો હતો.

હીજરી ૧૩૨૩ માહે રમઝાનની છઠ્ઠી રાત્રે તે કુમથી તેહરાન જવા ઇચ્છતો હતો. તેણે બયાન કર્યુ કે મારી હાજત પુરી થઇ ગઇ છે. મે તેને વિનંતી કરી કે આજની રાત તમે મારે ત્યાં રોકાવ અને સવારે તહેરાન ચાલ્યા જાવ.

તેમણે મારી વાત માની લીધી. રાત્રીના તેઓ મારા ઘરે રોકાયા. મે ખુબ જ ઇસ્રાર કર્યો,તો તેમણે મારી વાત માની લીધી અને પોતાનો પ્રસંગ બયાન કર્યો.

હું મસ્જીદે જમકરનમાં રોકાયો હતો. મે એક શખ્સને કહયુ હતુ કે તે મારા માટે દરરોજ એક રોટી લાવે. મે કહયું હતુ કે હું રોટીના પૈસા એકી સાથે આપી દઇશ. તે મારા માટે દરરોજ એક રોટી લાવતો. પછી તેણે રોટી આપવાની ના પાડી દીધી કે તમારૂ ઉધારનું બીલ મોટુ થઇ ગયું છે. હવે તમને હું હવે ઉધાર રોટી નહીં આપુ. ઘણા સમય સુધી મારી પાસે ખાવાની કોઇપણ ચીજ ન હતી એટલે સુધીકે ઘાસ ખાઇને સમય પસાર કરતો. ધીમે ધીમે મારી તબિયત ખરાબ થતી ગઇ. હું બિમાર પડી ગયો ચાલવાની તાકાત પણ ન હતી. અડધી રાતનો સમય હતો.

બારી કે જે પહાડની તરફ હતી, ત્યાંથી એક અજીબ પ્રકારની રોશની આવી રહી હતી. રોશની એટલી બધી હતી કે પહાડ ચમકી રહયો હતો. રોશની વધતી રહી, અચાનક મને અહેસાસ થયો કે મારા ઓરડાની બહાર કોઇ વ્યકિત ઉભા છે. અને આ નુર તેમનાથી પ્રકાશિત થઇ રહયુ છે. મે ઉભા થઇને દરવાજો ખોલ્યો. એક બાઅઝમત સૈયદ મારા રૂમમાં આવ્યાં અને સલામ કરી. મે સલામનો જવાબ આપ્યો. મારાથી તેમની સાથે વાત કરવાની હિંમત પણ ન થઇ. મને તેમની અઝમત જોતા યકીન થઇ ગયુ કે તેઓ હઝરત બકીયતુલ્લાહ રૂહી ફીદા છે.

આપ અ. મે મને ફરમાવ્યુ કે તે મારી દાદીમાં સૈયદાએ તાહેરા હઝરત ફાતેમતુઝઝહેરાની બારગાહમાં ફરિયાદ કરી. (હાજત માંગી) ખાતુને જન્નત (અ.સ.)એ તારી સિફારીશ રસુલ સ.ને કરી. રસુલ સ.અ.વ.એ તારી હાજત પુરી કરવાનું મને કહયું છે. ત્યાર પછી આપ એ ફરમાવ્યુ કે તું જલ્દી થી તારા વતન ઘરે પહોંચી જા. તારી પત્ની અને બાળકો તારી રાહ જુએ છે. અને તેઓ મુશ્કેલીમાં છે. તું ત્યાં જઇશ એટલે તારૂ કામ થઇ જશે.

મે કહયું કે આકા! આ મસ્જીદનો ખાદીમ અંધ છે. તમે તેને શિફાઅ આપો. આપ અ.સ. એ ફરમાવ્યું, નહીં. બેહતર એ જ છે કે તે અંધ રહે. પછી ફરમાવ્યું કે આવો આપણે મસ્જીદમાં જઇએ અને નમાઝ પઢીએ. મે કહયું કે આપના કદમોની મિટ્ટી ઉપર મારી જાન કુરબાન,જેવો આપનો હુકમ.

પછી અમે મસ્જીદમાં ગયા, ત્યાં મે બે સવાલો પુછયા ત્યાર પછી મે જોયું તો ઈમામ અ.સ. ત્યાં ન હતા. પરંતુ મને અવાજ સંભળાતો હતો કે તમે ઘરે જાવ, તમારી પત્ની અને બાળકો રાહ જોવે છે.(મુલાકાત બા ઈમામે ઝમાન અ.સ. ભાગ-૨/પેજ.૨૭૨ થી ૨૭૫).

## ૬૧. રસ્તો ભુલેલાને માર્ગદર્શન.

અગર કોઇ યકીન અને ખુલુસની સાથે મદદ માટે અવાજ આપે તો હ.બકીયતુલ્લાહ રૂહી ફીદા મદદ માટે પહોંચે છે.

આકા અબ્દુર્રહીમ શીરાઝી અમારા ઝમાનાના દાનીશમંદ આલીમે દીન હતા. જેમણે ઘણી કિતાબો લખી છે,જેમાં કિતાબ મસ્જીદે જમકરાનમાં આ પ્રસંગ લખેલો છે.

આકા અલી અસ્ગર સૈફ બયાન કરે છે કે શીરાઝનાં એક ડોકટરે એક ઇરાની ઔરતને મુસ્લીમ બનાવીને તેની સાથે શાદી કરી, અને તેને પહેલી જ વખત હજ કરવા માટે સાથે લીધી. મે તેણીને કહયુ કે હજનાં આઅમાલ બજાવવા હઝરત વલીયે અસ્ર અ.દર વર્ષે મકકા આવે છે.

અગર તું મારાથી કે કાફલાથી અલગ પડી જા અથવા રસ્તો ભુલી જા તો આપ અ.સ. (ઇ.ઝમાના અ.સ.) થી મદદ માંગજે. ઇન્શાઅલ્લાહ તે તને કાફલા સુધી પહોંચાડી દેશે.

પ્રસંગોપાત આ ઇરાની ઔરત અરફાતનાં મેદાનમાં ભુલી પડી ગઇ. કાફલાના દરેક માણસો અને તેના શૌહરે કેટલાય કલાક સુધી તેને શોધવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે મળી નહીં, અને તેના કોઇ સમાચાર પણ મળ્યા નહીં.

કાફલાના તમામ લોકો થાકીને ખૈમામાં પરત આવ્યા. અચાનક બે કલાક પછી ડોકટરની પત્ની ખૈમાંમાં દાખલ થઇ. તેને પુછયું કે તુ કયાં હતી?

તે ઔરતે જવાબ આપ્યો કે હું રસ્તો ભુલી પડી ગઇ હતી. જે રીતે ડોકટર સાહેબે મને બતાવ્યું હતું, તે રીતે મે ઇ.ઝમાના અ.ની બારગાહ માં મદદ માટે ફરિયાદ કરી,મૌલા તશ્રીફ લાવ્યા .જો કે હું ફારસી અને અરબી ભાષા જાણતી ન હતી. પરંતુ તેમણે મારી માતૃભાષામાં મારી સાથે વાત કરી અને મને ખૈમા સુધી મુકી ગયા.એટલે તમે જાવ અને તેઓનો શુક્રીયા અદા કરો. તે ઔરતે ઇશારો કર્યો તે તરફ અમે ગયા,પરંતુ કોઇ નઝર ન આવ્યું. ડોકટરની પત્ની જ ઇમામ અ.સ.ને જોઇ રહી હતી, બીજાને તેઓ દેખાયા નહીં. (મુલાકાત બા ઇમામે ઝમાન અ.સ. ભાગ.૨ /પે.૨૭૦-૨૭૧)

## ૬૩. હૃદયરોગનાં દર્દીને શિફા મળી.

અમારા હજના કાફલામાં એક ૮૦ વર્ષનાં વૃધ્ધ માણસ હતા. તેમનું નામ હસન હતું. વૃધ્ધાવસ્થાને કારણે સફા અને મરવા વચ્ચે સઅી અને તવાફ નાએબ વગર કરી શકતા ન હતા. તેઓ માટે ચઢવુ અને ઉતરવુ પણ મુશ્કેલ લાગતુ હતુ.જેથી તેમને નીચેના ઓરડામાં ઉતારો આપ્યો હતો. જેથી તેમને તકલીફ ઓછી પડે.

એક રાત્રે અમે કાફલાના કામ રોકાયેલા હતા, અને તે વૃધ્ધ માણસ રૂમમાં એકલા હતા. રાતના સમયે હૃદયની બિમારીમાં સપડાઇ ગયા.

તેઓ બયાન કરે છે કે હૃદયમાં એટલો સખત દુખાવો થયો હતો કે મને મારૂ મૌત દેખાવા લાગ્યુ હતું. અચાનક મને યાદ આવ્યું કે હ.બકીયતુલ્લાહ રૂહી ફીદા (અ.ત.ફ.શ.) પાસે મદદ માંગુ. એટલે મે ઇમામ અ.સ.ને સલામ કરી અને રડતા રડતા ફરિયાદ કરી કે બધા મને રૂમમાં એકલો છોડીને ચાલ્યા ગયા છે, અને તમે પણ મને ભુલાવી દીધો. હું રડતા રડતા ફરિયાદ કરતો રહયો.

અચાનક મારા રૂમનો દરવાજો ખુલ્યો અને એક આદમી નુરાની શકલો-સુરત વાળા મારા રૂમમાં દાખલ થયા. તેમના જમણા ગાલ પર ખુબસુરત તલ હતું. મને યકીન થઇ ગયું કે આજ હ.વલીયે અસ્ર અ. છે.

તેમણે મને સલામ કરી અને પુછયું કે હસન તમને હૃદયરોગની બિમારી છે. આ સાકરનો ટુકડો લ્યો અને તેને ખાઇ જાવ. સાજા થઇ જશો.

મે જોયુ કે આકાનાં હાથમાં મીસ્રી (સાકર)નો ટુકડો છે.મે તે ટુકડો લીધો, અને તેમાંથી થોડો ખાઇ લીધો. મારી હૃદયરોગની બિમારી ચાલી ગઇ, અને મને લાગતું હતું કે મારા જવાની પાછી આવી.

મારા દોસ્ત બયાન કરે છે કે નવાઇની વાત એ છે કે આ રાત પછી આ ૮૦ વર્ષના વૃધ્ધ માણસે તમામ આઅમાલ પોતાની જાતે બજાવ્યા એટલુ જ નહીં બજારમાંથી તોહફા અને જે ચીજની જરૂરત હતી, તે ચીજો પણ જાતે ખરીદીને લાવ્યાં.

વધેલો સાકરનો ટુકડો જે બિમારને પણ ખાવા આપ્યો અલ્લાહ ત.એ તેને પણ શિફા આપી.(મુલાકાત બા ઇમામે ઝમાના(અ.) ભાગ-૨ / પેજ. ૨૭૬-૨૭૭).

## ૭૧. મસ્જીદે સહલામાં ઇમામ અ.થી મુલાકાત અને ૩ હાજતો.

કિતાબ અબ્કરીયુલ હેસાનમાં મરહુમ નહાવન્દી (અ.ર.)એ જલીલુલ કદ્ર આલીમે દીન સૈ.બુઝુર્ગવાર મરહુમ સૈ.અબ્દુલ્લાહ કઝવૈનીથી આ પ્રસંગ લખે છે. મ.કઝવૈની (અ.ર.) આ પ્રસંગ વર્ણવતા કહે છે,કે  હું એક વખત મારા કુટુંબ સાથે ઝિયારત માટે ગયો. મંગળવારના દિવસે નજફે અશરફથી મસ્જીદે કુફા ગયા. મિત્રોનો વિચાર હતો કે આ જ દિવસે પાછા નજફે અશરફ ચાલ્યા જઇએ. મે કહયું કે બુધવારની રાત મસ્જીદે સહલા ચાલ્યા જઇએ.મે કહયું કે બુધવારની રાત મસ્જીદે સહલા જઇએ. બુધવારની રાત્રે આઅમાલ સહરા (રણ) માં મુસાફરી કરવા મિત્રો તૈયાર ન થયા.

હું ત્રણ વ્યકિતની સાથે મસ્જીદે સહલા તરફ રવાના થયો. મગરીબ અને ઇશાની નમાઝ જમાઅતથી અદા કરી. પછી દુઆ અને અઅમાલ બજાવી લાવવામાં મશ્ગુલ થયા. અચાનક મે સમય જોયો તો રાતનો ઘણો બધો સમય પસાર થઇ ગયો. મે વિચાર્યુ કે કુફા પાછું ફરવું જોઇએ.

એક અજીબ પ્રકારનો ભય મહસુસ થયો કે આ ત્રણ ઔરત અને એક અરબને લઇને આ અંધકાર અને વેરાન માર્ગે કુફા તરફ કેવી રીતે પાછા ફરવું? ઉપરાંત તે સમયે અતયા નામનો એક લુંટારો ફરાર હતો અને રસ્તામાં પસાર થતા લોકોનાં માલ સામાનને લુટીલેતો તેને કારણે પણ મને ખુબ ડર લાગ્યો હતો.  તેથી મે હ.વલીયે અસ્ર (અ.ત.ફ.શ.)ની બારગાહમાં મદદ માટે ફરિયાદ કરી, મદદ માંગી.  અચાનક મારી નજર મસ્જીદમાં મકામે વલીયે અસ્ર (અ.) પર પડી,ત્યાંથી એવું નુર નીકળતું હતુ કે જાણે સુરજની તમામ કિરણો ત્યાં એકત્રીત થઇ ગઇ છે.

હું તરત જ તે મકામ તરફ ગયો ત્યાં એક બા અઝમત બુઝુર્ગવારને જોયા, કે જેઓ મેહરાબમાં ઇબાદત કરી રહયા હતા. હું તેમની પાસે બેસીને દુઆ અને ઝિયારતમાં મશ્ગુલ થઇ ગયો. તેઓ પણ ઝિક્રે ઇલાહીમાં મશ્ગુલ હતાં, પરંતુ હું જયારે હઝરત બકીયતુલ્લાહ પર સલામ મોકલતો, તો તેઓ જવાબમાં કહેતા કે વ અલય્કોમુસ્સલામ. મને દિલમાં ગુસ્સો આવતો કે હું ઇ.ઝમાના અ.ઉપર સલામ મોકલું છું અને આ શખ્સ તેનો જવાબ આપે છે.

આ પવિત્ર હસ્તીએ મારા તરફ ફરીને કહયું કે ઇત્મેનાનથી ઇબાદત કરો,દુઆ પઢો મેં અકબર કબાબુવાળાને કહી દીધું છે કે તે તમે જયારે ચાહશો ત્યારે મસ્જીદે કુફા પહોંચાડી દેશે અને જમવાનું પણ જમાડશે. જયારે આ પવિત્ર હસ્તીએ મને આ શબ્દો કહયા તો મારા દિલમાં તેમના પ્રત્યે મોહબ્બત થઇ ગઇ.મેં એમનાથી ત્રણ સવાલ કર્યા.

(૧) તંગદસ્તીથી છુટકારો અને રીઝકમાં વધારો.આપે તે હાજત કબુલી.

(૨) હું મરી જાવ તો મારી કબ્ર કરબલામાં બને. આપે તે પણ કબુલ કર્યુ.

(૩) મારે ત્યાં નેક ફરઝંદની વિલાદત થાય. આપે આ હાજતને કબુલ ન કરી અને ના પાડી. હું પણ ખામોશ થઇ ગયો, અને ઇસ્રાર ન કર્યો એટલા માટે કે મે યુવાનીમાં એક ઔરત સાથે શાદી કરવાની

ઇચ્છા કરી હતી. પરંતુ તે ઔરત મને મળતી ન હતી. મે ઇમામ રેઝા અ.સ.ના હરમ (રોઝા)માં દુઆ કરી કે મારી આ ઔરત સાથે શાદી થઇ જાય તો હું ઔલાદ નહીં માંગુ.

ત્યાર પછી મારી પત્નીએ તે બુઝુર્ગવારથી ૩ હાજત માંગી.

(૧) તે મારી પહેલા મૃત્યુ પામે અને હું તેને કફન આપુ.

(૨) રિઝકમાં વિશાળતા.

(૩) કરબલા અથવા મશહદે મુકદદસમાં કબ્ર બને. આપે તેની ત્રણેય હાજતોને કબુલ કરી. તેની ત્રણેય આરઝુ પુરી થઇ.(મે કફન દફન આપ્યુ, મશહદમાં કબ્ર બની, રિઝકમાં પણ વધારો થયો).

મારી બીજી પત્ની જે પણ મારી સાથે હતી. તેણે પણ ૩ હાજત માંગી.

(૧) તેણે તેની વહુની શિફા માટે વિનંતી કરી, તો આપ (અ.સ.) એ ફરમાવ્યું કે તેને મારા જદ્દે અમજદ હઝરત મુસા ઇબ્ને જઅફર અ.સ. શિફા આપશે.

(૨) મારા દિકરાને માલ-દૌલત નસીબ થાય. આપે આ હાજત કબુલ કરી.

(૩) તુલે ઉમ્ર આપે. તે હાજત પણ કબુલ કરી.

મે ખુદ જોયું કે મારી પત્નીની વહુને કાઝમૈનમાં શિફા મળી અને તેના દિકરાને માલ-દૌલત નસીબ થયો અને તે ૯૫ વર્ષની ઉમ્રે મૃત્યુ પામી.

સૈયદ અબ્દુલ્લાહ કઝવૈની ફરમાવેછે કે જયારે અમે દુઆ અને ઝિયારત અને આ વાતચીત પુરી કર્યા પછી બહાર નીકળ્યા તો મારી પત્નીએ મને પૂછયું કે તમે ઓળખ્યા કે આ આકા કોણ હતા? મેં કહયું, નહીં. તેણે કહયું કે આ આકા હઝરત વલીયે અસ્ર (અ.સ.) હતા. હું તરત જ પાછો એ જગ્યા પર ગયો તો ન તો રોશની હતી અને મસ્જીદમાં અધાંરૂ હતું. હું તે સમયે મુતવજજેહ થયો કે તે ઇ.ઝમાના અ.સ. હતા. અને તે નુર તેમનાથી પ્રકાશિત થઇ રહયુ હતું.

જયારે અમે મસ્જીદથી બહાર નીકળ્યા તો એક નવયુવાન આવ્યો અને તેણે કહ્યુ કે હું તમને મસ્જીદે કુફા સુધી પહોંચાડી દઉ? મે પુછ્યું કે તમે કોણ છો? તો તેણે જવાબ આપ્યો કે હુ અલી અકબર બેહારી છું. જયારે મે આ નામ સાંભળ્યું તો દિલમાં વિચાર આવ્યો કે ઇમામ અ.સ. એ તો અલી અકબર કબાબુવાલા નામ આપ્યુ હતુ. તેથી હુ પરેશાન થયો. તેથી મે ફરીથી પૂછયું કે આપે શું નામ કહયું?

તેણે કહયુ કે મારૂ નામ અલીઅકબર બેહારી છે. અને હું હમદાનમાં કબાબીયાન વિસ્તારમાં રહુ છું.

તે આકાએ મને ફરમાવ્યું છે કે હું તમને મસ્જીદે કુફા સુધી મુકી જાવ.

આખરે તે નવયુવાન અને ચાર બીજા ખિદમતગુજારોએ અમને પ્યાર અને મોહબ્બતની સાથે મસ્જીદે કુફા પહોંચાડી દીધા.(મુલાકાત બા ઇમામે ઝમાના(અ.) ભાગ-૨ / પેજ.૨૪૯ - ૨૫૨).

## ૭૨. બાળકોને નેકીની તઅલીમ આપો,ગુનાહોથી બચાવો.

મારા વાલીદે બુઝુર્ગવાર (પિતા) બયાન કરે છે કે તે સમયે રઝાશાહ પહલવી ઝાલીમ બાદશાહની હુકુમત હતી. તે જબરજસ્તીથી યુવાનોને લશ્કરમાં ભર્તી કરવાતો અને તે યુવાનોને સહન ન થાય તેવી તકલીફ આપતો. એટલુ જ નહીં પરંતુ ફૌજમાં તેઓને દીને ઇસ્લામથી દુર કરવાની પણ કોશીશ કરતો. તે સમયે મારા વાલીદની યા તો શાદી નહોતી થઇ યા તેઓ સાહેબે અવલાદ ન હતા.

તેઓ એક પ્રકારની મુસીબતોમાં હતા કે સાહેબે અવલાદ બને યા ન બને? કારણકે અગર ઔલાદ થશે તો ઝાલીમ બાદશાદ તેને જબરજસ્તીથી ફૌજમાં શામીલ કરી દેશે અને મઝહબે ઇસ્લામથી દૂર કરી દેશે, શું કરવુ?

મારા વાલીદ કહે છે કે મે ૪૦ રાતો નઝદીકનાં રણમાં પસાર કરી કે હુ શું કરૂ? સાહેબે અવલાદ બનું યા ન બનુ? ઇ.ઝમાના અ.સ.થી મદદ માંગી. ૪૦ મી રાત આવી પહોંચી. તે રાત્રે પ્રસંગોપાત ખૂબજ ઠંડી હતી. પરંતુ હું કોશીષ કરીને ૪૦મી રાત્રે સહરા (રણમાં) મુનાજાતમાં મશ્ગુલ હતો.

અચાનક મે જોયુકે અંધારી રાતમાં એક નુર નજર આવી રહયુ હતું. જે મારી તરફ આવી રહયુ હતું. તે એક નુરાની શખ્સ છે જેના શરીરમાંથી આ નુર નીકળી રહયુ હતું. હુ મુનાજાતમાં મશ્ગુલ હતો. તેઓ મારી નજદીક આવ્યા. મને નામ લઇને બોલાવ્યો અને કહ્યુ કે અય અઝીઝુલ્લાહ અહીં તું શા માટે આવ્યો છે? મેં જવાબમાં કહ્યુ કે હુ ઇ.ઝમાના અ.સ.થી મદદ માટે આવ્યો છું. તેમણે ફરમાવ્યું કે હુ જ તારા ઝમાનાનો ઇમામ છું, બતાવ તુ શું ચાહે છે?

મે કહ્યુ કે તમે ઝમાનાનાં ઇમામ છો તો મારી મુશ્કેલીને આપ જાણો છો.

આપ અ.સ.એ ફરમાવ્યું કે તું એ જાણવા ચાહે છે કે વગર ઔલાદનો રહું કે સાહેબ અવલાદ બનુ, તો હું તને બતાવુ છું, કે તારે પાંચ ફરઝંદ થશે. તું વાયદો કર કે તુ તેને હુકુમતની સ્કુલોમાં નહી મોકલે તો હું તારી સાથે વાયદો કરું છું કે તારા દિકરાઓને હુકુમત ફરજીયાત લશ્કરી તાલીમ માટે નહી લઇ જાય.

જે રીતે હઝરતે ફરમાવ્યું હતું તે રીતે અલ્લાહે મને પાંચ ફરઝંદો અતા કર્યા. મે તેને ઘરે બેઠા લખતા વાંચતા શીખવ્યું. મોઅજીઝો એ હતો કે એકપણ ફરઝંદને સરકાર લશ્કરી તાલીમ માટે ન લઇ ગઇ.દરેક કોઇને કોઇ કારણસર બચી જતો.

અહી એ યાદ રહે કે તે ઝમાનામાં આવી પરેશાની હતી.અગર આજનાં સમયમાં હુકુમતની સ્કુલમાં આવી મુશ્કેલી ન હોય અને દીને ઇસ્લામથી દૂર ન કરતી હોય તો બાળકોને સ્કુલમાં મોકલવા જોઇએ.

''અય ઈમાન લાવનારાઓ તમારા નફસને અને તમારા બાલ-બચ્ચાને જહન્નમની આગથી બચાવો, જેનું બળતણ માણસો અને પથ્થરો છે.(સુ.૬૬ આયત નં.૬).

ઉપરની આયતની તફસીરમાં મોઅમીનોને અલ્લાહ ફરમાવે છે,તમે તમારી પત્ની બાળકો અને તમારા ઘરનાં માણસોને હલાલ અને હરામના મસાએલ શીખવો અને જહન્નમની આગથી બચાવો,જેનું ઇંધણ મનુષ્યો અને ગંધકના પથ્થરો છે.

મા-બાપને જોઇએ કે તેમની ઔલાદ ને સ્કુલ-કોલેજોમાં બુરાઈઓથી બચાવે. (મુલાકાત બા ઈમામ ઝમાના ભાગ-૨ પેજ.૨૬૦-૨૬૨).

## ૬૩. મોહબ્બતે ઈમામ અ.સ.દિલોને પલટાવી દે છે.

નજમુસ્સાકીબ કિતાબના લેખક મોહદ્દીસે નુરી (અ.ર.) આ વાકેઓ લખે છે. તેનો ખુલાસો એ છે કે શેખ અબ્દુલ વહાબ ઇબ્ને એહમદ ઇબ્ને અલી શેરાની કિતાબ લવાકેઉલ અન્વારમાં લખે છે કે મુત્તકી પરહેઝગાર, ઝાહીદ શૈખ હસન ઇરાકીથી એક વખત અબુલ અબ્બાસ કુરૈશી અને હું મળ્યો, તો તેમણે કહયુ કે હું તમને એક વાકેઓ સંભળાવુ કે જેથી તમે મારી યુવાનીથી આજ સુધી હાલત સમજી જશો.

હું મારી યુવાનીના દિવસોમાં ગુનાહનાં કાર્યોમાં મશ્ગુલ રહેતો. એક દિવસ હું મસ્જીદ તરફ ગયો અને જોયું કે એક શખ્સ ખુરશી ઉપર બેસીને ઇમામ મહદી અ.સ.અને તેનાં ઝુહુરના હાલાત બયાન કરી રહયા છે. (હું ત્યાં બેસી ગયો). તેમના બયાનને સાંભળીને મારૂ દિલ ખુશ થયુ. મારા દિલમાં ઇમામે ઝમાન અ.સ.ની મોહબ્બત પૈદા થઇ.

મેં હઝરતની મોહબ્બતમાં આખુ વર્ષ દુઆ કરી, કે મને ઇમામ અ.સ.ની ઝિયારત નસીબ થાય. આખુ વર્ષ સીજદામાં અલ્લાહ ત.થી દુઆ કરતો કે અય અલ્લાહ મને ઇમામ અ.સ.ની મુલાકાતનો મૌકા અતા કર.

એક દિવસ મગરીબના સમયે એક સાહબ અમામો બાંધેલા અજમી લિબાસમાં મસ્જીદમાં દાખલ થયા. અને મારા ખભા પર હાથ રાખીને મને પૂછયું કે મને મળવાની તને શું હાજત છે? મે કહ્યુ આપ કોણ છો? ફરમાવ્યું હું મહદી છું. આ સાંભળતા મે તેમનાથી મુસાફેહો કર્યો.તેમના હાથોને ચુમ્યા અને ફરમાવ્યું કે તમે મારા ઘરે આવો.તેમણે કહયું સારૂ પરંતુ મકાન ખાલી હોય અને ત્યાં કોઇ ન આવે તેવું હોય એટલે મે ખાલી મકાનની વ્યવસ્થા કરી.

ઇમામ અ.સ.ત્યાં રોકાયા અને ઘણી બાબતોની તાલીમ આપી.(ઇલ્મ અતા કર્યું) અને હુકમ આપ્યો કે એક દિવસ રોઝો રાખો અને બીજા દિવસે રોઝો ન રાખો. દરરોઝ રાત્રે ૫૦૦ રકાત નમાઝ પડો અને સુવા માટે બિસ્તર ઉપર ન જાવ જયાં સુધી કે ઉંઘ ગાલીબ ન આવે અને જયારે ઇમામ અ.સ. જતા હતાં ત્યારે કહયું કે મેં તમને ઇલ્મ અતા કર્યું છે,તે પૂરંતુ છે. હવે તમેબીજા પાસે ન જતા.

ત્યાર પછી હું ઇમામ અ.ને રૂખ્સત કરવા બહાર નીકળ્યો દરવાજે પહોંચ્યા ત્યારે ઇમામ અ.સ.એ કહ્યુ બસ તમે અહીં રહો. અને ઇમામ અ.સ.ત્યાંથી તશરીફ લઇ ગયા.(ઇરફાને ઇમામત વાકેઓ -૭૧ પે.૪૪૯ હિન્દી).

આવો દુઆ કરીએ અલ્લાહ ત.ની બારગાહમાં અય અલ્લાહ અમારા દિલોને એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતથી મુનવ્વર કરી દે. (ઇ.આમીન).

## ૬૪. મોહીબ્બે એહલેબૈત જ.અબુરાજેઅ (અ.ર.)

અલ્લામા મજલીસી (અ.ર.) એ બેહારૂલ અન્વારમાં આ પ્રસંગને લખ્યો છે. આ પ્રસંગ હિલ્લાના લોકોમાં મશ્હુર થયો હતો.

શેખ ઝાહીદ, આબીદ શમસુદ્દીન ફરમાવે છે કે હિલ્લામાં એક હાકીમ હતો, જેને મરઝાને સગીર કહે છે. તે મોટો નાસેબી અને એહલબૈત (અ.મુ.સ.)નો દુશ્મન હતો.

લોકોએ તેની કાનભંભેરણી કરી કે અબુરાજેઅ કેટલાક સહાબાને સારા નથી ગણતા. તે વાત પર તેણે અબુરાજેઅને હાઝર કરવાનો હુકમ કર્યો. બીચારા અબુરાજેઅને એટલા બધા માર્યા કે તેમના દાંત તૂટી ગયા. તેમની જીભને બાંધી દીધી. તેમના નાકમાં વીંધા પાડીને દોરી તેમાં બાંધીને તેમને હીલ્લાની શહેરોમાં ફેરવ્યાં એટલે સુધી કે ઝખ્મી મોઅમીન જે અડધા મરેલા જેવા થઇ ગયા અને જમીન ઉપર બેહોશ પડી ગયા. ઝાલીમ બાદશાહે તેમને કત્લ કરી દેવાનો હુકમ કર્યો પરંતુ અમુક લોકોએ ભલામણ કરી કે આ વૃધ્ધ માણસ એટલો ઝખ્મી છે, કે તે મૌતની નજદીક છે અને જાતેજ મરી જશે. તેથી તેને ઘાયલ હાલતમાં છોડી દીધો. ઘરનાં સભ્યો તેમને ઉપાડીને ઘરે લઇ ગયા.

બધા લોકોને યકીન હતું કે રાતમાં જ તે મરી જશે. પરંતુ સુબ્હ થઇ તો તેઓ તંદુરસ્તોની જેમ નમાઝ પઢી રહયા હતા. બધા દાંત પણ સલામત હતા. બધા ઝખ્મો મટી ગયા હતા. એટલે સુધી કે શરીર ઉપર ઝખ્મોના નિશાન પણ રહયા ન હતા. આ જોઇને લોકોની નવાઇનો પાર ન રહયો. લોકોએ સવાલ કર્યા, આ તંદુરસ્તી કેવી રીતે પરત આવી (આપ તો મરવાની અણી ઉપર હતાં).

તો તેમણે (અબુરાજેએ) કહયું મૌત સામે આવી ચુકી હતી. દીલમાં અને દિલમાં ખુદાથી અને મારા મૌલા સાહેબુઝઝમાન (અ.)થી ફરીયાદ કરતો રહયો. જયારે ખુબજ અંધારી રાત થઇ તો મે જોયું કે પુરૂ ઘર નુરાની થઇ ગયું. એકા એક હઝરત તશ્રીફ લાવ્યા, અને મારા ચેહરા ઉપર હાથ ફેરવ્યો અને ફરમાવ્યું કે બહાર જા અને તારૂ કામ કર. અલ્લાહ (તઆલા) એ તને તંદુરસ્તી આપી. ત્યાર પછી હુ એટલો તંદુરસ્ત થઇ ગયો કે તમે જોઇ રહયા છો.

શમ્સુદીન મોહમ્મદ ફરમાવે છે કે ખુદાની કસમ ખાઇને કહુ છુ, કે અબુરાજેઅ કમઝોર,ફીકકા રંગનાં વૃધ્ધ માણસ હતા. જેના સ્નાનઘરમાં હુ દરરોજ જતો પરંતુ તે સવારે જયારે મે બીજાને સાથે જઇને

જોયા તો તેઓ સાહેબ કુવ્વત, તંદુરસ્ત, લાલ (ગુલાબી) ચેહરો અને જાણે ૨૦ વર્ષનાં યુવાન માલુમ પડતા હતા. અને ત્યાર પછી જીંદગીભર તેઓ આવા જ (તંદુરસ્ત) રહયાં.

જયારે આ સમાચાર શહેરમા મશહુર થયા તો તે હાકીમે અબુરાજેઅને બોલાવ્યા અને આ હાલત જોઇને તેમનો રોબ તેના હાકીમ ઉપર તારી થયો કે કાલે તો કેવા હતા અને આજે કેવા થઇ ગયા. તે જ સમયથી તેના અમલમાં પરિવર્તન આવ્યું. તે હાકીમ પહેલા મકામે હઝરત સાહેબુઝઝમાન તરફ પીઠ દઇને બેઠતો હતો. તેના બદલે હવે તે તરફ મોં રાખીને બેસવા લાગ્યો અને હિલ્લાનાં મોઅમીનો સાથે સારી રીતે વર્તન કરવા લાગ્યો.પછી થોડા જ દિવસમાં તે હાકીમ મરી ગયો. (ઇરફાને ઇમામત (હિન્દી) પ્રસંગ -૬૦ પે.૪૨૩).

## ૬૫. મારા શીઆઓને કહીદો કે ગીબત,બોહતાન થી દુર રહે.....

હાજી આકા તવકલી મશહદના ભરોસાપાત્ર વ્યકિત હતા. તેઓ બયાન કરે છે.

૨૨ મી રજબ હિજરી ૧૪૦૪ બુધના દિવસે હું નમાઝે સુબ્હ પઢીને, તઅકીબાત બજાવી લાવી સૂઇ ગયો. સ્વપનમાં મેં જોયું કે મુસાફરખાનામાં જુની -પુરાણી મસ્જીદમાં ખાકે શિફા પર મે સર રાખ્યુ છે અને લગભગ ૧ કલાક સુધી સીજદામાં રડતા રડતા ઇમામ અ.સ.નાં ઝુહુર માટે દુઆ કરી રહયો છું.

જયારે સીજદાથી સર ઉઠાવ્યું તો મારી જમણી બાજુ એક વ્યકિત બેઠા બેઠા ઝુહુર માટે દુઆ કરી રહયા છે. અચાનક મે જોયું કે મસ્જીદની કિબ્લા તરફની દિવાલ ફાટી ગઇ. અને હ.બકીયતુલ્લાહ રૂહી વ અરવાહોના ફીદા મસ્જીદમાં દાખલ થયા. પરંતુ એટલું રડી રહયા હતા કે આંખમાંથી આસું વહેતા હતા. ઇમામ અ.સ.એ મને ગળે લગાડયો. ઘણીવાર સુધી અમે રડતા રહયા મેં પૂછયું આપ આટલુ બધુ શા માટે રડો છો?

આપ અ.સ.એ જે ફરમાવ્યું તે પહેલા કરતા અલગ હતુ. પહેલા ફરમાવતા કે હું મારી જદ્દે મઝલુમ ઇ.હુસૈન અ.સ.માટે રડું છું. પરંતુ આ વખતે ફરમાવ્યું કે આ ના માટે (આપ અ.સ.એ ત્યાં બેઠેલા શીઆઓ અને દોસ્તો તરફ ઇશારો કરી કહયું) રડી રહયો છું.

આ (મારા શીઆ) મારા ઝુહુર માટે રડી રડીને દુઆ કરે છે. અને પછી બેસીને લોકોની ગીબત કરે છે. લોકો ઉપર તહોમતો લગાડે છે અને મને ખરાબ કાર્યોના ઝરીએ તકલીફ પહોંચાડે છે.અને મારા દિલને જલાવે (દુ:ખી કરે) છે.

આમના ઉપર અફસોસ કરૂ છું.તેમના માટે રડુ છું.શું કરૂ? તેમના (શીઆ) માટે દુઆ કરૂ છુ કે અય પરવરદિગાર! તું એમના ગુનાહને માફ કરી દે, તેમને કોઇ મુસીબતમાં મુબ્તેલા નહી કરતો.

જયાં સુધી તારાથી મુમ્કીન (શકય) હોય, મારો આ પૈગામ (મારા શીઆ અને દોસ્તોને) પહોંચાડી દે, કે હંમેશા ગીબત કરવાથી અને લોકો ઉપર તહોમત લગાવવાથી ઇન્સાન કુફની નજદીક

પહોંચી જાય છે. અગર આ કામથી દુર નહીં રહો અને તૌબા નહીં કરો તો બેશક અમારા દોસ્ત અને શીઆ હશે તો પણ હું તેમના પર હદ જારી કરીશ (સઝા આપીશ) એટલા સુધી કે અગર મૌત આવી ગઇ તો તેને જીવતા કરીને એહકામે ઇલાહી પ્રમાણે હદ જારી કરીશ.

ઇ.ઝમાના અ. એ ફરમાવ્યું કે તેને (શીઆ દોસ્તને) કહો કે શું મોહબ્બત અને મિત્રતાનો તકાજો એ છે કે પોતાના દોસ્તને દુઃખ પહોંચાડે, ગમમાં મુબ્તેલા કરે? ગીબત અને બોહતાન જેવા ગુનાહો કરીને અમને દુઃખ પહોચાડે? તું ખુદ ગીબત કરે કે કોઇનાથી ગીબત સાંભળે તો તું તારા દોસ્તના દામનને પોતાના હાથથી છોડે છે. અલ્લાહ ત.થી માફી માંગો. ખુદાએ કરીમથી તૌબા કરો. ખુદાવંદે કરીમ તૌબા કરવાવાળાને દોસ્ત રાખે છે. ગીબત કરવાવાળા અને તહોમત લગાડનારાઓ સાથે ન બેસો. આવા લોકો સાથે બેસવુ એવુ (ગુનાહને પાત્ર) છે કે જાણે શરાબની મહેફીલમાં બેઠા હોય.અલ્લાહ (ત.)થી દુઆ કરીએ આપણને બધાને આ ગુનાહે કબીરાથી બચવાની તૌફીક આપે.(મુલાકાત બા ઇ.ઝમાન (અ.) ભા-૨ પેજ.૨૩૩ થી ૨૩૫).

## ૭૭. ઇમામ અ.સ.એ શફા આપી.......

અમીન નામે એક ડોકટર હતા. તે ઘણા બધા પ્રકારના ઓપરેશન કરતા. ઝખ્મોનો ઇલાજ કરતા. તે બયાન કરે છે કે,

એક દિવસ એક ઝવ્વાર મારી પાસે આવ્યો અને મને કહેવા લાગ્યો કે મારા હાથ,પગ અને જીભ ઉપર ચીચકનાં દાણા (ફોડકીઓ) નીકળી છે,અને મને ખુબ જ તકલીફ થાય છે. અગર શકય હોય તો મારો ઇલાજ કરો, ઓપરેશન કરો.

જયારે મે બિમારને તપાસ્યો, તો હું સમજી ગયો કે આ રોગની સારવાર મારાથી શકય નથી, અને બીજી તરફ તેની દર્દભરી હાલત જોઇને મને દયા આવતી હતી. મે મારી ઓફીસ બંધ કરી અને તે દર્દીને લઇને બગદાદમાં ઇસાઇ પાસે ગયો જે સ્પેશ્યાલીસ્ટ હતો. તેણે પણ દર્દીની જીણવટપૂર્વક તપાસ કરી અને કહયુ કે આ બિમારી તો ખતરનાક અને જીવલેણ છે. આ બિમારીનો એક માત્ર ઇલાજ ઓપરેશન છે. પરંતુ ઓપરેશન દરમીયાન જીવનું જોખમ છે, અને ઓપરેશન પછી બચી પણ જાય તો તે જીવનભર મુંગો અને પગેથી અપંગ રહશે.

દર્દી રડી રડીને કહેતો હતો કે આસાન ઇલાજ બતાવો. ડોકટરે કહયુ કે ઓપરેશન સિવાય બીજો કોઇ ઇલાજ નથી.

આખરે હું અને તે દર્દી બીજા ઘણા બધા ડોક્ટરો પાસે ગયા, પરંતુ બધા ડોકટરે પહેલા ડોકટર જેવો જ જવાબ આપ્યો કે ઓપરેશન સિવાય કોઇ ઇલાજ નથી. અને ઓપરેશનમાં જાનનું જોખમ છે.

હું અને તે દર્દી કાઝમૈન પાછા આવ્યાં. દિવસે દિવસે દર્દીની તકલીફમાં વધારો થતો જતો હતો અને ઇલાજથી પણ ના ઉમ્મીદ થઇ ચૂકયા હતા.

મે તેને દિલાસો આપ્યો અને તેને ખુદા હાફીઝ કહીને હું મારા ઘરે પાછો આવ્યો,પરંતુ પૂરી રાત પરેશાનીમાં પસાર થઇ. સવારે જયારે હું મારા દવાખાને ગયો અને હજી દરવાજો ખોલ્યો,ત્યાં તો તે દર્દી ખુશહાલ હાલતમાં મારી પાસે આવ્યો અને અલ્લાહની હમ્દો સના કરી રહયો હતો, અને અલ્લાહનો શુક્ર અદા કરતો હતો. અને તે સલવાત પઢતો હતો (સલવાત)

મે પુછયું : શું વાત છે?

તેણે કહ્યુ : જુઓ કોઇ બિમારીની અસર મૌજુદ નથી.

મે કહ્યુ : તુ કાલે જે બિમાર હતો તે બિમાર માણસ જ છો?

તેણે કહ્યુ: હા હું કાલે જે બિમાર હતો તે જ છું.

તેણે કહ્યુ કે હું જયારે આપનાથી છુટો પડયો ત્યારે દિલમાં વિચાર આવ્યો કે મૃત્યુ સિવાય કોઇ ઇલાજ નથી. ચાલો ગુસ્લ કરૂ અને પાક પવિત્ર થઇને એક ઝિયારત પઢું.

તે વિચારથી હું બાથરૂમમાં ગયો અને ગુસ્લે ઝિયારત કર્યું અને ઇ.મુસા ઇબ્ને જઅફર અ.સ. (ઇ.કાઝીમ અ.સ.)નાં પવિત્ર રોઝામાં ગયો, અચાનક ત્યાં એક અરબ બુઝુર્ગવાર દાખલ થયા અને મારી બાજુમાં બેસી ગયા અને તેમણે તેમનો હાથ મારા શરીર ઉપર ફેરવ્યો તો મારા શરીરમાંથી તમામ બિમારી ચાલી ગઇ. મારા હાથ ઝબાન અને પગ સાજા થઇ ગયા. મે તેમનો દામન પકડી લીધો અને રડવા લાગ્યો અને પુછયું કે આપ કોણ છો? કે જેણે મને શિફા આપી? લોકો ભેગા થઇ ગયા. આખરે આ જ હાલમાં ઇમામ અ.મારો દામન છોડાવી લીધો અને મારી આંખોથી ગાએબ થઇ ગયા (તેઓ ઇ.ઝમાના અ.સ.હતા).

પછી હું તેને લઇને બગદાદનાં તે સ્પેશ્યાલીસ્ટ પાસે ગયો કે જેથી તે પણ આ મોઅજીઝાને જાણે. તેણે તપાસ કરી તો શરીર પર એક પણ ઝખમ ન હતું અને અલ્લાહ ત. એ તેને શિફા આપી છે. (મુલાકાત બા ઇમામે ઝમાન અ. ભા-૨ /પેજ.૨૧૯ થી ૨૨૨).

## ૬૭. મોઅમીનોનાં ઐબને જાહેર ન કરો......

જે લોકો હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.)ની બારગાહમાં હાજર થવા ઇચ્છે છે અને તેમની મુલાકાતની તમન્ના કરે છે. તેઓને જોઇએ કે તેઓ જયાં સુધી શકય હોય ત્યાં સુધી ઇમામે ઝમાના અ.સ.સાથે રૂહાની સંપર્ક રાખે.

દા.ત. એ માણસ કે જે લોકોની બુરાઇ કરે, ગીબત કરે, તોહમત મુકે પછી ઇ.ઝમાના અ.સ.થી મોહબ્બત અને દોસ્તીની ઉમ્મીદ રાખે? એ ઇમામ કે જે સત્તારૂલ ઓયુબ અને ગફ્ફારૂઝોનુબના

અરીસા સમાન છે. એ ઇમામ અ.સ.જે આ રીતે દુઆ કરે છે...''યા મન અઝહરલ જમીલ વ સતરલ કબીહ અય તે કે જે ઇન્સાનની ખુબીઓને જાહેર કરે છે અને બુરાઇઓને છુપાવે છે.

ઇમામે ઝમાના અ.ની દોસ્તી માટે ઇન્સાને એ કોશીષ કરવી જોઇએ કે પોતાની અંદર સારી સીફતો પૈદા કરે એટલે કે લોકોના (મોઅમીનોનાં) ઐબોને જાહેર ન કરે, તેની ભુલોને માફ કરે, તેમની ખુબીઓને જાહેર કરે.

એક રાત્રે કેટલાક દોસ્તો એક માલદાર શખ્સને ત્યાં મહેમાન બન્યા. ઇ.ઝમાના અ.સ.ના એક ચાહવા વાળાએ કહયું કે દુઆએ તવસ્સુલ પઢીએ કે જેથી ઇ.ઝમાના અ.સ.ની રહેમભરી નજર આપણા ઉપર પડે. બધા દોસ્તોએ આ વાત માની લીધી.

દુઆએ તવસ્સુલ આ મજલીસમાં પડાતી હતી. મજલીસમાં ખુબજ રૂહાનીય્યત હતી.

એક દોસ્તે દુઆએ તવસ્સુલની દરમિયાન ખુબજ ઇસ્રાર કર્યો કે આ દુઆની મજલીસમાં ઇ.ઝમાના અ.સ. તશરીફ લાવે અને અમારી દુઆમાં શામીલ થાય.

એક બીજા દોસ્તે બયાન કર્યુ કે મને થયું કે આપ હઝરત (અ.) મકાનની હદ સુધી આવ્યાં છે. પરંતુ મકાનની અંદર દાખલ થતા નથી. તેણે પૂછયું કે મૌલા આપ મકાનની અંદર કેમ તશરીફ નથી લાવતા અને અમારી આ મજલીસને આપના પવિત્ર નુરથી રોશન શા માટે નથી કરતા? તેના જવાબમાં મૌલાએ ફરમાવ્યુ કે આ મકાનની મિલ્કીય્યતમાં ઇશકાલ છે, તેથી હું તેમાં દાખલ નહીં થઇ શકુ તો તે માણસે કહયું કે તો પછી અમારે બધાએ પણ અહીંથી તુરંત જ નીકળી જવું જોઇએ ને?

આપ હઝરત (અ.સ.) એ ફરમાવ્યું નહીં. હું જે વિલાયત રાખુ છુ તેના થકી તમને રજા આપુ છુ કે તમારો મકસદ છે ત્યાં સુધી તમે રોકાવ, અને મકાન માલિકની બેઇઝઝતી ન કરતા અને હું તમને વાત પણ કરીશ અને તમે દોસ્તોને પણ બતાવી શકશો એટલા માટે કે મકાનના માલિકને યાદ દેવડાવો અને તેના મકાનની ઇસ્લાહ થાય અને તમારા તરફથી તેના પર હુજ્જત પણ તમામ થઇ જાય.કદાચ તેણે ગફલતથી (ભુલથી) કામ કર્યુ હોય.

આ વાકેઆથી એ વાત સ્પષ્ટ થાય છે કે આપ હઝરત (અ.) એક મર્દે મોઅમીન જે ગસ્બી મકાનમાં રહે છે, તેની બેઇઝઝતી થાય તેને યોગ્ય સમજતા નથી અને સાહેબે મકાનનાં દોસ્તોને આ વાકેઓ એટલા માટે બયાન કરે છે કે સાહેબે મકાનને ગુનાહથી ચેતવે અને ગફલતમાંથી જગાડે.

આ જ કારણે ઇ.ઝમાના અ.સ.નાં દોસ્તોને જોઇએ કે તેઓ મોઅમીનોના ઐબને છુપાવે અને લોકોની ભુલોને માફ કરે.(મુલાકાત બા ઇમામ ઝમાન અ.સ. ભાગ-૨/પેજ.૧૫૧ થી ૧૫૩).

## ૬૮. ઇમામે ઝમાના અ.નો હકીકી દોસ્ત.....

પહેલાના ઝમાનામાં મસ્જીદ જમકરાન નાની મસ્જીદ હતી.વધારે લોકો તેમાં બેસી પણ ન શકતા અને મસ્જીદે જમકરાન સુધી જવાનો રસ્તો પણ કાચો હતો અને ત્યાં સુધી પહોંચવામાં તકલીફ પડતી.

તેથી બહુ થોડા ઇ.ઝમાના અ.નાં ચાહવા વાળા શબે જુમ્આના મસ્જીદમાં ભેગા થતા. બાકીના દિવસોમાં મસ્જીદ ખાલી રહેતી.

એક વૃધ્ધ ઔરત કે જે પાકો પાકીઝા દિલની હતી. જેને સ્વપનમાં ઇ.ઝમાના અ.ની ઝિયારત નસીબ થઇ હતી. મસ્જીદે ઝમકરાન હવે વિશાળ (મોટી) બની ચુકી હતી. એક દિવસ આ વૃધ્ધ ઔરત આ વિશાળ મસ્જીદે જમકરાનમાં આવી તો જોયુ કે સેંકડો અને હજારોની સંખ્યામાં શબે જુમ્આનાં લોકો મસ્જીદમાં ભેગા થયા છે. તેહલીલો તસ્બીહની અવાજ આવી રહી છે. મસ્જીદમાં લોકો ઇબાદતમાં મશ્ગુલ છે. ઇ.ઝમાના અ.સ.થી તવસ્સુલ કરી રહયા છે. તમામ લોકો ઇ.ઝમાના અ.સ.થી મોહબ્બત અને અકીદતનો ઇઝહાર કરી રહયા છે.

તે વૃધ્ધ ઔરત ખુશ થઇ અને વિચારવા લાગી કે અલહમ્દોલિલ્લાહ! ઇમામ  અ.સ.નાં ચાહવાવાળા લોકોની સંખ્યા કેટલી બધી છે. કેટલા બધા લોકો હ.હુજ્જત ઇબ્નીલ હસન અ.સ.થી મોહબ્બત અને અકીદતનો ઇઝહાર કરે છે. તે ઔરત મસ્જીદમાં દાખલ થઇ અને મસ્જીદના આઅમાલ બજાવી લાવી. પછી તેણે ઝિયારતે આલે યાસીન પઢી, અને થોડો સમય પોતાની ઝબાનમાં ઇ.ઝમાનની બારગાહમાં હાજત માંગી.

પછી દિલથી ઇમામ અ.સ.ને કહેવા લાગી કે મૌલા હું ખુબજ ખુશ છું.     એટલા માટે કે ઘણા બધા લોકો આપના ચાહવાળા અને મોહિબ્બો મસ્જીદમાં ભેગા થયા છે અને આપનાથી મોહબ્બત અને અકીદતનો ઇઝહાર કરે છે. ત્યાર પછી તે ઔરત મસ્જીદનાં બહાર એક રૂમમાં આરામ કરવાના ઇરાદાથી સૂઇ ગઇ. તેણે સ્વપનની હાલતમાં જોયું કે ઇ.ઝમાના અ.સ.મસ્જીદમાં દાખલ થયા અને લોકોની વચ્ચે ચાલી રહયા છે. હું મારા રૂમમાંથી દોડીને મૌલા પાસે ગઇ, અને સલામ કરી. મૌલાએ જવાબ આપ્યો.મે કહયું મૌલા આપના કદમોની માટી ઉપર અમારી જાન કુરબાન. અલહમ્દોલિલ્લાહ આપના કેટલા બધા ચાહવાવાળા આ મસ્જીદમાં મૌજુદ છે.

આપ હઝરતે (અ.) એક ઠંડો નિસાસો નાખ્યો(અફસોસ વ્યકત કર્યો) અને ફરમાવ્યું કે આ બધા લોકો અહીં મારા માટે  નથી આવ્યાં .આવો આપણે તેમની પાસે જઇએ અને પુછીએ કે તેઓ શા માટે આવ્યા છે?

તેજ સમયે હું અને ઇમામ અ. એક માણસ પાસે ગયા, ઇમામ અ.એ એક એક શખ્સને પુછતા હતા કે તમે અહીં શા માટે આવ્યા છો?

એક શખ્સે કહયું આકા હું બિમાર છું,ડોકટરો એ મને મારા ઇલાજની ના પાડી દીધી છે કે મારા બિમારીનો કોઇ ઇલાજ નથી.

એક બીજા આદમીએ કહયું હુ ભાડાનું મકાનમાં રહુ છું, હુ ઘરનું મકાન ખરીદવા ચાહું છું.

ત્રીજા આદમી એ કહયું : આકા હું કર્ઝદાર છું, મારી ઉપર કર્ઝ વધી ગયો છે.કર્ઝ આપનારા પરેશાન કરે છે.

ચોથી સ્ત્રીએ કહયુ: મને મારો શૌહર (પતિ) ખુબજ પરેશાન કરે છે.

પરિણામ એ આવ્યું કે દરેક ઇન્સાન પોતાની કોઇને કોઇ દુન્યવી હાજત લઇને પોતાની નફસની મોહબ્બતમાં અહીં મસ્જીદમાં આવ્યા છે. (ઇમામ અ.સ.ની મોહબ્બતના કારણે તેઓ નથી આવ્યા પરંતુ દુન્યવી મુશ્કેલીનાં કારણે અહીં આવ્યા છે.)

હઝરતે તે વૃધ્ધ ઔરતને સંબોંધીને કહયું કે આ લોકો અહીં મારા માટે નથી આવ્યા. મારા વસીલાથી હાજત તલબ કરવા આવ્યા છે. આ લોકોને છોડીને બીજા ઘણા લોકોમાં કેટલાક તો એવા પણ છે કે જેમને મારા વુજુદનું યકીન પણ નથી.

આ રીતે ચાલતા ચાલતા અમે મસ્જીદમાં એક માણસ તરફ ગયા. જે મસ્જીદનાં ખૂણામાં બેઠા હતા. ઇમામ અ.સ.એ કહયું કે ચાલો આપણે તેને પણ પુછીએ. સ્વપનમાં હું અને ઇમામ અ.સ.તે શખ્સ પાસે ગયા. તેણે માથાને પોતાના બંને ગોઠણ પર રાખેલું હતું. એક ખૂણામાં બેઠા બેઠા તે આમ તેમ જોઇ રહયા હતા. જાણે કે ખોવાયેલી વ્યક્તિને શોધી રહયા હોય.

જયારે તેની નજર મૌલા પર પડી તો તરતજ પોતાની જગ્યાએથી દોડીને ઇમામ અ.સ.ના કદમોમાં પડી ગયા અને કહેવા લાગ્યા, મારા મા-બાપ આપના પર કુરબાન. આપ કયાં હતા? આપનો ઇન્તેઝાર કરતા કરતા નજદીક હતુ, કે મારી રૂહ નીકળી જાય.

ઇમામ અ.સ.સે તેનો હાથ પકડયો. તેણે મૌલાના હાથોને ચુમ્યા. તે મૌલાના હાથોને ચુમી રહયા હતો અને જારો કતાર રડતો હતો. મૌલાએ પૂછયું કે આપ અહીં શા માટે આવ્યા છો? તો તેણે જવાબ ન આપ્યો પરંતુ તેના રડવામાં વધારો થઇ ગયો. તે વધારે રડી રહયો હતો. ઇમામ અ.સ.એ તેને બીજીવાર પુછયું તો તેણે રડતા રડતા જવાબ આપ્યો, મૌલા મે આપનાથી આપની મુલાકાત સિવાય બીજી કોઇ ચીજ માંગી છે? મૌલા ! હુ ફકત આપની ઝીયારત ચાહુ છું, મૌલા આપ જ મારી જન્નત છો, મૌલા આપ જ મારી દુનિયા અને આખેરત છો. હું આપની મુલાકાતની એક પળ પણ અલ્લાહ સિવાય કોઇને આપવા તૈયાર નથી.

ત્યાર પછી ઇમામ અ. મારી તરફ ફર્યા અને કહયું કે આ માણસ જેવા મારા ચાહવાવાળા આ મસ્જીદમા બહુ જ થોડા છે.(મુલાકાત બા ઇમામે ઝમાન ભાગ-ર /પેજ.૧૫૧ થી ૧૫૩).

# ૬૯. મૌલા અલી (અ.સ.)નો સાચો દોસ્ત

'જવાહિરૂલ અખ્બાર'માં મનાકિબ નામની કિતાબમાંથી છે,કે મસ્જિદે કુફામાં જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની ખીદમતમાં એક કુફાવાસીએ અર્ઝ કરી કે યા મૌલા! હુ આપનો દોસ્ત છું,આપે જવાબ આપ્યો : તું દોસ્તીનો દાવો કરે છે. પરંતુ આજે મારા સાચા દોસ્તનો હું તને પરિચય કરાવીશ. ચાલ અને જો કે અમારા હકીકી દોસ્તો કેવા હોય છે!

એમ કહી આપ તેને લઇ શહેરની બહાર આવ્યા. એ પછી આપે ફરમાવ્યું 'આંખો બંધ કર' તેણે આંખો બંધ કરી. પલમાં ફરી આપે ફરમાવ્યું આંખ ખોલ. જયારે તેણે આંખો ખોલી ત્યારે અજાયબી સાથે તેણે જોયું કે પોતે કોઇ અજાણ્યા શહેરમાં આવી પહોંચ્યો છે. તેના અજબનો અંત આવે તે પહેલા જ આપે ફરમાવ્યું કે મારી સાથે શહેરમાં ચાલ. તને એક એવો માણસ દેખાડું કે જે મને ઝબાનથી અને જિગરથી દોસ્ત રાખે છે. એમ ફરમાવી આપ તેનો હાથ પકડી શહેરમાં લઇ ગયા. બજારમાં જઇ આપે તેને એક કસાઇની દુકાન બતાવતા ત્યાંથી એક દિરહમનું ગોશ્ત લઇ આવવા કહ્યું અને એક દિરહમ પણ આપ્યો.

તે માણસ કસાઇની દુકાને ગયો. કસાઇએ તેને પરદેશી સમજી આવકાર આપતા ગામનું નામ પુછ્યું. તેણે કુફાના રહેવાસી તરીકે પોતાની ઓળખ આપી. કુફાનું નામ સાંભળતાં જ હર્ષાવેશમાં આવી જઇ કસાઇએ તેને બગલગીર થતા કહ્યું,ભાઇ તું તો ભારે કિસ્મતવાળો છે, તું મારા મૌલાના ગામનો રહેવાસી છે. મારી ય કિસ્મત બલંદ છે કે મૌલાના નગરનો નાગરિક મારે આંગણે આવ્યો. આજે રાત્રે તમે મારા મહેમાન બનો. તેણે તેનો પ્રસ્તાવ કબુલ કરતા કહ્યું, મારો દોસ્ત મારી સાથે છે. કસાઇએ કહયું ભલે, ભલે. તમો બન્ને મારા મહેમાન છો. તે કુફાવાસીએ જનાબ અમીર અ.સ.ની ખિદમતમાં તમામ મામલો બયાન કર્યો. હઝરતે પણ તેની મહેમાની મંઝુર કરી.

હઝરત તેની દુકાને ગયા. બન્ને જણને જોઇ કસાઇ ખુશ થયો અને પોતાના ઘરે તેઓને લઇ ગયો. ઘરે જઇ પત્નીને ખુશ ખબર આપતા કહયું બેગમ મહેમાન છે, અને તે ય મૌલા અલી ઇબ્ને અબીતાલિબ અ.ના શહેરના છે. તેઓની ઉમદા મહેમાનગતી કરવાની છે, આજે ઉત્તમમાં ઉત્તમ ભોજનો પકાવો. બીબી પણ ખુશ ખુશ થઇ. મૌલાના ગામના રહેનારાઓની મહેમાની માટે ઉલટભેર તૈયારીઓમાં ગુંથાઇ ગઇ. કસાઇને બે બાળકો હતા. તેઓ પણ આવીને મહેમાનોને તઅઝીમ કરી ગયા.

મગરીબનો સમય થતા હઝરતે નમાઝની તૈયારી કરી. એટલામાં કોઇએ દરવાજો ખડખડાવ્યો. કસાઇએ દરવાઝો ખોલ્યો. આંગણે ઝાલિમ હાકિમના બે જલ્લાદો સાથે સિપાહીઓ ઉભા છે. તેઓએ કહયું, બાદશાહની અસાધ્ય બિમારી દુર કરવા હકીમે અલીના દોસ્તના ખુનની જરૂરત બતાવી છે. તું અલીનો દોસ્ત છે એટલે તારૂ ખુન અમારે જોઇએ છે.

ખુદાનો શુક્ર છે કે મૌલાની દોસ્તીના સદકે મારા ખુનમાં એવી તાસીર આવી કે કાફીરો તેનાથી સેહત પામે છે. એમ કહી તેણે થોડી વાર માટે ઘરમાં જવાની ઇજાઝત ચાહી. ઘરમાં જઇ તેણે પોતાની બીબીને મહેમાનોની ખાતરદારી ખડે પગે કરવાની સુચના આપી,કંઇ બહાનું કરી બહાર આવ્યો.

તે બહાર આવ્યો તેના બાળકો પણ રમતાં રમતાં આવ્યા. અબ્બાને કાતિલોના હાથમાં જોઇને રડવા લાગ્યા. તેમણે જયારે કારણ જાણ્યું, ત્યારે રડવું મુકી દઇ અજબ હિમ્મતથી કહયું, મૌલાના ગુલામ તો અમે પણ છીએ. અબ્બાજાનના ખુનમાં જો એવી તાસીર હોય તો અમારા ખુનમાં પણ જરૂર હોવી જોઇએ.અમારા વાલીદને મુકત કરો અને અમારૂ ખુન બાદશાહ માટે લઇ જાઓ.

અમારે તો ગમે તે દોસ્તાને અલીમાંથી એકનું ખુન જોઇએ એમ કહી તેઓએ બાળકોને પકડયા.બન્ને ભાઇઓએ જીદ કરી મારૂ ખુન લઇ જાવ મારા ભાઇને મુકત કરો. આખરે જલ્લાદો બન્ને ભાઇઓને મારી તેઓનું ખુન લઇ ગયા.

બાપ જોતો રહયો અને બાળકોની હત્યા થઇ જ ગઇ. બન્નેની લાશોને અને સરોને છુપાવી દઇ જાણે કશું જ નથી બન્યું એવો વર્તાવ કરીને મહેમાનોની ખિદમતમાં હાજર થયો અને બીબીને સુફરો બિછાવવા કહયું. જમવા બેસતી વખતે હઝરત અલી અ.સ.એ ફરમાવ્યું, તારા ફરઝંદોને બોલાવ હું તેમને મારી સાથે બેસાડી જમાડીશ, કારણ કે મારા ફરઝંદો પણ હંમેશા મારી સાથે બેસીને ખાય છે.

બાળકોની જાત છે. કોણ જાણે કયાંય રમતા રમતા નીકળી ગયા હશે. સમય થઇ ગયો હોય આપ વધુ વિલંબ ન કરતા જમી લો. તેઓ પછી જમશે. કસાઇએ બહાનું કરતા જમવા અરજ ગુઝારી.

ના. એ તો નહીં બને. ભલે તેઓ આવે ત્યાં સુધી આપણે રાહ જોઇએ, એમ કહી હઝરતે બાળકો વિના જમવાનો ઇન્કાર કર્યો.

કસાઇ ભારે વિમાસણમાં પડી ગયો. કેવી રીતે મહેમાનોને સમજાવે? તેના ચહેરા ઉપર ગમગીની અને ગભરામણ જોઇ આપે ફરમાવ્યું : ભાઇ તું મને ન ઓળખી શકયો? હું જ તારો ઇમામ અને પેશવા અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.)છું. આ સાંભળતાં જ કસાઇ કદમોમાં પડી ગયો. દબાવી દીધેલા આંસુઓને છુટા મુકી દીધા. કદમ ચુમતા કરગર્યો, હુઝુર ગુલામઝાદાઓ આપની મહોબ્બતમાં કપાઇ ગયા. મૌલા મને એનો ગમ નથી. મારી જાન, મારૂ ઘર બાર મારૂ સર્વસ્વ આપ ઉપર કુરબાન હો.

મૌલાની મુલાકાતથી તેનો ઉત્સાહ અભિવૃધ્ધિ પામ્યો. દોડતો દોડતો બીબી પાસે ગયો. તેણીને બાળકોની હત્યાની ખબર આપતા મૌલાના આગમનના સમાચાર આપ્યા. તેણી પણ પોતાના અહોભાગ્ય પર ઝુમતી, દોડતી આવી મૌલાના કદમોમાં પડી. મૌલાએ કહયું બાઇ ગમગીન ન થતી, તારા ફરઝંદો હમણાં જ ખુદાના હુકમથી નવજીવન પામશે. એ પછી બન્ને લાશ અને સરો મંગાવ્યા. ગરદન પરથી ખુન સાફ કરાવી આપની ચાદરે પાક ઓઢાડયા બાદ આપ બે રકાત નમાઝ પડયા. તરત જ તે નિર્જીવ લાશોમાં રૂહનો સંચાર થયો અને લબ્બૈક, યા અમીરૂલ મોઅમેનીન કહેતા બાળકો ઉભા થઇ ગયા અને મવલાની કદમ બોસી કરી.

એ વખતે આપે પેલા દોસ્તીના દાવેદાર કુફાવાસીને સંબોધીને ફરમાવ્યું, તું આવી રીતે મારી મહોબ્બતમાં તારા બાળકોની કુરબાની આપી શકે ખરો? તેણે સંકોચ પામતા જવાબ આપ્યો હુઝુર મારાથી આ ન જ થઇ શકે. આપે ફરમાવ્યું, જો અમારા સાચા દોસ્તો આવા હોય છે કે તેઓ ઝબાનથી અને જિગરથી અમને દોસ્ત રાખે છે. પછી સહુએ સાથે મળીને ખાધું. હઝરતે તે કસાઇ અને તેની સ્ત્રી બાળકો માટે દુઆએ ખૈર કરી.

જયારે આપ ત્યાંથી જવા લાગ્યા ત્યારે કસાઇ આપના દામનને વળગી પડી બોલ્યો. હુઝુર સવારના મારા બાળકોને બધા ય જીવતા જોશે, બાદશાહ અમો સૌને મારી નાખશે. આપે તેને આશ્વાસન આપતા ફરમાવ્યું તુ ફીકર ન કર,મુસીબત વખતે મને યાદ કરજે.

શહેરની બહાર આવી આપે પેલા માણસને આંખો બંધ કરી લેવા અને ઉઘાડવા કહયું, તેણે આંખો બંધ કરી અને ઉઘાડી, એ વખતે જોયું કે પોતે જયાંથી રવાના થયા હતા ત્યાં આવીને ઉભા છે.

અહીં પેલો કસાઇ બીજે દિવસે પોતાનાં બાળકોને લઇને દુકાને આવ્યો. બાળકોને કત્લ કરનાર જલ્લાદ ત્યાંથી નીકળ્યો. તેણે બાળકોને જોઇ કસાઇને પુછયું આ બાળકોને તો કાલે મેં કત્લ કરી નાખ્યા હતા. આજે જીવતા કયાંથી થયા? કસાઇએ જવાબ આપ્યો મારા મવલાએ તેમને નવજીવન આપ્યું.આ વાત વીજળી વેગે પુરા શહેરમાં પ્રસરી ગઇ અને જયાં ત્યાં તેનીજ ચર્ચાઓ થવા લાગી. કેટલા ય કુતુહલ વશ કસાઇને દુકાને પણ એકઠા થયા. વાત વધતા વધતા બાદશાહ પાસે પહોંચી. બાદશાહે ખાતરી માટે તેઓને પકડી મંગાવ્યા અને હકીકત પુછી તેણે તમામ ઘટના કહી. બાદશાહે શંકા કરતા કહયું,બને જ શી રીતે? અલી કુફામાં રહે છે. તુ યમનમાં રહે છે. બેઉ શહેરો વચ્ચે મહીનાઓના પંથ પડયો છે.છતાં હુ તમને ત્રણેને હમણા કતલ કરાવુ છું. પછી જોઉ છુ કે તમારો મૌલા તમને કેવી સહાય કરે છે? એમ કહી જલ્લાદોને આ ત્રણે બાપ બેટાઓને કત્લ કરવાની સઝા કરી.

બાદશાહ તારે ઈમ્તિહાન જ લેવું છે, તો મને એટલી મોહલત આપ કે મારા મવલાને ત્રણવાર સાદ કરી લઉં. કસાઇએ મોહલત માંગી, બાદશાહે મોહલત આપી. કસાઇએ કુફા તરફ મુખ કરી સાદ દીધો યા ગેયાસલ મુસ્તગીસીન, વ યા જારલ મુસ્તજીરીન,અજિરની બે મવલાય અમીરિલ મોઅમેનીન, યા અલીય્યો ખલ્લિસની મિન યદે હાઝઝ ઝાલેમિન ફાસેકીન-એ અલ્લાહ હે ફર્યાદને પહોચનાર હે લાચારાના આધાર અમોને બચાવવા માટે અમારા મૌલા અલી ઇબ્ને અલીતાલિબ અ.સ.ને મોકલ, જેઓ આ ઝાલિમના ઝુલ્મથી અમારૂ રક્ષણ કરે.

એ સમયે આપ મસ્જિદે કુફામાં બેઠા હતા. પેલો માણસ પણ આપની ખિદમતમાં હતો, આપે કસાઇની ફરિયાદ સાંભળી, લબ્બૈક,લબ્બૈક, કહ્યું અને કમ્બરને સાથે લઇ આપ શહેર બહાર ગયા. કમ્બરને આંખો બંધ કરી લેવા કહયું. કમ્બરે આંખો બંધ કરી આંખો ખોલવા હુકમ કર્યો. કમ્બરે આંખો ખોલી. એ વખતે તેઓ યમનની રાજકચેરીમાં હતા. આપે ભયાનક અવાજે તકબીર કહી. એ ગર્જના સાંભળતાં જ બાદશાહ સહીત તમામ દરબારીઓ બેહોશ થઇ ગયા. કસાઇને આપે ફરમાવ્યું બાળકોને લઇ અહીંથી નીકળી જા. કસાઇના જવા બાદ બાદશાહ અને દરબારીઓ હોશમાં આવ્યા

બાદશાહે આપને પુછયું હે બહાદુર તમો કોણ છો? અહીં એકલા આવવાની હિમ્મત તમે કેવી રીતે કરી? મારી ઇજાઝત વગર મારા કેદીઓને કેમ ભગાડી મુકયા? આપે ફરમાવ્યુ મારૂ નામ અલી ઇબ્ને અબીતાલિબ છે. આપનુ નામ સાભળતાં જ ક્રોધિત થઇ તેણે સિપાહીઓને હુકમ કર્યો કે આ જવાનને ગિરફતાર કરો. ચારે તરફથી સિપાહીઓએ આપ ઉપર હલ્લો કર્યો. આપે પણ ઝુલ્ફિકારથી સામનો કર્યો. મુડદાઓનો ઢગ ખડકાઇ ગયો. ચોતરફથી અલઅમાન અલઅમાનની ચીસ ગુંજી ઉઠી. હઝરતે ફરમાવ્યું ઇમાન વગર અમાન નહીં મળે. બાદશાહે અરજ કરી હુ ઇમાન લાવુ છુ અને તે કલમએ શહાદતૈનનો ઉચ્ચાર કરવા લાગ્યો.

તેની સાથે જ તમામ દરબાર અને સમસ્ત શહેરના માણસોએ ઇસ્લામનો સ્વીકાર કર્યો અને તેનાં બાળકોને દરબારમાં બોલાવી આપે તેની સંભાળ રાખવા બાદશાહને ભલામણ કરી. પછી આપ કુફા તશરીફ લઇ ગયા.(મા-બાપના હક પેજ નં.૩૬-૪૨).

## ૭૦. આંસુની કિંમત

અલ્લામા મજલીસી (ર.અ.) ઇ.સાદીક અ.સ.થી અને તેઓ તેમના જદ હઝરત રસુલ સ.અ.વ. થી ફરમાવે છે.''કયામતનાં દિવસે તમામ આંખ કયામતનાં ડરથી રોતી હશે, સિવાય તે આંખો જે મુસીબતે ઇ.હુસૈન અ.સ. પર રોતી હશે. અને તે જન્નતમાં દાખીલ થશે અને તેને જન્નતની નેઅમતની ખુશખબરી દેવામાં આવશે.''

ઇ.સાદીક અ.સ. ફરમાવે છે. કયામતનાં દિવસે આગનાં ફરિશ્તાઓ એક શખ્સને પકડીને દોઝખ તરફ લઇ જતાં હશે. અને તેની પાસે કોઇ નેકી નહીં હોય. પછી આ અવાજ આવશે... એક મુનાદી પરવરદિગાર તરફથી અવાઝ આપતા બોલશે. આ મર્દે ગુનેહગારની એક અમાનત અમારી પાસે છે. મલાએકા ઉભા રહી જશે. પછી તે શખ્સને એક પાણીદાર મોતી આપવામાં આવશે. જેનાં નુરથી આખુ મહશર નુરાની રોશન થઇ જશે. તે શખ્સ આ મોતીને જોઇને નવાઇ પામશે અને બોલશે, બારેઇલાહા મને તો આ અમાનતનું કોઇ ઇલ્મ નથી. અય શખ્સ આ મોતી એ આંસુ છે, જે એક વખત ગમે હુસૈન અ.સ.માં તારી આંખમાંથી નીકળ્યું હતું અને તારા ગાલ પર વહયું હતુ. હવે તું આ મોતીને લઇને દરેક અંબીયા અને અવસીયા પાસે જા અને તેની કિંમત પૂછ. તે પૂછતા પૂછતા રસુલ સ.અ.વ. અને અલી અ.સ.ની પાસે આવ્યો પણ કોઇએ પણ તેની કિંમત બતાવી નહીં. ઇ.હુસૈન અ.સ.પાસે આવશે. સય્યદુશ્શોહદા ઇ.હુસૈન અ.સ.તે શખ્સને જોઇને ઉભા થઇ જશે, અને ઇ.હુસૈન અ.સ.તેને ગળે લગાડી દેશે અને અર્શ ઇલાહીને પકડીને ઉભા થશે. અને કહશે અય બારેઇલાહી આ મોતી એક આંસુ છે,જે આ મોઅમીનની આંખમાંથી મુજ મઝલુમની મુસીબતમાં નીકળ્યું છે અને તેની એ કિંમત છે કે આ શખ્સને જન્નત અતા કર અને તારા ફઝલો કરમથી બેહિશ્તમાં મારી સાથે જગ્યા આપ. અવાજ આવશે અય હુસૈન અ.સ.અમે તેના તમામ ગુનાહને માફ કરી દીધા અને તેના મા-બાપને પણ બખ્શી દીધા. અને તમારી સાથે તમારા દરજજે જગ્યા આપી.(તવઝીએ અઝા પેજ.૪૬૪).

## ૭૧ અઝાદારીની ફઝીલત

અમાલીએ શૈખ સુદક અ.ર. માં મસમુઅ બીન અબ્દુલ મલીક ઇ.સાદીક અ.સ.થી રિવાયત કરે છે કે એહલે ઇરાકમાંથી એક શખ્સ ઇ.સાદીક અ.સ. પાસે આવ્યો. ઇમામ અ.સ.એ પૂછ્યું, તુ ઇમામ હુસૈન અ.સની ઝિયારત માટે જાય છે? તે શખ્સે કહયુ:- ના હું બસરામાં રહુ છું, અને ઝિયારત માટે જાવ તો લોકો (ઝાલીમ) બાદશાહને ચાડી ખાય જાય, હુકુમતનાં ખૌફનાં કારણે નથી જઇ શકતો. ઇમામ સાદિક અ.સ. એ પુછ્યું શું તુ દિલને તોડી નાખનાર અમારા જદ્દનાં મસાએબ પડે છે? તેણે કહયુ હા. તુ રડે છે? તેણે કહ્યુ હા. રડવાનો હાલ એ હોય છે કે અમને ખાવા-પીવાનું ગમતુ નથી. ઇમામ અ.સ.એ ફરમાવ્યુ ''અલ્લાહ (ત.) તારા ગીર્યા ઉપર રહેમ કરે, તુ અમો રોનારામાં શુમારા થઇશ. તું મૌતના સમયે અમારા જદ્દે તાહીરને જોઇશ. મલેકુલ મૌત તારી શિફારીશ કરશે. મા તેના દિકરા ઉપર મહેરબાન હોય તેના કરતા વધારે મલેકુલ મૌત મહેરબાન હશે. ત્યાર પછી ઇ.સાદીક અ.સ. જોર જોરથી ઝારો કતાર રડે છે.

### ૭૨. સાચો મુન્તઝીર

શેખ હસન કાઝમૈની એ ખુશનસીબો માંથી છે કે જેમને ઇમામ ઝમાન (અ.ત.ફ.શ) ના દીદાર થયા અને જેમને ઇમામે ઝમાન (અ.ત.ફ.શ)ના ઝુહુરનો ઝમાનો હાંસિલ થવાની ખુશખબરી મળેલ છે.

કિતાબ અલઅબ્કરીયુલ હેસાન ભાગ-૧ માં આ બાબતનું વિસ્તાર પૂર્વક વર્ણન મરહુમ શેખ અલી અકબર નેહાવંદી એ કરેલ છે. શેખ હસન કાઝમૈની ફરમાવે છે : હિ.સ.૧૨૨૪ માં કાઝમૈનમાં હ.વલીએ અસ્ર (અ.ત.ફ.શ)ની ખિદમત કરવાના મારા શોખમાં ખૂબજ વધારો થયો. ત્યાં સુધી કે દર જુમ્આ દિવસે ગુસ્લે જુમ્આ બાદ એહરામનો પોશાક પહેરતો, ઝિક્રમાં મશ્ગુલ થઇ જતો. અને ઝુહુર ની તૈયારી કરતો.

જુમ્આના દિવસે કોઇ પણ જાતની ખરીદ વેચાણ કરતો નહિ. અને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ) ના ઝુહુરનો મુન્તઝીર રહેતો. એક જુમ્આના જયારે કે હું ઝિક્રમાં મશ્ગુલ હતો,જોયું કે ૩ શખ્સ કે જેઓ સૈયદ હતા, ઝાહિર થયા અને મારી દુકાન તરફ આવ્યા. તેઓમાંથી ૨ શખ્સ સંપૂર્ણ વયના હતા,જયારે કે વચ્ચે જે શખ્સ હતા તે ૨૪ વર્ષના લાગતા હતા. તેમનો ચેહરો ખૂબજ નુરાની હતો અને ચેહરામા એટલુ બધુ આકર્ષણ હતુ કે હું તસ્બીહ કરવાનું ભૂલી ગયો અને તેમના ચેહરાને જોવામાં મશ્ગુલ થયો. હું ચાહતો હતો કે તેઓ મારી દુકાને આવે.

તેઓ વકાર પૂર્વક ચાલતા - ચાલતા મારી દુકાને આવ્યા. મે તેઓને સલામ કરી તેઓએ જવાબ આપ્યો તેઓએ ફરમાવ્યું : આકા શેખ હસન! ફલાણી વસ્તુ છે? (તેઓએ એક દવાનું નામ લીધુ) તે દવા મારી દુકાનના પાછલા હિસ્સામાં હતી. હું જુમ્આના દિવસે ખરીદ-વેચાણ ન કરતો હોવા છતાં તરત જ મે અરજ કરી - હા મારી પાસે તે દવા છે. તેઓએ ફરમાવ્યુ - લાવો, મેં અરજ કરી - હા અને દુકાનની અંદર ગયો

જયારે પાછો આવ્યો તો જોયુ કે કોઇ ન હતુ, પણ એક લાકડી દુકાનના ટેબલની ઉપર છે, કે જે વચ્ચેના શખ્સ હાથમાં મે જોઇ હતી. લાકડીને ચુમીને દુકાનમાં રાખી દીધી. તે સમયે દુકાનની બહાર આવ્યો. અને આસપાસના લોકોને પુછયુ કે આ ૩ સૈયદ બુઝુર્ગવારોને કે જેઓ મારી દુકાનમાં હતા, કયાં ગયા? લોકોએ કહયુ - અમે કોઇને તારી દુકાનમાં નથી જોયા. ફરી હું મારી દુકાને પાછો ફર્યો અને ખુબજ ગમગીન થયો કે ઇમામ (અ.ત.ફ.શ)ની મુલાકાતની તીવ્ર ઇચ્છા હોવા છતાં હું હઝરતને ઓળખી શકયો નહિ.

એ સમયે મેં જોયું કે એક દર્દીને કે જે ઝખ્મી હતો અને તેના ઝખ્મો પર રૂ લગાડેલું હતુ. તેને ઇમામ મુસા કાઝિમ (અ.સ.) ના હરમે મુતહ્હરમાં શીફા માટે અમુક લોકો લઇ જતા હતા. મે તેઓને બોલાવ્યા અને કીધું. અહીં આવો હું તમારા દર્દીને સારો કરી દઇશ. દર્દીને મારી દુકાનમાં લાવવામાં આવ્યો. મે તેને તખ્તા પર સુવડાવ્યો અને બે રકાત હાજતની નમાઝ પઢી અને સાથો સાથ એ યકીન રાખતો હતો કે મારા મૌલા હઝરત વલીયે અસ્ર (અ.ત.ફ.શ.) મારી દુકાને તશ્રીફ લાવ્યા હતા. જેથી મેં વિચાર્યુ કે જયારે આ લાકડીને આ દર્દીના શરીર પર ફેરવીશ તો તેના ઝખ્મો સંપૂર્ણ સારા થઇ જશે.આ નિય્યતની સાથે લાકડીને માથાથી પગ સુધી ફેરવી તો તરતજ શફા થઇ ગઇ અને જખ્મો સંપૂર્ણ રીતે સારા થઇ ગયા. અને નવું તાજુ માંસ ઉગી ગયુ.

દર્દી પોતાની જગ્યાએથી ઉભો થયો અને ખુશ થઇને મારી સામે ૧ લીરા (ચલણ - રૂપિયાઓ) મુકયાં. મેં સ્વીકાર્યા નહિ. તે એમ સમજયો કે પૈસા ઓછા છે એટલે મેં કબુલ નથી કર્યા- તે દુકાનમાંથી નીકળી ગયા. હુ તેની પાછળ ગયો અને કહ્યુ મારે પૈસા નથી જોતા. તેઓને એમ લાગ્યુ કે ઓછા છે, એટલે હું નથી લેતો અને મેં તેઓને પૈસા પાછા આપી દુકાને આવ્યો. એ હાલતમાં આંખોમાં આંસુ હતા, કે મે મારા મૌલાની ઝિયારત કરી પણ ઓળખી ન શકયો. જયારે હું દુકાને

પહોચ્યો તો જોયુ કે લાકડી નથી. હઝરતને ઓળખી ન શકયો અને લાકડી ન હોવાથી હું ખૂબજ દુ:ખી થયો અને મે અવાજ કર્યો હે લોકો! જે વ્યકિત હઝરતે વલીએ અસ્ર (અ.ત.ફ.શ) ને ચાહે છે, તે આવે અને મારી દુકાનમાંથી જે જોવે તે ઇમામ (અ.) ના સદકાના તૌર પર લઇ જાય.

મેં ૨૪ અશ્રફી રાખી અને તે લઇને ઘરે આવ્યો. મારી પત્નિ અને મારા પુત્રોને ભેગા કર્યા અને કહયુ - કે હું મશ્હદે મુકદ્દસ જવા ચાહુ છુ. તમારા માંથી જેને આવવું હોય તે મારી સાથે આવે.મારા મોટા દીકરા મોહમ્મદ અમીન સિવાય બધાજ આવ્યા.

પછી અમે ઇ.રેઝા (અ.સ.)ના રોઝા તરફ ગયા અને અમૂક અશ્રફીને રોકાણ કર્યુ અને સહને મુતહ્હર માં તસ્બીહ અને મોહર હદીયાથી આપવાનુ શરૂ કર્યુ ત્યાં સુધી કે એક દિવસ કે જયારે હુ ઇ.રેઝા (અ.સ.)ના હરમની ઝિયારતથી મુશર્રફ થયો, મે જોયુ કે એક સૈય્યદ ઝરીહે મુતહ્હરને વળગીને ખૂબજ રડી રહયો છે.મે તેના ખભે હાથ રાખ્યો અને કીધુ શા માટે રડો છો? તેણે કહયુ - શું કામ ન રોવ મારા ખિસ્સામાં ૧ દિરહમ પણ ખર્ચ માટે નથી. મે કહયુ. હુ અકીદો ધરાવું છુ કે દરેક સય્યદ એક મકાન જન્નતમા રાખે છે,શુ જન્નતનુ ઘર તું મને વહેચીશ? એણે કહયુ મને જ મારા ઘરના પતાની ખબર નથી પણ કારણ કે તુ ઇચ્છે છે કે ખરીદે તો હુ તને વહેચું છુ.

મે એકતાલીસ (૪૧) અશરફીઓ ભેગી કરી હતી કે જેથી મારા કુટુંબીજનો માટે એક ઘર ખરીદુ.સય્યદ ગયા અને કાગળ અને શાહી અને કલમ લાવ્યા અને આ રીતનુ લખાણ કર્યું.

ઇ.રઝા(અ.સ.) ની હાજરીમાં તેમને ગવાહ રાખીને મારૂ ઘર કે આ શખ્સ અકીદો ધરાવે છે કે મારૂ ઘર જન્નતમા છે,જે ૪૧ અશરફીમાં દુનિયામા વહેંચુ છુ.મે સય્યદ ને કીધુ, તમે કહો મે વેચ્યું. પછી મે કીધુ કે ખરીદયું અને પૈસા આપ્યા. સય્યદે પૈસા લીધા અને ગયો હુ મારી દીકરીના ઘરે કાગળ લઇને ગયો. તેણે કહયુ પપ્પા શુ કર્યું? મે કહ્યુ, તમારા માટે ઘર ખરીદયુ છે, જયા વહેતુ પાણી છે, લીલા અને તાજા વૃક્ષો છે,વિવિધ પ્રકારના ફળ અને બગીચાઓ છે. તેઓએ વિચાર કર્યો કે દુનિયામા આવુ ઘર તેઓ માટે લીધુ હશે. તેઓ ખુબજ ખુશ થયા. અમને ત્યા લઇ જાવ જેથી અમે જોઇએ, અને પાડોશીઓને ઓળખીએ. મે કીધુ એની એક હદ હ.ખાતેમુન્નબીયીન સ.અ.વ. નુ ઘર છે અને એક હદ અમીરૂલ મોઅમેનીન અ. નું ઘર છે. અને એક હદ ઇ.હસન અ.નુ ઘર છે અને એક હદ ઇ.હુસૈન અ.નું

ઘર છે. તેઓ સમજી ગયા કે મે શું કહ્યુ. પછી મે કહ્યુ, મે એવુ ઘર ખરીદયુ છે,જે કયારેય ખરાબ નહિ થાય અને જુનુ નહિ થાય.

આ બનાવને ઘણો સમય પસાર થઇ ગયો ત્યાં સુધી કે એક દિવસ સહેનમાં હું બેઠો હતો અને મે જોયુ કે એક બા વકાર  શખ્સ મારી પાસે આવ્યા. મેં સલામ કરી. તેઓએ જવાબ આપ્યો અને મને મારા નામથી બોલાવ્યો અને ફરમાવ્યુ શેખ હસન/તારા મૌલા ઇમામે ઝમાન (અ.સ.) ફરમાવ્યુ કે તેમનાથી તારે શું હાજત છે, તુ શું ચાહે છે?

મેં તેમનો દામન પકડી લીધો અને અરજકરી હું કુરબાન થાઉ શું તમે પોતેજ ઇમામે ઝમાન છો? તેઆએ ફરમાવ્યુ નહિ, તેઓએ મને તમારી પાસે મોકલ્યો છે. જેથી હું જાણું કે તમારી હાજત શું છે? પછી તેઓ મારા હાથ પકડીને સહેને મુતહરના ખુણામાં લઇ ગયા અને અમુક નિશાનીઓ બતાવી જેથી મને ઇત્મિનાન થાય. તેમાંથી અમુક બાબત જે તેમણે બયાન કરી જે શું કાઝમૈનમાં તમારી દવાની દુકાન ન હતી? અને લાકડીનો કિસ્સો પણ બયાન કર્યો અને કહયુ લાકડી જેની હતી, તેને તુ ઓળખે છે? તે તારા મૌલા ઇમામે અસ્ર (અ.સ.) હતા. હવે તારી હાજતો બયાન કર. મે અરજ કરી મારી હાજતો ત્રણ બાબત છે.

(૧) હું ચાહુ છું કે શું હું દુનિયાથી ઇમાનની સાથે જઇશ કે નહિ?

(૨) હું ચાહુ છું કે હું ઇમામ અસ્ર (અ.સ.) ના મદદગારોમાંથી થઇ શકુ અને સય્યદ સાથે જે મોઆમેલા (કોન્ટ્રાકટ) કર્યો છે, તે બરોબર છે કે નહિ?

(૩) હું દુનિયામાંથી કયારે જઇશ?

ત્યાર બાદ તરત જ ખુદા હાફિઝ કરીને ચાલ્યા ગયા અને એક પગલુ ભરીને ગાયબ થઇ ગયા અને ફરી મે તેઓને જોયા નહિ

આ બનાવને અમુક દિવસો પસાર થઇ ગયા અને હું મારા જવાબો માટે મુન્તઝીર હતો. એક દિવસ અસ્રના સમયે મારી આંખો તેમના દીદારથી મુશર્રફ થઇ અને મને સહેનના ખુણામાં લઇ ગયા અને ફરમાવ્યુ, મે તારા સલામ તારા મૌલાને પહોંચાડી દીધા છે. તેઓએ પણ તને સલામ કહેડાવ્યા છે અને કહયુ કે તું દુનિયામાંથી ઇમાન સાથે જઇશ અને ઇમામ (અ.સ.) ના મદદગારો માં

તારૂ નામ છે અને સય્યદ સાથે કરેલ કોન્ટ્રાક્ટ એકદમ સહીહ છે. તારો મૃત્યુ સમય જયારે આવશે, તે અઠવાડીયા દરમ્યાન તુ ખ્વાબમાં જોઇશ કે બે પાના ઉપરથી નીચે તારી તરફ આવશે. તેમાંથી એક પર લખેલુ હશે, લાએલાહા ઇલલલાહ મોહમ્મદુર્ રસુલુલ્લાહ અને બીજા પાના પર લખેલુ હશે અલીય્યુન વલીય્યુલ્લાહ હક્કન હક્કા

તેજ અઠવાડીયાના જુમ્આના દિવસે તુલુએ ફજરના સમયે રહેમતે ખુદામાં પહોચીશ. આ વાકયની સાથે તરત જ તેઓમારી નજરોથી ગાયબ થઇ ગયા અને હું વાયદાનો ઇન્તેજાર કરતો હતો.

આ દાસ્તાન નકલ કરનાર સય્યદ તકી કહે છે- એક દિવસ શૈખ હસનને મે જોયા કે ખુબજખુશહાલ હતા. અને પોતાના ઘરે જઇ રહયા હતા. મેં પુછયું કે આજે તમે ખુબજ ખુશ છો. તેમણે કહયુ હું એક અઠવાડીયાથી વધારે સમય જીવવાનો નથી, તમે જેટલી બને તેટલી મારી મહેમાન નવાઝી કરી લ્યો.

તેઓ આ અઠવાડીયાની રાતોમાં સૂતા નહી. ફકત દિવસના સમયે જોકુ લેતા અને પરેશાન થઇને ઉઠતા અને મોટા ભાગે હરમે હ.ઇ.રેઝા (અ.સ.)માં અને પોતાના ઘરે દુઆઓ પઢવામાં મશ્ગુલ રહેતા. તે અઠવાડિયામાં રોઝા રાખ્યા. ગુરૂવારના દિવસે સાંજે પવિત્ર કપડા લીધા અને હમ્મામ તરફ ગયા. પોતાને સંપૂર્ણ સાફ કર્યા અને ખિઝાબ કર્યો અને ખૂબજ નાહયા. હમ્મામથી હરમે હ.ઇ.રેઝા (અ.સ.) માં ગયા અને શબેજુમ્આના ર કલાક અને ૩૦ મિનિટ પસાર થઇ ગયા,પછી પોતના ઘર તરફ રવાના થયા. મને ફરમાવ્યુ કે મારા તમામ કટુંબીજનો અને બચ્ચાઓને ભેગા કરો. મે બધાને હાજર કર્યા. તેઓ સાથે થોડીક વાતો કરી અને કહયુ, મારૂ તમારી સાથે રહેવાનું પુરૂ થયુ.તમે મને બીજીવાર નહી જોશો. અત્યારે હું તમારાથી ખુદાહાફીઝ કરૂ છુ. બધા બાળકો રૂમની બહાર ગયા. પછી મને કીધુ આકા સય્યદ તકી તમે આજે રાતે મને એકલો નહી મુકતા. થોડોક આરામ કરી લ્યો પણ એ શર્તે કે જલ્દી ઉભા થશો.

સય્યદ તકી કહે છે કે હું સુતો નહિ અને તેઓને સંપૂર્ણ રીતે દુઆમાં મશ્ગુલ જોયાં. પછી મેં તેમને પુછયુ તમે શા માટે રાહત નથી અનુભવતા? આટલા બધા વિચાર કરોમાં? તમે થાકી ગયા છો, થોડોક આરામ કરી લ્યો. તેઓએ મારી તરફ જોયુ અને મુસ્કુરાયા, નજીક માંજ મને આરામ થઇ જશે.જો કે મે વસીય્યત કરી દીધી છે,છતા વસીય્યત કરૂ છુ કે અશ્હદો અન્ લાએલાહા ઇલ્લલાહ વ

અશ્હદો અન્ન મોહમ્મદન રસુલુલાહ વ અશહદો અન્ન અલીય્યન વ અલ્લાદેહીલ મઅસુમીન હોજજુલ્લાહ. પછી ફરમાવ્યું કે મૌત હક છે અને મુન્કીર નકીરના સવાલ હક છે અને અલ્લાહ ચોકકસ જેઓ કબ્રોમાં છે તેમને ઉઠાડશે અને હું અકીદો રાખુ છુ કે કયામત હક છે અને સિરાત અને મિઝાન હક છે. અને પછી ફરમાવ્યું કે મારી ઉપર એક રૂપિયાનું પણ કર્જ નથી અને મારી વાજીબ નમાઝ માંથી એક રકાત નમાઝ પણ કઝા નથી થઇ અને મારો એક રોઝો પણ કઝા નથી થયો.

મારી ગરદન પર કોઇનો હક બાકી નથી અને મારી પાસે ૨ લીરા(પૈસાનું ચલણ) છે,જે મને ગુસ્લો કફન આપશે તેની ઉજરત છે, અને મારી મજલીસનો ખર્ચ છે. હું બધાને ખુદાને સૌપુ છુ. વસ્સલામ અને મારા કફનમાં જે છે તેને મારી સાથે જ દફન કરજો અને સય્યદ સાથે કરેલ કોન્ટ્રાક્ટનો દસ્તાવેજનો કાગળ મારા કફનમાં મુકી દેજો. જે હિદાયતને અનુસરે તેના પર સલામ પછી તેઓ ઝિક્રમાં મશ્ગુલ થઇ ગયા અને પછી નમાઝે શબ પુરી કરીને જાણે મૌતની વાટ જોતા હોય તેમ બેસી ગયા. એવામાં મે જોયુ કે તેઓ ઉભા થયા અને જાણે કોઇનો એહતેરામ કરતા હોય તેમ દેખાણા. મે ગણ્યા કે ૧૩ વખત ઉભા ગયા અને ૧૪ મી વાર ઉભા થયા અને પોતાની જાતને ઘરની ચોખટ ઉપર ગીરાવી દીધી અને ખૂબજ બેચેન થયા અને બોલતા હતા, યા મવ્લાય યા સાહેબઝ્ઝમાન અને રોવા લાગ્યા. મે કહયુ તમને શું થઇ ગયુ છે ? આવી હાલત કેમ થઇ ગઇ. તેમણે કહયુ ચુપ રહો અને અરબી ભાષામાં કહયુ કે ૧૪ માસુમીનનુ નૂર આ રૂમમાં તશ્રીફ લાવેલ છે. ત્યારબાદ મલેકુલમૌત આવે છે અને રૂહ પરવાઝ થઇ જાય છે. (૧.સુલુકે મુન્તઝેરાન પેજ . ૩૦૭ ૨.અલ અબકરીયુલ હેસાન ભાગ-૧ પેજ.૧૨૪)

### ૭૩. પર્દાદાર ખાતુન અને ઇમામ (અ.સ.)ની નસીહત

આયતુલ્લાહ સય્યદ અલીહુસૈન સીસ્તાની સાહેબ દામ ઝિલ્લહુના પિતા મર્હુમ આયતુલ્લાહ સય્યદ મોહમ્મદ બાકિર સીસ્તાની (ર.અ) એ હ.ઇમામ ઝમાના (અ.સ.) થી મુલાકાત માટે એક મસ્જીદમાં ૪૦ શબે જુમ્આ અઅમાલ કર્યા. આપ ફરમાવે છે , કે જયારે હું લગભગ ૩૮ અથવા ૩૯ મી શબે જુમ્આ શહેરની એક મસ્જીદમાં આમાલ પૂરા કરી ચુકયો તો અચાનક મેં નુરના કિરણો જોયા, જે મસ્જીદની નજદીકના ઘરમાંથી નીકળી રહ્યા હતા. આ જોઇને મારી એક અજીબ હાલત થઇ ગઇ. હું તે ઘર તરફ ગયો. જયારે દરવાજે પહોંચ્યો તો ખબર પડી કે આ કોઇ ગરીબનું ઘર છે.મેં દરવાજો

ખખડાવ્યો અને ઘરના માલિકની રજા લીધી. મેં જોયુ કે ઇમામે ઝમાના (અ.સ.) એક રૂમમાં છે અને તેમની નજદીક એક જનાઝો રાખેલ છે, જેના પર એક સફેદ કપડુ છે. હું અંદર દાખલ થયો અને રોતા રોતા ઘણા એહતેરામથી સલામ કરી.ઇમામ (અ.સ.)મે ફરમાવ્યુ શા માટે તમે આવી રીતે મારી તલાશ કરો છો અને પોતાની જાતને પરેશાન રાખો છો ? ત્યાર પછી ઇમામ ઝમાન (અ.સ.) તે જનાઝા તરફ ઇશારો કરીને ફરમાવ્યું '' તમે ખુદને આની જેમ બનાવી લ્યો, હું પોતે તમારી પાસે આવતો રહીશ. આ ખાતુન છે જે બે પર્દગીના સમયમાં વર્ષોના વર્ષ ઘરની બહાર નીકળી નહી, જેથી કોઇ ના મહેરમની નજર તેના પર ન પડે'' (આ એ સમય હતો જેમા હીજાબ પહેરીને બહાર નીકળવા ઉપર હુકુમતની પાબંદી હતી.)

બેશક ઇસ્લામમાં પર્દાનું ખૂબજ મહત્વ છે, એ લોકો ખુશનસીબ છે જેઓના અંત સમયે ઝમાનાના ઇમામ (અ.સ.) મુલાકાત માટે આવે છે. આ ખૂબજ મોટી ખુશનસીબી છે, માટે આપણી ખાતુનો માટે જોઇએ કે તેઓ હંમેશા પર્દાનો ખ્યાલ રાખે. જેથી ખુદા અને તેના ઇમામ તેઓથી રાજી અને ખુશ  રહે અને ઇમામ ઝમાના ખુદ તેમની પાસે આવે અને મહેશરના દિવસે તેમની શફાઅત કરે. (વારીસે ઇમામે ઝમાના અ.સ.સે મુલાકાત પેજ.૭૪)

### ૭૪. કુર્આનની તિલાવતની તાકીદ.

ઇરાનના શહેર માઝન્દરાનના રહેવાસી શેખ મોહમ્મદ હસન માઝન્દરાની હાએરી (ર.અ.) કહે છે કે શાદીના અમૂક દીવસો પછી મને લકવાની બિમારી લાગુ પડી ગઇ. મારી પથારી અગાસી પર રહેતી. હું ઝિયારત કરીને જલ્દી આવી જતો કારણ કે ખૂબજ નબળાઇ લાગતી હતી. એક દિવસ જયારે હું ઝિયારત કરીને પાછો ફર્યો અને પથારી પર સુતો હતો. એવામા એક શખ્સ કોઇને પુછયા વગર મારી પાસે છત ઉપર આવ્યા. આ જોઇને મને ખૂબજ આશ્ચર્ય થયું. મે ઇરાદો કર્યો કે તેમના એહતેરામ માટે ઉભો થાંઉ, અને ઘરની ખાતુનોને કહી દઉ કે ઉપર કોઇ ન આવે.પરંતુ તેઓએ તરત હાથથી ઇશારો કર્યો કે ચૂપ રહેજો અને પોતાની જગ્યાએ હલશો નહિ અને મારી પેશાની પર હાથ ફેરવ્યો અને કહયુ હવે તમારી હાલત કેમ છે? પછી ફરમાવ્યુ કુર્આને કરીમની વધારેમાં વધારે તિલાવત કર્યા કરો.

મેં એજ સમયે અનુભવ્યુ કે મારી બિમારી બિલ્કુલ ખત્મ થઇ ગઇ છે પરંતુ જોયુ કે તે શખ્સ પણ મૌજુદ નથી. ચારે બાજુ તપાસ કરી અને ઘરવાળા ઓને પણ પુછ્યુ પણ દરેકે નકાર માં જવાબ આપ્યો ત્યારે મને ખ્યાલ આવ્યો કે તે મારા મૌલા અને આકા હઝરત ઇમામે ઝમાના (અ.સ.) હતા. ત્યાર પછી ઘણી તપાસ કરી પણ કયાય દેખાયા નહિ. (બરકાતે હઝરત વલીએ અસ્ર પે.૨૩૭)

### ૭૫. ઇલ્મ હાંસિલ કરવાની તાકીદ

એક શખ્સ જનાબે સય્યદ હાશિમના હવાલાથી નકલ કરે છે કે સય્યદ હાશિમ કહે છે કે, જે સમયમાં મારા પિતા મૃત્યુ પામ્યા તો આખા ઘરની જવાબદારી મારી પર આવી ગઇ અને તે સમયે મારી આર્થિક હાલત સારી ન હતી.

એક દિવસ લાકડીનો ભારો લઇને જતો હતો, તો રસ્તામાં એક જલીલુલ કદ્ર સય્યદને જોયા, જેમના ચેહરાપરથી નુર પ્રસરી રહયુ હતું, જેથી મારી આંખો અંજાય ગઇ. મારી નજીક આવ્યા અને મને કહયુ,

''સય્યદ હાશિમ! ઇલ્મ હાસિલ કરતા રહો- તમે શા માટે દર્સ નથી પઢતા. એક સય્યદને આ શોભા નથી દેતું કે તે જાહીલ રહે.'' મેં અરજ કરી જનાબ! હું ગરીબ માણસ છુ,મારી પાસે ભણવા પઢવાના પૈસા નથી.

ફરમાવ્યુ તમે પઢવા માટે મકતબ જવાનુ શરૂ કરી દયો અને પૈસા બાબતે હું મુલ્લા હાશિમને કહી દઇશ કે તે ફી આપી દેશે, અને તમે તે કિલ્લાના રેહવાવાળાને કહી દયો કે તે મોલાનાને તકલીફ શા માટે પહોંચાડે છે?

પછી તે ગાયબ થઇ ગયા. મને ખ્યાલ આવી ગયો કે તે બીજુ કોઇ નહીં પણ મારા મૌલા ઇમામ મહદી (અ.સ.) હતા. ઘણી તપાસ કરી પણ કયાંય મળ્યા નહી અને રડતી આંખે અફસોસ કરતો ઘરે આવ્યો અને એક ખુણામાં બેસીને ઇમામ (અ.સ.)ને યાદ કરતો કરતો રોવા લાગ્યો. મારી માતાએ પૂછયુ શા માટે રોવે છે? મેં મારી માતાને પૂરો બનાવ સંભળાવ્યો ત્યાર બાદ અચાનક સકીના ખાતુન કે જે મુલ્લા હાશિમના ઘરે કામ કરતા હતા તેણે આવીને કહયુ,

તમને મૌલાના બોલાવે છે.આ સાંભળીને હુ તરત જ ઉભો થયો અને મૌલાના ના ઘરે ગયો. મૌલાનાએ કહયુ સય્યદ હાશિમ કેમ છો? આજે રસ્તામાં તમે કોની સાથે મુલાકાત કરી અને તેમણે શું કહયુ, આ સાંભળીને મને ખૂબજ આશ્ચર્ય થયુ. બનાવ સંભળાવ્યો. તેમણે કહયું મુબારક થાય. તે હઝરત ઇમામ ઝમાન (અ.સ.) હતા. તે હઝરત (અ.સ.) મારા ગરીબના ઘરે તશ્રીફ લાવ્યા અને મને પણ ઝિયારત અને મુલાકાતનો શરફ આપ્યો અને તારા વિશે ભલામણ કરી. હવેથી મકતબનો પૂરો ખર્ચો હું આપીશ. તુ આરામથી ઇલ્મ હાંસીલ કરવામાં મહેનત કર અને એક વાત યાદ રાખજે જયાં સુધી હુ જીવતો રહુ કોઇને આ વાત કહીશ નહિ. માટે જયાં સુધી તે જીવતા રહયા મેં આ વાત કોઇને કહી નહીં. (કરામાતે ઓલમા પેજ.૧૭૫).

## ૭૬. દુઆની તાલીમ

ઇરાનના શાહ ફતેહઅલીના સમયમાં ઇસ્ફેહાનમાં બે મોટા ઓલમા આગા હાજી મુહમદ ઇબ્રાહીમ અને આગા મીરઝા મુહમદ મેહદી વચ્ચે કોઇ વકફીયાતના બારામાં મતભેદ થયો, તેથી ઇરાનના શાહે પોતાના એક મોટા આલીમ મુલ્લાં કાસમને ઇસ્ફેહાન મોકલ્યાં કે તેઓ વચ્ચે સમજુતી કરી આપે. મુલ્લાં કાસમ ઇસ્ફેહાન આવી તે બે આલીમો વચ્ચેની ગેર સમજુતી દૂર કરી તેઓ વચ્ચે ઇસ્લાહ કરી આપી.

એક દિવસે મુલ્લા કાસમ ઇસ્ફેહાનના કબ્રસ્તાનમાં ફાતેહા પડવા ગયા. સાથે તેના નોકર હતો. તે દિવસ જુમેરાતનો ન હોવાથી કબ્રસ્તાનમાં લોકોની આવજાવ ન હતી. તેમજ ગુરૂવારના ધાવો અને હુકકાની દુકાનો રેહતી હતી તેવું કશું ન હતું.

કબ્રસ્તાનમાં પહોંચી ફાતેહા પડી પોતાના નોકરને કહ્યું, અહિં કોઇ દુકાન કે કાવાખાનું નથી. મને હુકકો જોવે છે. નોકરે અરજ કરી આપ ગામમાં મને જણાવતે, તો લાવી આપતે. તે કબ્રસ્તાન મહાન આલીમ મરહુમ મીરઝા મુહમદ બાકર દામાંદની કબર ઉપર ઇમારત હતી, તે તરફ ફાતેહા પડવા ગયા. ઇમારતમાં દાખલ થતાં જોયું કે એક બુઝુર્ગવાર મુસલ્લો બિછાવીને એક ખૂણાંમાં બેઠા છે. મુલ્લા કાસમ કબર આગળ આવી ફાતેહા પડયા. તે બુઝુર્ગવારે ફરમાવ્યું, મુલ્લા કાસમ, તમે અદબમાં સમજતા નથી.તમે દાખલ થયા સલામ કેમ નહિ કરી. તેમના રોબથી હું બેચેન થયો. શરમથી માથું નીચે નમાવી અરજ કરી, ફાતેહા પડી તમારી ખિદમતમાં હાજર થઇ સલામ બજાવી લાવતે. પછી મેં

સલામ કરી અને તે બુઝુર્ગવારે જવાબ આપીને ફરમાવ્યું, આવો બેસો.તમારા મરહુમ બાપ ઘણાં નેક હતા. તેમણે દુઆ કરી હતી કે ખુદા તેમને એક નેક ફરઝંદ આપે, જે આલીમ થાય. તેમની દુઆ પુરી થઇ અને તમારા જેવા નેક આલીમનો જન્મ થયો.

હમણાં તમોને હુકકો પીવું છે ખંરૂ? મેં અરજ કરી હું ધારતો હતો કે કબ્રસ્તાનમાં દુકાનો હશે, તેથી મારી સાથે કાંઇ લાવ્યો નહિ. તેમણે ફરમાવ્યું આ થેલીમાં હુકકાનો સામાન કાઢો. મેં તેમની બાજુમાં પડેલી નાની થેલીમાં જોયું. તેમાં હુકકો, એક વખત માટેની તંબાકુ, કોલસા, ચકમક બધું હતુ. મેં તે લઇ મારા નોકરને બોલાવવાનો ઇરાદો કર્યો. તેમણે ફરમાવ્યું નહિં, તમે પોતે જાઓ ને હુકકો બનાવી પીઓ. હું બહાર ગયો. હુકકો બનાવીને બહાર બેસી પીવા લાગ્યો. ખતમ થતાં સાફ કરી પાછો લાવ્યો. તે બુઝુર્ગવારની થેલીમાં તે સામાન રાખી મૂકયું.

પછી તેમણે ફરમાવ્યું, હવે તમારી હાજત હોય તે માંગો. મેં કહ્યું, મને ભાતું આપો. ફરમાવ્યું, દુન્યાની ચીજ નહિં માંગો. મેં અરજ કરી આપ જે આપશો તે હું મારી આંખો પર રાખીશ. તેમણે ફરમાવ્યું હું તમોને બે દુઆ પડવા માટે આપું છું, જે દુઃખ, હાજતના વખતે મારી મદદ મેળવવા માટે પડશો, તો હું તરત જ મદદ કરીશ, પણ તેમાંથી એક દુઆ ખાસ તમારા માટે છે, અને બીજી દુઆ દરેક મોઅમીન માટે છે.

મેં અરજ કરી મારી પાસે પેન કાગળ કાંઇ નથી. ફરમાવ્યું, આ થેલીમાં પેન અને કાગળ છે. મેં તે થેલીમાં જોયું તો હુકકાની વસ્તુઓ તેમાં કાંઇ ન હતી. ફકત એક દવાત, કલમ અને એક કાગળનો ટુકડો હતો. તે કાઢી લખવા મંડી પડયો.

પ્રથમ તે બુઝુર્ગવારે મારા માટે ખાસ દુઆ હતી તે લખાવી, જે મેં લખી લીધી. પછી ફરમાવ્યું, હવે બીજી દુઆ દરેક મોઅમીન માટે છે તે લખો. જે મોઅમીનને હાજત, દુઃખ હોય તે ૭૦ વખત આ દુઆ પડેઃ

''યા અલ્લાહો, યા મોહમ્મદો, યા અલીય્યો, યા ફાતેમા, યા સાહેબઝ્ઝમાન અદરીકની વલા તુહલીકની.''(ઇમામ મહદી અ.સ. પેજ.૨૩૦થી ૨૩૩)

૬. સૈયદ જલીલ અલી ઇબ્ને તાઉસ અ.ર.ની વસીય્યત :

સૈયદ ઇબ્ને તાઉસ અ.ર. પોતાના મોટા દિકરાને વસીય્યત કરતા લખ્યું, ''હું તમોને તમારા ભાઇઓને, અને જે કોઇ આ વસીય્યતનાં લખાણથી વાકેફ થાય, તેને હું જણાવું છે કે ખુદા અને રસુલે સ.મે આપણને ઇ.ઝમાન ઇ.મહદી અ.સ.ની બશારત આપી છે. તેમજ તે બુઝુર્ગવારની શાન, મરતબો, તેમના થકી ઉમ્મતને અનેક લાભો પહોંચે છે.

ઇ.ઝમાન (અ.સ.) આપણા માટે ઉમદા વસીલો છે. આપણે ઇ.ઝમાના અ.સ.ને એક પળ માટે પણ ભૂલવા ન જોઇએ. દરેક પળે ઇ.ઝમાના અ.સ.ને યાદ રાખવા જોઇએ છતાં જો કોઇ દુનિયાની મોહબ્બત, દૌલત, ઔલાદ, મકાન, સંપતિ અને બીઝનેસની મોહબ્બતમાં એટલો ગુંથાઇ જાય છે (મશ્ગુલ થઇ જાય),તો બેશક તે પોતાના ઇમામથી વધુ દુનિયાની નજીવી અને હલકી વસ્તુઓને ચાહે છે. વળી જે કોઇ માણસ દુન્યાના બાદશાહો, હાકેમો, સરદારો, અમીરોને ચાહતો હોય, તેઓ સાથે ભળી જઇ તેઓના પાસેથી લાભ મેળવવાની આશાથી તેઓને માન આપતો હોય, અને સદા તેઓને રાજી રાખવા આતુર રહેતો હોય, તો ચોકકસ તે માણસ એ લોકોની હુકુમત અને દોલત બાકી રહે તે માટે સદા આતુર જણાશે. તેથી સાબીત થશે કે તેને પોતાના ઇમામે ઝમાન અ.ના ઝુહુર અને હુકુમતથી અણગમો છે.

વળી જે કોઇની એ માન્યતા હોય, અને તેના માટે તે દાવો કરતો હોય કે મારા ઇમામ દુન્યાના શહેનશાહ છે. અને જે કાંઇ દુન્યાની સપાટી ઉપર રાજય, દૌલત, ખઝાનો, હુકુમત, નેઅમતો જોવામાં આવે છે. એ સઘળાના ખરા હકદાર માલિક મારા ઇમામ છે. જે દુન્યાનાં બાદશાહો, સરદારો, ધનપતિઓ માલિક બની બેઠા છે, અને તેનો ઉપયોગ ખુદા અને તેના રસુલની ઇચ્છા અને ફરમાન વિરૂધ્ધ થાય છે. એવું ઇમાન યકીન હોવા છતાં તે જરા પણ દિલગીર થતો નથી, અને તે પ્રત્યે અણગમો જાહેર કરતો નથી. તેમજ તેઓના નાશ માટે દુઆ કરતો નથી, તો ખાત્રીપુર્વક સમજવું જોઇએ કે તે પોતાની એ માન્યતા અને ઇમાનમાં ખરો નથી. (ઇમામ મહદી અ.સ. પે.૨૩૫ થી ૨૩૬

### ૭૭.ઇ.ઝમાના અ.સ.ની મુલાકાત અને સુ.હશ્રની ફઝીલત...

હઝરત ઇમામે જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે, કે જે શખ્સ ચાલીસ દિવસ દરરોજ એક વખત સુરે હશ્રની તિલાવત કરે અને અગર કોઇ દિવસે વચ્ચે ન પડી શકે, તો ફરીથી શરૂ કરે, તો

અલ્લાહ (ત.) તેની તકલીફોને દૂર કરશે, એટલે કે અગર કોઇ મહત્વનું કામ હોય અથવા કોઇ હાજત હોય તો અલ્લાહ (ત.) તેને પુરી કરશે.

રસુલે ખુદા સ.અ.વ.એ હઝરત અલી (અ.સ.) ને ફરમાવ્યું,''સુરે હશ્ર દરરોજ રાત્રે પઢો, જેથી અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતના નુકશાનને તમારાથી દુર રાખે.''

સુ.હશ્રની આખરી ચાર આયતો બિમારીથી તુંદુરસ્તી માટે ફાયદાકારક છે.

કિતાબે મસ્જીદે જમકરાનમાં આ વાકેઓ લખેલો છે. હુસૈન નામનાં એક ડ્રાઇવર હતો. બાળપણમાં તેની માતા મૃત્યુ પામી હતી. તેના પિતાએ બીજી શાદી કરી લીધી. તેમણે ઘર છોડી દીધું અને ડ્રાઇવીંગ અને ધીમે ધીમે મીકેનીકલ કામ શીખી લીધું. તે શખ્સ બયાન કરે છે કે હું એક યહુદીના કારખાનામાં કામ કરતો હતો.તે સમયગાળામાં મને કમરમાં દુઃખાવો થવા લાગ્યો. દર્દ વધતું ગયું. હું પરેશાન થઇ ગયો. ઘણા ડોકટરોની દવા લીધી, ડ-ફ્રિ કરાવ્યાં, પણ કશો ફાયદો ન થયો. ઓપરેશન પણ કરવામાં આવ્યું, પણ કોઇ ફાયદો ન થયો. ડોકટરોએ કહયું, જે જગ્યાએ તમને દુઃખાવો થાય છે. તે હાડકા કમજોર થઇ ગયા છે. તેનો કોઇ ઇલાજ નથી.

તેથી હું મસ્જીદે જમકરાનમાં ગયો, અને હઝરત બકીયતુલ્લાહ (રૂહી વ અરવાહોનાં લહુલ ફીદા)ની બારગાહમાં ખૂબ રડયો, દુઆ માંગી, થોડા દિવસ મસ્જીદે જમકરાનની પાસે ચાની હોટલમાં રોકાયો, પરંતુ કોઇ ફાયદો ન થયો, અને કુમ પાછો આવી ગયો. રાતનાં સ્વપનમાં કોઇ મને કહી રહયું હતુ કે ચાની હોટલમાં રહેવાથી ઇન્સાન પોતાનો મકસદ હાંસિલ નથી કરી શકતો. અગર કાંઇ મેળવવું હોય તો મસ્જીદમાં શબ બેદારી (રાતનાં ઇબાદતમાં જાગવુ) કરો.

હું ફરીવાર મસ્જીદે જમકરાનમાં ગયો. અને રાત ઇબાદતમાં પસાર કરી રહયો હતો. રાત્રે હું મસ્જીદમાં હું એકલો હતો. અચાનક એક જલીલુલ કદ્ર નુરાની શખ્સ મસ્જીદની વચ્ચે આવ્યા, અને મારી બાજુમાં બેસી ગયા. મારી કમરમાં સખત દર્દ થઇ રહયું હતું. તેમણે મને પૂછયું, કે કયાં દર્દ થઇ રહયું છે? મે કહયુ કે ઘણા લાંબા સમયથી મારી કમરમાં દુઃખાવો થઇ રહયો છે. તેઓ મારી નજદીક આવ્યા અને આપનો મુબારક હાથ મારી કરોડરજજુ પર મહેરબાનીથી ફેરવ્યો, અને તે હાડકાનાં ભાગ સુધી આપની હથેલીનો સ્પર્શ થયો. જયાં મને ખૂબજ દુઃખાવો થતો હતો. હાથ ફેરવતી વખતે તેઓએ સુ.હશ્રની છેલ્લી ચાર આયતોની તિલાવત કરી.

પછી ફરમાવ્યું તમે સાજા થઇ ગયો છો. મે થોડી હરકત (હલન ચલન) કર્યુ, પરંતુ દુ:ખાવો ન થયો. પછી મે મારા શરીરને ડાબી અને જમણી બાજુ પડખુ ફેરવ્યુ, તો પણ દર્દ ન થયું. પછી હું મારી જગ્યાએથી ઉભો થયો, તો બિલ્કુલ આરામની સાથે કોઇ દુ:ખાવો ન હતો. આ પહેલા દુ:ખાવાને કારણે હું જરાપણ હલન ચલન કરવાની તાકત ન હતી. પછી હું થોડી ડગલા ચાલ્યો, મસ્જીદની બહાર ગયો, દોડયો અને એક મોટો પથ્થર પણ ઉંચકયો, પરંતુ શરીરમાં જરા પણ દર્દ ન થયું. હું મસ્જીદમાં પાછો આવ્યો કે હું ઇ.ઝમાના (અ.સ.)નો શુક્રીયા અદા કરૂ કે તેમના વસીલાથી મને શિફા મળી. પરંતુ ઇમામ ત્યા મસ્જીદમાં ન હતા. અને મસ્જીદનાં સહેનમાં મારા સિવાય કોઇ માણસ ન હતું.

( મુલાકાત બા ઇ.ઝમાન (અ.સ.) પેજ.૨૭૬ થી ૨૭૯).